# સંત નિર્વાણ સાહેબ

સંપાદક

ઈશ્વરભાઈ પી. પટેલ

# સંત નિર્વાણ સાહેબ

❖ સંપાદક ❖
ઈશ્વરભાઈ પી. પટેલ

• પ્રકાશક •

કરસનભાઈ લલ્લુભાઈ ભક્ત
પ્રમુખ શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ
બેગમપુરા, ખાંગડશેરી
સુરત : ૩૯૫ ૦૦૩
(૦૨૬૧) ૪૧૭૮૭૫, ૪૨૦૧૩૮

પ્રથમ આવૃતિ : રામનવમી ૧૯૯૮
પ્રત : ૩૨૦૦

• મુદ્રક •

નટુભાઈ ગોપાળજી પટેલ
રોનક પ્રિન્ટર્સ
સકીના ચેમ્બર્સ, સુરતી જકાતનાકા
બારડોલી - ૩૯૪ ૬૦૧ **INDIA**
(૦૨૬૨૨) **(O)** ૨૧૦૮૫ **(R)** ૨૨૮૪૯

## પ્રમુખશ્રીનું નિવેદન

સુરત શહેર પર અને શહેરની આસપાસની પ્રજા પર છ સદી પહેલાં ઘણું મોટું ઋણ સંત નિર્વાણ સાહેબે ચઢાવ્યું હતું. તે હકીકત આ ચરિત્ર વાંચનારને અવશ્ય જાણવા મળશે. સદ્‌ગુરુ કબીરસાહેબના પાવન પગલાંથી સુરતની ધરતી પવિત્ર બની હતી તેનું શ્રેય નિર્વાણ સાહેબને શિરે જાય છે. તેમણે જાતે નર્મદા તટે જઈ સદ્‌ગુરુ કબીર સાહેબને નિર્વાણ ધામમાં આવવાનું નિમંત્રણ પાઠવ્યું હતું, જેને કારણે સાહેબની પધરામણી સૂરતમાં થઈ હતી તે સત્ય પણ વિસરાવું ન જોઈએ. એમ પણ સમર્થ સંતોનું ઋણ આ દેશની ધરતી પર અપાર છે. તે કોણ ભૂલી શકે ? તે ઋણને સદ્‌ગ્રંથોના પ્રકાશન દ્વારા ચૂકવી શકાય છે અને તે માર્ગ સત્પુરુષો દ્વારા અતિ ઉત્તમ ગણાયો છે, તેથી અમે પણ પુસ્તક પ્રકાશન તરફ ધ્યાન આપ્યું. માન્યું કે તે દ્વારા સદ્‌ગુરુ કબીરસાહેબની છસોમી જન્મજયંતી પણ સારી રીતે ઉજવેલી ગણાશે. મેં શ્રી ઈશ્વરભાઈ(બાવાજી)ની મદદ માંગી અને ઘણી મહેનતને અંતે એમણે આ ચરિત્ર તૈયાર કરી આપ્યું, જેને પ્રગટ કરતાં અમે સાભાર આનંદની લાગણી અનુભવીએ છીએ.

પ્રકાશનના ખર્ચને પહોંચી વળવા માટે પણ શ્રી ઈશ્વરભાઈએ અને શ્રી ગજેન્દ્રભાઈ ગોવિંદજી ભકતે મોટી રકમનું દાન આપી અમારો ભાર સાવ હળવો કરી દીધો તે માટે તેઓનો આભાર માનીએ તેટલો ઓછો ગણાય.

શ્રી ભકત સમાજના સભ્યો પણ હોંસે હોંસે આ ચરિત્ર વાંચશે તો તેઓ પણ ઉજવણીમાં સહભાગી થયેલા ગણાશે અને સદ્‌ગુરુનું સારી રીતે તર્પણ કરેલું ગણાશે.


**પ્રમુખ**
**કરસનભાઈ લલ્લુભાઈ ભકતના**
**રામકબીર**

## લેખકનું નિવેદન

શું સદ્‌ગુરુ કબીરસાહેબ ખરેખર સૂરત પધાર્યા હતા ? આ પ્રશ્નનો જવાબ શોધવા જતાં સૌ પ્રથમ સ્વ. માણેકલાલ રાણા રચિત સાહિત્ય મારા હાથમાં આવ્યું. સ્વ. માણેકલાલ રાણા સ્વભાવે સંતપ્રેમી હતા. તેમણે ઘણા સંતો પર પ્રકાશ પાથર્યો છે. તેઓ ભલે બહુ ભણ્યા ન હોતા, છતાં સ્વાભાવે સાચા સંશોધક હતા. સંત નિર્વાણ સાહેબને કારણે સદ્‌ગુરુ કબીરસાહેબની પધરામણી સૂરત નગરીમાં થઈ હતી એવું તેમણે શોધી કાઢયું હતું. તેમણે સંદર્ભ ગ્રંથોનો પણ નિર્દેશ કર્યો હોઈ મને પકવાનની તૈયાર થાળી મળી ગઈ હોય તેટલો આનંદ થયો. સંદર્ભ ગ્રંથોને આધારે સત્યને ચકાસતા મને વાર લાગી નહી. તેમની શોધ સો ટચની લાગી. લોકકવિ દુલારામનું સાહિત્ય, સંત કંવલદાસની સાહિત્ય સામગ્રી અને ઐતિહાસિક ગ્રંથો જેવા કે સુરત સોનાની મૂરત, સૂરતની તવારીખ, મિરાતે સિકંદરી, ભારત રાજ મંડળનો ઈતિહાસ અને દક્ષિણ ગુજરાતનો ઈતિહાસ આ ચરિત્રને અધિકૃત બનાવવામાં ઘણા ઉપયોગી ઠર્યા છે. આ સૌ ગ્રંથરત્નોને આધારે આ ચરિત્રને સંક્ષેપમાં રજૂ કરી શકાયું છે, તેથી તેની સાભાર નોંધ લીધા વિના ચાલે તેમ નથી. વળી વર્તમાનકાળના નિર્વાણ ધામના ગાદીપતિ પૂ. શ્રી રામવચનદાસજીએ ઉદારતાથી આ ચરિત્રના પ્રકાશન માટે સંમતિ આપી મને ખૂબ પ્રોત્સાહન આપ્યું છે તે માટે તેઓનો પણ આભાર.

સદ્‌ગુરુ કબીરસાહેબની ૬૦૦મી જન્મજયંતી નિમિત્તે સંત નિર્વાણ સાહેબનું ઋણ અદા કરવા માટે આ પુસ્તક પ્રકાશિત કરવાનો નિર્ણય શ્રી રામકબીર ટ્રસ્ટે કર્યો તે ખરેખર પ્રશંસનીય ગણાય. સત્સાહિત્યના પ્રચાર માટે તેઓ ઘણા જાગૃત ગણાય. તે માટે ટ્રસ્ટીઓને અભિનંદન. ઉતાવળે છતાં સુંદર છાપકામ કરી આપવા માટે પ્રિય મિત્ર નટુભાઈ પટેલનો પણ આભાર.

**ઈશ્વરભાઈ પ્ર. પટેલ**



પ. પૂ. સંત શ્રી નિર્વાણ સાહેબ



**સ્વ. નટુભાઈ પ્રભુભાઈ પટેલ**

જન્મ : ૭ જાન્યુઆરી, ૧૯૪૦
દેહવિલય : ૧૦ સપ્ટેમ્બર ૧૯૯૭



**સંત શ્રી નિર્વાણ સાહેબની 'જ્ઞાન ગોદડી'**

*નિર્વાણ અખાડો નવાબની વાડી સુરતમાં દર્શનાર્થે વર્ષમાં એક વાર મૂકાય છે.*



**સંત શ્રી નિર્વાણ સાહેબની 'સમાધિ'**

આજે પણ નિર્વાણ અખાડો સુરતમાં વિદ્યમાન છે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | પ્રમુખશ્રીનું નિવેદન | ૭ |
| | લેખકનું નિવેદન | ૮ |
| | અનુક્રમણિકા | ૯ |
| ૧ | સંત નિર્વાણ સાહેબ પૂર્વાશ્રમનો ખ્યાલ | ૧૧ |
| ૨ | બ્રાહ્મણ કન્યા યમુનાનો ઉધ્ધાર | ૧૨ |
| ૩ | ભાગ્યશાળી કઠિયારો | ૧૩ |
| ૪ | દાઉદની આંખ ખોલી | ૧૫ |
| ૫ | સાધ્વી શોભાદેવીને આશીર્વાદ | ૧૬ |
| ૬ | લછીરામની મનોકામના પૂર્ણ કરી | ૧૬ |
| ૭ | સૂરત વિભાગમાં પ્રવેશ | ૧૭ |
| ૮ | સંતનો પ્રભાવ | ૧૯ |
| ૯ | નવાબે કરેલી કસોટી | ૨૦ |
| ૧૦ | નવાબની શરણાગતિ | ૨૪ |
| ૧૧ | ગાદીની સ્થાપના | ૨૫ |
| ૧૨ | અંધ ઘનિરામને નેત્રદાન | ૨૭ |
| ૧૩ | કોઢી અહમદ પર રહેમ | ૨૯ |
| ૧૪ | વેપારી રકીબને સહાય | ૩૧ |
| ૧૫ | મૃત બાલિકાને સજીવન કરી | ૩૨ |
| ૧૬ | કોઈ ખાલી હાથે જતું નહી | ૩૬ |
| ૧૭ | નવાબને ચેતવણી | ૩૮ |
| ૧૮ | સદ્‌ગુરુ કેશોદાસનું દર્શન | ૪૦ |
| ૧૯ | મહેલમાં સંતનો પ્રભાવ | ૪૨ |
| ૨૦ | પ્રજામાનસમાં સંતની છાપ | ૪૪ |
| ૨૧ | વણિકને પુત્રદાન | ૪૬ |
| ૨૨ | બાળક મૃત્યુંજય અને બાણશય્યા | ૪૮ |
| ૨૩ | કર્મગતિ | ૫૧ |
| ૨૪ | સૌદાતખાંનું પરિવર્તન | ૫૨ |
| ૨૫ | મલિક ગોપીનાથ | ૫૪ |

| | | |
|---|---|---|
| ૨૬ | પઠાણ ચુગલખાનને ન્યાય | ૫૭ |
| ૨૭ | સુરેખાને સહાય | ૫૮ |
| ૨૮ | શાસનમાં સંતનો સહકાર | ૫૯ |
| ૨૯ | મેલી વિદ્યાનો સામનો | ૬૧ |
| ૩૦ | ગરબે ઘુમનારાનો ઉધ્ધાર | ૬૩ |
| ૩૧ | મલિકા લુત્ફુન્નિશાનો ઉધ્ધાર | ૬૫ |
| ૩૨ | દુકાળના દિવસોમાં માર્ગદર્શન | ૬૭ |
| ૩૩ | ગોપીતળાવ અને રાણીતળાવ | ૭૨ |
| ૩૪ | અમદાવાદમાં સંતની સૌરભ | ૭૪ |
| ૩૫ | ગોપીનાથની વિદાય | ૭૬ |
| ૩૬ | રામીજોગણ પર અનુગ્રહ | ૭૮ |
| ૩૭ | વારાંગના વિષમતિનો ઉધ્ધાર | ૮૦ |
| ૩૮ | સંત કવિ જંભારામ | ૮૫ |
| ૩૯ | ધ્યાની સંત અભારામ | ૯૧ |
| ૪૦ | ધ્યાની સંત નથ્થુ સાહેબ | ૯૫ |
| ૪૧ | ઢીમર સંત જોધાજી | ૯૮ |
| ૪૨ | ભકત કવિ જાફરખાન | ૧૦૨ |
| ૪૩ | દેવી અન્નપૂર્ણા | ૧૦૬ |
| ૪૪ | સંત સ્વભાવ | ૧૧૧ |
| ૪૫ | બાબા સફ્રુદીન | ૧૧૫ |
| ૪૬ | વિજોગણ દુર્ભાવતી | ૧૨૦ |
| ૪૭ | સંતધામમાં સિધ્ધોનો સમાગમ | ૧૨૪ |
| ૪૮ | કબીરસાહેબનું સૂરતમાં આગમન | ૧૨૮ |
| ૪૯ | જ્ઞાનીજીનો મેળો | ૧૩૧ |
| ૫૦ | કમાલસાહેબનું આગમન | ૧૩૫ |
| ૫૧ | રાજદરબારે યશ | ૧૩૮ |
| ૫૨ | સંતોનો સમાગમ અને તીર્થ યાત્રા | ૧૪૪ |
| ૫૩ | સમાધિ | ૧૪૮ |
| ૫૪ | નવ નિર્વાણનો ઈતિહાસ | ૧૫૩ |
| ૫૫ | નવ નિર્વાણ પછીનો ઈતિહાસ | ૧૬૦ |
| ૫૬ | વર્તમાન કાળના મહંત | ૧૬૨ |

## ૧. સંત નિર્વાણ સાહેબ પૂર્વાશ્રમનો ખ્યાલ

સંત નિર્વાણ મહારાજ મૂળ મારવાડના. મારવાડમાં તે સમયે જાઈસ ગુરુદ્વારા નામે એક ધાર્મિક સ્થળ પ્રખ્યાત હતું. ત્યાં તેમનો આત્મિક વિકાસ થયો હતો. તેમનું પૂર્વાશ્રમનું નામ તો લક્ષ્મીદાસ હતું. આ લક્ષ્મીદાસના ગુરુ હતા સંત કેશોદાસજી. તેમના સાંનિધ્યમાં રહી લક્ષ્મીદાસે કપરી સાધના કરી હતી. એક દિવસ સાધનાના પરિણામ સ્વરૂપે લક્ષ્મીદાસ આધ્યાત્મિક શકિતઓથી વિભૂષિત થઈ ગયા હતા. તેમના તે દિવ્ય સ્વરૂપને લક્ષમાં લઈ ગુરુ કેશોદાસજીએ તેમને નિર્વાણ મહારાજ કહી સંબોધ્યા હતા. ગુરુ કેશોદાસજીએ સ્પષ્ટીકરણ કરતા કહેલું કે ''સાચે જ હવે તું નિર્વાણ પદ પર આરૂઢ થઈ ગયો છે !''

તે સમયે સૂરતમાં મુસલમાન નવાબ હયાતખાનનું શાસન ચાલતું હતું. તે નવાબ ઘણો ક્રૂર હતો. તેણે સૂરતમાં કેર વર્તાવ્યો હતો. લોકો ત્રાસી ગયા હતા. શહેરમાં તો કોઈ સાધુ સંત પ્રવેશી શકતું નહિ. જો ભૂલે ચૂકે કોઈ પ્રવેશે તો તેની હત્યા કરી દેવામાં આવતી. આ રીતે સંત સમાજનું તે મોટું અપમાન કર્યા કરતો. એકવાર તેણે એક માનનીય સંતની એ રીતે હત્યા કરાવેલી. તેના પ્રત્યાઘાત આખા દેશમાં પડયા હતા. જેમ જેમ ખબર પડતી ગઈ તેમ તેમ લોકોમાં મુસલમાન સત્તાધીશોની ધાક વધુ ઘરી બનતી ગઈ. ગુરુ કેશોદાસ પણ જયારથી સંતની હત્યાના સમાચાર સાંભળ્યા હતા ત્યારથી નવાબની સાન ઠેકાણે લાવવાના ઉપાયો શોધ્યા કરતા હતા. એક દિવસ તેમના અંતર આત્માએ તેમને મર્ગદર્શન આપતાં સૂચવેલું કે આ નિર્વાણને તેની પાસે મોકલ તો તારા મનોરથ પરિપૂર્ણ થશે. તેથી ગુરુ કેશોદાસે નિર્વાણ મહારાજને આજ્ઞા કરી કે ''તું સૂરત જા! ત્યાં નવાબની ક્રૂરતાથી લોકો ત્રાસી ગયા છે. ત્યાં શાંતિનું સામ્રાજય સ્થાપ ! અને અભિમાની ક્રૂર નવાબના મદનું મર્દન કર !''

આ સાંભળી સંત નિર્વાણ મહારાજ ચોંકી ગયેલા. તેમણે ખૂબ વિનમ્ર ભાવે કહેલું કે ''બાબા ! આપ કહો છો તે કાર્ય શું મારાથી સિધ્ધ થઈ શકશે ?'' ત્યારે ગુરુએ તરત જ સ્પષ્ટીકરણ કરતાં કહેલું

કે ''બેટા નિર્વાણ ! તું એ માટે યોગ્ય છે. જા મારા આશીર્વાદ છે. તારા દિવ્ય સ્વરૂપને મેં નિહાળ્યું છે અને તારા સામર્થ્યનો મને ખ્યાલ આવી ગયો છે માટે ગુરુ આજ્ઞાનું પાલન કર !''

ગુરુદેવની આજ્ઞા સાંભળી નિર્વાણ મહારાજ સ્વસ્થ થઈ સૂરત તરફ પ્રયાણ કરવાની તૈયારીમાં પડયા. ટૂંક સમયમાં જ સર્વ રીતે તૈયાર થઈ ગુરુને વંદના કરવા તેઓ પધાર્યા ત્યારે ગુરુએ તેમને હૃદયે લગાવી દીધા હતા. ગુરુની આંખમાં પ્રેમાશ્રુ ઉછળી પડયા હતા. પોતાના પરંપરાના સોળ પેઢી પહેલાના આદ્યગુરુ દેવાનંદ પોતે જ નિર્વાણના સ્વરૂપે પધારેલા છે એવું દર્શન ગુરુને થયું હોવાથી તેમના હૃદયમાં આનંદનો પાર રહ્યો ન હતો. તેથી ખૂબ જ ભાવપૂર્વક ગુરુ કેશોદાસજીએ વિદાય આપતાં કહ્યું કે ''બેટા નિર્વાણ! તમારો સર્વત્ર જય જયકાર થાવ ! આજથી તમે નિર્વાણ નામથી ઓળખાશો અને નવાબની ક્રૂરતાનો નાશ કરી શકશો. લોકોનાં દુઃખો દૂર કરી અવિગત પ્રભુમાં આખરે સમાઈ જજો.'' આ રીતે સદ્‌ગુરુની શુભાશિષથી સંપન્ન બની નિર્વાણ મહારાજે ગૂજરાત તરફ જવા પ્રયાણ કર્યું હતું.

## ૨. બ્રાહ્મણ કન્યા યમુનાનો ઉધ્ધાર

સંત નિર્વાણ મહારાજ પ્રભુ સ્મરણ કરતા કરતા ગૂજરાત તરફ જઈ રહ્યા હતા ત્યારે સંતના વ્યકિતત્વની સુગંધ પણ પ્રસરતી જતી હતી. આ સંત કોઈ સામાન્ય સંત ન હતા તેની પ્રતીતિ માર્ગમાં અવારનવાર લોકોને થયા કરતી હતી. તેઓ પાટણમાં પધાર્યા ત્યારે ઉનાળાની બપોર હતી. તેમને તરસ લાગી હતી. પનિહારીઓ કૂવે પાણી ભરી રહી હતી. સંતનું સ્વરૂપ સુંદર ને મોહક હતું. એટલે પનિહારીઓ તો તેમને એકી ટશે જોતી જ રહી. તેમાંની એક કન્યા બ્રાહ્મણ કૂળની હતી અને તેનું નામ યમુના. તે સંતનાં દર્શન કરી ધન્યતાનો અનુભવ કરવા લાગી હતી. તેના હૃદયમાં પ્રેમનો ઉત્કર ભાવ જાગી ગયો હતો એટલે તેણે કોઈની પણ પરવા કર્યા વિના દોડીને સંતનાં ચરણો પકડી લીધાં હતાં. સંતે સમય પારખી ત્યાંથી આગળ જવા પ્રયાણ આદર્યું. આ યમુના ઘેલી બનીને સંતની

પાછળપાછળ જવા લાગી. સંતે તેને ખૂબ સમજાવી. ''લોકો તને જીવવા દેશે નહી. તું શીદને બદનામ થાય છે ? સાથે સાથે મારી પણ મુશ્કેલી તું વધારી દેશે માટે તું તારે ઘરે જા.''

બ્રહ્મણ કન્યા ગોપીભાવથી જગતને જાણે કે ભૂલી જ ગઈ હતી. લોકો શું કહેશે તેની ફીકર તેને જરા પણ હતી નહિ. તેણે તો સંતનું શરણું તે પકડયું. આખરે સંતનું હૃદય પીગળ્યું અને સંતે તેને આશીર્વાદ આપ્યા : ''જા, તારા મનોરથ પૂર્ણ થશે ! પ્રભુનાં દર્શન કરી જીવન ધન્ય બનાવી દે જે.'' સંતના આશીર્વાદથી યમુનાના દિલમાં અજવાળું થયું અને તેણે સંતનો પીછો છોડયો. તે ફરીથી બેડું લેવા પેલા કૂવા પર ગઈ અને ગામમાં પોતાના ઘરે પહોંચી ત્યારે તેની કસોટીનો પ્રારંભ થઈ ચૂકયો હતો. બીજી પનિહારીઓએ તેની વાત ખૂબ જ વિકૃત રીતે રજૂ કરી હતી. તે કામાતુર દશામાં સંતની પાછળ દોડી હતી એવી વાતો વહેતી કરી હતી. ભલે ઊંચ કૂળમાં જન્મેલી હતી છતાં તેના સંસ્કારો ઘણા નીચ હતા. આવી આવી વાતો લોકોને જીભે થવા લાગી હતી. એટલે તેના ઘરવાળા વાતો સાંભળીને ગુસ્સે ભરાયેલા જ હતા. તે જમાનામાં તો રૂઢિચુસ્તતા ઘણી હતી. એટલે તેને પોતાના ઘરમાંથી જ જાકારો મળ્યો. તેને ઘરમાંથી કાઢી મૂકી હતી. છતાં તેના હૃદયમાં પ્રભુ દર્શનની તીવ્ર લગની લાગી હતી. તેથી તેણે સર્વ મુસીબતો સહન કરી પ્રભુ ભજન ગાતી ગાતી હરિજનવાસમાં આવી ચઢી હતી. આ ગરીબ લોકોએ તેના પર દયા કરી અને એક ઝૂંપડી બનાવી આપી આશરો આપ્યો હતો. કહેવાય છે કે તે બ્રાહ્મણ કન્યા યમુના મીરાંબાઈની માફક ભજનો ગાયા કરતી અને પ્રભુ સ્મરણમાં લીન રહેતી. તેના આશીર્વાદથી તે ગરીબ લોકોનાં દુઃખો પણ દૂર થઈ જતાં. પાછળથી તે સૌની વંદનીય બની ગઈ હતી. આ રીતે સંતના સામર્થ્ય વડે સામાન્ય સ્ત્રીનો ઉધ્ધાર થયો હતો.

## ૩. ભાગ્યશાળી કઠિયારો

પાટણથી આગળ જતાં એકાન્ત ઝાડીમાં એક કઠિયારો ભાગ્યશાળી નીવડયો. ઉનાળાનો તાપ તો હતો જ, તેમાં ઝાડ નીચે

તે બપોરિયું ખાવા માટે તૈયારી કરતો હતો. તેવામાં તેની નજર એક વટેમાર્ગુ તરફ ગઈ. જોતાં જ ખબર પડી કે એ તો સંત છે. એટલે હૃદયે આનંદ અનુભવ્યો. સંતના દર્શન ભાગ્યશાળીને જ થાય. ઈશ્વરની કૃપા વિના સંતના દર્શન થતાં નથી એવું સાંભળેલું. એટલે કઠિયારો રાજી રાજી થઈ ગયો. તેણે સંતનાં ચરણોમાં વંદન કરી વિનમણી કરી કે પ્રભુ ! આ ગરીબ પર કૃપા કરો. મારી પાસે ભોજન તૈયાર છે, તે જમવા પધારો આ ગરીબની ભાખરીમાં કેવી મધુરતા છે તેનો આસ્વાદ તો માણો ! પ્રભુ, મારી લાજ રાખો લાજ રાખો ! કહેતાં કહેતાં તે ગળગળો થઈ ગયો અને આંસુ લૂંછવા લાગ્યો. સંતનું કોમળ હૃદય આ જોઈ ન શક્યું ! સંતે તરત જ ઝાડ નીચે આશ્રય સ્વીકાર્યો. જે કાંઈ સામેથી મળે છે તે પ્રભુની જ કૃપા છે એવું બોલતાં બોલતાં તે કઠિયારાની ભાખરી સંતે આરોગવા માંડી. પ્રેમ આગળ કોઈ નિયમ ટકતો નથી. પ્રેમાધીન સંતે જમી રહ્યા પછી ખૂબ પ્રસન્નતાથી કઠિયારાને કહ્યું : "બેટા! તેં મારી પ્રેમથી સેવા કરી છે તો હું પણ તને પ્રેમથી કહું છું કે તારે જે જોઈએ તે માંગી લે ! આ સાધુ તને સર્વસ્વ આપી દેવા તૈયાર છે !"

કઠિયારો વિચાર કરવા લાગ્યો. તેણે કદી આ વિષે વિચાર કર્યો ન હતો. શું માંગવું તેની તેને ગમ પડી નહિ. થોડી વાર પછી તે બોલ્યો : " દિલમાં થાય છે કે ક્યાં સુધી લાકડાના ભારા વેચી ગુજરાન ચલાવું ? મારા દિવસો સુખેથી વીતે તેવું કંઈક કરો!" સંતે પીઠ થાબડતા કહ્યું કે હે જીવ ! તારો ભાગ્યોદય થયો છે. જા, હવે તારે કદી લાકડાના ભારા કરવા પડશે નહી ! જે પેલું લીમડાનું ઝાડ દેખાય છે તેની પૂર્વ દિશાની છાયામાં બે ફૂટ ઊંડું ખોદજે તો તને ધન મળશે. એટલું ધન મળશે કે તને આખું જીવન ચાલશે !" આવું કહી સંતે આગળ ચાલવા માંડયું.

કઠિયારાએ વિચાર કર્યો કે ખરેખર શું આ સંતે કહ્યું તે સાચું હશે ? વડીલો પાસે સાંભળેલું કે સંતનું વચન મિથ્યા કદી જાય નહિ તેથી તેણે હિમ્મત કરી તે લીમડાની છાયામાં જઈને સંતે કહેલું તે પ્રમાણે ખોદવા માંડયું. બે ફૂટ ખોદયું એમાં ખરેખર સોનાના સિક્કાવાળો ચરુ દેખાયો. કઠિયારો તો જોઈને ખૂબ નાચ્યો. પ્રભુની

કૃપા તે આનું નામ ! સંત ખરેખર સમર્થ પુરુષ હોવા જોઈએ તેની ખાત્રી થઈ. આ રીતે કઠિયારાનું ભાગ્ય ખુલી ગયું અને સુખી થયો.

## ૪. દાઉદની આંખ ખોલી.

દાઉદ નામે એક મુસલમાન વ્હોરા. તે સિધ્ધપુરના નિવાસી હતા. રસ્તામાં તેની મુલાકાત થઈ. નિર્જન વગડો હતો તેથી સંતની પાસે જવાની તેણે હિમ્મત કરી. સંતની પાસે જઈને ખૂબ વિનમ્રતાથી એક પ્રશ્ન પૂછું એમ કહી તે ઊભો રહ્યો. સંતે સંમતિ આપી એટલે પૂછ્યું : ''બાબા ! તમે હિન્દુ ફકીર લાગો છો. રામના મહિમાનું તમે ગાન ગાતા હશો. અમે લોકો રહીમના મહિમામાં જ શ્રધ્ધા ધરાવીએ છીએ. તો ખરેખર રામ સાચા કે રહીમ ? બંને શું અલગ અલગ છે ? આ ભેદ અમને પજવે છે, બાબા ! માટે માર્ગદર્શન આપો ! ''

દાઉદની જિજ્ઞાસા સાચી લાગી તેથી સંતે ઊભા રહી દાઉદની પીઠ થાબડી. કેવી રીતે તને સમજાવું કે ખુદા તો એક જ છે ? બેટા ! પાક પરવર એ જ ઈશ્વર છે, રામ છે ને રહીમ છે. અજ્ઞાની લોકોએ ભેદની દીવાલ ઊભી કરી છે. હિન્દુ ને મુસ્લીમ કોઈ એને બરાબર ઓળખી શકયું નથી. બેટા ! તું નસીબવાન છે તેથી મુલાકાત થઈ. તું હવેથી તે એક જ છે એમ માની બંદગી કરજે અને જેટલા ભેદ ઓછા થાય તેટલા કરજે. જે દિવસે તારા ભેદ ઓગળશે તે દિવસે તને પાક પરવરના દીદાર પ્રાપ્ત થશે ને તું ધન્ય બની જશે.'' આવી આશીષ વરસાવી સંતે આગળ ચાલવા માંડયું.

કહેવાય છે કે તે દાઉદ મિયાંએ ખૂબ શ્રધ્ધાથી સંતના વચનને વળગી રહી લાંબા કાળ સુધી બંદગી કર્યા કીધી. તેની વાણીમાં બળ આવ્યું ને લોકો તેના વચનને મહત્ત્વ આપવા લાગ્યા હતા. તેની બંદગી ફળવા લાગી. એક દિવસ તેના હૃદયમાં અભેદભાવ જાગ્યો અને પ્રેમભાવમાં દિવાના બની તેણે પાક પરવરનાં ખરેખર દર્શન કર્યાં હતા. કાળના વહન સાથે દાઉદ મિયાં વંદનીય બની ગયા હતા

## ૫. સાધ્વી શોભાદેવીને આશીર્વાદ

શોભાદેવી નામે એક રજપૂતાણી. વડનગરમાં વાઘેલ રજપૂત કૂળમાં જન્મેલી. શરીરે સ્વરૂપવાન હતી. યુવાનીમાં તેના પર ખોટું આળ ચઢાવવામાં આવ્યું હતું. તે કલંકને સમાજ સહી શકયો ન હતો. સમાજે તેને તરછોડી હતી તેથી તે નિરાધાર અહી તહી ભટકી રહી હતી. માર્ગમાં સંતને તેનો ભેટો થઈ ગયો. રણમાં પાણીનું ઝરણ જેટલું વહાલું લાગે તેનાથી પણ વધારે વહાલ સંતના દર્શનથી શોભાદેવીના હૃદયમાં જાગ્યું. શોભાદેવી અશ્રુભીની આંખે સંતના ચરણ પકડી લે છે ને પોતાની વીતક કથા કહી સંભળાવે છે. સંતના હૃદયામાંથી પ્રેમોદગાર નીકળી પડે છે : ''બેટા તું શા માટે નિરાશ થાય છે ? ભલે તને કોઈ આશરો આપતું ન હોય, પણ આ રામ તારો એક માત્ર આધાર છે એટલું જરૂર યાદ રાખજે ! તેના સ્મરણમાં તું તારું મન પરોવી દે. મહી નદીના તટ પર જઈ નિવાસ કર અને તારી જાતને ભજનમાં ભૂલી જા ! આ રામ તારો ઉધ્ધાર કરશે, જા !'' કહી સંતે આગળ ધપાવ્યું.

સંતવચનમાં શ્રધ્ધા રાખી શોભાદેવી એ મહીનો કિનારો પકડયો અને વર્ષો સુધી ત્યાં નિવાસ કરી ભજનાનંદમાં રામનાં આધારે જીવન નિગર્મન કર્યુ. કહેવાય છે કે તેને દિવ્ય દર્શનો થયાં હતાં અને સંત સમાજ તેને વંદનીય લેખી તેના મહિમાનું ગાન કરતા હતા.

## ૬. લછીરામની મનોકામના પૂર્ણ કરી

ચાલતા ચાલતા સંત નિર્વાણ મહારાજ ડાકોરમાં આવી ચઢયા. ત્યાં લછીરામ નામના ચોબા રહેતા હતા. તેણે મહારાજનું પ્રેમથી અભિવાદન કર્યુ હતું. લછીરામ ખૂબ પ્રેમથી સેવા પણ કરતા હતા. આ લછીરામને એક આશા હતી કે સંત જો આશીર્વાદ આપે તો મારે ત્યાં ખોળાનો ખૂંદનાર પેદા થાય. સંત લછીરામની મનોકામના જાણી ગયા. વિદાય વખતે લછીરામની સેવાથી ખુશ થઈ સંતે આશીર્વાદ આપતાં કહ્યું : ''લછીરામ ! તમને એક પુત્ર થશે. પરંત

તે વિરાગી હશે. તે પ્રભુનો પરમ ભક્ત થશે. તે સદ્‌ગુરુની શોધમાં સર્વસ્વનો ત્યાગ કરશે અને સદ્‌ગુરુનું શરણ પ્રાપ્ત કરી શેષ પ્રારબ્ધ સુખેથી ભોગવશે !''

લછીરામના ઘરમાં બાળકનો જન્મ થયેલો અને યુવાનીમાં તેણે સર્વસ્વનો ત્યાગ કરી સન્યાસ ધારણ કરેલો તે હકીકત આજે પણ ડાકોરમાં યાદ કરવામાં આવે છે. આ રીતે સંતના સામર્થ્યનો આવકારો ઘણાંયે અનુભવ્યો હતો તેની નોંધ 'નિર્વાણ ચરિત્ર પ્રકાશ' પુસ્તકમાં લોક કવિ દુલારામે કરી છે.

## ૭. સૂરત વિભાગમાં પ્રવેશ

તે જમાનામાં રસ્તાઓ કાચા જ હતા. મુસાફરોએ પણ તેવા જ માર્ગો દ્વારા મસાફરી કરવી પડતી. નર્મદા અને તાપી નદી ઓળંગવા માટે પુલો પણ ન હતા. તેથી જયાંથી એ નદીઓ પાર કરી શકાતી ત્યાંથી જ અવર જવર પણ થયા કરતી. તે સમયે બોધાણ પાસે તાપી નદી ઓળંગવી પડતી અને તે માર્ગ દ્વારા મુસાફરો બારડોલી આવી પહોંચતા. સંત નિર્વાણ મહારાજ પણ મુશ્કેલીઓ અનુભવતા આખરે બારડોલી સુધી આવી પહોંચ્યા હતા. ત્યાંથી ભાળ મેળવી તેઓ સરભોણની નજીક તરભોણ ગામે પહોંચી ગયા હતા. તરભોણ ગામમાં જે ડુંગરી છે, ત્યાં તેમણે મુકામ કર્યો હતો.

બારડોલીની આસપાસ કણબી પાટીદારોની વસતી હતી. તેઓ સ્વભાવે સરળ ને ધાર્મિક ગણાતા. તેઓ અવાર નવાર ઉત્સવો ને મેળાવડાઓ કરતા. આ તરભોણની ડુંગરી પાસેથી રસ્તો પસાર થતો. એટલે તરભોણ ડુંગરી પર જે સંતોનું સ્થાન બન્યું હતું તેના દર્શન કરવાની પણ પધ્ધતિ ચાલુ થઈ હતી. તે સ્થાનમાં સંત નિર્વાણ મહારાજ ત્રણ થી ચાર મહિના રહેલા એવું મનાય છે.

એવી રીતે એકવાર કણબી પાટીદારોનું એક મંડળ નવસારી તરફ જતું હતું ત્યારે તેઓએ આ ડુંગરીના સ્થાનમાં રાતવાસો કર્યો હતો. તે સમયે સંત નિર્વાણ મહારાજ પણ ત્યાં હતા. રાત્રે નિર્વાણ મહારાજે સૌને ભોજન કરાવ્યું હતું. નાની એક તપેલીમાં ખીચડી

મૂકેલી અને રાંધેલું. તે નાની તપેલીમાંથી સો જેટલા માણસોએ ભોજન કર્યું હતું. તેથી તેને જોનારા કણબી પાટીદારો આશ્ચર્ય ચકિત થઈ ગયા હતા. આ પ્રસંગથી સંત નિર્વાણ મહારાજનો પ્રભાવ થોડા સમયમાં આસપાસની પ્રજામાં પથરાયો હતો. દરરોજ ત્યાં રાત્રે સત્સંગની સભા થતી. ત્યાં નિયમિત પ્રાર્થના, આરતીઓ થતાં. ત્યાં ભજન મંડળીઓ ભેગી થતી અને ભજનો અવાર નવાર થયા જ કરતા. આ રીતે સૂરત વિભાગમાં સંત નિર્વાણ મહારાજને કણબી પાટીદારો સાથે નાતો બંધાયો હતો.

જયારે સંત નિર્વાણ મહારાજે સૂરત જવાનો નિર્ણય કરેલો ત્યારે કણબી પાટીદારોનું મોટું જૂથ તેમની સંગાથે સૂરત સુધી આવેલું. તે કણબી પાટીદારોને સૂરત શહેરમાં કોઈ સંતને પ્રવેશવા દેતા નથી તેની ખબર હતી. તે લોકોએ સંત નિર્વાણ મહારાજને જતાં પહેલાં તે સમાચાર સંભળાવેલા. ત્યારે સંતે ખૂબ શાંતિથી કહેલું કે રામ બધી વ્યવસ્થા કરશે. સંતના આ શબ્દો પર તે લોકોએ અનુમાન કરેલું કે જરૂર સંતના પગલાંથી સૂરતમાં નવાજૂની થશે. તેથી પણ કેટલાક લોકો સાથે ગયેલા.

સૂરત પહોંચ્યા ત્યારે શહેરના નાકે સિપાહીઓનો ચાંપતો પહેરો હતો. તેથી સંતે કણબી પાટીદારોનું જે જૂથ સાથે આવેલું તેને કહી દીધેલું કે " તમે શહેરમાં ચાલ્યા જાવ. હું તમને શહેરમાં મળીશ." એટલે લોકો તેમની મેળે શહેરમાં ચાલ્યા ગયેલા. સંતે અલૌકિક રીતે પ્રવેશ કર્યો હતો. સિપાહીઓ હથિયારબંધ પહેરો ભરતા હતા છતાં તેઓ કોઈ સંતને જોઈ શકયું ન હતું. આવી રીતે આજદિન લગી કોઈ પ્રવેશ પામ્યું ન હતું. એટલે સિપાહીઓ પણ આ વિષે અણજાણ હતા. સંત શહેરમાં પોતાની સાથે આવેલા સંઘમાં ભળી ગયેલા. આજે જયાં રૂઘનાથપુરામાં ચોથિયા શેરી છે ત્યાં તે સમયે નવાબનું મુખ્ય થાણું હતું. તે થાણા પાસે સંઘને સંતે આદેશ આપેલો કે "તમે હવે જવું હોય તો ચાલ્યા જાવ, મારો મુકામ અહી જ રહેશે." એટલે સંઘના માણસોને તો ક્રૂર નવાબનો ધાક લાગતો જ હતો એટલે સૌ ત્યાંથી ચાલ્યા ગયેલા.

આ જગ્યાએ પાછળથી વિશાળ મંદિર બનાવવામાં આવ્યું હતું. કાળક્રમે કોઈ ગૌડ સાધુના હાથમાં તેનો વહીવટ ચાલ્યો ગયો હોવાથી

તે આજે ''ગોડિયાજીનું મંદિર'' કહેવાય છે. છતાં ત્યાં મંદિરનો વાર્ષિક ઉત્સવ નિર્વાણ મહારાજના નિર્વાણ દિને પોષ સુદ ૧૧ના દિવસે આજે પણ ઉજવાય છે.

## ૮. સંતનો પ્રભાવ

રૂઘનાથપરામાં નવાબી થાણાની સામે આવેલા વિશાળ મેદાનમાં સંતે ધૂણી ધખાવી ને આસન જમાવ્યું. રાત્રે પહેરેગીરોએ સાધુની ધૂણી જોઈ અને ફોજદાર કયામતખાનનો મિજાજ હાથમાં રહ્યો નહી. તે ઘમંડી ફોજદારે સંત પર પોતાનો ઘોડો કૂદાવ્યો. ઘોડાની લાત સંતને વાગી. સંત ધ્યાનમાંથી જાગ્યા અને સહેજ દૃષ્ટિપાત કર્યો ત્યાં તો ફોજદાર ઘોડા પરથી ઢળી પડયો અને તેનો ઘોડો તેના પર કૂદવા લાગ્યો. ફોજદાર કયામતખાન તરત જ બેભાન બની ગયો. બીજા સિપાઈઓ ગુસ્સે થઈ સંત પર આક્રમણ કરવા ધસી તો આવ્યા પણ તેઓ સૌ પણ ધરતી સાથે ચોંટી ગયા હોય તેમ જડવત્ બની ગયા. તેમની દશા જોઈ અન્ય સિપાઈઓએ આગળ વધવાની હિમ્મત કરી નહોતી.

આ આખી ઘટનાથી શહેરમાં ચકચાર થઈ ગઈ. સંતના સામર્થ્યના લોકો વખાણ કરવા લાગ્યા હતા. સવાર થતાં તો લોકો દર્શન કરવા ઉમટી પડયા હતા. શહેરમાં સાધુને પ્રવેશવાની સખત મનાઈ હતી છતાં આ સંત કેવી રીતે પ્રવેશ્યા ? લોકો જાત જાતની કલ્પના કરવા લાગ્યા હતા. સંતના સામર્થ્યનો પ્રભાવ લોકોમાં એવી રીતે પથરાયો કે લોકો સંતને ભગવાનનો ફિરસ્તો માનવા લાગ્યા હતા. નવાબની ક્રૂરતાનો હવે જરૂર અંત આવશે એવી આશા લોક હૃદયમાં જાગી હતી.

નિકટની શેરીમાંથી એક વણિક શ્રીમંતની દીકરી ઉલ્લાસમાં દૂધનો લોટો ભરી સંતની પાસે દોડી આવી. ''બાબા ! આ દૂધ પી લો !'' એવી વિનવણી કરવા લાગી. સંત તો પોતાની અલૌકિક મસ્તીમાં મસ્ત બની બેઠા હતા. ધ્યાનસ્થ દશામાં સંત બોલે પણ કેવી રીતે ? બાળાને સમજ પડી નહિ એટલે તે તો ઉદાસ બની રડવા લાગી. ''શું બાબા, મારા હાથનું દૂધ તમે નથી પીવાના ?''

બોલતા બોલતા બાળા ડૂસકાં ખાવા લાગી. એટલે સંતે આંખ ખોલી : ''બેટા ! શા માટે રડે છે ?'' બાળા બોલી : ''હું તો ક્યારની આ દૂધ લઈને ઊભી છું. બાબા, તમે દૂધ પી લો. તમે કશું બોલ્યા જ નહિ એટલે મને રડવું આવ્યું હતું.'' સંતે ખૂબ પ્રેમથી દૂધ સ્વીકાર્યું. અરધું પીધું ને અરધું બાળાને આગ્રહપૂર્વક પાયું. બાળાને સંતે આશીર્વાદ આપતા કહ્યું : ''જા, બેટા ! તારી સેવાથી પ્રસન્ન છું. તું સદા સર્વદા સુખી થશે.'' બાળા ખૂબ આનંદમાં આવી ગઈ અને ઘર તરફ દોડતી દોડતી પહોંચી ગઈ.

આ રીતે આખો દિવસ જેમ જેમ ખબર પડી ને સંતના દ્વારા થયેલ ચમત્કારની જાણ થઈ તેમ તેમ લોકોની મેદની ત્યાં ઉભરાતી રહી. સંતના દર્શનથી સૌએ આનંદનો અનુભવ કર્યો. જે કયામતખાન નામનો ફોજદાર રાત્રે બેભાન બની ગયો હતો તે જ ફોજદાર ફરીથી રાત્રે સંતની માફી માંગતો સંત પાસે આવ્યો. તેણે સંતને પ્રણામ કરીને સંતની માફી માંગી. બધા જ સિપાહીઓ સંતને જુદી જ નજરથી હવે જોવા લાગ્યા હાતા. હવે સંત તરફ રોષ ન હતો. હવે તો માનની તેમજ પ્રેમની નજરે દર્શન કરતા હતા. નવાબના તમામ અધિકારીઓના મન પર આ ઘટનાની ઘેરી અસર થવા પામી હતી. ''આવા પીરને સતાવવાથી આપણે માલિકના ગુનેગાર થઈશું'' એવી લાગણી સૌ અનુભવવા લાગ્યા હતા.

## ૯. નવાબે કરેલી સંતની કસોટી

સંત નિર્વાણ મહારાજ સૂરતમાં પધાર્યા ત્યારે વિ.સં. ૧૫૩૭નું વર્ષ ચાલતું હતું. તે અગાઉ નવાબ હયાતખાનને સુલતાન મહમદ બેગડાએ સૂરતનો સુબેદાર બનાવ્યો હતો. તે ખૂબ જ ક્રૂર ને ઘાતકી સ્વભાવનો હતો. હિન્દુઓને તે અનેક રીતે સતાવતો હતો. શહેરમાં કોઈ સંત પ્રવેશી ન શકે તેવા કાયદાઓ તેણે કરેલા હતા. હિન્દુ લોકો સંતને ખૂબ માને તેથી કોઈ સંત શહેરમાં ન હોવો જોઈએ. તો જ તે વટલાળ પ્રવૃત્તિ કરી પણ શકે. ભયથી ત્રાસી જઈ લોકો ધર્મ પરિવર્તન કરે તેવો તેનો હેતુ હતો. તેથી જ તેણે એક માનીતા સાધુની કતલ કરાવેલી ને તેથી સંત નિર્વાણ મહારાજનું આગમન

પણ સૂરતમાં થયું હતું.

કોઈ હિન્દુ ફકીર શહેરમાં ચોરી છૂપીથી ઘુસી આવ્યો છે અને તે ખૂબ કરામતી છે એવા સમાચારો નવાબને ગુપ્તચરોએ આપ્યા ત્યારે નવાબ વિચાર કરવા લાગ્યો. તેના હૃદયમાં કુતૂહલતા વધી ગઈ હતી કારણ કે તે ચમત્કારી સાધુ ગણાય. આવતી કાલે જાતે જઈને એ સાધુની તપાસ કરવાનો તેણે નિર્ણય કર્યો. આખી રાત તેના મનમાંથી સાધુની સાંભળેલી વાત ગઈ નહી. ઉંઘમાં પણ ખલેલ પડી. તેવામાં સવારે તે નમાઝ પઢવા બેઠો ત્યારે જોરથી શંખનાદ ફૂંકાતો સાંભળી તેના હૃદયમાં ગુસ્સો ભરાયો. તે ગાજી ઉઠયો : ''કોણ છે એ શેતાન કે જે આ સમયે આવી બેઅદલી કરી રહ્યો છે. જલદી તપાસ કરો !'' હુકમ થતાં જ સિપાહીઓ દોડયા.

થોડી જ વારમાં ખબર લઈ સિપાહીઓ હાજર થયા અને નવાબને સમાચાર આપ્યા કે શાહી મહાલયના સામેના ચોગાનમાં ધૂણી ધખાવીને એક મતવાલો સાધુ ધ્યાનમાં બેઠો છે. તેની પાસે જઈ અમે ઘણો શોર મચાવ્યો તોપણ તે જાગ્યો નથી. તે તો ગુલતાન બની ગયો છે. સમાચાર સાંભળીને નવાબે સાધુની કતલ કરી નાંખવાનો ઘાતકી હુકમ કર્યો. સિપાહીઓએ હુકમનું પાલન કરતા સાધુનું મસ્તક ધડથી જુદું જ કરી નાખ્યું હતું !

સિપાહીઓએ તરત જ નવાબને કતલ કર્યા ના સમાચાર આપ્યા ને નવાબ ફરીથી નમાઝ પઢવા લાગ્યો. ત્યાં તો ફરીથી તે જ શંખનાદ સંભળાયો. નવાબ ખૂબ અકળાયો. સિપાહીઓની તેણે ધૂળ ખંખેરી નાંખી. ''જો તમે કતલ કરી જ હોય તો તે શંખ કેવી રીતે ફૂંકી શકે ? તમે કતલ જ કરી નથી. તો જ આ શંખનાદ સંભળાય છે.'' નવાબની આ વાતનો જવાબ કોઈ પાસે ન હતો. સિપાહીઓએ તપાસ કરી તો ખરેખર સંતના શરીરના ટૂકડા ત્યાં જ પડયા છે, ધૂણી સળગે છે, બાજુમાં કોઈ દેખાતું નથી, છતાં શંખ વાગ્યા કરે છે તે આશ્ચર્ય અનુભવ્યું. નવાબે પણ જાતે તપાસ કરી તો ખરેખર સાધુની કતલ તો થઈ જ હતી. શરીરના ટુકડાઓ પણ તેણે જોયા. તેને પણ આ શંખના નાદનો કંઈ ખ્યાલ આવ્યો નહિ.

બીજે દિવસે પણ વહેલી સવારમાં નવાબ નમાઝ પઢી રહ્યો હતો ત્યારે શંખનાદ સંભળાયો. નવાબ જાતે જ ત્યાં દોડી ગયો તો નવાબે સંતને જીવતા દીઠા. ગઈ કાલે જોયેલું દૃશ્ય શું ખોટું હતું? તેના મનમાં વિચારો ઘોળાતા હતા. સંત તો એકદમ ધ્યાનસ્થ હતા. નવાબે પાસે જઈ ગર્જના કરી : ''હે સાધુ ! તું શા માટે મને નમાઝ પઢતી વખતે હેરાન કરે છે ? તું શા માટે જોરથી આ શંખ ફૂંકે છે ?'' સંત નિર્વાણ મહારાજે સસ્મિત વદને જવાબ આપ્યો કે ''હે નવાબ ! આપની નમાઝમાં હરકત કરવા મેં શંખ ફૂંક્યો ન હતો. હું પોતે તો માલિકની બંદગી કરી રહ્યો હતો. મારે પણ માલિકને રીઝવવા માટે શંખ ફૂંકવો પડયો હતો !'' નવાબ જવાબ સાંભળીને ગુસ્સે તો થયો પણ શું કરી શકે ? તેણે ફરીથી ધમકી આપી : ''સાધુ શા માટે આવી નાદાની તું કરે છે ? તને ખબર છે આ શહેરમાં કોઈ પણ સાધુને દાખલ થવાની મનાઈ છે. તે કાયદાનો ભંગ કર્યો છે. એ માટે મોતની સજા છે તેનો તને ખ્યાલ છે ખરો?''

''નવાબ ! હું માનતો હતો કે તારામાં થોડીક પણ સમજદારી હશે. પણ તું તો બિલકુલ અજ્ઞાની છે. તને એટલું ય ભાન નથી કે ખુદાની મહેરબાની હોય તેના પર કોઈનું જોર ચાલતું નથી.'' સંત ઠંડે કલેજે વાત કરતા હતા. સંતનો જવાબ નવાબને ચોંકાવી ગયો. તે બરાડી ઉઠયો : ''ફકીર ! તારો બકવાદ બંધ કર. તું જલદી અહીંથી ચાલ્યો જા, નહીં તો તારી કતલ થશે !'' આ સાંભળી સંતે શાંતિથી દૃઢતાપૂર્વક જવાબ આપ્યો ''નવાબ ! અહીંથી હું કદી જવાનો નથી. આ દુનિયા પાક ખુદાએ બનાવી છે. તેમાં હું મહેમાન બનીને આવ્યો છું. જહાંના માલિક સિવાય બીજો કોઈ મને અહીંથી ખસેડી શકશે નહિ !''

નવાબ ગુસ્સાના આવેગથી ધ્રૂજવા લાગ્યો ને બરાડી ઊઠયો : ''કાપી નાંખો આ કાફરને ! ટૂકડે ટૂકડા કરી દાટી દો !'' આમ કહેતો નવાબ જાતે જ તલવારનો ઘા કરે છે. પણ પોલાદના થાંભલા સાથે તલવાર અથડાય હોય તેમ તલવારના ટૂકડે ટૂકડા થઈ ગયા! તે જોઈને નવાબ લજ્જિત થઈ ગયો. સિપાહીઓ પણ કશું કરી શકયા નહિ. સંતે પોતાનું આસન છોડયું જ નહિ. નવાબ ગુસ્સાથી

ધુંધવાતો ધુંધવાતો શાહી મહેલમાં ચાલ્યો ગયો. બીજી રીતે એને વશ કરવો પડશે એવી વિચારસરણીથી નવાબ યોજના ઘડવા માંડયો. સાધુ કદાચ ભાગી જાય તો એવી શંકા થવાથી નવાબે સાધુને લોખંડી સાંકળથી બાંધી દેવાનો હુકમ કર્યો હતો. સિપાહીઓએ હુકમ અનુસાર સંતને લોખંડની મજબૂત સાંકળથી બાંધી દીધા હતા. પરંતુ થોડા સમય પછી તે લોખંડની સાંકળના ટૂકડે ટૂકડા થઈ ગયા હતા તે જોઈ ત્યાં ઊભા રહેલા સિપાહીઓ ત્યાંથી ભાગી છૂટયા હતા. નવાબે છેલ્લે ઝેરથી મારી નાંખવાની તરકીબ અજમાવવાને વિચાર કર્યો અને માંસ રંધાવી, તેમાં ઝેર ભેળવી, એક થાળ તૈયાર કરવાનો હુકમ કર્યો હતો. તે પહેલાં નવાબે નમી પડવાનો ઢોંગ કર્યો હતો. પોતે ખૂબ ખુશ થયો છે એવા આડંબરથી શાહી ભોજન માટે નિમંત્રણ આપ્યું હતું. ''આપ તો પાક ખુદાના બંદા છો એટલે હું જાતે જ તમને જમાડવા આવીશ'' એવી બડાશ મારીને નવાબે સામિષ ભોજન ખવરાવવાનો નિર્ણય કર્યો હતો. બીજે દિવસે નવાબ જાતે જ શાહી ઠાઠમાઠથી કીમતી જરિયાનનો રૂમાલ ઢાંકી થાળ લઈ ગયો હતો. નવાબે ખૂબ જ નમ્રતાપૂર્વક જમી લેવાનો આગ્રહ કર્યો હતો. સંતે હસતે મોંઢે જમવાનો અભિનય કરી થાળ સ્વીકાર્યો હતો અને જેવો રૂમાલ ખસેડી લેવામાં આવ્યો ત્યારે માંસને બદલે થાળમાં મિઠાઈ બની ગયલી જોઈ નવાબ તો હેબતાઈ ગયો હતો. શાહી જામમાં ઝેરવાળું સરબત હતું. તે દૂધથી ભરેલો છે એમ ગણી સંત પી ગયા હતા. નવાબ હવે તો ખરેખર બાવરો જ બની ગયો હતો. ફોજદાર નવાબને '' હજૂર ! એ તો પાક ખુદાનો ખરેખરો ઓલિયો લાગે છે.'' એવું સમજાવી રહ્યો હતો. છતાં નવાબનો અહંકાર અને સાચી વાત સમજાવા દેતો ન હતો. નવાબે જુદી જુદી યુકિતઓ કરી સંતનું નિકંદન જાય તે માટે કહેવાય છે કે ઘણા પ્રયત્ન કર્યા હતા. હાથી પાસે છૂંદાવી નાંખવા, જમીનમાં દાટી દેવા, તીરંદાજો પાસે તીરો મરાવી વીંધી નાંખવા અને પથ્થરો મરાવી માથું ફોડી નાંખવવા કહેવાય છે કે પૂરા એકત્રીસ દિવસ સુધી પ્રયત્ન કર્યા હતા. છતાં નવાબ ફાવ્યો નહોતો. છેલ્લે કપાળ પર હાથ પટકીને નવાબ બોલી ઊઠયો હતો : ''યા ગરીબ નવાઝ ! હવે શું કરું ?'' નવાબ નિરાશ બની વિચાર કરવા લાગ્યો. સંતની શકિતનો જેમ જેમ તે

વિચાર કરવા લાગ્યો તેમ તેમ તેની આંખો ખૂલતી ગઈ. તેના હૃદયમાં પાક ખુદાના ઓલિયાને સતાવવા બદલ પશ્ચાત્તાપ થવા લાગ્યો હતો. તેનું હૃદય મીણ જેવું પોચું બનતું ગયું. આખરે તે સંતના ચરણમાં ઢળી પડયો. એની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી હતી. લોક કવિ દુલારામે તેની નોંધ આ પ્રમાણે કરી છે :

**ચાલીસ દિન પરચા દિયા, ચકિત હુવે નવાબ**
**સંત ચરણમેં આય કે, રોવત છાંડી રૂઆબ.**

નવાબને રાહ પર આવેલો જોઈ સંતના હૃદયમાં દયા ઊપજી એટલે સંતે તેને કહ્યું : "નવાબ ! તું અપરાધી જરૂર છે. પણ એ અપરાધો અજ્ઞાનતાથી થયેલા હોવાથી ખુદા તને ક્ષમા કરશે. પરંતુ હવે માલિકનો ડર રાખજે." આમ કહી સંતે તેને છાતીએ લગાવી દીધો હતો.

## ૧૦. નવાબની શરણાગતિ

કેટલું બધું ઘાતકી વર્તન કર્યા છતાં દયાળુ સંતે નવાબને ક્ષમા આપી અને પ્રેમથી સ્વીકાર્યો એટલે નવાબના હૃદયમાં સંતની નિર્મળતાની છાપ સદાને માટે અંકાઈ ગઈ. કેટલા બધા જુલમો કર્યા છતાં સંતે બદદુવા નહિ આપી એ સંતની મહાનતા નવાબને સ્પર્શી ગઈ. જો કદાચ સંતના મુખમાંથી એવા શબ્દો નીકળ્યા હોત તો નવાબનું જરૂર સત્યાનાશ નીકળી જાત ! આવી લાગણી થવાથી નવાબ અત્યંત ગળગળો બની વિનયથી એક દિવસ સંતને પ્રાર્થના કરવા લાગ્યો હતો : "બાબા ! હવે તમારે બીજે કયાંય જવાનું નથી. જે સ્થળે આસન જમાવ્યું છે તે સ્થળે ભલે તમે કાયમનું સ્થાન બનાવો. બાબા ! મારા હૃદયમાં એક પ્રકારની દારુણ વ્યથા જાગી છે. કયામતને દિવસે મેં કરેલા અપરાધોનો આ દુનિયાના માલિકને શો જવાબ આપીશ ? તેથી તમે વિશેષ કંઈ મારી પાસે માંગી લ્યો તો મને સંતોષ થશે !" સંતે હસતા હસતા કહ્યું કે

નવાબ ! હગને કી તો જગહ મિલી
અબ મૂતને કી જગહ ચાહિયે ! (નિર્વાણ ચરિત્ર પ્રકાશ)

નવાબે વિચાર કર્યો કે સંતને પેશાબ કરવા માટે તો કેટલીક જગ્યા

જોઈતી હશે ? ભલે તેઓ થોડી જમીન વિશેષ માંગી લે તેમાં વાંધો પણ શો ? નવાબ તુરત જ બોલી ઊઠયા : ''બાબા ! આપ ઈચ્છામાં આવે તેટલી જમીન લઈ શકો છો.'' સંતે તરત જ પિશાબની ધારા છોડી ને ચાલવા માડયું. નવાબની વાડીએથી બેગમપુરા, હાથી ફળિયા ને છેક દાણાપીઠ સુધી આવી પહોંચ્યા તો પણ પિશાબની ધારા બંધ થઈ નહિ તેથી નવાબ ચોંકી ગયો ને વિચાર કરવા લાગ્યો કે આવી રીતે આ સંત તો આખું શહેર કબજે કરી લેશે એવું લાગે છે. એટલે દાણાપીઠ આગળ નવાબ આડો પડી ગયો અને સંતને કહેવા લાગ્યો : ''બાબા ! બસ કરો, હવેથી આગળ જશો નહિ.'' સંત ત્યાં જ અટકી ગયા હતા. પોતાના વચન મુજબ નવાબે તે જમીન સંતને બક્ષીસ આપી દીધી હતી. નવાબી સમયના પુરાણા દસ્તાવેજમાં એ બાબત નોંધ કરાયેલી છે.

આ રીતે સૂરતના નવાબને ચેતવ્યાનો સમય ભાટ ગ્રંથોમાંથી વિ.સં.૧૫૩૭ મળી આવે છે. એ જ પ્રમાણે ''સૂરત સોનાની મૂરત'' અને ''નિર્વાણ ચરિત્ર પ્રકાશ'' ની નોંધ મળતી આવતી હોવાથી નવાબની શરણાગતિની હકીકત પણ સાચી ઠરે છે. નવાબે આપેલી બક્ષીસ સંતે સ્વીકારી લીધી હતી અને ત્યાં પોતાની ગાદી સ્થાપી હતી તેની નિશાનીઓ આજે પણ હયાત છે.

## ૧૧. ગાદીની સ્થાપના

સંત નિર્વાણ મહારાજે જયાં આસન જમાવ્યું હતું ત્યાં જ ગાદીની સ્થાપના કરી. તે ગાદી એટલા અલ્પ સમયમાં તૈયાર થઈ હતી કે નવાબ વિચાર કરતો થઈ ગયો હતો. આટલું બધું ધન સંત પાસે કેવી રીતે આવે ? આ વિચાર એના મનમાં શંકા કુશંકા કરાવ્યા કરતો. જો કે સંતનાં દર્શને નવાબ દરરોજ આવતો હતો. પરંતુ ગાદીની જાહોજલાલી તેની આંખમાં ખૂંચતી હતી. સાધુઓ હવે શહેરમાં છૂટથી આવી શકતા હતા અને ફરી પણ શકતા હતા. સંતના કહેવાથી નવાબે કાયદામાં તો જરૂર ફેરફાર કરી નાખ્યો હતો. શહેરમાં નિર્વાણ મહારાજના પ્રભાવથી લૂંટ, ચોરીના કિસ્સા ને ટંટા ફિસાદના પ્રસંગો લગભગ તદ્દન બંધ થઈ ગયા હતા. છતાં નિર્વાણ

મહારાજની ગાદીની જાહોજલાલી નવાબના મનમાં ઈર્ષ્યા ઉપજાવતી હતી. તેમાં વળી આ ગાદી નવલખી કહેવાતી હતી. અન્નના કોઠારો તો છલકાતા રહેતા. લક્ષ્મીની રેલમછેલ થયા કરતી. નવાબ પાસે માત્ર પાંચ હાથી હતા જયારે નિર્વાણ મહારાજ પાસે નવ હાથી હતા. નવાબને આ બધી હકીકતો અકળાવતી હતી. તેથી એક દિવસ નવાબે સંતને સીધું જ પૂછી માર્યું હતું : ''બાબા ! આપના સ્થાનમાં આટલી બધી જાહોજલાલી શી રીતે થઈ ? આ બધું ધન આપની પાસે કયાંથી આવે છે ?'' સંત નવાબનું માનસ સમજી ગયેલા એટલે ખડખડાટ હસી પડયા અને બોલવા લાગ્યા : ''નવાબ! દયાનિધિ ઈશ્વરે સાધુ પર કરુણા કરીને અક્ષય પાત્ર આપ્યું છે. અમારે તમારી જેમ પ્રજાનું શોષણ કરીને ધન સંચય કરવાનું નથી!'' એમ બોલતાં બોલતાં સાધુએ ઊભા થઈ પોતાના આસન નીચેનું વ્યાઘ્રાંબર ખસેડી દીધું તો ત્યાં સોના મહોરનો ઢગલો જોઈ નવાબ આશ્ચર્ય ચકિત થઈ ગયો હતો. !

નવાબ હયાતખાન દરરોજ સંતને મળવા આવે તે તેના સંબંધીઓને ગમતું ન હતું. તેથી તેઓ હયાતખાનની ફરતે વાડ રચી રહ્યા હતા. વળી ખરાબ સંગતમાં નવાબ ઊઠબેઠ કરતો હોવાથી તેની શરાબની આદત પણ તેને નરકાગારમાં જાણે કે ઘસડી રહી હતી. તેના ખરાબ સાથીઓ સંત માટે શંકા કુશંકા વધે તેવી વાતો તેને સંભળાવ્યા કરતા. તેથી નવાબનું મન સંતને ઓળખવામાં કાચું પડતું હતું. સંત સાથેનો તેનો વ્યવહાર જેવો હોવો જોઈએ તેવો રહેતો નથી. શરાબના નશામાં સંતને તે ન કહેવાનું પણ કહી આવતો. સંતના હૃદયમાં નવાબની અજ્ઞાનતા પ્રત્યે દયા ઉપજતી એટલે સંત મૌન જ રહેતા. એક દિવસ નશામાં નવાબે સત્તાની બડાઈ મારવા પ્રયત્ન કર્યો ત્યારે સંતે તેને ભિખારી કહી તેનું અપમાન કર્યુ હતું. એટલે તે બોલી ઊઠયો હતો : ''બાબા ! તમે આટલું બધું અભિમાન કરો છે, પણ આપના સ્થાન માટેની જગ્યા તો મેં તમને આપી હતી. આપનું અહી છે શું ?'' સંતે તેની સાન ઠેકાણે લાવવા કહેવા માંડયું કે નવાબ, તું ભાન ભૂલે છે. આ ધરતી તો કોઈની થઈ નથી અને થવાની પણ નથી. તું આજે સત્તા પર છે એટલે તું રાજય પોતાનું સમજે છે. પરંતુ તારો સમય પૂર્ણ થવા આવ્યો

છે. હવે થોડા દિવસમાં જ તું પદભ્રષ્ટ થઈ જશે ! તારા હૃદયમાં અત્યારે જે સત્તાનો મદ છે, તેના ભૂકા થઈ જશે ! નશામાં ને નશામાં નવાબ પોતાના મહાલય તરફ વિદાય થયો પરંતુ જ્યારે નશો ઊતર્યો ત્યારે તેને તેની ભૂલ સમજમાં આવી અને પસ્તાવો કરવા લાગ્યો હતો. બીજે દિવસે વ્યથિત હૃદયે તે સંતના ચરણમાં પડી માફી માંગતા બોલ્યો : ''બાબા ! હું નશામાં ભાન ભૂલીને જેમ ફાવે તેમ આપને શબ્દો સંભળાવી ગયો હતો. મારી તે ભૂલ હતી. હૃદયમાં ખૂબ વ્યથા અનુભવી રહ્યો છું. રહમ કરીને મને ક્ષમા કરો!'' સંતે ખુલાસો કર્યો : ''નવાબ ! સાધુને કોઈના પ્રત્યે લગારે દ્વેષ નથી. જે બનવા કાળ છે. તે બનશે જ ! તારી બગડેલી બાજી તું કેવી રીતે સુધારી શકે ? માટે જીવનમાં ફરી એવી ભૂલ ન કરવાનો નિર્ણય લે તેમાં તારું કલ્યાણ છે. પાછલું જીવન તું તે રીતે સુધારી શકે.'' સંતના શબ્દો નવાબના હૃદયમાં અજવાળું પાથરી ગયા એટલે તરત જ નવાબે સંતની સમક્ષ પોતાની ટેક જાહેર કરી ''બાબા ! આજથી મારે માટે આ શરાબનો પ્યાલો હરામ છે !'' સંતે તરત જ પોતાનો વરદ હસ્ત તેના મસ્તક પર મૂકી આશીર્વાદ આપ્યા.

## ૧૨. અંધ ધનીરામને નેત્ર દાન

સૂરતની સામે પાર ઉત્રાણ ગામમાં ધનીરામ નામે એક કણબી પાટીદાર રહેતો હતો. તે પહેલેથી જ અંધ હતો. તેની પત્નીનું નામ રૂપા હતું. તે નામ પ્રમાણે ખરેખર રૂપ રૂપનો અંબાર હતી. રૂપાનું મન ગામના એક બીજા યુવાન સાથે આકર્ષાયું હતું અને તેની સાથે તેનો આડો વ્યવહાર પણ ચાલ્યા કરતો હતો. અંધ ધનીરામને પોતાની પત્નીમાં દૃઢ વિશ્વાસ અને પ્રેમ હતો. રૂપા ધનીરામને વારંવાર સંભાળી લેતી હતી એટલે પતિને કાંઈ જ ખબર પડતી ન હોતી. ધનીરામે લોકો પાસેથી સૂરતમાં એક સમર્થ સંત નિર્વાણ મહારાજ આવેલા છે તેની ભાળ મેળવી હતી. તે જો કૃપા કરે તો પોતાને દૃષ્ટિનું દાન મળે એવી તેની શ્રધ્ધા હતી. તેથી તે તેની પત્નીને વારંવાર નિર્વાણ મહારાજ પાસે જવાની વાતો કરતો રહેતો.

પણ રૂપા કંઈ ને કંઈ બહાનું શોધી સૂરત જવાનું ટાળતી. સમર્થ સંત પાસે જવાથી તેની પોલ બહાર પડી જાય તેવી તેને બીક રહેતી. પરંતુ એક દિવસ પતિના ખૂબ આગ્રહને તેણે વશ થવું પડયું હતું ને પતિ સાથે તે નિર્વાણ મહારાજના સ્થાનમાં આવી ચઢી હતી. તેણે પતિને ચેતવ્યા કે આપણે મહારાજના સ્થાનમાં આવી ગયા છે. એટલે ધનીરામે સંતના ચરણ પકડીને નમસ્કાર કરતા વિનવણી કરી: ''મહારાજ ! આપનો અપાર મહિમા સાંભળીને હું તો આશા ભર્યા હૃદયે આપના દ્વારે યાચક બનીને આવ્યો છું. બાબા, મને આંખો આપો !'' ધનીરામના શબ્દો સાંભળી સંત ખડખડાટ હસી પડયા એટલે ધનીરામને ખોટું લાગ્યું. તે કહેવા લાગ્યો : ''આંધળાને નિહાળી આખી દુનિયા હસે છે તેમ તમે પણ હસી રહ્યા છો ? શું સાધુ અને સંસારીમાં કાંઈ જ તફાવત નહિ ?'' સંતે જવાબ આપ્યો : ''બેટા ! ઘણો તફાવત છે. મને તારી કર્મની ગતિ ઉપર હસવું આવ્યું. ઈશ્વરે જે કાંઈ કર્યુ છે તે બહુ વિચારપૂર્વક જ કર્યુ છે. માટે ઈશ્વરની ઈચ્છાને આધીન થઈ જીવન પૂરું કરવામાં જ હિત રહેલું છે.'' સંતની શિખામણ ધનીરામને કાંઈ જ અસર કરી શકી નહિ. તેણે તો પોતાનો અંધાપો દૂર કરવા જ આગ્રહ કર્યો. સંતે ફરીથી તેને સમજાવ્યું કે આ અંધાપો તમારા કર્મ અનુસાર તમને મળ્યો છે. હું તને આંખ આપું તો પણ તું દુનિયાની વિષમતા જોઈ શકશે નહિ અને જાતે જ તું તારી આંખો ફરીથી ખોઈ બેસશે. છતાં ધનીરામને સહેજ પણ સંતોષ થયો નહિ. તેણે તો હઠ પકડીને અંધાપો દૂર કરવાની માંગણી કરતા રડવા માંડયું. સંતના હૃદયમાં દયા આવી એટલે સંતે પાણીનો છંટકાવ કરીને તેને દૃષ્ટિ આપી દીધી અને કહ્યું : ''જો હવે ધનીરામ ! આ સંસારના રંગરાગો જો અને માણ !'' ધનીરામે આંખો ખોલી તો ધનીરામ પોતાની પત્નીને જોઈ ગાંડો ઘેલો થઈ ગયો. દુનિયાની ઘટનાઓને આસક્ત બની જાણે કે જોવા લાગ્યો. તેણે સંતનાં ચરણોમાં વંદન કરી આભાર માન્યો.

ધનીરામ પોતાની પત્ની સાથે સુખેથી ઘરે પહોંચ્યો અને આનંદથી જીવન નિર્ગમન કરવા લાગ્યો. રૂપાને તે પ્રાણપ્યારી પત્ની માનતો હતો. એક દિવસ તેને બીજા પુરુષ સાથે પ્રેમક્રીડા કરતા જોઈ

તેને ખૂબ આઘાત લાગ્યો હતો. તે દિવસે તેને અંધાપો વધારે સારો લાગ્યો હતો. તેથી તેણે ગુસ્સામાં સોયા વડે પોતાને હાથે જ બંને આંખો ફોડી નાંખી હતી. તરત જ તેણે ગૃહત્યાગ કરી સંતના સ્થાને પહોંચવા પ્રયાણ કર્યું હતું. જેમ તેમ તે લાકડીને ટેકે સંતના સ્થાનકે આવી પહોંચ્યો ત્યારે સંતે તેને ખૂબ પ્રેમથી આવકાર્યો હતો અને હકીકત જાણી હતી. સંતના બોલાયેલા શબ્દો તેને વારંવાર યાદ આવ્યા કરતા હતા. ''આ દુનિયાની વિષમતા જોઈ તું તારી જાતે જ આંખો ખોઈ બેસશે'' એવા શબ્દો તેના હૃદયને વિરાગી બનાવી રહ્યા હતા. તેને સંસાર ખરેખર અસાર હોવાનો અનુભવ થઈ ગયો હતો. હવે સંસાર તરફ તેને જરા પણ આસક્તિ રહી ન હતી. સંત નિર્વાણ મહારાજે વિનંતિ કરતા કહ્યું કે : ''બેટા ! તું મારે શરણે આવ્યો છે તો તને હું ફરીથી દૃષ્ટિનું દાન કરી શકું એમ છું. બોલ તારી ઈચ્છા છે ?'' વૈરાગ્યના અગ્નિમાં બળતા ધનીરામે તરત જ ઈન્કાર કરતા કહ્યું કે ''બાબા ! મૃગજળને માર્ગે મારે પ્રયાણ કરવું નથી. મને શરણમાં રાખો અને મારો ઉધ્ધાર કરો. એ માટે જે કાંઈ કહેશો તે કરવા હું તૈયાર છું. !''

ધનીરામના વૈરાગ્યને બરાબર પારખી લઈ સંતે ફરીથી કૃપા વરસાવી અને ધનીરામને દૃષ્ટિ ફરીથી પ્રાપ્ત થઈ. સંતે આશીર્વાદ આપતાં કહ્યું કે ''બેટા ! શેષ જીવન ભગવાનના સ્મરણમાં નિર્ગમન કરવા તું દૂર એકાંત સ્થળે ચાલ્યો જા. તને સર્વ પ્રકારે મદદ મળી રહેશે એવો મારો આશીર્વાદ છે. ભગવાનના ભજનમાં મનને લીન બનાવી દેજે અને પ્રભુમાં સમાઈ જજે.''

સંતના શબ્દો સાંભળી ધનીરામ સદ્ગુરુને નમન કરી પોતાના જીવનનો ઉધ્ધાર કરવા ચાલી નીકળ્યો. તેણે જાતે ઊભો કરેલો અંધાપો સદ્ગુરુની કૃપાથી દૂર થયો અને નવી દૃષ્ટિથી દુનિયાનું દર્શન કરી ધનીરામ ખરેખર ધન્ય બની ગયો !''

## ૧૩. કોઢી અહેમદ પર રહેમ

એક દિવસ સંત સૂરતમાં ફરવા નીકળ્યા હતા. તાપી નદીના કિનારે એક દુઃખી જીવની વેદના સાંભળી સંતનું હૃદય પીગળી

ગયુ.હતું. અહમદ નામનો એક મુસલમાન કોઢની વિકૃતિથી બદસૂરત થઈ ગયો હતો. તે એક ધનિક પિતાનો પુત્ર હતો. તેની યુવાન વયે તે સ્વરૂપવાન પણ લાગતો હતો. યુવાનમાં તે એક વારાંગનાના ફંદામાં ફસાયો હતો. વારાંગના સાથે જ કાયમ પડી રહેતો. તેના માતાપિતા ગુજરી ગયા ત્યારે પણ તે માબાપને ભૂલી ગયો હતો. માબાપ નથી એમ માનીને ગયેલો નહિ. ધન ખલાસ થઈ ગયું ત્યારે વારાંગનાએ તેને એક મિનિટ પણ સંઘર્યો ન હતો. સાથે કોઢનો રોગ લઈને સૂરતના બજારમાં આમ તેમ ભટકતો ફરતો એક ભિખારી બની ગયો હતો. તે પોતાની સ્થિતિથી વાજ આવી ગયો હતો. તેના હૃદયમાં પસ્તાવો ખૂબ થતો હતો. માતપિતાની કરેલી અવગણના તેના હૃદયનો કોરી ખાતી હતી. તેની પાસે કોઈ જતું પણ નહિ. તે ખૂબ અકળામણ અનુભવતો હતો. તેણે નિર્વાણ મહારાજની વાત ઘણી સાંભળેલી. એક સિધ્ધ સત્પુરુષ છે અને જો તે કૃપા કરે તો ગમે તેવો રોગ ને ગમે એવું દુઃખ પણ મટી જાય એવી લોકવાયકા પર અદમદને શ્રધ્ધા બેઠી હતી. તેથી તેણે જયારે સંત નિર્વાણ મહારાજનાં દર્શન કર્યા ત્યારે તેમનાં ચરણોમાં પડી તે ખૂબ રોયો અને પસ્તાવો કરવા લાગ્યો હતો.

સંતના હૃદયમાં નાતજાતના કોઈ ભેદ હોતા નથી. કરુણા ઊપજે એટલે કોઈ પણ, હોય તેની મદદમાં દોડી જાય. કૃપા વરસાવીને તેને ધન્ય પણ કરી દે. અહમદના પૂર્વભવના કોઈ પુણ્યોદયને કારણે સંતે તેને પ્રેમથી સ્વીકારી લીધો અને તેના પર એવી કૃપા વરસાવી કે તેનો કોઢ અદૃશ્ય થયો. તે ફરીથી સ્વરૂપવાન બની ગયો. તેના જીવનમાં ઈશ્વર ભકિતનાં બીજ ઊગી નીકળ્યાં. ભકિતમાં લીન શેષ જીવન નિર્ગમન કરી રહ્યો હતો ત્યારે સંતની કૃપાથી અંતિમ કાળે એટલે તો આરતી પૂરી થઈ ગઈ હતી. ''અલ્લાજાન ! બાબાના મંદિરમાં આજે ખૂબ મઝા આવી. તમે કેમ મોડા પડયા?'' એવો લાડીલી પુત્રીએ ઠપકો આપ્યો ત્યારે પિતાએ ખૂબ વ્હાલથી પોતાના બાહુપાશમાં લઈ પોતાની લાડલીને ચૂમીઓ ભરી હતી ! નવાબની પુત્રીને શાહી મહાલયમાં જે આનંદ મળતો ન હતો તે આનંદ સંતના ધામમાં ખૂબ જ નિર્મળ રીતે ને સલૂકાઈથી મળતો હતો તે હકીકતનવાબને આશ્ચર્ય પમાડતી હતી.

પાક પરવર દિગારનાં દર્શન કરી ધન્ય બની ગયો હતો.

## ૧૪. વેપારી રકીબને સહાય

રકીબ નામે રાંદેરનો ખૂબ પૈસાદાર વેપારી એક દિવસ સંતના ચરણમાં આવી ''મને બચાવો, બાબા ! મને બચાવો !'' બોલતા બોલતા ધ્રુસકે ધ્રુસકે રોવા લાગ્યો હતો. રકીબ પરદેશ સાથે વેપાર કરતો હતો. તેના સાત વહાણો પરદેશથી માલ લઈ આવતા અને તેનો વેપાર પૂરજોશથી ચાલતો હતો. તે અઢળક નાણુ કમાતો. તેના આ સાતે વહાણો દરિયામાં ડૂબી ગયાના જેવા સમાચાર મળ્યા તેવો જ તે સંતની મદદ માંગવા દોડી આવ્યો હતો. તેણે સંતને સાંભળેલી હકીકત કહી સંભળાવી અને મદદ માટે હાથ લાંબો કર્યો. સંતે તરત જ સાન્ત્વન આપતાં કહ્યું કે ''બેટા ! ચિંતા ન કર. તારા સાતે વહાણો કદી ડૂબે નહી. તે અટવાયા જરૂર છે. તે બચી જશે. બરાબર ૨૦ દિવસ પછી ડકકા ઓવારે આવી જશે. જા, ચિંતામુકત બની પાક પરવર દિગારનું ભજન કર !''

ખરેખર વીસ દિવસ પછી આ સાતે વહાણો ડકકા ઓવારે આવી લાગ્યા ત્યારે રકીબના હૃદયમાં આનંદનો પાર રહ્યો નહિ. તે ખૂબ નાચ્યો. ખલાસીઓએ દરિયામાં જે ઘટના બની હતી તે કહી સંભળાવી. તેઓએ સ્પષ્ટ કહ્યું કે તોફાનમાં અટવાયેલા વહાણોમાં અમને નિર્વાણ મહારાજનાં દર્શન થયા હતા ને પછી અમારા વહાણો સહીસલામત સ્થિતિમાં મૂકાઈ ગયા હતા. અમોને દિવ્ય સહાય મળી હતી તેથી અમો સૌ ઉગરી ગયા હતા અને આજે તમારી સમક્ષ હેમખેમ આવી ચઢયા છીએ. આ સમાચાર સાંભળીને રકીબના અંતરમાં અજવાળું થયું. સંત નિર્વાણ મહારાજ ખરેખર એક પીર છે તેનો ખ્યાલ આવ્યો. પરવર દિગારના સાચા બંદા છે તેની ખાત્રી થઈ. એટલે એના હૃદયમાં ભકિત જાગી અને સંતના શરણમાં આવી નિવેદન કર્યુ કે ''બાબા ! તમોએ મને સર્વ પ્રકારે બચાવ્યો તેથી મારું તમામ ધન તમને અર્પણ કરું છું. બાબા ! તમે તમારી ઈચ્છામાં આવે તેમ તેનો સદુપયોગ કરો !''

સંતે રકીબને પ્રેમથી થાબડતા કહ્યું કે ''બેટા ! તું તારે હાથે

જ ગરીબ ગુરબાંઓની સેવા કર અને જરૂરિયાત હોય તેને ધન દઈ તેની સમસ્યા ઉકેલ કર ! જે હાથે વપરાશે તે સાથે આવશે !'' રકીબને યોગ્ય માર્ગદર્શન મળતાં તે ઘરે પહોંચ્યો ને તેણે તમામ દોલતને સાર્વજનિક ગણી તેનો સદુપયોગ કરવા માંડયો હતો. તેના ઘરે દરરોજ ભિખારીઓની લાઈન લાગતી. કોઈ પણ માણસને તે મદદ કરતો. તેને દ્વારેથી કોઈ ખાલી હાથે આવતું નહિ. સંતની કૃપાથી તેનું જીવન ખરેખર પ્રભુમય બની ગયું હતું !

## ૧૫. મૃત બાલિકાને સજીવન કરી

નવાબ હયાતખનને એક જ નવાયની પુત્રી હતી. તે તેને ખૂબ જ વ્હાલી હતી. તે પાંચ વરસની હતી. ત્યારથી સંતના સ્થાનકે જતી. શાહી મહેલની પાસે જ સંતનું સ્થાન હોવાથી આરતી ટાણે નવાબ શાહજાદીને લઈને સંતના દર્શને આવતો. નાની બાલિકાને આરતીના સમયનું વાતાવરણ ખૂબ જ ગમી ગયું હતું. તે સમયે થતો ઘંટનાદ અને તેમાં જુદાજુદા વાદ્યોના ભળી જતા મધુર સૂરોના નાદથી વાતાવરણમાં એક જાતની ભીનાશ પેદા થતી તે બાલિકાને આકર્ષી જતી. બાલિકા ગમે તે સ્થિતિમાં રમતી હોય કે નાચતી કૂદતી હોય તો પણ જો તે નાદ સાંભળતી તો અચૂક સંતના સ્થાનક તરફ દોડીને પહોંચી જતી. નિર્દોષ બાલિકા આ પ્રમાણે આવતી જતી તે સંતને પણ ખૂબ ગમતું હતું. સંતના હૃદયમાં તે બાલિકા પ્રત્યે હેત ઉભરાતું એટલે ખોળામાં બેસાડી તેને સંત રમાડતા પણ હતા. એક સમર્થ સંતના સાંનિધ્યનો અને હાથના સ્પર્શનો મળતો અનેરો લાભ કોઈને પણ ઈર્ષ્યા થાય ! શાહજાદી ખરેખર ભાગ્યવાન ગણાતી હતી ! આ રીતે સદ્દગુરુની ગોદમાં તે અગિયાર વર્ષની ઉંમર થઈ ત્યાં સુધી લાડકોડનો લહાવો પામી હતી !

દર વરસે તેની સાલગીરી ધામધૂમથી શાહી મહેલમાં ઉજવાતી. તેની બારમી સાલગીરી ઉજવવાની તૈયારી થઈ રહી હતી. સવારથી જ શાહી મહાલયમાં ઉત્સવ ઉજવવાની તૈયારી માટે ખટપટ ચાલુ થઈ ગઈ હતી. આરતી ટાણે જેવો બાલિકાએ ઘંટનાદ સાંભળ્યો તેવી જ તે ખૂબ જ ત્વરાથી સંતના ધામ તરફ દોડી. નવાબ ''કયાં ચાલી!

ક્યાં ચાલી? બોલતો તેની પાછળ ગયો હતો. નવાબ ત્યાં પહોંચે એટલે તો આરતી પૂરી થઈ ગઈ હતી. ''અલ્લાજાન ! બાબાના મંદિરમાં આજે ખૂબ મઝા આવી. તમે કેમ મોડા પડયા?'' એવો લાડીલી પુત્રીએ ઠપકો આપ્યો ત્યારે પિતાએ ખૂબ વ્હાલથી પોતાના બાહુપાશમાં લઈ પોતાની લાડલીને ચૂમીઓ ભરી હતી ! નવાબની પુત્રીને શાહી મહાલયમાં જે આનંદ મળતો ન હતો તે આનંદ સંતના ધામમાં ખૂબ જ નિર્મળ રીતે ને સલૂકાઈથી મળતો હતો તે હકીકત નવાબને આશ્ચર્ય પમાડતી હતી. દરરોજ આ રીતે બાલિકા સંત પાસે દોડી આવે તે શાહી મહાલયના બધા સભ્યોને ગમતું ન હતું. તે લોકોના મનમાં અમીરાઈની બદબૂ હતી. શાહી મહાલયની સભ્યતા તેઓને સંતથી દૂર જ રાખતી હતી. એ તમામ મર્યાદાઓને ઓળંગી શાહજાદી સંતની સંનિધિની સુવાસ મનભરી માણી જ લેતી હતી !

નવાબે પોતાના સર્વે સંબંધીઓને અને મિત્રમંડળ તેમજ લાગતા વળગતાઓને શાહી મહાલયમાં આમંત્રણ આપી દીધું હતું. એટલે શાહી મહાલય સમય થતાં જનસમૂહથી ઉભરાઈ રહ્યો હતો. તે સમયે બાલિકા બીજા અન્ય બાળકોના સમૂહ સાથે ખેલકૂદ કરતી શાહી મહાલયના મેદાનમાં રમતી હતી. બીજી બાજુ ઈરાનથી મંગાવેલા ઊંચી જાતના શરાબની લહેજત માણવા આમંત્રિત મહેમાનો મિજલસ માણવા એકત્રિત થઈ બેસી રહ્યા હતા. સંધ્યાકાળ થવાની હજી તો વાર હતી. તેવામાં ચોગાનમાં અન્ય બાળકો સાથે નિર્દોષ રમત રમતી શાહજાદી અચાનક ધરતી પર ઢળી પડી. એટલે બાળકોએ શોરબકોર કરી મૂકયો. મહાલયમાંથી કેટલાક મહેમાનો તરત જ દોડી આવ્યા. નવાબજાદીને ગોદમાં ઉઠાવી મહાલયમાં લઈ આવ્યા. બાલિકાનો પ્રાણ પંખેરુ ઊડી ગયો હતો, તે સહેજે તેના દર્શનમાત્રથી ખબર પડી જતી હતી ! નવાબ તો સમાચાર સાંભળતાં જ બેભાન બની ગયા હતા.

થોડા સમય પછી નવાબ શુધ્ધિમાં આવ્યા ત્યારે નવાબે દારુણ આક્રંદ કરવા માંડયું હતું. નવાબ પુત્રીનો વિયોગ સહન ન કરી શકાશે એટલે આત્મહત્યા પણ કરે એવી સંભાવના બીજાઓને જણાતી હતી. એવામાં અચાનક આરતી ટાણે ઘંટનાદ થવા લાગ્યો તે સાંભળી નવાબ પુત્રીને કહેવા લાગ્યો કે ''બેટા ! મહારાજના મંદિરમાં આરતી થઈ રહી છે. ઊઠ ને ચાલ ! આપણે ત્યાં જઈએ.

ઊઠ બેટી, ઊઠ !'' આમ નવાબ પાગલની માફક બબડાટ કરી રહ્યો હતો ! નવાબથી રહેવાયું નહિ એટલે મૃતદેહને કાંધે ઉપાડી ઝડપમાં મંદિર તરફ જવા લાગ્યો ને સંતના સ્થાનમાં આવી પહોંચ્યો હતો.

સંત ચરણોમાં મૂકી નવાબ આજીજી કરી રહ્યો : ''બાબા ! ખુદાએ મને એક જ દીકરી આપી હતી. તેને પણ આજે સાલગીરીના ખુશાલીના દિવસે ખુદાએ પોતાના દરબારમાં પાછી બોલાવી દીધી ! આવું કેમ બન્યું ! બાબા, આજે હું તમારે દ્વારે ભિખારી બનીને આવ્યો છું. એક ઓલિયાના ચરણમાં બેસી તેમની દુઆથી કયાં તો મારી લાડલીને જીવંત પ્રાપ્ત કરું કે કયાં તો મારો જાન આપી હું પણ ખુદાના દરબારમાં પહોંચી જાઉં !'' નવાબનું આક્રંદ કોઈના હ્યદયને પીગળાવી શકે એવું હતું !

સંત નિર્વાણ મહારાજે નવાબને ખૂબ સમજાવવા પ્રયત્ન કર્યા પણ નવાબ શોકના સાગરમાં ડૂબકાં ખાતો જ રહ્યો. કાળ પોતે ખુદાના હુકમ પ્રમાણે વર્તે છે એટલે હુકમને સહુએ સ્વીકારી લેવો જોઈએ એવો આગ્રહ સંતનો રહ્યો. મૃતદેહને જલદી દફનાવી દેવો જોઈએ એવી સમજ વારંવાર આપી, પણ નવાબને લાગેલો કારી ઘા નવાબને વધારે ને વધારે કરુણ દશામાં ઘસડી જતો હતો. નવાબના આપ્તજનો શાહી મહાલયમાં રહી નવાબની મૂર્ખાઈ ને પાગલપણું જોઈ ટીકા કરતા હતા. તેઓને મન આ અશકય હતું તે સંત દ્વારા શકય કેવી રીતે થઈ શકે તે વિષે બિલકુલ આસ્થા ન હોતી. તેથી મૃત દેહને જલદી મંગાવી લેવો જોઈએ ને વિધિસર દફન ક્રિયા કરી દેવી જોઈએ એવો આગ્રહ સેવી રહ્યા હતા. પરંતુ કોઈનામાં તાકાત ન હોતી કે નવાબ પાસે જઈ મૃતદેહને ઉઠાવી લાવે ! એવું સાહસ કરવામાં કોઈને સલામતી જણાતી ન હતી તે એક હકીકત હતી.

બીજી બાજુ નવાબને સંત તરફ દૃઢ વિશ્વાસ હતો. તેણે તો સંતની કસોટી કરાવેલી ને તેણે સગી આંખે સંતના પરચાઓ જોયા હતા. સંતના સામર્થ્યનો ખ્યાલ નવાબને હોવાથી નવાબ શાહજાદીને જીવંત કરવા ખુદાના ઓલિયાને વારંવાર આજીજી કર્યા કરતો હતો. તેણે એક દિવસ નહી, પણ અનેક દિવસો સુધી ખુદાના ઓલિયાના ચમત્કારો જાતે થયેલા તે નવાબ કેવી રીતે ભૂલે ? આ બાળકીને સજીવન કરવાનું કામ તો કાંઈ વિસાતમાં નથી એમ નવાબને લાગ્યા

કરતું હતું. તેથી નવાબને સંતની શિખામણ ગળે ઊતરતી જ નથી. : ''નવાબ ! સંસાર એક મુસાફરખાનું છે. તેમાં આપણે બધાં મહેમાન બનીને આવ્યા છીએ. એક દિવસ વહેલા કે મોડા બધાંએ જવાનું જ છે. આ ફાની દુનિયામાં કોણ કાયમ રહ્યું છે ? નવાબ, આ શરીર તો નાશવંત છે ! આજે છે ને કાલે નથી ! કાળને કોણ રોકી શકે ? એ તો બધું માલિકાના હાથમાં ગણાય ! માટે હઠાગ્રહ છોડી માલિકના હુકમનો આદર કરો !'' છતાં નવાબે આક્રંદ ચાલુ રાખ્યું હતું ને વારંવાર ''કયાં તો પુત્રીને સજીવન કરો કે કયાં તો મારો જાન લઈ લો'' એવી વ્યથા કરુણતાથી આક્રંદપૂર્વક નવાબ વ્યકત કરી રહ્યો હતો. સંતે આખરી ઉપાય કરી જોયો. પોતે ક્રોધાવેશમાં આવી ગયાનો અભિનય કર્યો ને નવાબની છાતીમાં જોરથી લાત મારી દીધી ! નવાબ આજે દીન હીન બનીને ભિખારી થઈ સંત સ્થાનમાં આવ્યો હોવાથી નવાબે સંતના ચરણ પકડી આજીજી ચાલુ રાખી હતી. : ''બાબા ! તમે ધારો તે કરી શકો છો. તમે ખુદાના સાચા બંદા છો !'' નવાબ સંતની કસોટીમાં પસાર થયો હોય તેમ સંતે નવાબને ખભા પકડી ઊભો કર્યો ને આશ્લેષ આપી કહ્યું કે નવાબ, આખરે તું જીત્યો! હાથમાં પાણી લઈ મૃતદેહ પર છંટકાવ કર્યો ને સંતે પોકાર કર્યો : ''નાસિરા ! નાસિરા ! બેટા, ઊઠ. નિદ્રામાં કેમ પોઢી રહી છે ?'' શાહજાદી ઝબકીને જાગી ને તરત જ સંતને બાઝી પડી! હેતથી હાથ ફેરવ્યો ને નવાબને પુત્રી સોંપી દીધી હતી. નવાબ તો પાગલની માફક પુત્રીને આલિંગન આપી રહ્યો હતો. ફરીથી નવાબે સંતના ચરણો પકડી લીધા ને બોલ્યો : ''બાબા ! તમે મારી મુરાદ હાંસલ કરી. આ ફાની આંખોથી મેં કદી આપ રહીમનને નિહાળ્યા ન હતા. આજે આપના દિવ્ય દર્શન કર્યા. બાબા ! આપે મને ધન્ય કર્યો.''

પ્રેમાશ્રુ વહાવતા સંતને વારંવાર પ્રણામ કરી નવાબે પોતાની પ્રાણપ્યારી પુત્રીની સાથે મંદિરની બહાર નીકળી મહાલય તરફ પ્રયાણ કર્યુ. નવાબજાદીને જીવીત બનેલી • જોઈને બધાં જ નવાબના આપ્તજનો આશ્ચર્ય પામી ગયા અને સંતના સામર્થ્યનો સર્વને પરિચય થયો હતો. મહાલયનું શોકનું વાતાવરણ ફરીથી નાચગાન ને શરણાઈ વાદનથી ગૂંજી ઊઠ્યું હતું !

## ૧૬. કોઈ ખાલી હાથે જતું નહિ

સંત નિર્વાણ મહારાજે નવાબ પર વરસાવેલી કૃપાથી નિર્વાણ મહારાજનું નામ સૂરતથી દૂર સુધીના પ્રદેશો સુધી ખૂબ જાણીતું થઈ ગયું હતું. તેથી સંતના સ્થાનમાં ભાત ભાતના લોકો દરરોજ પધારવા લાગ્યા હતા. ઘણે ભાગે ધનના ભૂખ્યા લોકો ઘણા આવતા. સંત

તેઓને લક્ષ્મીની ચંચળતાની અનેક વાતો કરી માર્ગદર્શન પણ આપતા. સમજુ હોય તે સમજી જતા ને અણસમજુ ઠોકરો પણ ખાતા. એકવાર લાલચંદ શેઠ નામનો વણિક આવ્યો હતો. તેની પાસે ધન તો અપાર હતું જ પરંતુ તે ધનનો તેણે સદુપયોગ કદી કર્યો ન હતો. લક્ષ્મીજી તેને વરે છે તેનું તેને અભિમાન હતું. તેણે સંત પાસે આવીને લક્ષ્મીની જ માંગણી કરી. સંતે તેને કહ્યું કે ભાઈ, લક્ષ્મી તો કોઈની થઈ નથી અને થવાની નથી. તેની માંગણી શા માટે કરે છે ? તે હાથમાંથી સાપની માફક સરકી જાય છે ! ત્યારે લાલચંદ શેઠે સાભિમાન એવી વાણી ઉચ્ચારી કે બાબા, આ વણિક પાસે એવી કળા છે કે લક્ષ્મીજી કયાં ય જઈ શકે નહી. મને તમે એક વાર આપો તો તમને પણ ખાત્રી થશે. સંતે તેની કસોટી કરવા જાણે કે બહુમૂલી રત્નની એક પોટલી હાથમાં આપી કહ્યું : ''વણિક, આ ચંચળ લક્ષ્મી તને સોંપું છું. સદુપયોગ થાય તેટલો કરજે, નહી તો સાપના ભારાની માફક તને એક દિવસ રડતો મૂકી ને અદૃશ્ય થઈ જશે''. લાલચંદ શેઠ ખૂબ રાજી થયો. તેણે પહેલાનું ભેગું કરેલું બધું ધન દાટેલું હતું તેમ આ ધન ઘરે આવીને દાટી દીધું હતું. તે કોઈને ન દાન આપતો, ન મદદ કરતો કે ન કોઈ પુણ્યનું કાર્ય કરતો ! તે માત્ર ધન સાચવવાનું જ કાર્ય કરતો. એક દિવસ તેને ત્યાં ચોરી થઈ અને તેનું દાટેલું બધું જ ધન ચોરાઈ ગયું ત્યારે તે ખરેખર રડવા લાગ્યો હતો. ત્યારે સંતના શબ્દો તેને યાદ આવ્યા હતા. આખરે તે રડતો રડતો સંત પાસે આવીને માફી માંગવા લાગ્યો હતો. સંતે તેને સાચી સમજ આપી પ્રભુભકિત તરફ વાળવા પ્રયત્ન કર્યો હતો. આ રીતે સંતના સ્થાનમાં દરરોજની અવનવી ઘટના બન્યા જ કરતી અને સંત સૌને તેની યોગ્યતાને

લક્ષમાં રાખી માર્ગદર્શન આપ્યા કરતા. કોઈનું ભાગ્ય ખૂલી જતું તો તેના જીવનનો ઉધ્ધાર થઈ જતો હતો.

નેકાજી નામનો એક કઠિયારો સંતના સ્થાનમાં લાકડાનો ભારો નાંખી જતો ને કદી પૌસા માંગતો નહિ. સંત પૈસા આપે તો લઈ લેતો. એક દિવસે સંતે તેને પૂછયું કે ''નેકા, તારે કાંઈ જોઈએ છે ? તું તો કાંઈ માંગતો જ નથી.'' નેકાએ કહ્યું કે ''મહારાજ, શું માંગું ? લાકડાનો ભારો નાંખી ગુજરાન ચલાવું છું ને સુખી છું. છતાં કોઈવાર એમ થાય છે કે હું કોઈને ખવરાવી શકતો નથી એવું મારું કેવું નસીબ ?'' સંતે તેને ખૂબ પ્રેમથી ધન આપ્યું ને કહ્યું કે ''લે, તારી મનોકામના પૂર્ણ કર !'' કઠિયારાએ તે દિવસથી પોતાના ઘરમાં સદાવ્રત ખોલ્યું હતું. સંતોને પણ બોલાવી બોલાવીને લઈ જતો, પોતાની ઝૂંપડીમાં રાખતો ને ખવરાવતો. આ રીતે સદાવ્રત ખોલીને તેણે ધનનો સદ્‌વ્યય કર્યો હતો અને ભૂખ્યાં જનોનો તેમજ સંત જનોનો આશીર્વાદ પ્રાપ્ત કર્યો હતો. સંત નિર્વાણ મહારાજે ધન આપ્યા પછી કઠિયારો સંતના ધામમાં લાકડા નાંખવાનું કદી ચૂકતો નહી. સમયમાં ફેરફાર થઈ જતો પણ લાકડાનો ભારો તો નાંખવા આવતો જ. લાકડાના ભારાની કિંમત કદી તે માંગતો જ નહી. એક દિવસ તેણે માંગી ત્યારે સંતે પૂછયું કે ''આમ કેમ નેકા ? કોઈ દિવસ માંગે નહી આજે કેમ કિંમત માંગવી પડી ?'' ત્યારે નેકાએ જવાબ આપ્યો કે ''બાબા ! તમે આપેલું ધન હવે પરિપૂર્ણ થયું. હવે માંગીને ગુજરાન ચલાવવાનો મેં નિર્ણય કર્યો છે.'' સંતે કહ્યું કે પાછું તને ધન આપું તો ? ત્યારે તેણે કહ્યું કે ''બાબા ! હવે ચંચલ લક્ષ્મી મારે જોઈતી નથી. મને મારો ઉધ્ધાર થાય તેવું કંઈક આપો, જેથી મારો જન્મારો સફળ થાય !'' સંતે તેના પર ખરેખર કૃપા વરસાવી હતી અને તેને ધન્ય કરી દીધો હતો.

આવા અનેક પ્રસંગો લોકકવિ દુલારામે ''નિર્વાણ ચરિત્ર પ્રકાશ'' માં નોંધ્યા છે. શેઠ નરોત્તમદાસનો પ્રસંગ અનોખો છે. તેમણે ધનની માંગણી કરી ન હતી પરંતુ તેમને આશીર્વાદ આપતી વખતે કહેલા વચનો તેમને ગમ્યા ન હોતા : ''શેઠ માયા કોઈની થઈ નથી અને થવાની નથી જ. લક્ષ્મી મળી છે તો સદુપયોગ કરી

લેજો ! નહી તો તે લક્ષ્મી નાખુશ થશે ને તમને ભીખ માંગતા કરી છટકી જશે.'' તે વખતે શેઠે કડવું વચન ઉચ્ચારેલું : ''મહારાજ! તમે તો બધાંને લંગોટી પહેરાવવા નીકળ્યા લાગો છો!'' ત્યાર પછી શેઠે સંતની પાસે આવવાનું બંધ કરી દીધું હતું. સંતે કહેલું તેમ તેના ભાવિમાં ભારે પલટો આવી ગયો હતો. તેને તમામ ક્ષેત્રે ખોટ ગઈ હતી. ખરેખર તે રસ્તે ભીખ માંગતો થઈ ગયો હતો ત્યારે તેને સંત વચનનો મહિમા સમજાયો હતો. આ રીતે સંતના દરબારમાં કોઈ નિરાશ થતું નહિ. બલકે નિરાશ થયેલાને આશાનો પ્રકાશ પ્રાપ્ત થતો ને જીવન જીવવાનું જોમ પ્રાપ્ત થતું. સૂરતની પ્રજાનું નૈતિક ને ધાર્મિક જીવન સંત નિર્વાણ મહારાજની ઉપસ્થિતિથી ઘણું સુધરી ગયું હતું તે હકીકત નિર્વાણ મહારાજની મહાનતા પૂરવાર કરે છે.

## ૧૭. નવાબને ચેતવણી

સંત નિર્વાણ મહારાજે નવાબને ઉપદેશ આપતા એકવાર કહ્યું હતું : '' હયાતખાન, ગમે તે એક નિયમ લો અને તેનું પ્રાણાન્તે પણ પાલન કરો !'' સંતના એ શબ્દો શ્રવણ કર્યા ત્યારથી નવાબે દરરોજ સંતના દર્શને આવવાનો નિયમ લીધો હતો. છેલ્લા કેટલાક વખતથી નવાબ નિયમિત દર્શને આવ્યા કરતો અને લીધેલી ટેક મને કમને પણ નિભાવતો. રાજકીય કાવાદાવાથી હવે તેને કંટાળો આવવા લાગ્યો હતો. એક દિવસ એવા જ ખૂબ કામથી કંટાળેલો નવાબ સંતની પાસે આવીને ફરિયાદ કરવા લાગ્યો હતો : ''બાબા ! શાંતિ મળે એવો કોઈ માર્ગ બતાવો. રાજ ખટપટથી હવે તો થાકી ગયો છું, નહી ઊંઘ, નહિ આરામ, નહિ સુખચેન !'' સંતે હસીને જવાબ આપ્યો : ''આજે સૌ પ્રથમ એક ખાસ સૂચના યાદ રાખજો નવાબ! આજનો દિવસ બેગમના શયનખંડમાં જશો જ નહિ'' નવાબે આશ્ચર્ય વ્યકત કર્યું : ''કેમ ? હું પૂછતો હતો શાંતિ અંગે ને તમે કાંઈક જુદી જ વાત કરી, બાબા ! મને કંઈ જ સમજાતું નથી!'' ''એ આવતી કાલે સમજાવીશ-'' સંતે ટૂંકમાં કહ્યું.

નવાબે સંત વચન પર વિશ્વાસ મૂકીને પોતાના અનોખા ખંડમાં

જ રાત્રિ વ્યતીત કરી. સંતના ગૂઢ વચનમાં મન ડૂબેલું રહ્યું હતું. શા માટે બેગમના શયનખંડમાં જવાની મને મનાઈ કરી હતી એ વાત જરા પણ સમજમાં આવી ન હોતી. સવારે ઊઠતાં જ ખબર મળ્યા : ''બેગમના શયન ખંડમાં એક ચોકીદારનું ખૂન થયું છે !'' સમાચાર સાંભળીને નવાબ વિચારમાં પડી ગયો. સાંજે સંત પાસે આવ્યો ત્યારે મનને ઉકેલ મળ્યો. ગઈકાલે જો નવાબ સંત પાસે ન આવ્યો હોત તો તેનું જ ખૂન થઈ જવાનું હતું તે ભેદ સમજાયો. નવાબે પાળેલી ટેક તેનો જ બચાવ કરી ગઈ ! કાળના અંધારિયા ખૂણામાં પણ શું થવાનું છે તે સંતની દૃષ્ટિ જોઈ શકે છે. તેની ફરીથી તેને ખાત્રી થઈ ! સંત પ્રત્યેની શ્રધ્ધામાં ઉમેરો થયો. મનો મન સંતનો આભાર માનતો નવાબ શાહી મહાલય તરફ પ્રયાણ કરવા ઊભો થયો ત્યારે ''આ રીતે ટેકનું પાલન કરતા રહેજો'' એવું કહ્યું હતું.

ટેકનો મહિમા સચોટ રીતે સમજાયો એટલે નવાબ દરરોજ નિયમિત સંતનાં દર્શને આવતો જ. પહેલાંના કરતાં તેના મનના ભાવો હવે વધારે શ્રધ્ધા યુકત બનવા પામ્યા હતા. જયારે જયારે તેનું મન સંત વિષે વિચાર કરતું ત્યારે ત્યારે સંતમાં રહેલ અપાર સામર્થ્યનો તેને ખ્યાલ અવશ્ય આવતો જ. તેથી સંતનાં ચરણમાં કાયમ રહી શકાય તે માટે તે ઉપાય શોધતો રહેતો. એક દિવસ તેણે સંત પાસે આવીને સ્પષ્ટ કહી નાખ્યું હતું : ''બાબા ! આપ મને તમારો શિષ્ય બનાવો. હું તે માટે તમો કહો તે કરવા તૈયાર છું.'' નવાબને ખૂબ ધીરજથી વાતને સમજાવતા સંતે કહ્યું હતું : ''નવાબ, આ જન્મમાં તો એ શકય નથી ! કદાચ આવતા જન્મમાં તું મારો શિષ્ય થઈ શકશે. નવાબ તો મુસલમાન હતો. તે કદી પૂર્નજન્મમાં માને નહિ. તેથી તેણે સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે ''બાબા ! અમે પુર્નજન્મમાં માનતા જ નથી. છતાં આપનું વચન મિથ્યા પણ ન હોય શકે તેવી મને ખાત્રી છે. તો ખરેખર સત્ય શું?'' સંત નિર્વાણ મહારાજે નવાબને કર્મનો સિધ્ધાંત સમજાવ્યો હતો. પુણ્યકર્મને કારણે જ નવાબ રાજયનો અધિકારી બની શકયો હતો તે સ્પષ્ટ કહ્યું હતું આ જન્મના દુષ્ટ કર્મો ચાલુ રહે તો નરકમાં જ વાસ મળે. આ વાત બરાબર સમજી ન શકવાથી સંતે નવાબ પર

કૃપા વરસાવી અને નવાબને એના ગત જન્મનો અનુભવ કરાવ્યો હતો. પોતે બ્રાહ્મણ હતો છતાં સંધ્યાવંદન કદી કરતો નહિ. દુષ્ટ કર્મો જ કર્યા કરતો તેથી તેના પરિણામ ભોગવતો તે સાવ ગરીબ બની ગયો હતો. જેમ તેમ ગુજરાન ચાલતું. એક દિવસ તે ખૂબ ભૂખ્યો હતો, છતાં ખાવાનું તેને મળ્યું ન હતું. એક દયાળુએ બોલાવીને તેને ખાવાનું આપ્યું ત્યારે નચિંતથી ભોજન જમવા તે એકાંતનું સ્થાન શોધતો જઈ રહ્યો હતો તે વખતે એક ગરીબ ડોસી એકાએક ધરણી પર ઢળી પડી હતી. ત્યારે પોતાને દયા આવી હતી. પોતાનું જમવાનું તે ડોસીને ખવરાવી દીધું હતું. તૃપ્ત થયેલા તે ડોસીમાંએ આશીર્વાદ આપ્યા હતા. : "તું ભૂખ્યો હતો છતાં તેં તારું ભોજન મને ખવરાવી દીધું ને મારો પ્રાણ બચાવ્યો તેથી મારો રામ તને રાજા જરૂર બનાવશે !" ડોશીનો આશીર્વાદ બીજા જન્મમાં ફળ્યો અને નવાબીનું સુખ માણ્યું તે યાદ કરતો નવાબ પુનર્જન્મના અનુભવથી ખૂબ પ્રસન્ન થયો હતો અને સંતના ચરણોમાં પડી વિનમણી કરવા લાગ્યો હતો. "બાબા ! ભલે આવતા જન્મમાં મને આપનો શિષ્ય બનાવજો. પરંતુ આપના પ્રયાણની સાથે જ હું આ દુનિયાનો ત્યાગ કરી શકું એવું વચન આપો !" સંતે કહ્યું હતું કે એ સમયની હજી ઘણી વાર છે. હાલ તું માલિકની બંદગી કરી, જીવનના બાકી દિવસોમાં માનવ જીવનની સાચી સફળતા સાધી લે તે વધારે યોગ્ય લેખાશે !

## ૧૮. સદ્‌ગુરુ કેશોદાસનું દર્શન

સંત નિર્વાણ મહારાજની કૃપાથી નવાબ હયાતખાને કાયદાઓ બદલી કાઢેલા અને કેદમાં પૂરાયેલા સાધુઓને તેણે છોડી મૂકયા હતા. તે સાધુઓ ચાલતા ચાલતા મારવાડ પહોંચી ગયા હતા. જાઈસ ગુરુદ્વારા જયાંથી સંત નિર્વાણ મહારાજ આવ્યા હતા ત્યાં પણ તેમણે મુકામ કર્યો હતો. ત્યાં સંત નિર્વાણ મહારાજના ખૂબ વખાણ તેઓએ કર્યા હતા. ઘાતકી નવાબ તેમને શરણે આવી ગયો છે એ હકીકત સાધુઓ પાસેથી જાણ્યા પછી સદ્‌ગુરુ કેશોદાસજીને સૂરત જવાનું ખૂબ જ મન થઈ ગયું હતું તેથી સંત કેશોદાસજી આવી સંત નિર્વાણ

મહારાજનું સ્થાનક શોધી કાઢ્યું હતું. સૂરત શહેરમાં પ્રવેશતાં તેમને કોઈએ રોકયા ન હતા તે તેમણે પ્રત્યક્ષ અનુભવ્યું હતું. ઘણા સાધુ સંતો છૂટથી ફરતા જણાતા હતા. સદ્‌ગુરુ કેશોદાસજીના હૃદયમાં પોતાના શિષ્યને ભેટી પડવાની તેની તાલાવેલી લાગી હતી. જયારે નિર્વાણ મહારાજે પોતાના ગુરુને જોયા ત્યારે બંને ગુરુ શિષ્યો એકબીજાને પ્રેમાવેશમાં ભેટી પડયા હતા. તે સમયે સંજોગો અનુસાર નવાબ હયાતખાન ત્યાં જ બેઠો હતો. સંત કેશોદાસની નજર તેના પર પડી હતી અને તરત તેમના મોઢામાંથી શબ્દો નીકળી પડયા હતા કે ''નિર્દોષ સાધુઓની હત્યા કરાવનાર આ જ અધમ નવાબ કે ?'' નવાબે સંત કેશોદાસજીના ચરણોમાં ઝૂકી પડતાં કહ્યું હતું : '' હા, બાબા ! હું તે જ આપનો ગુલામ છું. અપરાધો કરી હું ઘણો બદનામ થયો છું. મને ક્ષમા કરો, બાબા !'' નવાબની નમ્રતા સંત કેશોદાસજીને સ્પર્શી ગઈ હતી અને કેશોદાશજીએ તેની પીઠ થાબડી તેને નવાજયો હતો. ''આખરે તું તો સંસ્કારી આત્મા છે. તારું કલ્યાણ હો !'' કહીને શુભાશિષ વરસાવી હતી.

પોતાના દુષ્ટ કૃત્યોને યાદ કરતો નવાબ બે દિવસથી ઊંઘી શક્યો ન હતો. ઘણા સાધુઓના મનમાંથી તે ઊતરી ગયો હતો તેનો પસ્તાવો તેને સતાવતો હતો. સંત નિર્વાણ મહારાજની કૃપાથી તેનો વારંવાર બચાવ થયા કરતો હતો તે પણ તેણે વારંવાર અનુભવ્યું હતું. રાત્રે વિચારના ચગડોળે ચઢી ગયેલું તેનું મન સંતના શરણમાં જવા ફરીથી તત્પર બન્યું અને બિછાનાનો ત્યાગ કરી મહાલયમાંથી બહાર નીકળી ચાલવા પાડયું હતું. નવાબ સ્થાનકમાં આવ્યો ત્યારે ધૂણી જલી રહી હતી અને સંત નિર્વાણ મહારાજ ધ્યાનસ્થ થઈ ગયા હતા. નવાબ ધૂણીની બાજુમાં જ બેસી રહ્યો ને તે પણ બંદગી કરતો કરતો જમીન પર સૂઈ ગયો હતો. તે નિદ્રાધીન થઈ ગયો હતો તેનું તેને ભાન રહ્યું ન હતું. વહેલી સવારે સંતે આંખો ખોલી ત્યારે નવાબ જમીન પર સૂતેલો જણાયો. સંતે પાસે આવીને નવાબને જગાડયો ને પ્રેમથી થાબડયો ! ત્યારે નવાબે કહ્યું : ''બાબા, આ મારી કેવી ગતિ છે ?'' સંતે કહ્યું : ''બેટા ! તારી આ ગતિ અતિ દુર્લભ ગણાય. તું બહુ જ ભાગ્યશાળી છે. મહાલયના વૈભવી સુખને છોડીને સંતના ચરણમાં આપદા વેઠવાનું પસંદ કરવું અને

નિર્ભયતાથી ત્યાં જ પોઢી જવું એ સદ્દભાગ્યની નિશાની છે. હયાતખાન ! તને ધન્ય છે. તારું જરૂર કલ્યાણ થશે ! ''

## ૧૯. મહેલમાં સંતનો પ્રભાવ

શાહી મહાલયમાં હમેશા સુખ ને શાંતિ હોય છે એવું કદી પણ માનવું નહિ. તે તો આંતરિક રણ સંગ્રામનું મેદાન બની જતું હોય છે. તેમાં વળી અનેક બેગમો હોય ત્યાં તો પૂછવું જ શું ? એકમેકની ઈર્ષ્યાની આગમાં તેઓ બળતી રહે છે અને એકમેકનું કાસળ કાઢી નાંખવાની પણ પેરવી કરતી હોય છે. એટલે દુઃખદાયક ને ખેદજનક બનાવો મહેલમાં બન્યા કરતા હોય છે. એક બેગમ તો હવસખોર હતી. તે ભલભલા યુવાનને ફસાવી દેતી. પરંતુ શાહીમહાલયમાં પ્રવેશ કરવાની એટલું જ કઠિન હતું. તેથી તેની મુરાદ બર આવતી નહિ. જમાલખાન નામનો નવાબનો વફાદાર માણસ રાત્રે જાગતો રહેતો ને પહેરેગીરનું કામ કરતો રહેતો. તે જમાલખાન હવશખોર હસીના બેગમને કાંટાની માફક ખૂંચતો હતો. તે શાહી મહાલયમાંથી કાયમને માટે દૂર થાય તેવી તેની યોજના હતી. એક દિવસ તે હસીના બેગમે નવાબના સગાનું ઓચિંતુ ખૂન કરી નાંખી લોહી ભીના હથિયારો જમાલખાનના સ્થાન આગળ મૂકી દીધા હતા. પોતે કશું જ જાણતી ન હોય તેમ પોતાના શયન ખંડમાં મોડે સુધી સૂઈ રહી હતી.

સવાર થતાં ખૂનને કારણે ચકચાર થઈ ગઈ હતી જે લોહી ભીના હથિયારોની સાબિતી મળતા નિર્દોષ જમાલખાનને નવાબે ફાંસીની સજા ફરમાવી હતી. સિપાહી તેને કેદ કરી લઈ જતા હતા ત્યારે માર્ગમાં સંત નિર્વાણ મહારાજની નજર જમાલખાન પર પડી હતી. જમાલખાને સંતને મળવાની ઈચ્છા વ્યકત કરી તેથી સિપાહીઓએ જમાલખાનને સંત પાસે જવા દીધો હતો. તેણે અશ્રુ વહાવતા પોતાની કરુણ કથા કહી સંભળાવી હતી. પોતે સાવ નિર્દોષ છે એવી તેની સચ્ચાઈ તેણે સંતને કહી દીધી હતી. સંતને તેની નિર્દોષતા પર વિશ્વાસ બેઠાં એટલે સિપાહીઓ સાથે સંતે પોતાનો

સંદેશો નવાબને મોકલી આપ્યો હતો કે જમાલખાન નિર્દોષ છે માટે ફેરતપાસ કરવી.

સિપાહીઓએ નિર્વાણ મહારાજના શબ્દો નવાબને કહી સંભળાવ્યા હતા તેથી નવાબે સંતની આજ્ઞા માથે ચઢાવી તરત જ ફેરતપાસ આદરી દીધી હતી. ખરેખર ફેરતપાસમાં પેલી હવશખોર બેગમ હસીના ગુનેગાર ઠરી અને નવાબે તેને ફાંસીની સજા ફરમાવી હતી. આ રીતે એક નિર્દોષ આદમીને ફાંસીને માચડેથી સંતે બચાવી લીધો હતો.

બીજી બધી બેગમો જુદી જ ઈર્ષ્યાથી બળતી હતી. નવાબ વારંવાર સંતની પાસે દોડી જાય અને સંત જેમ કહે તેમ કરે તે બગમોને ગમતું ન હતું. તે ફરિયાદ પણ બેગમે સંત પાસે પહોંચાડી હતી. ''તમે પણ એક દિવસ ખુદાઈ ખિદમતમાં લીન થઈ જશો. તમારા એ દિવસો નજીક આવી રહ્યા છે. ત્યારે તમને સૌને કોનો દોષ છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવશે.'' એવો સંતે વળતો જવાબ પણ મોકલાવ્યો હતો. એવી જ એક ફરિયાદને કારણે એક દિવસ સંતે જાતે જ શાહીમહાલયમાં પ્રવેશ કર્યો હતો. ત્યારે એક બેગમે સંતનું અપમાન થાય તેવી વાણી ઉચ્ચારી હતી. : '' એ બૂઢે સાધુકો કિસને મહેલમેં આને દિયા ?'' સંત સાંભળીને ખૂબ હસ્યા હતા. ખડખડાટ હસ્યા પછી કહ્યું હતું : ''બેટી ! મૈં તો બૂઢા હુવા, લેકિન મરેસે તુમ જયાદા બુઠી હોંગી ! કમ સે કમ શત એકવીસ સાલ તક જિન્દા રહોગી !'' સંતના વચનમાં ગુસ્સાનો અભાવ હતો. તેમણે તો એકસો એકવીસ વર્ષ સુધી જીવશે એમ કહીને આશીર્વાદ જ આપ્યા હતા. કહેવાય છે કે તે ખરેખર એકસો એકવીસ વર્ષ સુધી જીવી હતી.

બેગમ રૂકશાના સ્વરૂપે સુંદર હતી પણ હયાતખાન તેને હવે મહત્ત્વ આપતો ન હતો. એટલું જ નહી પણ શાહીમહાલયના માણસો પણ તેની કંઈક અંશે અવગણના કરતા હતા. રૂકશાનાને આવી અકળામણ ભારે થયા કરતી હતી તેથી જયારે તેણે મહેલમાં સંતને જોયા ત્યારે સંતના ચરણ પકડી લીધા અને પોતાની દુઃખદ સ્થિતિનું બયાન અશ્રુભીની આંખે કહી સંભળાવ્યું હતું. ''તું જો ખુદાની બની રહે તો બધાં જ તારા કદમોમાં ઝૂકતા થઈ જશે !''

એવું કહી સંતે પોતાનો શુભાશિષ પણ વરસાવી હતી. રૂકશાનાનુંસંતના વચન પ્રમાણે જીવનમાં પરિવર્તન કરી દીધું હતું અને ખરેખર સંતે કહ્યું હતું તેમ બધાં જ તેને નમન કરતા થઈ ગયા હતા, શાહીમહાલયમાં રહેવા છતાં એક ફકીરની જેમ જીવન તે જીવી રહી હતી. સંત નિર્વાણ મહારાજની કૃપાથી આ રીતે શાહીમહાલયમાં પણ સુખદ ઘટનાઓ બનવાં પામી હતી. પઠાણ શિકાયતખાન સાવ નિર્દોષ હતો છતાં નવાબે તેને ફાંસીની સજા ફરમાવી હતી. બેગમની કામવાસના સંતોષવાનો તેણે ફક્ત ઈન્કાર જ કર્યો હતો એટલે બેગમે તેને બદનામ કરવા બળાત્કારને ઈરાદે પોતા પર હલ્લો કર્યો છે એવી બૂમરાણ મચાવી દીધી હતી. નવાબે પૂરી તપાસ કર્યા વિના તેને ફાંસીની સજા કરી હતી. સંતે શિકાયતખાનને ફાંસીને માચડેથી બચાવી લેવા નવાબને ફેર તપાસની આજ્ઞા કરી હતી. ખરેખર ફેરતપાસમાં બેગમગુનેગાર ઠરી હતી અને શિકાયતખાન બચી ગયો હતો.

બાંદી અખ્તરી જયારે વયો વૃધ્ધ થઈ હતી ત્યારે બેગમની ખોટી ફરિયાદ સાંભળીને મહેલમાંથી નવાબે બહાર કાઢી મૂકી હતી. તે જયારે નવયૌવના હતી ત્યારે તેણે નવાબ હયાતખાનને દૂધ પાઈને મોટો કર્યો હતો છતાં હયાતખાને તેને બૂરી રીતે કાઢી મૂકી હતી ત્યારે તે અખ્તરી સંતના સ્થાનમાં પહોંચી ગઈ હતી અને સત્ય હકીકત સંતને કહી દીધી હતી. સંતે તેને પોતાના સ્થાનમાં જ રહેવા જમવાની વ્યવસ્થા કરી આપી હતી. એક દિવસ નવાબને સંતે ઠપકો આપતાં કહ્યું હતું કે ''જે માતાએ તને દૂધ પાઈને મોટો કર્યો હતો તે જનેતાના દૂધને તું ભૂલી ગયો, નવાબ ! શું તું નમક હરામ બની ગયો ?'' અખ્તરી જનેતાની વિગતે વાત કરી સંતે નવાબના સન્યાસી વલણની ઝાટકણ કાઢી હતી. નવાબને ભાન થયું હતું ને જનેતા અખ્તરની માફી માંગી હતી ને મહેલમાં લઈ ગયો હતો.

## ૨૦. પ્રજા માનસમાં સંતની છાપ

એક ભિખારી જેવો બ્રાહ્મણ પોતાના કર્મની ગતિ ઉપર બાળકની જેમ અધીર બની અશ્રુ વહાવી રહ્યો હતો ત્યારે સંત

નિર્વાણ મહારાજ ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. સંતને સહેજે દયા ઉપજી. સંતે તેની કરુણ કથની સાંભળી. તે એક ધનવાન બ્રાહ્મણ હતો. તેની બાજુમાં ઝમીરઅલી નામે મુસલમાન રહેતો હતો. તે ચોર ને લૂંટારૂ હતો. પરંતુ સાથે સાથે તે ખૂબ ઈજ્જતદાર મનાતો હતો. કારણ કે તેની લાગવગ નવાબ પાસે ચાલતી હતી. ચોરી થતી ત્યારે દર વખતે બ્રાહ્મણ જયાનંદ લેખિત ફરિયાદ કર્યા કરતો. પણ જયાનંદની અરજીનો કોઈ જવાબ મળતો પણ નહિ. આ રીતે ઘણી બધી ફરિયાદો તેની ભેગી થઈ હતી ત્યારે ઝમીરઅલીએ તેનો ઘાટ ઘડયો હતો. પોતાનો ઝવેરાતનો ડબ્બો બ્રાહ્મણ જયાનંદના ઘરમાં તેણે સંતાડી દઈને ચોરીની ફરિયાદ કરી હતી. ડબ્બો બ્રાહ્મણના ઘરમાંથી નીકળ્યો હતો તેથી નવાબે તેને જેલમાં પૂર્યો હતો. તે જેલમાં હતો ત્યારે આ ઝમીરઅલીએ તના ઘરમાં લૂંટ ચલાવી બધું વગે કરી દીધું હતું. તેનું ઘર પણ વેચી દીધું હતું. જેલમાંથી છૂટયો ત્યારે જયાનંદ બ્રાહ્મણ ભિખારી બનીને અહી તહી રવડતો હતો. છેલ્લા બે દિવસથી તેણે ખાધું ન હતું તેથી સંતે તેને જમાડયો હતો અને તેને પોતાના આતિથ્યધામમાં રાખ્યો હતો.

નવાબ જયારે સ્થાનમાં આવ્યો ત્યારે સંતે આક્ષેપ કરતા કહ્યું: ''નવાબ, તારા રાજયમાં મને ન્યાય જેવું દેખાતું નથી !'' નવાબ તો સાંભળીને ચકિત થઈ ગયો હતો. સંતે જયાનંદ બ્રાહ્મણની અરજીઓ પર કેમ ધ્યાન આપ્યું ન હતું તે વિષે વાત કરી હતી. ઝમીરઅલીની એક જ અરજી પર ધ્યાન આપી નિર્દોષ બ્રાહ્મણને ગુનેગાર ઠેરવી તેને કેદી બનાવ્યો હતો તે કેવો ન્યાય કહેવાય ? નવાબને ફરીથી તપાસ કરવાની આજ્ઞા કરી હતી. ફેર તપાસ થતાં ઝમીરઅલી પાસેથી બ્રાહ્મણની બધી જ મિલકત મળી હતી. ઝમીરઅલી જ ચોર હતો તે સાબિત થયું હતું. જયાનંદને તેના ઘરબાર પાછા સોંપાવ્યા અને ઝમીરઅલીને કેદ કરાવ્યો ત્યારે સંતને જંપ વળ્યો હતો. આ રીતે સામાન્ય પ્રજાજનને પણ સંતના ન્યાય માટે ઘણું માન હતું કોઈપણ માણસને તરત જ મદદ કે માર્ગદર્શન સંત પાસેથી મળી રહેતું ને તે માણસને સાચો ન્યાય મળે તેવી યોગ્ય વ્યવસ્થા સંત કરી શકતા હતા.

## ૨૧. વણિકને પુત્ર દાન

એક ધનાઢ્ય વણિક શેઠ સંતતિની ઈચ્છાથી સંત નિર્વાણ મહારાજ પાસે આવ્યા હતા. લોકો તેને વાંઝિયો કહેવા લાગ્યા હતા. તે તેનાથી સહન થતું નહિ. વળી વાંઝિયાનું મોઢું પ્રભાતમાં તો અપશુકનિયાળ ગણાતું. તેથી લોકોના મ્હેણા શેઠથી હવે સંભળાતા ન હતા. તેથી અંગત સ્વાર્થે વણિક શેઠ સંતના દ્વારે ખૂબ આજીજીપૂર્વક બોલવા લાગ્યા : ''બાબા ! આજે તમારે દ્વારે ભિખારી બનીને આવ્યો છું. મારી મનોકામના પૂર્ણ કરી મારું દુઃખ ટાળો !'' શેઠથી રડી પડાયું. વાણિયાની હૃદયવ્યથા અતિ દુઃખદાયક હતી. સંતને વણિકે પોતાની કથની કહી સંભળાવી. સંતે આશ્વાસન આપતાં કહ્યું કે તમારે ત્યાં તો અઢળક સંપત્તિ છે જેને ત્યાં છોકરાઓ છે તેને ત્યાં ખાવા માટે ફાંફા મારવા પડે છે. એના કરતા તમે તો અનેક ઘણા સુખી છો. ભગવાનનાં સ્મરણમાં મન લગાવી દો અને કલ્યાણ કરી લો !'' વણિક શેઠે પોતાની મનોવ્યથા ઠાલવતા કહ્યું : ''સ્વામી! મને સંપત્તિનો મોહ નથી. આપ કહો તો મારું સર્વસ્વ તમારા ચરણમાં અર્પણ કરી દઉં. પરંતુ સંસારમાં અપુત્ર રહી હું જીવી શકું એમ નથી ! માટે કૃપા કરી મારું કારમું કલંક નિવારો!''

વણિક શેઠને સંત સમજાવી રહ્યા કે ''તારા નસીબમાં દીકરા જ નથી. છતાં તને એક નહિ પણ સાત દીકરા આપું, પણ એક શરતે. તે શરત કબૂલ કરવી પડશે. બોલ, મંજૂર છે ? '' વાણિયો તો સાંભળીને ખુશમાં આવી ગયો હતો. તેણે શરત કબૂલ મંજૂર રાખવાની તૈયારી બતાવી, ત્યારે સંતે કહ્યુ : ''જે સાતે પુત્રો તને થાય તે તારા નહિ પણ નિર્વાણના એવા શપથ લેવા શું તું તૈયાર છે ?'' વણિક શેઠે સ્પષ્ટીકરણ કરતા હા ભણી ને કહ્યું : ''બાબા, વાંઝિયાને પુત્રો તમે આપો છો એટલે તે વાંઝિયાના કેવી રીતે કહેવાય ? એ તો તમારા જ કહેવાય. એમ પણ આ તન, મન ને ધન સર્વ કાંઈ તો આપનું જ છે. હવે મારો કંઈ અધિકાર જ નથી. પછી એ સાતે પુત્રો નિર્વાણના એમ કહેવામાં મને વાંધો શો?'' સંતે ચેતવણી આપી : '' વણિક ! વચન આપતાં પહેલાં

લાંબો વિચાર કરજે. નહિ તો પાછળથી પસ્તાશે. રોતા પાર આવશે નહિ. સાતમાંથી એકે તારો થશે જ નહિ. ઉમર થતા સૌ સંસારનો ત્યાગ કરી પ્રભુ પંથે પ્રયાણ કરી જશે. માટે વિચાર કરીને વચન આપ !'' સંસારી લોકોનાં મ્હેણાંટોણાંથી વણિક શેઠ વાજ આવી ગયો હતો એટલે તેણે કહી દીધું : ''પ્રભુ ! વચન વિમુખ નહિ થાઉ તેની ખાત્રી આપું છું. સૌ પુત્રો આપના ભલે રહેતા પણ મારું કલંક તો ધોવાઈ જશે ને !''

સંતના વચન અનુસાર વણિક શેઠને વારા ફરતી સાત દીકરાઓ થયા હતા. લોક કવિ દુલારોમે તે હકીકતને નીચેના છપ્પામાં વ્યકત કરી છે.

**પ્રથમ પુરણ નામ, દૂજા હરેરામ બખાના,**<br>
**દુર્લભ દેવ અવતાર, ચોથા કેશવ ગુણવાના.**<br>
**પંચમ તીરથદાસ, ષષ્ઠ ભયા રઘુરાયા,**<br>
**સપ્તમ સંત અવતાર, મુરારિ મહાસુખ ધામા.**<br>
**સંત બચન પલટે નહિ, પ્રગટ શાસ્ત્ર પ્રમાણકા.**<br>
**અવધૂ હૂઈ બનમેં ચલે, સપ્ત પુત્ર નિર્વાણકા.**

સમયના વહેણ સાથે વણિકના છ પુત્રો જેમ જેમ ઉમર થતી ગઈ તેમ તેમ સંસારનો ત્યાગ કરી સાધુ થઈ ગયા. આ સાતમો મુરારિ હજી બાર વર્ષનો જ છે. તે જો જતો રહેશે તો છતે દીકરે વાંઝિયાનું દુઃખ અનુભવવું પડશે એવા વિચારો વણિક શેઠને પજવવા લાગ્યા હતા. પુત્ર વિયોગનું દુઃખ શેઠને સાલતું હતું. શેઠની ઉમર પણ થઈ હતી. તેમાં પુત્ર વિયોગની વેદનાથી શેઠ પથારીવશ થઈ ગયા હતા. એક દિવસ પુત્ર મુરારિના ટેકે શેઠ સંતના ધામે આવી લાગ્યા હતા. શેઠને ઘણા સમય પછી આવેલા નિહાળી સંતે પ્રેમપૂર્વક આવકાર આપ્યો. શેઠ તો પોતાની વેદના કહી સંભળાવતા જ ધ્રુસકાં ખાવા લાગ્યા હતા. '' સ્વામી ! સાત દીકરા આપી ને શું મને સાવ વાંઝિયો જ રાખવો છે ? દયા કરી એક તો રહેવા દો !'' સંતે સમાધાન કરતા કહ્યું કે ''શેઠ ! જયાં સુધી તમે બંને છો ત્યાં સુધી મુરારિ ભલે તમારી સાથે રહેતો. જાવ, આનંદથી જીવનના શેષ દિવસો પસાર કરો !''

શેઠ અને શેઠાણી ત્યાર પછી માંડ પાંચ વર્ષ જીવ્યા હતા અને

તેઓની ઉત્તર ક્રિયા કરી મુરારિ પણ પ્રભુને પંથે પ્રયાણ કરી ગયો હતો. આ રીતે નિર્વાણ મહારાજ લોકોનું દુઃખ ઓછું કરવા પ્રયત્ન કરતા. સાવ અદનો માનવી પણ વિના સંકોચે નિર્વાણ મહારાજના આશ્રયે આવી શકતો ને નિર્ભય બની શ્વાસ લઈ શકતો.

## ૨૨. બાળક મૃત્યુંજય અને બાણશય્યા

મૃત્યુંજય સંત નિર્વાણ મહારાજના સ્થાનમાં માત્ર બે વર્ષની ઉંમરથી રહેતો એક બાળક હતો. તે બ્રાહ્મણ કુળમાં જન્મેલો પરંતુ તેના જન્મ પછી થોડા સમયમાં તેના પિતા ગુજરી ગયા હતા અને તેથી તેની માતા બેહાલ થઈ જવાથી માતાએ પણ શરીર છોડી દીધું હતું. શરીર છોડતાં પહેલા માતાએ તે બાળકને સંત નિર્વાણ મહારાજને સોંપ્યો હતો. તે દિવસથી સંતના સાંનિધ્યમાં તેનો ઉછેર થઈ રહ્યો હતો. સંતના ધામમાં નવાબના મહાલયનાં બાળકો પણ ખેલકૂદ કરવા આવતા હતા. તેઓની સાથે આ બ્રહ્મબાળ પણ ખેલતો કૂદતો અને રમતો. એકવાર તે સંતધામની સામેના ખંડિયેરમાં રમતો હતો ત્યારે તેને એક નાગ સાપનાં દર્શન થયા હતા. તે સાપને તેણે હાથથી પકડયો હતો. પછી તેણે તે નાગને સંતના ધામમાં લાવી નિર્વાણ મહારાજને બતાવ્યો હતો. નિર્વાણ મહારાજને બાળકની દિવ્યતાનો ખ્યાલ આવી ગયો હતો. સંતે તે નાગને બાળકના હાથમાંથી છોડાવ્યો હતો. તે દિવસથી સંત નિર્વાણ મહારાજ તેને મૃત્યુંજય કહીને બોલાવતા હતા. તે સમયે તેની ઉંમર માત્ર પાંચ વર્ષની હતી.

સંત નિર્વાણ મહારાજ દરરોજ બાણશય્યા પર સૂતા હતા. તે બાળકે એક દિવસે સંતને બાણશય્યા પર સૂતેલા જોયા હતા. તેથી તેણે જિજ્ઞાસાથી પૂછયું હતું. ''બાબા ! તમે આ ખીલાની ધાર પર શા માટે સૂવો છો ? શું તમને પલંગ ઉપર નિદ્રા નથી આવતી?'' ત્યારે સંતે તેને ખૂબ પ્રેમપૂર્વક સમજાવ્યું હતું કે જે સાધુ હોય, જેણે સંસારનો જ ત્યાગ કર્યો હોય, તેણે તો આ બાણશય્યાના અણિવાળાખીલાની ધાર પર જ સૂવું જોઈએ.'' જવાબ સાંભળીને

બાળકે તેના પર સૂઈ જવા પ્રયત્ન કર્યો હતો. સંત તને રોકે તે પહેલાં તે ઉપર ચડી ગયો હતો ને સૂવા પ્રયત્ન કર્યો હતો પરંતુ આવડત ન હોવાને કારણે અણિવાળા ખીલાની ધાર તેને લાગી હતી અને લોહી નીકળ્યું હતું. તેની સારવાર કરતી વખતે સંતે સમજાવ્યું હતું કે ''તું હજી બાળક છે. તું જરા મોટો થાય પછી બાણશય્યા પર સૂવાની ટેવ પાડજે.'' પરંતુ તેનો હઠીલો સ્વભાવ તેને ''ના, બાબા, ના ! હું તો શયન કરીશ જ'' એવી વાણી બોલાવતો હતો. આખરે તે રમવા ચાલ્યો ગયો હતો. બપોર થઈ તો યે તે ન આવ્યો ત્યારે સંતે તેની શોધ કરવા માંડી હતી. જયારે સંત નિર્વાણ મહારાજ પોતાના શયનખંડમાં આવ્યા ત્યારે તેમણે તેને બાણશય્યા પર ઊંઘી ગયેલો દીઠો. સંતની આંખમાંથી પ્રેમાશ્રુ છલકાયાં હતાં. ખૂબ પ્રેમપૂર્વક તેને ઉપાડી તેમણે બાળકને છાતી સરસો ચાંપ્યો હતો.

નવ વર્ષની ઉંમરે તેનું પરાક્રમ જોઈ નવાબ પણ આશ્ચર્ય ચકિત થઈ ગયો હતો. નવાબની સવારી માટે હાથીને મહેલ પાસે લાવવામાં આવ્યો હતો. તે હાથી મદોન્મત્ત બની તોફાને ચઢયો હતો. લોકાની બૂમરાણ તેણે સાંભળી ત્યારે તે સતની ધૂણી પાસે બેઠો હતો. તે તરત જ દોડયો ને હાથી પાસે પહોંચી ગયો હતો. જોનારાના જીવ અધ્ધર થઈ ગયા હતા. પરંતુ બાળકને જોતાં જ હાથીએ નમન કરીને સૂંઢથી પોતાની પીઠ ઉપર બેસાડી દીધો હતો. નવાબ સહિત સર્વ લોકસમૂહ ભારે આશ્ચર્ય પામી ગયા હતા.

તે તો સંત નિર્વાણ મહારાજની સાથે ઉપવાસો પણ કરતો અને સિધ્ધ સાધુઓ વર્તન કરે તેમ બોલતો ને ચાલતો. સંત ધામમાં તો લગભગ દરરોજ સંતોનું આગમન થયા કરતું. સંતોની સેવા પૂજા કરવાની ટેવ પણ સંતે તેને પાડી હતી. એકવાર તીર્થાટને નીકળેલું સાધુઓનું એક ટોળું સંતધામમાં આવી ચઢયું હતું. નિર્વાણ મહારાજે સૌને પ્રેમથી સત્કાર કર્યો હતો. રાત્રે ભજનની મંડળી બેઠી હતી. ત્યારે સંત નિર્વાણ મહારાજે મૃત્યુંજયને સૌનું પૂજન કરવાનું કાર્ય સોંપ્યું હતું. તેણે કેટલાક સાધુના કપાળે ચંદન દ્વારા પૂજા હતી તો કેટલાક સાધુને મેંશ લગાડી પૂજા કરી હતી તે જોઈને સૌને આશ્ચર્ય થયું હતું. તેનું કારણ પૂછતાં તેણે જણાવ્યું હતું કે ''જેના હૃદયમાંથી વિષયવાસના છૂટી નથી, છતાં તે સાધુના વેશમાં ફરે છે તેની મેં

મેશથી પૂજા કરી છે !'' સંત નિર્વાણ મહારાજ તો થોડા નાખુશ થયા પણ તે સંતમંડળીના મહંત બાળક પર ખૂબ પ્રસન્ન થયા હતા!

એક દિવસ એક નિરાધાર માતા પોતાના મૃત બાળકને લઈને દારુણ કલ્પાંત કરતી સંતધામના આશ્રયે આવી ચઢી હતી. તે વખતે મૃત્યંજય તો નિદ્રાધીન હતો. પરંતુ કલ્પાંત સાંભળી સફાળો જાગી ગયો હતો. માતાનું કલ્પાંત અને બાળકની મરણ અવસ્થા જોઈ આ મૃત્યુંજયને ભારે આઘાત લાગ્યો હતો. તે બાળકને સ્પર્શ કરવા જતો હતો ત્યારે સંત નિર્વાણ મહારાજે તેને રોકયો હતો અને કહ્યું હતું કે ''બેટા, તું હજી બાળક છે. તું બાળહઠ છોડ. તું જે કરવા ચાહે છે તે તારે માટે ખતરનાક ઠરશે. તારે જ તે ભોગવવું પડશે. ''સંતના વચનો તેને માટે મહત્વના હતા છતાં તેણે પોતાના પિતાતુલ્ય સંતને આજીજી કરતા કહ્યું હતું : '' કબૂલ છે, બાબા! પરંતુ આ આક્રંદ મારાથી સહન થતું નથી. ભલે બનવાકાળ જે બનશે તે !'' આમ કહીને તેણે બાળક પાસે જઈ તેના શરીર પર હાથ ફેરવી બોલવા માડયું હતું કે ''ભૈયા ! તું શા માટે પોઢી રહ્યો છે ? માતાનું આક્રંદ સુણી જાગ તો ખરો ! ઊભો થા ને માતાને શાન્ત કર !'' તે મૃતબાળકે ખરેખર આંખો ખોલી હતી ને ઊભા થઈ માતાને બાઝી પડયો હતો !

બીજી જ ક્ષણે મૃત્યંજય પણ ''બાબા ! બાબા'' કહેતો સંત નિર્વાણ સાહેબને ભેટી પડયો હતો અને શરીર છોડી દીધું હતું ! જ્ઞાની સદ્ગુરુ નિર્વાણ મહારાજે પોતાના વ્હાલા પૃત્યુંજયને ગોદમાં લઈ આંસુભીની આંખે છાતી સરસો ચાંપ્યો હતો. સંતે અંતિમ સંસ્કારો કરી ! મૃત્યુંજયને વિદાય આપી હતી.

આ રીતે સંત નિર્વાણ મહારાજના દરબારમાં નાના નાના બાળકનું પણ સ્થાન રહેતું ને સંસ્કાર પામી તે બાળકો જીવનને ધન્ય બનાવી દેતા !.

## ૨૩. કર્મ ગતિ

એકવાર ફરતા ફરતા અનંતાનંદ નામે એક સન્યાસી સંતધામમાં આવી ચઢયા હતા. સંત નિર્વાણ મહારાજના સામર્થ્યની વાતો તેમણે સાંભળી હતી. કાળના ગહન ગણાતા થરોને ભેદીને તેઓ સત્યનું દર્શન કરી શકતા હતા. તેથી સન્યાસીએ સંતની સમક્ષ પોતાની મૂંઝવણ રજૂ કરતા પૂછયું હતું : ''બાબા ! સંસારનો ત્યાગ કરી ખૂબ ભટકયો છતાં શાંતિ પ્રાપ્ત થઈ નથી. તો કયા ભવના પાપનું એ પરિણામ હશે ?'' સંતે ક્ષણભર ધ્યાનસ્થ થઈ જાણી લીધું હોય તેમ ખુલાસો કરતા કહ્યું : ''તમે ઝાલોર ગઢમાં પદ્માસેન નામે પરમાર રાજપૂત હતા. ભદ્રાવતી તમારી પત્ની હતી. તે સતી પવિત્ર સ્ત્રી હતી. તમારું મન બીજી સ્ત્રીમાં આસકત હતું. તેથી તમે પોતાની સ્ત્રી તરફ કદી ધ્યાન પણ આપ્યું ન હતું. તમારી પત્ની પતિ વિયોગે ઝૂરતી જ રહી હતી. આખરે પથારીવશ થઈ હતી. પથારીમાં પડી પડી એક જ ઝંખના કર્યા કરતી : ''સ્વામી એકવાર મને આપનું મુખ દેખાડી સનાથ બનાવો !'' આ પ્રમાણે ઝંખતી ઝૂરતી તેણે વિદાય લીધી હતી. પતિ વિયોગે પ્રાણ ત્યજનારનો નિસાસો તમારી અશાંતિનું મૂળ કારણ છે. તમે આ રીતે જ ઉદાસ થઈને કાયમ ભટકતા જ રહેશો ! સંતે વિગતે કહેલી પોતાની કહાની સાંભળી સન્યાસીએ સંતધામ છોડી ચાલવા માડયું હતું અને તાપીમાં ઝંપલાવી આત્મહત્યા કરી હતી.

એ જ રીતે બેનીદાસ નામનો કણબી પાટીદાર પોતાનું દારૂણ દુઃખ સંતની સમક્ષ ઠાલવી રહ્યો હતો. ''મને ધન અને વૈભવની જરા પણ ખોટ ન હતી. તેની સાથે એક સુંદર પત્ની પણ મને મળી હતી. તેના દ્વારા મને ચાર સોહામણા પુત્રો થયા હતા. તેઓ બાર વર્ષના થયા ત્યારે બૌધાનમાં સિંહસ્થનો મેળો ભરાયો હતો. બૌધાન જયાં ભાવિકોના પૂર ઉમટયા કરતા. મારા ઘરના બધાં જ સભ્યો જવા તૈયાર થયા હતા. મેં પોતે તેઓને સંમતિ આપી હતી. યાત્રા કરવાનો લ્હાવો મેં લીધો ન હતો. મને લગીરે રસ ન હોતો. હું પોતે ઘરમાં એકલો જ રહ્યો. તેઓ સૌ ગયા તે ગયા. તાપી

મૈયામાં હોળી ડૂબી જવાથી હું રાહ જોતો જ રહ્યો ! મારું ઘર સાવ ઉજ્જડ બની ગયું. હું અભાગિયો એકલો કેમ રહી ગયો ? બાબા, મારી અવદશા કયા કર્મને લીધે થઈ હશે ?'' સંતે તેને આશ્વાસન આપ્યું પણ તેને સંતોષ થયો નહિ. ''ભૂતકાળને જાણવાથી તારા દુઃખમાં વધારો જ થશે. માટે તું તે સર્વ ભૂલી જા ! તારી વર્તમાનની ક્ષણને મહત્ત્વ આપી પ્રભુનામમાં મનને લગાડી લે તો જ તને શાંતિ પ્રાપ્ત થશે.'' બેનીદાસને તો કારણ જાણવું જ હતું એટલે દુરાગ્રહ ચાલુ રાખ્યો હતો. અંતે સંતે નમતું જોખ્યું ને તેના પૂર્વભવની કથા વિગતે કહેવા મંડી હતી. : ''બેનીદાસ, ખરેખર તારી આ દશાનું કારણ તારા કર્મનું જ પરિણામ છે. તું તો લૂંટારો હતો. વટેમાર્ગુને લૂંટીને તું તારું ગુજરાન ચલાવતો. એકવાર ચાર બ્રાહ્મણો પરદેશમાં કમાઈને પોતાને ઘરે જતા હતા તેને પણ તેં લૂટી લીધા હતા. એટલું જ નહી પણ તેઓ ઝૂરી ઝૂરીને મર્યા હતા તેનો નિસાસો તને નડયો છે. એ જ રીતે એક નિદોર્ષ સ્ત્રીને પણ તેં છોડી ન હતી. તે અબળા હતી. તે પણ ઝૂરી ઝૂરી ને મરી હતી. તેઓ ઋણાનું બંધે તારી સાથે જોડાયા હતા. ચાર બ્રાહ્મણો તે ચાર તારા પુત્રો ને પેલી અબળા સ્ત્રી તે તારી પત્ની. આ જન્મમાં તું ઝૂરી ઝૂરીને પ્રાણ ત્યાગ કરશે ત્યારે હિસાબ ચૂકતે થશે. બોલ, આમાં કોનો વાંક છે?''

કહેવાય છે કે બેનીદાસ કણબીના હૃદયમાં વૈરાગ્ય જાગ્યો હતો અને પ્રભુ ભકિત તરફ તેને સંતે વાળ્યો હતો.

## ૨૪. સૌદાતખાંનું પરિવર્તન

સૌદાતખાં નામે એક મુસ્લીમ ફકીર સંતધામમાં આવી ચઢયો હતો ને નિર્વાણ મહારાજની સંમતિથી ત્યાં નિવાસ કર્યો હતો. તેના મનમાં પાપ હતું. સંત નિર્વાણ મહારાજ તરફ દ્વેષનો અગ્નિ કેટલાક લોકોમાં પ્રજળી રહ્યો હતો તેના પ્રતિનિધિ બનીને સૌદાતખાં સંતનું ખૂન કરવા સંતધામમાં રહ્યો હતો. રાત્રે ધૂણી પાસે સંત ધ્યાનસ્થ થઈ ગયા હતા ત્યારે સમય પારખીને સૌદાતખાંએ હાથમાં છરો લઈ સંતને હૂલાવી દીધો હતો. બીજો ઘા તરત જ સૌદાતખાં કરે

તો સંતના રામ રમી જાય એવી દશા હતી. પરંતુ સૌદાતખાંએ એક જ ઘા કરીને નાસવાનો યત્ન કર્યો હતો. ત્યારે સંતના હૃદયે પોકાર કર્યો હતો કે "ફકીર, તું જે કાર્ય કરવા આવ્યો છે તે પૂર્ણ કરી ને જા ! તારા દિલમાં જે આગ બળી રહી છે તેને શાંત કરીને જા ! ફરી ફરીને આવો અવસર પ્રાપ્ત થશે નહિ !"

સંતના શબ્દોએ સૌદાતખાંનું દિલ ભેદાઈ ગયું હતું. તેને ભૂલ સમજાય ગઈ હતી. તેને પસ્તાવો થઈ રહ્યો હતો. તેણે ત્વરાથી સંત તરફ દોટ મૂકી સંતના ચરણો પકડી ધ્રુસકે ધ્રુસકે રોવા માડયું હતું. તે ક્ષમા માંગી રહ્યો હતો. પોતાની છાતીમાં જીવલેણ ઘા કરનાર જાની દુશ્મનને સંત નિર્વાણ મહારાજે છાતી સરસો લગાવી દીધો હતો. સૌદાતખાં રોતા રોતા પોતાની ભૂલનો એકરાર કરી રહ્યો હતો : "બાબા ! મારા હૃદયમાં વેરની ભાવના હતી. તમારી કીર્તિ ચોગરદમ પ્રસરી ગઈ હતી તે કેટલાક શયતાનો બરદાસ્ત કરી શકયા ન હતા. તેઓના કહેવાથી મારા દિલમાં પણ શયતાનિયત જાગી હતી અને આ અધમ કૃત્ય કરવા પ્રેરાયો હતો. બાબા ! મને ક્ષમા કરી દો. કયામતને દિવસે દુનિયાના માલિકને હું શું મોઢું બતાવીશ?"

સંતે પોતાનો વરદ હસ્ત તેના માથા પર સ્થાપતા કહ્યું કે "સૌદાતખાં ! માલિકની બંદગી કર્યા વિના તને શાંતિ પ્રાપ્ત થશે નહિ. આ ઘણો કીમતી સમય વેડફાઈ ન જાય તેની તું દરકાર કર અને બંદગીમાં લાગી જા !" સૌદાતખાંના હ્યદયમાં પ્રકાશ થયો. તેણે સંતના વચનને શિરોમાન્ય કરી એકાંત સ્થાને જવાની તૈયારી બતાવી. ઉત્તર પ્રદેશ તરફ પ્રયાણ કર્યું. સંતના આશીર્વાદથી તેનું મન બંદગીમાં લાગી ગયું હતું અને બાર વર્ષ કયાં પસાર થઈ ગયા હતા તેની જાણ પણ તેને રહી ન હતી. બાર વર્ષ પછી સદ્‌ગુરુ નિર્વાણ મહારાજની યાદ તેને આવી એટલે સૂરત આવી સંત ધામમાં ફરીથી પ્રવેશ કર્યો હતો. સંત નિર્વાણ મહારાજે તેને પ્રેમપૂર્વક આવકાર આપી તેને ભેટયા હતા. તે સમયે જ સૌદાતખાંને દુનિયાના માલિકનાં દર્શન સદ્‌ગુરુમાં થઈ ગયા હતા ને તેણે પોતાની જાતને ધન્ય બનાવી દીધી હતી. ત્યાર પછી તેણે સંતધામમાં છેવટ સુધી નિવાસ કર્યો હતો.

સૌદાતખાં ત્યાર પછી ભક્ત કવિ તરીકે પ્રખ્યાત થયા હતા. તેનાં ઘણાં પદો લોકજીભે ચઢી ગયાં હતાં. સંતધામમાં રોજ ભજનો થતાં તેમાં સૌદાતખાં મહત્ત્વનો ભાગ ભજવતા. તેઓ ઢોલ વગાડી ને કહેતા ફરતા કે

**''સૌદાત કહે પુકારકે, સુનો જહાં કે લોગ**
**મેરે મુરસદ નિર્વાણ હૈ, સાંઈસે કિયે સંજોગ''**

## ૨૫. મલિક ગોપીનાથ

નવાબ હયાતખાન આખરે પદભ્રષ્ટ થયો. નિર્વાણ મહારાજના વચનો સાચા પડયા હતા. જો કે તે પહેલાના જેવો ઘાતકી ને આપખુદ રહ્યો ન હતો. સંત નિર્વાણ મહારાજના શરણે આવ્યા પછી તેના જીવનમાં ભારે પરિવર્તન આવી ગયું હતું. હવે તે સાચો માનવ બની ગયો હતો. છતાં પહેલાનાં અતિ ક્રૂર પ્રસંગોથી થાકી ગયેલી પ્રજાની ફરિયાદ અમદાવાદ પહોંચી ગઈ હતી અને તેની તપાસ કરી મહમદ બેગડાએ નવાબને પદભ્રષ્ટ કરવાનો મોડો પણ નિર્ણય કર્યો હતો. વળી નવાબની જગ્યાએ મલિક ગોપીનાથની નિમણૂંક કરીને પ્રજાની સહાનુભૂતિ જીતી લેવા મહમદ બેગડાએ પ્રયત્ન કર્યો હતો.

મલિક ગોપીનાથ એક હિન્દુ સુબેદાર હતો. વળી તે નાગર બ્રાહ્મણ હતો. તે પોતે વિદ્વાન અને સંગીતનો ખૂબ શોખીન હતો. તેણે વિષ્ણુ માટે સોનાનું સિંહાસન અને છત્ર તથા લક્ષ્મી માટે તેમજ શંકર, પાર્વતી ને સૂર્ય નારાયણ માટે સોનાના મુકુટ અને છત્ર કરાવ્યાં હતાં. આ રીતે તેની ધાર્મિક વૃત્તિ સહેજે લોકોમાં જાણીતી થઈ ગઈ હતી. એક મુસલમાન સુબેદાર ને બદલે હિન્દુ સુબેદાર સુરતનો વહીવટ કરે તે લોક હૃદયને અતિ પસંદ હતું. એ દ્વારા મહમદ બેગડાની છાપ લોક માનસમાં સારી ઉપસી હતી.

પદભ્રષ્ટ થયાનો હુકમ હાથમાં આવ્યો ત્યારે નવાબ પોતે અતીતમાં ડૂબી ગયો હતો. તેના મનમાં સંત નિર્વાણ સાહેબના શબ્દો ગૂંજવા લાગ્યા હતા : ''નવાબ, તું ભાન ભૂલે છે ! આ ધરતી કોઈની નથી. તું સત્તા પર છે ત્યાં સુધી તું આ ધરતી તારી સમજે છે પરંતુ તારો સમય પણ હવે પૂર્ણ થવાની તૈયારીમાં જ છે. તું

જરૂર પદભ્રષ્ટ થશે ને તારા હૃદયના મદના ચૂરેચૂરા થઈ જશે !'' તે મહાલયમાં રહી શકયો નહી એટલે તરત જ સંતધામ તરફ જ ગતિથી દોડી ગયો હતો. તે બાળકની જેમ અધીર થઈને સંતના ચરણો પકડી રોતા રોતા બોલવા માંડયો હતો : ''બાબા, હવે શું કરું ? કયાં જાઉ ? મને બચાવી લ્યો !'' સંતે ખૂબ જ પ્રેમથી ને ધીરજથી આશ્વાસન આપતા કહ્યું હતું : ''નવાબ, ગભરાય છે શા માટે ? ભલે સત્તા ગઈ, તેથી શું થયું ? તું અહી જ રહે. સંતના આ સ્થાનમાં તો અઢળક દોલત છે.'' સંત વચન પર સંપૂર્ણ શ્રધ્ધા રાખી નવાબે પદભ્રષ્ટ થયા પછી સૂરતમાં જ મુકામ કર્યો હતો. આયુષ્યના દિવસો શાંતિથી નિર્ગમન કર્યા હતા.

મલિક ગોપીનાથ સૂરત આવ્યા ત્યાં સુધી સંત નિર્વાણ મહારાજ વિષે કાંઈ જ ખબર ન હોતી. તે તો એમ જ જયાં ત્યાં કહેતો ફરતો કે મને તો સુલતાને સૂરતમાં શાંતિની સ્થાપના કરવા માટે મોકલ્યો છે. પરંતુ એક નવયૌવાનાએ તેની વાતને ઉડાવી દેતા કહ્યું હતું : ''શાંતિની સ્થાપના તો તમે આવો તે પહેલાં અહી એક શાંતિદૂત દ્વારા સ્થપાઈ ચૂકી હતી તે શાંતિદૂતે તમારી જેમ કદી બડાઈ મારી ન હોતી. તે દૂત તો ભગવાનનો દૂત ગણાય ! તેની કૃપાથી લોકોની તમામ મુશ્કેલીઓ પણ દૂર થઈ ગઈ હતી !'' ગોપીનાથના હૃદયમાં નવયૌવનાના શબ્દો તીરની માફક ઘુસી ગયા હતા એટલે તરત જ એ શાંતિદૂત કોણ છે ને કયાં રહે છે તેની ભાળ તેણે મેળવી લીધી હતી. સમય મેળવી તે સંત નિર્વાણ મહારાજના દરબારમાં પહોંચી ગયો હતો. ત્યારે નવાબ હયાતખાન પણ ત્યાં બેઠો હતો. મલિક ગોપીનાથે સંતને વંદના કરી હયાતખાનની બાજુમાં બેસી ગયો હતો.

નવાબ હયાતખાને સંતના વખાણ કર્યા ને પોતાને થયેલા અનુભવની ગોપીનાથને સવિસ્તર વાત કહી દીધી હતી. તમો આવો તે પહેલા તમારા નામની સંતને જાણ હતી તેથી જ તેમણે મને કહ્યું હતું : ''નવાબ ! તમારે તો કેવળ નવાબીના સ્વપ્ના જ જોવાના રહી જાશે. ગોપીનાથનું આગમન થતાં તમને એ વાતનું ભાન થશે!'' તમે આવ્યા અને સત્તા મારા હાથમાંથી ચાલી ગઈ છતાં આજે હું એ મહાપુરુષના ચરણમાં સુખશાંતિથી બેઠો છું. મને એમણે

જ ભાન કરાવ્યું હતું કે આ દુનિયા તો પાક પરવરની બનાવેલી છે. ત્યારે અણસમજુ બનીને મેં લોકોમાં કેર વર્તાવ્યો હતો. પરંતુ આ મહાપુરુષે જ મને શેતાનમાંથી સાચો ઈન્સાન બનાવ્યો હતો. મારા મનમાં સાધુ ને ફકીર વચ્ચે ભેદ હતો. રામ ને રહીમ અલગ અલગ છે એવું માનતો હતો. આ ભેદો પણ મારા હૃદયમાંથી આ સંતે જ ભૂસ્યા હતા. હવે તો નવાબીનો લગારે મોહ રહ્યો નથી. હું તો ન્યાલ થઈ ગયો છું. મારું શેષ જીવન હવે તો એમની યાદમાં જ ગુજારીશ !''

ગોપીનાથના હૃદયમાં નવાબના શબ્દોએ અજવાળું કરી દીધું હોય તેમ ગોપીનાથ આનંદમાં આવી ગયો અને નવાબને શાબાશી આપી ! બંને દિલોજાન દોસ્તની માફક એકમેકને ભેટયા. તે દિવસથી ગોપીનાથનો ગર્વ ઊતરી ગયો હતો. સંત નિર્વાણ મહારાજના દર્શનથી તે ખરેખર ધન્યતાનો અનુભવ કરવા લાગ્યો હતો. જે નવયૌવનાના શબ્દોએ તેને સંતના દર્શન કરવા ફરજ પાડી હતી તે નવયૌવનાનો તેણે આભાર માન્યો હતો. તે નવયૌવના પણ નાગર બ્રાહ્મણ જ હતી. તેની ચાલાકી ને હોશિયારીએ તેના મનમાં આકર્ષણ પેદા કર્યું હતું. ગોપીનાથ તેને પોતાના હૃદયની રાણી તરીકે ઓળખાવતો થઈ ગયો હતો. ગોપીનાથની આસક્તિ દિન પ્રતિદિન વધતી જતી હતી ત્યારે એક દિવસે સંતે પણ ટકોર કરી હતી : ''ગોપીનાથ, તમારી આ દશા ? શહેરના હાકેમ થઈ તમે એક સુંદરીના પ્યારમાં ખોવાઈ જશો તો જનતાને તમારામાં કેવો વિશ્વાસ જન્મશે ?'' સંતના શબ્દો સાંભળી ગોપીનાથે લજ્જિત થઈ એકરાર કર્યો હતો ''બાબા ! એ સુંદરીના શબ્દોએ મને આપનાં દર્શન થયા હતા. કોણ જાણે શા કારણથી મારું મન એ સુંદરીની યાદમાંથી બહાર આવતું જ નથી !'' સંતે ખુલાસો કરતા સ્પષ્ટ કહી દીધું હતું કે ''ગોપીનાથ ! પરભવના સંસ્કારને નાતે તારું મન આસક્ત છે. એ સુંદર જરૂર તને વરશે !'' સંતના એ શબ્દોથી ગોપીનાથને જાણે કે આશીર્વાદ મળી ગયો હોય તેમ અતિશય આનંદ થયો હતો.

ગોપીનાથ તો પરણેલો હતો. તેની પત્નીનું નામ હતું ગૌરી. કહેવાય છે કે ગૌરીએ ખૂબ ઉદારતાથી ગોપીનાથને તેની સાથે લગ્ન કરવા દીધા હતા. રાણીબાઈનો પ્રેમથી સ્વીકાર થયો હોવાથી

ગોપીનાથના ઘરમાં આનંદ સમાતો ન હોતો.

## ૨૬. પઠાણ ચુગલખાનને ન્યાય

નવાબ હયાતખાનના શાસનકાળ વખતે શાહી ખજાનામાં એકવાર ચોરી થઈ હતી. ચોર તો અંદર કામ કરનારા અધિકારી જ હતા. તે લોકોએ ચોકીદાર ચુગલખાનને હોળીનું નાળિયેર બનાવી ગુનેગાર ઠેરવ્યો હતો ને જેલવાસ કરાવ્યો હતો. તે હવે તો જેલમાંથી છૂટી ગયો હતો. પરંતુ તે જેલમાં હતો ત્યારે પેલા અધિકારીઓએ એના ઘરબાર લૂંટી લીધા હતા. હવે તો તે માત્ર ભિખારી થઈને ભટકતો હતો. તે દશામાં તે નિર્વાણ મહારાજને મળીને પોતાની સાચી હકીકત કહી સંભળાવે છે. સંતે તેને આશીર્વાદ આપતા કહ્યું હતું કે ''નવા હાકેમને તારી આ દશાનું ભાન થાય તે માટે હું ધ્યાન દોરીશ. પરંતુ તારે પણ ખૂબ જ વિનયથી ગોપીનાથને તારી હકીકત જણાવવા પ્રયત્ન કરવો.'' ખરેખર ચુગલખાન પઠાણે હિમ્મતપૂર્વક ગોપીનાથને બજારમાં જ એક દિવસ બધી વાત કહેવાનો મોકો મળી ગયો હતો. ગોપીનાથના હૃદયને સત્ય સ્પર્શી ગયું હતું. સંત નિર્વાણ મહારાજે પણ તેમાં એક દિવસ ટેકો આપ્યો હતો તેથી ગોપીનાથે બનાવની ફેરતપાસ આદરી દીધી હતી. પુરાણા અધિકારીઓ ફેરતપાસનાં જવાબ આપતી વખતે ગૂંચવાયા હતા એટલે ચુગલખાનની વાત સત્ય ઠરે એવી શકયતા ઊભી થઈ હતી. ગોપીનાથે ચૌદમું રત્ન બતાવી વાતને પોતાના હાથમાં લઈ લીધી હતી એટલે બધા અધિકારીઓ કે જે ખરેખરા ચોર હતા તે શરણે થઈ ગયા હતા. ચુગલખાનને તેની મિલકત પાછી અપાવી હતી અને ગોપીનાથે સંતના શબ્દો પર મહત્ત્વ દઈ ચુગલખાનની જૂની થઈ ગયેલી વાતને ન્યાયતુલ્ય બનાવી હતી.

## ૨૭. સુરેખાને સહાય

માનદાસ પાટીદારાના ઘર પાસે લતીફ નામે એક મુસ્લીમ રહેતો હતો. તે ઘણો લાગવગ ધરાવતો હતો. પરંતુ તે હવસખોર હતો. માનદાસની પત્ની સુરેખા રૂપવાન હતી. તેના પર તની હમેશા બદદાનત રહેતી. સુરેખાને ફસાવવા તેણે અનેક યકિતપ્રયુકિતઓ કરી જોઈ હતી પરંતુ તે એકેમાં ફાવતો ન હતો. તેનો કામાતુર સ્વભાવ તેને ઠરીને બેસવા દેતો ન હોતો. જે કામતુર હોય તેને ભય કે લજ્જા હોતી નથી. તે હિસાબે તેણે એક ભયાનક દાવ અજમાવવા કોશિષ કરી હતી.

પોતાના ઘરમાં ગુલશાના નામની એક નોકરડી કામ કર્યા કરતી હતી. તે પણ રૂપવાન હતી. તે યુવાન સ્ત્રીને એક દિવસ પોતાને ઘરે રાતે બોલાવી હતી અને તેનું ખૂન કરી દીધું હતું. તેની લાશને બાજુમાં રહેતા માનદાસના ઘરમાં યુકિતપૂર્વક વગે કરી દઈ સવારે તેણે માનદાસ પોતાની નોકરડીને ઉપાડી ગયો છે એવી ફરીયાદ નોંધાવી દીધી હતી. પોલીસે માનદાસના ઘરની જડતી લેતા લાશ મળી હોવાથી માનદાસની ધરપકડ કરવામાં આવી હતી. ગોપીનાથે તેને ફાંસીની સજા ફરમાવી હતી.

સુરેખાને નિરાધાર બનાવી લતિફે પોતાનો છેલ્લો દાવ અજમાવી જોયો અને પ્રથમ તબકકે તેમાં તેને સફળતા પણ મળી કહેવાય, પરતું સુરેખા સુશીલ ને હિમ્મતવાન સ્ત્રી હતી. તેને લતીફની ચાલ શંકાશીલ લાગી. તેણે શહેરના પ્રસિધ્ધ સંત નિર્વાણ મહારાજની સહાય લેવાનો નિર્ણય કર્યો. સુરેખાએ ખૂબ વિનયપૂર્વક સંતના ચરણોમાં જઈ શરણાગતિ સ્વીકારી લીધી અને આંસુભીની આંખે પોતાની વિતક કથા કહી સંભળવી હતી. પોતાનો ધણી સાવ નિર્દોષ ને નિષ્પાપી છે, છતાં તેને ફાંસીની સજા થઈ છે. તેવું કહી તે ધ્રુસકે ધ્રુસકે રડી પડી હતી. ''બાબા ! તમારી આ બાળકીને વિધવા થતી બચાવી લો.''

સર્વજ્ઞ સંત સમજી ગયા અને સુરેખાને શાંત્વન દઈ તેઓ સીધા જં ગોપીનાથ પાસે પહોંચી ગયા હતા. ગોપીનાથને હકીકતથી

વાકેફ કરી લતીફની ફેરતપાસ કરાવવાનો આગ્રહ કર્યો હતો. સંતના વચનને લક્ષમાં લઈ ગોપીનાથે ફેરતપાસના હુકમો કર્યા હતા. લતીફના ઘરની જડતી લેવામાં આવી હતી અને નોકરડીનું ખૂન તેણે પોતે કર્યું હતું તે હકીકત બહાર આવી હતી. તેથી નિર્દોષ માનદાસને ફાંસી થઈ શકી ન હોતી. લતીફે ખૂન કર્યું હોવાથી ગોપીનાથે લતીફને ફાંસીની સજા ફરમાવી હતી અને સુરેખાને વિધવા થતી અટકાવી હતી.

સંત નિર્વાણ મહારાજ પાસે જે કોઈ જતું તેને આ રીતે સાચો ન્યાય મળતો અને સત્યને પક્ષે રહી સંત ગુનેગારને સજા કરાવતા. આ રીતે ગોપીનાથના હૃદયમાં પણ સંત તરફની પીતિ વધતી જતી હતી. સંત કદી પણ ખોટી ફરિયાદ કે ખોટી વાત રજૂ કરતા જ નહી તે ગોપીનાથને ખૂબ ગમતું હતું.

## ૨૮. શાસનમાં સંતનો સહકાર

સમય જતાં ગોપીનાથના શાસનકાળમાં શહેરનું વાતાવરણ ભયગ્રસ્ત બની ગયું હતું. ચોરી લૂંટફાટના બનાવો વધારે પ્રમાણમાં બનવા લાગ્યા હતા. ગોપીનાથ જાતે તપાસ કરતા તો પણ ચોર પકડાતા ન હોતા. શહેરમાં ચાર પઠાણ ખરેખરા ચોર હતા. તે ચોરી પણ કરતા, ચોરી કરાવતા પણ અને ચોરીનો માલ લઈ વેપાર પણ કર્યા કરતા હતા. તે ચાર પઠાણને આ ગોપીનાથનો જરા ભય લાગ્યા કરતો. તેથી ચારે પઠાણે ગોપીનાથને ઉડાવી દેવાની યોજના કરવા માંડી હતી.

ગોપીનાથ દરરોજ સંતના દરબારમાં આવતો જ. એક દિવસ પોતાની મૂંઝવણ સંત પાસે તેણે રજૂ કરતા કહેલું : ''બાબા ! શહેરમાં ચોરીનું પ્રમાણ ખૂબ વધી ગયું છે. હું જાતે તકેદારી રાખું છું છતાં કોઈ પકડાતું નથી. હવે મારે શું કરવું જોઈએ ?'' સંતે સ્થિર ચિત્તે વિચારી જોયું ને પછી કહ્યું : ''આવતી કાલે પૂર્ણિમાનો દિવસ છે. રાત્રે ભજનાનંદની ભારે ધૂન મચી જશે. તમે રાત્રિએ અહી જરૂર આવજો.''

સંત વચનમાં શ્રધ્ધા રાખી બીજે દિવસે ગોપીનાથ રાત્રે સંત

ધામમાં આવીને ભજનાનંદનો આસ્વાદ માણવા ચૂપકીથી ટોળામાં બેસી ગયો હતો. સંતે તેને સંકેત કરીને બહાર જવાની મનાઈ ફરમાવી હતી. ખરેખર તે સમયે જો તે બહાર જાત તો પેલા ચાર પઠાણો અંધારાનો લાભ લઈ તેનું ખૂન સહેલાઈથી કરી શકયા હોત ! પરંતુ સંતની છાયામાં ગોપીનાથ સલામત હતો. મોડી રાત સુધી ગોપીનાથ ત્યાં જ બેસી રહ્યો હતો. છેવટે પાછલી રાતે ગોપીનાથને બહાર જવાની રજા સંતે આપી ને કહ્યું કે ''ચેતી ને નીકળજો ! તમે જેને પકડવા માંગો છો તે લોકો બહાર જ ઊભા છે.'' એટલે ગોપીનાથ શસ્ત્રોથી સજ્જ થઈને બહાર નીકળે છે. પેલા ચાર પઠાણો સાથે તેની ઝપાઝપી થાય છે પરંતુ પઠાણો ફાવ્યા નહી એટલે ભાગવા લાગે છે. ગોપીનાથ તો ઘોડી પર સવાર હતા એટલે પેલા ચોરને પકડવામાં વાર લાગી ન હતી. આ રીતે સંત નિર્વાણ મહારાજ વહીવટકર્તાઓને પણ સહાયભૂત થતા અને લોકોની સલામતી ન જોખમાય તેની તકેદારી રાખતા હતા.

એકવાર મોહ્યુદ્દીન નામના માણસે આવેશમાં કોઈનું ખૂન કરી નાખ્યું હતું. ગોપીનાથે તેને ફાંસીની સજા કરી હતી. તેથી તેની પત્ની શમસાદને ગોપીનાથ તરફ વેરની ભાવના જાગૃત થઈ હતી. તેના પતિને ફાંસી થઈ હોવાથી તેને ખૂબ ગરીબાઈમાં જીવન ગુજારવું પડતું હતું. તેના બાળકો પૂરતું ખાય શકતા પણ ન હતા. તેથી શમસાદને ગોપીનાથ માટે ખૂબ ગુસ્સો થતો હતો. એક દિવસ તેણે સંત નિર્વાણ મહારાજ વિષે સાંભળ્યું કે તે સંત ખૂબ દયાળુ છે ને ગોપીનાથ તેના શબ્દો ઉછાળી શકતા નથી. તેથી તેણે સંતધામમાં જઈ ફરિયાદ કરવાનો નિર્ણય કર્યો હતો. ગઈ હતી તે ગુસ્સામાં પણ વાત કરતા કરતા તે રડી પડી હતી અને પોતાના બાળકો ભૂખે મરે તે તેનાથી જોવાતું નથી તે કલ્પાંત કરીને કહી રહી હતી. સંતના હૃદયમાં દયા ઊપજી એટલે તેને શાંત્વન આપી પોતે સહાય કરશે એવી ખાત્રી આપી હતી. તેને થોડું ધન આપીને તેને વિદાય કરી હતી.

ગોપીનાથ પોતાની પાસે રોજ આવતો એટલે સંતે ગોપીનાથને ખૂની મોહ્યુદ્દીનના બાળકો અનાથ બની ભૂખે મરી રહ્યા છે. તે વિષે કાંઈક કરવું જોઈએ એવો પ્રસ્તાવ મૂકયો હતો. ગોપીનાથે જાતે જઈ

મોહ્યુદ્દીનના બાળકોની અવદશા નીહાળી હતી. તેને પણ ખરેખર દયા ઊપજી હતી એટલે શમસાદને ગુજરાન માટે કાયમનું કંઈ મળે તેવી વ્યવસ્થા કરી હતી.

આ રીતે સંત નિર્વાણ મહારાજ માનવતાપૂર્વકનાં કાર્યો કરવામાં પણ પાછળ પડતા ન હોતા.

## ૨૯. મેલી વિદ્યાનો સામનો

તે સમયે આખા શહેરમાં જમની તેલણ મંત્રવિદ્યામાં પ્રવીણ મનાતી હતી. લોકો તેનાથી ડરતા પણ રહેતા. તે ભલભલાને વશ કરી શકતી હતી. તેની પુત્રી મોહના સ્વરૂપે સુંદર હતી. તેને ગોપીનાથ પ્રત્યે આકર્ષણ થયું હતું. તેથી તેણે પોતાની માતાને પોતાનું દિલ ગોપીનાથમાં લાગી ગયું છે તેની જાણ કરી હતી. તેની માતાએ આશ્વાસન આપતા કહેલું કે ''તું ધીરજ ધરજે. હું ગોપીને તો વશ કરી દઈશ. તેને તારો બનાવી દઈશ.''

જમનીએ તો મંત્ર વિદ્યાની અજમાયશ કરી દીધી હતી. ગોપીનાથ પોતાની શેરીમાં કયારે આવે તેની રાહ જોયા કરતી હતી. એક દિવસ ઘોડા પર સવાર થઈ પોતાની શેરીમાં ગોપીનાથ પ્રવેશ્યો ત્યારે તેણે મંત્રવિદ્યાનો પ્રયોગ કરીને તેના ઘોડાને જમીન સાથે જડી દીધો હતો. ઘોડો ન તો આગળ જઈ શકે કે ન તો પાછળ હટી શકે ! ગોપીનાથ તો વિચાર કરતો જ રહી ગયો. આખરે તે લાચાર બની નીચે ઊતર્યો ત્યારે જમની વલારો કરતી પાસે આવી હતી ને કહ્યું હતું કે ''લાવો, લગામ ! શું થયું ઘોડાને ? હમણાં ઠીક કરી દઉં !'' જમનીને ગોપીનાથે ઘોડાની લગામ જેવી આપી તેવો જ ઘોડો જમનીની પાછળ ચાલવા લાગ્યો હતો. જમની આ રીતે ગોપીનાથને પોતાને ઘરે લઈ ગઈ હતી. સત્કારપૂર્વક બેસાડીને તેની પુત્રી મોહનાને બોલાવી હતી અને પરિચય કરાવ્યો હતો. ''કાલે આવીશ'' એમ કહીને ગોપીનાથે આભાર માની ચાલવા માંડયું હતું.

ગોપીનાથના મનમાં ભારે આશ્ચર્ય થયું હતું. તે ખૂબ વિચાર કરવા લાગ્યો હતો. જમનીનો હાથ અડતા જ ઘોડો ચાલવા લાગ્યો હતો તે આશ્ચર્ય સમજાતું ન હતું. મોહનાની દાનત સાફ લાગી ન

હતી. તેણે સંત નિર્વાણ મહારાજ પાસે જઈ બધી હકીકત કહી સંભળાવી હતી. સંતે ચેતવણી આપતા કહેલું કે ''ગોપીનાથ ! તમે જમનીના ફંદામાં ફસાશો નહિ. તો તમે એક દિવસ કાળને આધીન થઈ જશો !'' ગોપીનાથને મેલી વિદ્યાની માહિતી આપી દીધી હતી.

જમનીને ખબર પડી કે ગોપીનાથ તો સંત નિર્વાણને શરણે ગયો છે. એટલે તે રોષે ભરાઈ હતી. તેણે પોતાની સખીઓ ગંગી લુહારણ, રૂપલી ચમારણ ને દેવલી વાઘરણને સંદેશો આપી બોલાવી લીધી હતી અને કોઈ પણ હિસાબે ગોપીનાથને ઠેકાણે પાડવાનો નિર્ધાર કર્યો હતો. મારન મંત્રનો ઉપયોગ કરી તે લોકોએ ગોપીનાથને માંદગીમાં સપડાવી દીધો હતો. વૈદ્યની દવાથી કે હાકેમની ઔષધિથી તેની બિમારી હટી નહી ત્યારે તે નિર્વાણ મહારાજને શરણે ગયો હતો. સંતે જમનીના કારસ્તાનને ખુલ્લું પાડી તેને એક તાવીજ બનાવી આપ્યું હતું. તે તાવીજ ગળામાં પહેરી રાખવાથી મેલીવિદ્યા તેને અસર કરશે નહી એવી ખાત્રી આપી હતી. આ રીતે સંતની સહાયથી તે સારો થયો હતો.

તાવીજની અસરનો તેને પ્રત્યક્ષ અનુભવ થવાથી તેને સંત વચન પર લોખંડી શ્રધ્ધા જન્મી હતી. જમનીની યોજના સંતે નિષ્ફળ કરી એટલે ત્રણે બેનપણીઓ સાથે આખરી દાવ અજમાવવા મેદાને પડી હતી. ગોપીનાથની બંને પત્નીઓને પથારીવશ કરી દીધી હતી. ગોપીનાથ ખૂબ અકળાયો હતો. ફરીથી સંતની સહાય મળતા તે પત્નીઓનું રક્ષણ કરી શકયો હતો. આ વખતે સંતે તેને સ્પષ્ટ ચેતવણી આપી હતી કે ''ગોપીનાથ ! આ જમનીથી કે કોઈથી ડરવાની જરૂર નથી. તમે તેને બારણે જઈ તેને સ્પષ્ટ કહી દો કે જો આ રીતે લોકોને હેરાન કરીશ તો તને ફાંસીને માંચડે લટકાવી દઈશ!'' ગોપીનાથે ખરેખર સંતે કહેલું તે પ્રમાણે જમનીને ધમકાવી હતી. ગોપીનાથ સંતની સહાયથી વધુ બળવાન છે એટલે તે ડરી ગઈ હતી ને માફી પણ માંગી હતી. પરંતુ સંત નિર્વાણ મહારાજ પ્રત્યે વેરની ભાવના તેના હૃદયમાં સળવળી ઊઠી હતી !

## ૩૦. ગરબે ઘુમનારાનો ઉધ્ધાર

આસો માસના નવરાત્રિના દિવસો ચાલતા હતા ત્યારે અશ્વે ચઢી ગોપીનાથ શહેરમાં ફરી રહ્યો હતો. મધરાત પછી તે શહેરની બહાર પણ નજર કરવા ગયો ત્યારે દૂર એક પુરાતન શિવાલય પાસે સ્ત્રીઓ ગરબા ગાય રહી હતી એવું જણાયું. પાસે જવા પ્રયત્ન કર્યો ત્યારે તેના અશ્વે હઠ પકડી અને તે તરફ જાણે પોતે જવા જ ન માંગતો હોય તેમ તે આનાકાની કરતો હતો. અશ્વની હઠ આગળ ગોપીનાથનું કાંઈ ચાલ્યું નહી એટલે તેણે ઘોડાને ઝાડ સાથે બાંધી તે ત્યાં જ ઊભો રહી ગરબા સાંભળવા લાગ્યો હતો. શિવાલયની આસપાસ તો માત્ર મશાલ બળી રહી હતી. તેના પ્રકાશમાં સો ઉપરાંત સ્ત્રીઓનો સમૂહ હોવો જોઈએ એવું અનુમાન થતું હતું. સ્ત્રીઓનો આખો સમૂહ ગોપીનાથને જોઈને જાણે કે ખૂબ આનંદિત થયો હોય તેમ તે ઉલટભેર કૂદી કૂદીને ગરબાઓ ગાવા લાગ્યો હતો.

મળસકુ થવા આવ્યું ત્યારે તે સ્ત્રીઓ ભેગી મળી જયાં ગોપીનાથ ઊભો હતો ત્યાં આવવા લાગી હતી. ગોપીનાથને જરા અકળામણ તો થઈ પણ તેણે જગ્યા છોડી નહી. તેને કેટલાંક વિચિત્ર છાયમય દૃશ્યો નજરે ચઢવાથી શંકા કુશંકાઓ થવા માંડી હતી. પાસે આવી તેમાંની કેટલીક બોલવા લાગી : ''ગોપીનાથ ! અમો તમને એક મર્દ તરીકે બિરદાવીએ છીએ. કારણ કે અરધી રાતે આવી રીતે આ સ્થળે આવવાની કોઈ હિમ્મત કરતું જ નથી. અમે તો તમામ સ્ત્રીઓ અવગત થયેલી છે. રાતને સમયે અહી ભેગા મળી અમે અનેક પ્રકારના ખેલ મચાવીએ છીએ. અમને હવે આ પ્રેતયોનિમાં રહેવું ગમતું નથી. તમારો સબંધ બાબા નિર્વાણ મહારાજ સાથે સારો છે. તેઓ જો અમારા પર કૃપા કરે તો અમને આ યોનિમાંથી મુકત કરે. અમારી સદ્દગતિનો ઉપાય ગોપીનાથ, તમારા હાથમાં છે.'' ગોપીનાથે ખૂબ હિમ્મતપૂર્વક જવાબ આપ્યો : ''સદ્દગુરુ નિર્વાણ મહારાજને તમારા વિષે વાત કરીશ અને તેઓ જે કહેશે તે તમોને અહી આવી કહી જઈશ.'' ગોપીનાથે તરત જ અશ્વે ચઢી ચાલવા માડયું હતું. અવગત ગયેલા જીવોનો આ તો

તેનો પ્રથમ જ અનુભવ હતો. પ્રેતયોનિમાં જીવ આ રીતે ભટકતો રહી શકે છે તેનો ખ્યાલ તને આવ્યો હતો. પોતાનો ઘોડો તે પુરાતન મંદિર પાસે કેમ જવા ન હોતો માંગતો તેનો ખ્યાલ પણ તેને બરાબર આવી ગયો હતો.

બીજે દિવસે ગોપીનાથે સંતની પાસે આવીને પોતાનો અનુભવ કહી સંભળાવ્યો હતો. આટલી બધી સ્ત્રીઓ એકસાથે અવગતે કેવી રીતે ગઈ એ જાણવા તેણે સંતને પ્રશ્ન કર્યો હતો. સંત નિર્વાણ મહારાજે અતીતમાં ડોકિયું કરી બની ગયેલી ઘટનાનું ટૂંકમાં વર્ણન કરી બતાવ્યું : " ગોપીનાથ ! એક સમયે વિધર્મી યવનોનું સામ્રાજ્ય હતું. ચારે તરફથી જુલ્મો થઈ રહ્યા હતા. તે સમયે પોતાના શિયળને બચાવવા ખાતર કેટલીક સ્ત્રીઓએ આત્મહત્યા પણ કરી હતી. ત્યારે કેટલીક અબળાઓ જુલ્મનો ભોગ બની જવા પામી હતી. તેની કતલ પાછળથી કરી દેવામાં આવી હતી. તે અભાગણી સ્ત્રીઓની આ દશા થઈ હતી !" ગોપીનાથે પૂછયું હતું કે "તેઓ ગરબા શા માટે ગાતી હતી ?" સંતે સમજાવતાં કહ્યું હતું કે "તેમની અતૃપ્ત ઈચ્છાઓ એ રીતે તેઓ તૃપ્ત કરવા પ્રયત્ન કરતી હોય છે. એ દ્વારા તેઓ આનંદ ભોગવે છે." ગોપીનાથે તેઓની ઈચ્છા સંતને દર્શાવી : "બાબા ! તેઓ તો કહેતી હતી કે અમારે પ્રેતયોનિમાંથી છૂટવું છે. માટે નિર્વાણ મહારાજની કૃપાની ઝંખના અમે કરી રહ્યાં છીએ. અમારા વતી તમે મહારાજને વિનંતિ કરજો !" સંત નિર્વાણ મહારાજે કહેલું કે હાલ તો નવરાત્રિના દિવસો ચાલે છે. દશેરાને દિવસે એ કાર્ય થઈ શકશે. માટે મારો આ સંદેશો તમારે તે લોકોને પાઠવવો.

ગોપીનાથે હિમ્મત કરી મધરાતે તે જ સ્થળે પહોંચી જઈ સંતનો સંદેશો પાઠવી દીધો હતો. સંતના સંદેશાથી તે તમામ સ્ત્રીઓ આનંદમાં નાચી ઊઠી હતી. દશેરાને દિવસે ગોપીનાથની સંગાથે સદ્ગુરુ નિર્વાણ મહારાજે તે સ્થળે જઈને સૌ સ્ત્રીઓને મંત્રોચ્ચાર વડે પ્રેતયોનિમાંથી મુકત કરી દીધી હતી. એક આગિયો દિવ્ય તેજના પુંજમાં ભળી જાય તેમ તે તમામ સ્ત્રીઓ પ્રેતયોનિમાંથી છૂટીને ઈશ્વરી તેજમાં ભળી ગઈ હતી તે જોઈને ગોપીનાથ આશ્ચર્ય ચકિત થયો હતો. સંત નિર્વાણ મહારાજનું આ દૈવી કાર્ય તેની સાક્ષીમાં થયું હતું.

## ૩૧. મલિકા લુત્ફુન્નિશાનો ઉધ્ધાર

એકવાર ગોપીનાથ ઘોડા પર બેસી શહેરની સરહદો પર મધરાતે ફેરો લગાવી રહ્યા હતા ત્યારે નવાબી મહેલની સામેના મેદાનમાં આમલીના ઝાડ નીચે ચિત્કારપૂર્વક કોઈ રડી રહ્યું હોય તેવો અવાજ સંભળાયો. ગોપીનાથે અશ્વને રોકી અવાજની દિશા બરાબર પારખી લીધી અને પાસે જઈ જોયું તો એક અબળા નજરે ચઢી. ગોપીનાથે તરત જ પૂછયું : "હે બાઈ, તું કોણ છે ? તું શા માટે આટલી રાતે રોઈ રહી છે ? તને એવું તે શું દુઃખ આવી પડયું કે તું એકાંતમાં એકલી છાની છાની રુદન કરે છે ?" પલી અબળા સ્ત્રી રોતી રોતી બોલી : "હે રાહદારી ! તું તારે રસ્તે ચાલ્યો જા. મારું દુઃખ કોઈથી ટળે એવું નથી." ગોપીનાથે ઘોડા પરથી ઊતરી પોતાની ઓળખ આપી : "બાઈ, હું તો શહેરનો હાકેમ છું. મારું નામ મલિક ગોપીનાથ છે. તારું દુઃખ જરૂર દૂર કરીશ. બોલ, તને શેનું દુઃખ છે ?"

પેલી બાઈએ પોતાનું છાયારૂપ જાણે બદલ્યું અને કકરા અવાજે બોલવા લાગી : "ગોપીનાથ, રાત્રિના સમયે મારી પાસે આવતા ભલભલા મર્દોનાં કાળજાં કાંપી ઊઠે છે અને ડરપોકની જેમ દૂર ભાગી જાય છે. પરંતુ તમારી હિમ્મત તો ગજબની છે. તમે એક વીર મર્દ લાગો છો. મારું દુઃખ દૂર કરવા તમે જે ઈંતેજારી બતાવી તેથી કહું છું" એમ બોલતાં બોલતાં તેણે પોતાનું મોઢું મહેલ તરફ ફેરવ્યું ને હાથ બતાવી કહેવા લાગી : "પેલો જે મહેલ દેખાય છે તેમાં હું રહેતી હતી. નવાબ હયાતખાનની હું પ્યારી મલિકા હતી. મને ખુદાએ ખૂબ સુંદરતા આપી હતી. નવાબ મારા પર કાયમ આસકત રહેતા હતા. પરંતુ નવાબને બીજી ઘણી બેગમો હતી. તે સૌ ઈર્ષ્યાની આગમાં બળ્યા કરતી હતી. તેઓથી મારું સુખ ખમાયું નહી. તેથી તેઓ મને બદનામ કરવા કાયમ વિચાર્યા કરતી હતી. મહેલમાં મૌજુદ્દીન કરીને એક ગુલામ બહુ જ કાબેલ અને વફાદાર હતો. મહેલમાં ચાલતી ખટપટોથી તે કાયમ માહિતગાર રહેતો હતો. તે મારી સાથે વફાદારીપૂર્વક વર્તતો. તેની સાથે હું ઘણીવાર વાતો

પણ કરતી હતી. મને એકવાર બીજી બેગમો આ યુવાન ગુલામની સાથે વાતો કરતી જોઈ ગઈ હતી. આ તકનો લાભ લઈ તેઓએ મને બદનામ કરવા પૂરેપૂરો પ્રયાસ કર્યો હતો. નવાબને બોલાવીને મારે માટે શંકા જન્માવી હતી. નવાબને ખાતરી થઈ કે આ ગુલામ સાથે મને આડો વ્યવહાર છે તેથી નવાબે પ્રેમનો અભિનય કરી મને શંકા ન થાય તેવી રીતે શરબતનો ગ્લાસ ધર્યો હતો. એક ગ્લાસ તેના પોતાના હાથમાં રાખી તેઓ પીવા લાગ્યા હતા એટલે હું પણ પેલું શરબત પી ગઈ હતી. ખરેખર તે શરબતમાં કાતિલ ઝેર ભેળવેલું હતું તેની મને પાંચ મિનિટમાં જ ખબર પડી હતી. મારા શરીરમાં આગ સળગવા લાગી હતી. હું ચિત્કાર કરતી તો પણ કોઈ મારી પાસે આવતું નહી અને આ રીતે મારો જીવ તેઓએ લીધો હતો. ગોપીનાથ ! તેથી હું કાયમ રોતી રહી છું. મરા દિલમાં આગ બળી રહી છે. હું બેકસૂર હોવા છતાં મને બદનામી મળી તેથી મારી રૂહ ભટકતી થઈ ગઈ. બાબા નિર્વાણ મહારાજ પાસે જઈ મને અધોગતિમાંથી મુક્ત કરાવવા યાચના કરો ! તે સિવાય મારી યાતના કોઈ પણ હિસાબે શાંત થઈ શકશે નહિ.''

વાત સાંભળીને ગોપીનાથને અવગતિ પામેલા જીવનો ખ્યાલ આવી ગયો અને તેને શાંત્વન આપવા બોલ્યો : ''હે બાઈ, હું જરૂર બાબા પાસે જઈને તારી વાત કરીશ અને તારી ભટકતી રૂહને શાંતિ મળે તેવી યાચના કરીશ !'' ગોપીનાથ બોલતાં બોલતાં ઘોડા પર બેસી ગયો અને બીજી દિશામાં ભ્રમણ કરવા જતો હોય તેમ ઘોડો હંકારી મૂકયો. બીજે દિવસે ગોપીનાથે નિર્વાણ મહારાજ પાસે આવીને રાત્રિ દરમ્યાન કરેલા અનુભવની વિગતે વાત કરી અને આજીજીપૂર્વક પ્રાર્થના કરી કે એ જીવનો ઉધ્ધાર બને તેટલી ત્વરાથી કરો ! નિર્વાણ મહારાજે ગુરુવારની રાત્રે આપણે સાથે જઈશું અને મલિકાનો ઉધ્ધાર થાય તે માટે પ્રયત્ન કરીશું એવું વચન આપ્યું.

ગોપીનાથે ગુરુવારની રાતે નિર્વાણ મહારાજને સાથે લઈ પેલા આમલીના ઝાડ તરફ જવા માડયું હતું જેવો રૂદનનો અવાજ સંભળાયો તેવા જ તેઓ થંભી ગયા હતા. ગોપીનાથે મહારાજને રૂદનના અવાજ સાંભળવા સાવધાન કર્યા. મહારાજે ડોકું હલાવી સંમતિ દર્શાવી એટલે ગોપીનાથે સાદ કર્યો : ''મલિકા, તું જે

બાબાની મદદ ચાહતી હતી તે બાબાને હું સાથે લઈ આવ્યો છું. નિર્વાણ મહારાજ સાક્ષાત્ અહીં હાજર છે.'' તરત જ પેલી મલિકા પ્રગટપણે દેખાવા લાગી અને મલિકાએ પાસે આવીને મહારાજને પ્રણામ કર્યા. પ્રણામ કરતા કરતા બોલી : ''બાબા ! આપ જેવા વીર મર્દે આટલી મોડી રાતે મારા માટે અહીં સુધી આવવા રહમ કરી. ખરેખર આપ રહમે સમુંદર છો, બાબા ! મને આ દોજખમાંથી બચાવો ! મને આબેહયાતનું પાન કરાવો ! હું સળગી રહી છું, બાબા !''

''બેટી ! આબેહયાત તો તારી પાસે જ છે. તું નકામી આક્રંદ કરી રહી છે ! કસ્તૂરી મૃગની નાભિમાં હોય છે છતાં મૃગ વને વને ઢૂંઢ્યા કરે તેમ તું પણ આબેહયાતને ઢૂંઢે છે.'' નિર્વાણ મહારાજે મલિકાને ધીમા સ્વરે સાવધાન બનાવતા કહ્યું. મલિકા આશ્ચર્યચકિત થઈ બોલી : ''શું કહો છો, બાબા ? શું આબેહયાત મારી પાસે જ છે ? કયાં છે, કયાં ?'' નિર્વાણ મહારાજે તેને સમજાવ્યું કે તારા શરીરમાં જ ખુદાનો વાસ છે. ખુદાનું નામ લે એ જ આબેહયાત ગણાય. એની દયાથી જ તને શાંતિ પ્રાપ્ત થશે. પરવર દિગારના નામથી તારી તમામ પરેશાની દૂર થશે. તું એ રહમે સમુંદરની બંદગી કર એટલે તરત જ તને શાંતિનો અનુભવ થશે!''

મલિકાએ બંદગી શરૂ કરી એટલે તેનું છાયારૂપ વિલીન પામ્યું અને પ્રકાશનો ઝબકારો થયો. ગોપીનાથે નિર્વાણ મહારાજ પાસે ઊભા રહી પોતાની સગી આંખે મલિકાનો ઉધ્ધાર નિહાળ્યો હતો. મલિકાનું અસલ રૂપ બહાર આવ્યું ને પ્રકાશમાં ભળી ગયું ! નિર્વાણ મહારાજે નાતજાતના ભેદ વિના આવાં અનેક કાર્યો કર્યા હતાં ! તેથી તમામ વર્ગોમાં મહારાજનું વર્ચસ્વ જાણી શકાતું હતું.

## ૩૨. દુકાળના દિવસોમાં માર્ગદર્શન

ઈ.સ. ૧૪૮૨માં સમસ્ત ગુજરાતમાં દુકાળના ઓળા ઊતર્યા. ધીમે ધીમે સૂરતની આસપાસ પણ તેની ઘેરી અસર દેખાવા લાગી હતી. સંતનું આંગણું સૌને માટે સદૈવ ખુલ્લું જ રહેતું. ત્યાં કોઈ પણ માણસ આશ્રય પ્રાપ્ત કરી શકતો. ત્યાં ભૂખ્યાને અન્ન અને

તરસ્યાને પાણી સ્હેજે મળી રહેતા. એટલું જ નહી પણ દુઃખિયાને દિલાસો, રોગીને ઔષધ અને જિજ્ઞાસુને જ્ઞાન પણ પ્રાપ્ત થતું. દુકાળની દારુણ કથની સાંભળી સંત નિર્વાણ મહારાજે પોતાના અન્ન ભંડારો ખુલ્લા મૂકી દીધા હતા. શહેરના પ્રતિષ્ઠિ ધનિકો જે દરરોજ સંતના દર્શને આવ્યા કરતા હતા તેઓને નિર્વાણ મહારાજે સ્પષ્ટ કહી કીધું હતું : ''હે શ્રીમંત મહાશયો, અવસર આવ્યો છે ! પ્રભુની સેવાની સોનેરી તક મળી છે એવું માનીને આ અવસરે જીવજો. દરિદ્રનારાયણ તમારે દ્વારે આવીને પોકાર કરી રહ્યા છે. તે સાંભળજો. ગરીબોની ને ભૂખ્યાંની સેવા એ જ પ્રભુની ઉત્તમ સેવા છે એવા નિશ્ચયથી તમારી લક્ષ્મીને વહેતી કરજો. તમારું સદાને માટે કલ્યાણ થશે ! ચેતવું હોય તો ચેતી જજો ! ફરી ફરી આવો દાવ મળશે નહી !'' સંતની વાણીનો પડઘો શહેરમાં અને શહેરની બહાર દૂર સુધી સંભળાતો હતો. ઘણા જાગૃત જીવોએ તે પ્રમાણે વર્તીને માનવતા પ્રગટ કરવા માંડી હતી.

સૂરતનો સૂબેદાર મલિક ગોપીનાથ પણ દુઃકાળની વાતોથી ચિંતિત બન્યો હતો. કેટલાંક દૃશ્યો તેને જોવા પણ મળ્યા હતા. તે દૃશ્યો જોઈને તેની ઊંઘ હરામ થઈ ગઈ હતી. દુકાળમાં માણસ શું ન કરે ? ભૂખ્યો હોય તો કોઈ પણ પાપ કરવા ડરતો નથી એવું તેણે નાનપણથી સાંભળેલું હવે તાદૃશ્ય થવા લાગ્યું હતું. ચિંતાતુર અવસ્થામાં તે માર્ગદર્શનના હેતુથી સંત નિર્વાણ મહારાજ પાસે દોડી આવ્યો અને વ્યથિત હૃદયે કરગરવા લાગ્યો : ''મહારાજ ! મારે શું કરવું ? વધારેમાં વધારે મારાથી શું થઈ શકે ? મારાથી પણ દુઃખ જોવાતું નથી ! ધનના ને અન્નનાં ભંડારો તો ભરેલા છે. પરંતુ મારી સત્તા કેટલી ? એ તો સુલતાનના અધિકારની વાત કહેવાય ! મારું કેટલું ચાલે ? મહારાજ કાંઈક માર્ગદર્શન આપો !'' સંત નિર્વાણ મહારાજે ગોપીનાથની લાગણી પારખી અને આશ્વાસન આપતા હોય તેમ કહ્યું : ''ડર નહિ ! તું માનવતાના પક્ષે રહેશે તો પ્રભુ તારે પક્ષે રહેશે ! ભલે અન્ન અને ધનના ભંડારો શાહી ભંડારો ગણાતા. પરંતુ તું કામ કરે તેને મજૂરી આપવા તો બંધાયલો જ છે. એવું તું નવીનતમ કાર્ય કરવા કટિબધ્ધ થા કે જેમાં હજારો માણસો કામે લાગે અને તે કામ તારું અંગત ન ગણાતું હોય !

તે સાર્વજનિક ગણાતું હોય. જે સાર્વજનિક લોકકલ્યાણનું કામ ગણાતું હોય તે સરકારની જવાબદારીનું થઈ પડે છે. તેવા કાર્ય માટે તું શાહી ભંડારોનો ઉપયોગ કરવા માંડ !''

ગોપીનાથ સાંભળીને સજાગ બન્યો અને તેનામાં જાણે નવું ચેતન ઉભરાવા માંડયું હોય તેમ ટટાર બેઠો થઈ ગયો : ''મહારાજ! તેવું કાર્ય જરૂર બતાવો ! તરત જ શરૂ કરી દઈશ.'' નિર્વાણ મહારાજે એક તળાવની યોજના બતાવી. શહેરમાં એક એવું મોટું તળાવ ખોદાવ કે જેમાં પાણીનો વિપુલ જથ્થો ભરી શકાય અને તે પાણીમાંથી સમસ્ત શહેરને પાણી પણ આપી શકાય. તેમાં મજૂરીએ જે કોઈ આવે તેને નાણા અને અનાજ બંને આપ. કેટલાક સ્વમાની લોકો મહેનતનું જ ખાવા માંગતા હોય છે. તેવા લોકો પણ એમાં જોડાશે અને રાહતકાર્ય તરીકે સૌ કોઈ તેને આનંદથી સ્વીકારશે.'' ગોપીનાથે પ્રસન્નતા તો બતાવી પણ તેના શંકાશીલ મને જરા ખચકાટ અનુભવ્યો : ''પણ ! મહારાજ ! મારે તો શાહી ભંડાર માટે પરવાનગી તો ઠેઠ અમદાવાદથી જ લેવી પડે. તેમાં ઘણો સમય જાય.'' મહારાજ અભય વચન બોલતા હોય તેમ બોલ્યા : ''આ પ્રભુ કાર્ય કહેવાય ! એને માટે જો તું લક્ષ્મી વાપરશે તો વપરાયા કરતા બમણું તને તરત જ ભરપાય કરી દેશે. તે કોઈનું ઋણ પોતાના માથા પર રાખતો નથી. તારા શાહી ભંડાર જેટલા ભરેલા છે તેટલા જ ભરેલા રહેશે ! હિમ્મત ને શ્રધ્ધા રાખી કાર્યનો આરંભ કરી દે અને જોઈ લે એની તાકાત !''

ગોપીનાથના હૃદયમાં જાણે કે અજવાળું થઈ ગયું હોય તેમ તે તરત જ ઊભો થઈ ગયો અને મહારાજને વચન આપી બોલ્યો : ''આજથી જ સર્વ તૈયારી કરી દઉ છું. સર્વે અધિકારીઓને મારી વાત બરાબર ઠસાવી કાર્યારંભ જલદી થાય તેવી વ્યવસ્થા કરી દઉ છું.'' ગોપીનાથ આવ્યો હતો ચિંતાતુર પણ સંત દ્વારેથી પ્રેરણાનાં પીયૂષ પીયને ગયો ખૂબ ઉલ્લાસમાં ! નિવાર્ણ મહારાજનું ઋણ આ સૂરતની ધરતી કદી ભૂલી શકશે નહી ! ગોપીનાથે ઢંઢેરો પીટાવી તળાવ ખોદવવાની યોજનાનો સરસ પ્રચાર કરાવી દીધો અને ટૂંક સમયમાં જ લોકોએ યોજનાને વધાવી લીધી હોય તેમ હજારો માણસો મજૂરી કરવા ઉમટી પણ પડયા હતા. જયાં કામ કરે ત્યાં જ

રાતવાસો કરી શકે તવી વ્યવસ્થા પણ કરી દેવામાં આવી હતી. મહેનત કરીને પોતાના પગ પર જ જીવન ગુજારવાનું પ્રત્યેક સ્વમાની માણસને ગમતું હોય છે. ખૂબ ઉમંગથી કાર્યનો પ્રારંભ થયો હતો.

જેનાથી કામ ન થઈ શકે તેવા અશક્ત માણસોને નિર્વાણ મહારાજના આંગણામાં આશ્રય મળતો હતો અને સશક્ત ને સ્વામાની માણસો તળાવની યોજનામાં જોડાઈને જીવન ગુજારતા હતા. ઉમંગભેર ખોદકામ ચાલતું હતું તેમાં એક ઘટના સૌ કોઈને ચિંતાતુર બનાવતી હતી. ત્યાં જ મુકામ કરીને રહેતા મજૂરો પૈકી સાત આઠ જણા દરરોજ મૃત્યુ પામતા હતા. સાંજે સાજામાજા હોય છતાં સવારે મૃત અવસ્થામાં જોવા મળતા હોવાથી ગોપીનાથ પણ ચિંતામગ્ન બની ગયો હતો. તેણે એક દિવસ આખી રાત તે સ્થળે રહી ઘટનાની તપાસ કરી હતી. ખરેખર સાજામાજા માણસો મરેલા જોવા મળતા હતા તે કેવી રીતે શકય બને છે તે જાણવા માટે ગોપીનાથે બે ત્રણ દિવસ રાત્રે ઉજાગરો કર્યો હતો. એક રાત્રે એક ભયાનક ચીસ સાંભળી તે આશ્ચર્ય પામ્યો હતો. તે ચીસ સાંભળીને જ પેલા માણસો મરણને શરણ થઈ જતા હતા તે નકકી પ્રમાણ્યું. ગોપીનાથે નિર્વાણ મહારાજને આ બધી વાતો જણાવી અને મદદ માંગી. નિર્વાણ મહારાજે માર્ગદર્શન આપતા કહ્યું : ''આ વાત ગંભીર છે. અત્યારે કહીશ તો તમારા માન્યામાં આવશે નહી. એના કરતા આવતી કાલે રાત્રે સ્થળ પર જ તે હકીકત તમને સમજાય જશે.'' ગોપીનાથને સંતોષ થયો.

બીજે દિવસે રાત્રે ગોપીનાથ સાથે બીજા અધિકારીઓ પણ કૌતૂક જોવા હાજર રહ્યા હતા. મધરાત પછી ગોપીનાથ જે વિસ્ફોટજનક ચીસ સાંભળી હતી તેવી ચીસ ફરીથી થઈ ! હાજર રહેલા અધિકારીઓ થર થર ધ્રુજવા લાગ્યા હતા. મહારાજે હથેળીમાં પાણી લઈ છંટકાવ કરતા ગર્જના કરી ''હે બ્રાહ્મણ ! તું શા માટે આવું દુષ્ટકાર્ય કરી રહ્યો છે તું વિગતે મને જણાવ ! હું તો તારું કલ્યાણ જ ઈચ્છું છું.:: એક મહાકાય બ્રહ્મરાક્ષસ ત્યાં પ્રગટ થયો ને બોલવા લાગ્યો : ''મહારાજ તમને વંદના કરું છું. ! હું તો સેવાનંદ બ્રાહ્મણ છું મહારાજ ! ખોદકામ કરાતી બધી જગ્યા મારી હતી. અહીના નવાબે મારી હત્યા કરીને એ પચાવી પાડી હતી. ત્યારથી

નવાબનું નખ્ખોદ જાય તેવું કરવા હું બ્રહ્મરાક્ષસ સ્વરૂપે કાર્ય કરું છું. નવાબને અને તેના તમામ સગાંઓને મેં એ જ રીતે મારી નાંખ્યા છે. હવે ખાલી તેના પુત્ર હયાતખાન જ બાકી રહ્યો છે. પરંતુ તે તમારે શરણે હોવાથી મહારાજ, મારું કંઈ ચાલતું જ નથી !'' સેવાનંદ બ્રાહ્મણની અવદશા કેમ થઈ હતી તે જાણીને સૌને આશ્ચર્ય થયું. હયાતખાન નવાબ મહારાજના શરણે રહેવાથી બચી ગયો છે તે જાણીને ગોપીનાથ પણ આશ્ચર્ય મુગ્ધ બની ગયો હતો. તેના હૃદયમાં નિર્વાણ મહારાજ માટે અહોભાવની ભરતી ઉમટી પડી હતી! નિર્વાણ મહારાજે તે બ્રહ્મરાક્ષસને સમજાવતાં કહ્યું : ''સેવાનંદ ! તેં તારી મનોકામના પૂર્ણ કરી દીધી કહેવાય. નવાબના કુટુંબનો નાશ કરી તેં તારી વેરભાવના શાંત કરી કહેવાય. હવે હયાતખાન તો સુધરી ગયો છે. પ્રભુના શરણે જનારને તારે માનથી જોવું જોઈએ. તું તારી વેરભાવના શા માટે આ નિર્દોષ મજૂરો પર વરસાવે છે ? શા માટે નિર્દોષની હત્યા કરવાનો અપરાધ કરે છે ? તું તો બ્રાહ્મણ ગણાય. બ્રાહ્મણ તો જ્ઞાની હોવો જોઈએ. આ બધું સમજતો હોવો જોઈએ. જેની સાથે વેર હતું તેનો તેં નાશ કર્યો, હવે બીજાઓ સાથે શા માટે વેર બાંધે છે ?'' સેવાનંદનું હૃદય પલળ્યું અને સભાનપણે બોલવા લાગ્યો : ''મહારાજ ! મને ક્ષમા કરો. મને મારી ભૂલ સમજાણી. મારો વેરનો અગ્નિ હવે શાંત થયો છે. આપની સમજૂતીથી હૃદયમાં અજવાળું થયું છે. હવે મારે આ યોનિમાં રહેવું નથી. મારો ઉધ્ધાર કરો, મહારાજ !'' સેવાનંદની આજીજીપૂર્વકની વિનંતિથી નિર્વાણ મહારાજને દયા ઊપજી અને તેની પાસે ઓમકારનો ઉચ્ચાર કરાવી તેને અવગત યોનિમાંથી મુક્ત કર્યો હતો. પ્રકાશનો એક ઝબકારો જાણે પ્રકાશના મહાપૂંજમાં ભળી ગયો હોય તેવી ત્યાં ઘટના બની તે સૌ કોઈએ નિહાળ્યું હતું !

કહેવાય છે કે ત્યાર પછી તળાવના ખોદકામમાં કોઈ વિઘ્ન નડયું ન હતું. મરણનો પ્રસંગ પણ તે દિવસથી બનવા પામ્યો ન હતો. મજૂરોમાં પણ મરણને કારણે બીક પેસી ગઈ હતી. તેથી આવેલા મજૂરો પણ નાસી ગયા હતા. પરંતુ જયારથી આ ઘટનાનો પ્રચાર થયો હતો ત્યારથી મજૂરો હિમ્મતપૂર્વક ખોદકામ કર્યા કરતા હતા. અને હોંસથી ત્યાં જ રહેતા. તળાવ ખોદતા ખોદતા એક

દિવસ સાત દેગડાઓ ધન ઝવેરાતથી ભરેલા મળી આવ્યા હતા અને તે અંગે કવિ દુલારામે આ પ્રમાણે નોંધ કરી છે.

**સપ્ત દેગ દોલત ભરે, નિકસે તેહી ઠાર**
**સત્ય બાની સાહેબકી, દોલત મિલે નિરધાર.**

અર્થાત્ નિર્વાણ મહારાજે ગોપીનાથને જે વચનો કહેલા તે વચનો સત્ય ઠર્યા. પરમાત્મા કોઈનું ઋણ પોતાના શિરે રાખતો નથી. તે તો વપરાયેલ લક્ષ્મી કરતા બમણું ધન આપી દેશે. ધન અને અન્નના ભંડારો છે તેટલા ને તેટલા જ રહેશે આદિ બધું કહેલું તે આ ધન ઝવેરાતથી ભરેલા ચરુઓ નીકળ્યા તેથી સત્ય ઠર્યું હતું. આ પ્રસંગથી ગોપીનાથની શ્રધ્ધામાં પણ ઉમેરો થયો હતો. નિર્વાણ મહારાજના સામર્થ્યનો ખ્યાલ વધારેને વધારે દૃઢ થતો જતો હતો. રાહત કાર્ય તરીકે ઉપાડેલું કાર્ય મહારાજની કૃપાથી પરિપૂર્ણ થયું હતું.

## 33. ગોપીતળાવ અને રાણીતળાવ

ભક્ત કવિ દુલારામે ''નિર્વાણ ચરિત્ર પ્રકાશ'' માં કરેલી નોંધ અનુસાર ગાપીતળાવ અને રાણીતળાવ મલિક ગાપીનાથે તૈયાર કરાવેલા હતા. ગોપીનાથની બીજી પત્નીનું નામ રાણી હતું. તેના નામ પરથી રાણી તળાવ ખોદાવ્યું હતું. આ પ્રેરણા પણ સંત નિર્વાણ મહારાજના વચનોમાંથી ગોપીનાથને પ્રાપ્ત થઈ હતી. ગોપીતળાવ તૈયાર થઈ ગયું ત્યારે એનું નામ શું આપવું તે અંગે મહારાજ સાથે ગોપીનાથ વિચારણા કરી રહ્યો હતો ત્યારે મહારાજે ગોપીનાથનું ભાવિ જાણીને સલાહ આવી હતી.

**ગોપી યહ તાલાબમેં રાજસી વૃત્તિ સમાય,**
**દોસો પંચબીસ વર્ષમેં તેરી કૃતિ બિલાય.**

અર્થાત્ હે ગોપીનાથ ! આ તળાવના સર્જન પાછળ રાજસીવૃત્તિએ જ કાર્ય કર્યુ છે તેથી તેનું અસ્તિત્વ માત્ર ૨૨૫ વર્ષ સુધી જ રહેશે. આશ્વાસન વચનો આપતા કહ્યું હતું કે

**ઊંચા મહલ ગીર જાયેંગે, ઉજ્જડ ખેડા બસાય,**
**અચળ કોઈ રહા નહીં, એક આવે એક જાય.**

**નામ તેરો રહ જાયેગો, રહે ગોપીકી યાદ,**

**સત્તા મદમેં મત ભૂલો, બહુરી હુવે બરબાદ !**

અર્થાત્ કોઈ અમર નથી. મોટી મોટી મહેલો જેવી ઈમારતો પણ ઉજ્જડ બની જાય છે. સર્જન થાય તેનું વિસર્જન થાય જ. માત્ર તારું નામ યાદ રહી જશે. સત્તાના મદમાં આ સત્ય વિસરાય નહી તેનો તું ખ્યાલ કરજે. નહી તો ઘણા બરબાદ થયા છે તેમ તું પણ બરબાદ જ થશે ! સદ્‌ગુરુના આ વચનો ગોપીનાથને રાણી તળાવ માટે પ્રેરણા આપી ગયા હતા. લોકોપયોગી પ્રવૃત્તિને બહાને શાહી ખજાનાઓનો સદુપયોગ થવો જોઈએ. માત્ર મોજશોખ અને રાજા મહારાજાઓની કીર્તિ ભૂખને કારણે તેનો ઉપયોગ થાય તે બરાબર નથી. એના કરતા લોકોની મુસિબત પણ ટળે, મદદરૂપ પણ થવાય અને રાજયનું ધન સારી રીતે વપરાયું છે તેનો સંતોષ પણ થાય તેવી રીતે યોજનાઓ થતી રહેવી જોઈએ. એટલે ગોપીનાથે રાણીતળાવ પણ બંધાવ્યું હતું આજે પણ નિર્વાણ મહારાજના ઉપદેશ અનુસાર રાણીતળાવ, ગોપીપરું અને ગોપીતળાવના નામે મલિક ગોપીનાથને સૂરતવાસીઓ યાદ કરે છે. મહારાજના સૂચનમાં તળાવનું નામ ગોપીતળાવ હોવું જોઈએ એવો સ્પષ્ટ આદેશ ગોપીનાથને જણાયેલો એટલે ગોપીતળાવ નામ રાખેલું. બાકી ગોપીનાથ માનતો હતો કે ગરીબ મજૂરોની મહેનતની સૌરભ આ તળાવના ખોદકામ પાછળ આવ્યા કરે તેવું નામ પસંદ કરવું. એમ જોવા જઈએ તો તેની આ ભાવના પણ ગોપીતળાવ નામમાં સમાય ગઈ લાગે છે. આજે ગોપીતળાવ નામ સાંભળતાં જ ગોપીનાથ અને મહેનત કરનાર મજૂરો કે જેમણે જાન પણ ગુમાવ્યા હતા તે કથા સહેજે યાદ આવી જ જાય છે.

ગોપીતળાવનું કદ કેવડું હતું અને તે કેવું જણાતું હતું તે વિશે પરદેશી મુસાફરોની નોંધમાંથી આપણને થોડી વિગત મળે છે. ટોમસરો ઈ. સ. ૧૬૧૫ થી ૧૬૧૯ સુધી ભારતમાં ફરતો હતો. તેણે તળાવ વિશે સારી માહિતી પૂરી પાડી છે. પિએટ્રો દલા વેલે નામના મુસાફરે ઈ. સ. ૧૬૨૫ માં તે જયારે સુરત આવ્યો હતો ત્યારે તળાવનું સવિસ્તાર વર્ણન કર્યુ છે. ઈ. સ. ૧૬૬૬માં સુરતમાં પધારેલ મુસાફર જીન દ થેવેનોની નોંધ ઉપર જણાવેલ બંને

મુસાફરોના વર્ણન ને ટેકો આપે છે. બંદૂકની ગોળીની પહોંચ જેટલો તેનો વ્યાસ હતો. તેને સોળ ખૂણાઓ હતા. દરેક ખૂણાને સો ડગલાં જેટલી લંબાઈ હતી. તેના તળિયામાં મોટી સફાઈદાર ફરસ બેસાડેલી હતી. ચઢ ઊતર માટે બધી બાજુએ પગથિયાં હતાં. ચારે બાજુ હળવા ઢાળ પણ રાખ્યા હતા. તળાવની મધ્યમાં એક ટાપુ હતો. તે ટાપુમાં એક મંદિર બનાવ્યું હતું. વરસાદનું પાણી તળાવમાં ભેગું થાય તે માટે નાની નહેરો ખોદેલી હતી. સૌ પ્રથમ ટાંકા જેવી વાવ હતી તેમાં વરસાદનું પાણી ભેગું થતું અને ત્યાંથી તળાવમાં આવતું. આખા શહેરને આ તળાવમાંથી જ પાણી મળતું. ઈ. સ. ૧૬૭૫માં ડો. જોન ફાયરે સુરતની મુલાકાત લીધી હતી. તેણે તળાવનો ઘેરાવો એક માઈલનો હતો એવું જણાવ્યું છે. તળાવ જો બરાબર ભરવામાં આવે તો મોટું વહાણ પણ અંદર તરી શકે એટલી ઊંડાઈ હતી. લોકો તહેવારના દિવસે અસંખ્ય દિવઓ ટમટમાવતા હતા.

સૂરતની ફરતે જે કોટ હતો તે પાછળથી બંધાયેલો હતો. નિર્વાણ મહારાજના કથન અનુસાર ૨૨૫ વર્ષ પછી આ તળાવ પૂરી દેવાયું હતું. પિએટ્રો દલાવેલની નોંધ પ્રમાણે ગોપીનાથની પુત્રીને એટલે રાણી દ્વારા થયેલી પુત્રીને ગોપીતળાવ પર ભીખ માંગતા જોયેલી તે હકીકત પર વિચાર કરવામાં આવે તો નિર્વાણ મહારાજે જે ભવિષ્ય ભાખ્યું હતું તે યથાર્થ કહેવાય. સૂરતની અંદરનો કોટ ઈ.સ. ૧૬૬૨માં ગ્યાસુદ્દીન રૂમી નામના સૂબાએ ચણાવેલો અને બહારનો કોટ ઈ.સ. ૧૭૦૮માં ફલીખાન નામના નવાબે તૈયાર કરાવ્યો હતો. આ બહારનો કોટ તૈયાર કરવામાં ગોપી તળાવના પથ્થરોનો ઉપયોગ કરાયો હતો. પથ્થરો ઘટી ગયેલા એટલો કોટનો થોડો ભાગ લાકડાથી તૈયાર કર્યો હતો. તેને આજે પણ લકકડ કોટના નામથી જ લોકો ઓળખે છે. આધુનિક સૂરતમાં અંદરના ને બહારના બંને પ્રકારના કોટો પણ રહ્યા નથી.

## ૩૪. અમદાવાદમાં સંતની સૌરભ

ઈ.સ. ૧૪૮૨નું દુકાળનું વર્ષ સુલતાનની પણ કસોટી કરનારું નીવડયું હતું. રાજા મહારાજાઓ પણ અન્ન મેળવવા વલખાં મારી

રહ્યા હતા. ચોખા તો લગભગ દુર્લભ બની ગયા હતા. તેવા સમયે સૂરતમાં નિર્વાણ મહારાજને આંગણે ખીચડી સૌને ભોજનમાં મળતી તે એક મોટું આશ્ચર્ય અધિકારીઓને લાગતું. સંતને આંગણે દરરોજ એક તપેલું ચૂલા પર મૂકવામાં આવતું ને તે જ તપેલામાંથી આખો દિવસ ભોજન પીરસવામાં આવતું હતું. હજારો માણસો ભોજન કરતા હતા તે એક હકીકત હતી. આ વાત ગુપ્તચરો દ્વારા અમદાવાદ પહોંચી ગઈ હતી. સુલતાનને આ વાતથી મોટું આશ્ચર્ય થયું હતું. પોતે અનાજ મેળવી શકયો ન હતો. તેમાં ચોખા તો મળતા જ નહી. તો પછી આ સંત સાધુ બધું લાવે છે કયાંથી? આ કોયડો તેને મૂંઝવતો હતો. તેણે ચાંપતી તપાસ કરવા ઘોડેસવાર સિપાહીઓને તાત્કાલિક સૂરત મોકલાવ્યા હતા.

સુરત આવીને સિપાહીઓએ શું જોયું ? સગી આંખે જોયું કે માત્ર એક જ તપેલું ચૂલા પર મૂકવામાં આવે છે. તેમાં ખીચડી રંધાય છે. તેમાંથી હજારો માણસોને જમાડવામાં આવે છે. તપેલામાંથી સિપાહીઓએ જોયું કે ચાવલ તો ઘટતા જ નથી. તપાસ કરનારા સિપાહીઓ તો દંગ થઈ ગયા હતા. તેઓની બુધ્ધિએ આ ઘટનાને સંતની કરામત તરીકે મૂલવી હતી. તેઓ તરત જ અમદાવાદ તરફ જવા રવાના થયા હતા. અમદાવાદ સુલતાનને ખરી હકીકત કહી સંભળાવી હતી. ભૂખ્યાં હજારો માણસો એક જ તપેલામાંથી જમે છે અને તેમાંથી ઘટતું જ નથી. જમાડનાર સંત પોતે કાયમ ભૂખ્યા જ રહે છે. ઉપવાસે કરે છે. આ વાત સુલતાને સાંભળી એટલે સમર્થતાનો ખ્યાલ આવ્યો. ખુદાનો સાચો બંદો હોવો જોઈએ તેવું અનુમાન કર્યું અને પોતાના રાજયમાં આવા સમર્થ પુરુષો રહે છે તેનો આનંદ વ્યકત કર્યો હતો. તેનાં દર્શન કરવાની પણ હૃદયમાં ઈચ્છા જાગી હતી.

સમર્થ સંત પુરુષો ભલે એક જગ્યા પર બેસી રહેતા હોય પણ તેઓ લોકોની સાચી સેવા પણ કરી શકે છે તેનો ખ્યાલ આજે પણ આપણને આવે છે. કહેવાય છે કે રણછોડજી મહારાજ આપણા જમાનામાં એવી લોકસેવા કરી ગયા છે. બિહાર ને બંગાળમાં તેમણે હજારો માણસોને જમાડયા છે અને દુકાળના રાહત કાર્યો કરીને લોકોની સાચી સેવા કરી છે. કહેવાય છે કે તેઓ ભીખ માંગવા

જતા ન હોતા. તેઓ તો એક જ જગ્યાએ બેસતા ને પ્રભુને પ્રાર્થના કર્યા કરતા. પ્રભુ બધું સંભાળી લેતા. તેમના રસોડામાં રાંધેલું કદી ઘટ્યું નથી. રોજના ત્રીસ હજાર માણસો જમતા હતા છતાં ઘટવાનો પ્રસંગ બનતો જ નહીં !

## ૩૫. ગોપીનાથની વિદાય

સંત નિર્વાણ મહારાજની કૃપાથી ગોપીતળાવનું ખોદકામ દુકાળના રાહત કાર્ય તરીકે ઘણું વખણાયું હતું અને તેથી તેની પ્રતિષ્ઠામાં સારો વધારો થયો હતો. સુલતાનના ગુપ્તચરોએ પણ સાચો ઈતિહાસ રજૂ કરીને તેની ઈજ્જત કરી હતી. સુલતાને ખુશ થઈને ગોપીનાથને બઢતી આપવાનો નિર્ણય કર્યો હતો. ગોપીનાથને વજીર બનાવી તેને સૂરતથી અમદાવાદ ખસેડી દેવામાં આવ્યો હતો.

ગોપીનાથને તો દુન્યવી રીતે લાભ જ હતો. સુબેદારને બદલે વજીરનું પદ ઘણું મોટું ગણાય. બીજાને ઈર્ષ્યા થાય તેવી એ પદવી હતી. પરંતુ ગોપીનાથનું હૃદય નિર્વાણ મહારાજથી દૂર જવા ઈચ્છતું ન હોતું. સુલતાનનો હુકમ તેની પાસે પહોંચ્યો ત્યારે તેને આનંદ કરતાં દુઃખ વધારે થયું હતું. તે તરત જ મહારજ પાસે દોડી ગયો હતો.

ગોપીનાથના હૃદયમાં સંત નિર્વાણ મહારાજ માટે સાચી ભક્તિ હતી. એક દિવસ તે અચાનક નિર્વાણ મહારાજ પાસે પહોંચ્યો હતો ત્યારે મહારાજ તો બાણ શય્યા પર નિદ્રાધીન થઈ ગયા હતા. ગોપીનાથે સંતને બિલકુલ ખલેલ ન કર્યા બલકે તેમના ચરણો પાસે બેસીને ચરણ ચાંપ્યા કીધા હતા. ત્રણ પ્રહર સુધી આ રીતે એકધારી સેવા કરવાનો મોકો ગોપીનાથને મળ્યો હતો. જયારે સદ્‌ગુરુ જાગૃત થયા હતા ત્યારે ગુરુએ પ્રસન્નતાથી સેવાનો સ્વીકાર કર્યો હતો અને આશીર્વચન કહ્યા હતા. : ''ગોપીનાથ ! તમે મારી ત્રણ પ્રહર સુધી સેવા કરી છે એટલે ત્રણ પાદશાહી સુધી તમારી પ્રતિષ્ઠા જળવાશે. પરંતુ એક વાત ખાસ ધ્યાન રાખજો ! શરાબને સુંદરીનાં ફંદામાં કદી ફસાશો નહીં ! સત્તાના મદમાં ભાન ભૂલી જશો નહીં.'' તે દિવસથી ગોપીનાથ નિયમિત મહારાજનાં દર્શને જતો જ હતો. પરંતુ

આજે તો દ્વિધામાં, મૂંઝવણમાં, દુઃખમાં મહારાજને શરણે દોડી ગયો હતો. આંસુભીની આંખે તેણે મહારાજનાં ચરણો પકડી સુલતાનનો હુકમ બતાવ્યો અને ધ્રુસકે ધ્રુસકે રોઈ પડયો હતો ! સદ્‌ગુરુ સર્વ હકીકત કળી ગયા હોવાથી તેમણે તેમનો વરદ હસ્ત માથા પર મૂકતા બેલ્યા હતા : '' શા માટે રડે છે ? જેમ આવ્યો હતો તેમ પાછો જા ! હવે અમારી સ્મૃતિ લઈને જશે એટલી તારી કમાણી છે તે તને સહાયભૂત થશે. અગાઉ મેં તને કહ્યું છે કે ત્રણ પાદશાહી સુધી તને જરૂર સુખ મળશે. પરંતુ શરાબ ને સુંદરીથી તું બચશે તો તું સહીસલામત રહેશે. નહી તો તું બદનામ થશે. રાજનીતિ તો પ્રપંચનો જ ખેલ ગણાય. તારી મહત્તા જ તને ખાય જશે. તારા મિત્રો જ તારા દુશ્મન બનશે. છતાં શરાબ ને સુંદરીથી દૂર રહેશે તો બદનામીમાંથી બચશે !''

મહારાજનાં વચનો શ્રવણ કરતી વખતે ગોપીનાથની અશ્રુધારા ચાલુ જ રહી હતી. સદ્‌ગુરુ એની ગતિ જાણી ગયા હતા. તેને આશ્વાસન આપતા કહ્યું હતું : ''જો, મારે પણ એક દિવસ તારી જેમ જ જવાનું છે. તું જશે તે જ વખતે મારે પણ જવું પડશે. તારા હૃદયમાં સાચો અનુરાગ છે તેથી તને કહું છું કે

**સંત બચન ઉર ધારી કે હરદમ રહો સનાથ,**

**બીજબાસી કબતક રહે, જબ તક ગોપીનાથ !**

અર્થાત્ અમારું વચન હૃદયમાં ધારણ કરીને જીવશો તો અનાથ દશા કદી ભોગવવી પડશે નહિ. તમને જરૂર મદદ મળશે જ. પરમાત્માનો અંશ આ જીવ બ્રીજવાસી સમાન છે. ભગવાનનો હુકમ થાય ત્યાં સુધી જ તે આ શરીરમાં રહે છે. તું જશે એટલે મારે પણ તે જ સમયે જવાનું છે એટલું નકકી માનજો.

કહેવાય છે કે ગોપીનાથ અમદાવાદ ગયા પછી સદ્‌ગુરુની સ્મૃતિમાંથી ચલિત થયા હતા. તેના જ જીગરજાન મિત્રે તેને દગો દઈ શરાબને સુંદરીમાં ફસાવ્યો હતો અને પાદશાહ આગળ ગુનેગાર ઠેરવ્યો હતો. હિન્દુને વજીર પદ મળ્યું હતું તે મુસલમાનોને પસંદ હતું જ નહિ. ગોપીનાથ આ સત્ય સમજી શકયો જ નહિ. પરિણામે ગુરુદેવના વચનો આગળ આવ્યા હતા અને પદભ્રષ્ટ થયો હતો.

## ૩૬. રામી જોગણ પર અનુગ્રહ

સંત નિર્વાણ મહારાજનું આ ધામ નાના મેટા ગરીબ તવંગર સૌને માટે આશ્રય સ્થાન ગણાતું હતું. આ ધ્યાનમાં પ્રવેશ મેળવનાર કોઈપણ જીવ સુખી ન થયો હોય એવું બન્યું નથી. અહીં કોઈની લાગવગ ચાલતી નહીં. અહીં તો અજાણ્યાને પણ એટલો જ હક પ્રાપ્ત થતો કે જેટલો જાણીતાને ભોગવવા મળતો. નિર્વાણ મહારાજ કરુણાના સાગર હતા. હયાતખાન જેવા નવાબો કે ગોપીનાથ જેવા સુબેદારો જેનાં ચરણોમાં સહેજ પણ સંકોચ પામ્યા વિના ઢળી પડતા તેને શરણે જનાર સૌ કોઈ અઢળક પ્રેમ પામ્યા વિના રહેતું નહિ. મોટા મોટા ધનિકો ને રાજકીય પુરુષો જેમ વિના વિલંબે નિર્વાણ મહારાજ પાસે આવી શકતા તેમ ગરીબ, રોગિષ્ટ, દુખિયારા, અજાણ્યા કોઈ પણ માનવ કોઈપણ જાતના અવરોધ વિના સંતના ચરણો પકડી શકતા અને નિરાંતનો શ્વાસ લઈ શકતા. એક દિવસ બપોરે એક ચીથરેહાલ દુર્ગંધ મારતી કાયા વાળી દુખિયારી જોગણ સંત પાસે પ્રેમચેષ્ટા કરતી ''તમે તરસ્યા છો ને ! લ્યો, હું તમારી માટે પાણી લાવી છું. સ્વામીનાથ, પી લો !'' કહેતી, એક હાથમાં ઝોળી ને એક હાથમાં પાણીનો પ્યાલો લઈ આવી ચઢી. સંત તે ક્ષણે ધ્યાનસ્થ થઈ ગયા અને હકીકત જાણી લીધી. જોગણ પણ સંતને અવાચક બની નીરખી રહી ! થોડી વાર પછી સંતે નેત્રો ખોલ્યાં ત્યારે તે બોલી ઊઠી : ''સ્વામીનાથ, હું તમને ઘણા સમયથી શોધતી હતી ! વિયોગમાં મારી, જુઓને કેવી દુર્દશા થઈ ગઈ છે !'' બોલવાનું પૂરું કરે તે પહેલા તેની આંખમાંથી આંસુઓ ટપકી પડયાં હતાં!

નિર્વાણ મહારાજે ધ્યાનસ્થ થઈ જોગણની દશાને બરાબર પરખી લીધી હતી. આ જોગણનું નામ હતું રામી જોગણ. તે જાતે નાગર બ્રાહ્મણ હતી. તેને પોતાના પતિ માટે અનહદ પ્રેમ હતો. તે કામરેજમાં રહેતી હતી. એક દિવસ તેનો પતિ બીમાર પડયો હતો. બીમારીમાં તેણે પાણી માગ્યું હતું. પાણી ન હતું એટલે તરત જ તે કૂવે પાણીનો પ્યાલો લઈ ભરવા ગઈ હતી. પાછી વળે ત્યારે

તેનો ધણી મરણ પામ્યો હતો. તેના મગજ પર ઘેરી અસર થવાથી તે જોગણનાં રૂપે ભટકયા કરતી હતી. જે કોઈ મળતું તેને સ્વામીનાથ કહી પાણીનો પ્યાલો ધરતી ને કહેતી કે પાણી પી લો! નિવાર્ણ મહારાજને પણ એવી જ અદાથી પાણીનો પ્યાલો ધર્યો હતો અને સ્વામીનાથ કહી ચરણે પડી હતી. તેની દુર્દશા જોઈ સંતને દયા ઊપજી એટલે ''દેવી ! તમારી ઝોળીમાં શું ભરેલું છે ? મને જે હોય તે બતાવી દો !'' રામી જોગણ તરત જ બોલી : ''સ્વામીનાથ! એમાં તો તમારા સ્થૂળ દેહની ભસ્મ છે !'' તરત જ તેણે ઝોળી ખાલવી દીધી અને અસ્થિની ઢગલી કરી દીધી. નિર્વાણ મહારાજે હથેળીમાં પાણી લઈ તેના પર છંટકાવ કર્યો. રામી જોગણને અસ્થિની ઢગલીમાં પોતાના પતિદેવનાં સ્પષ્ટ દર્શન થયાં ! પતિદેવને જોતાં જ તેની સાન ઠેકાણે આવી ગઈ હોય તેમ તે પતિને ભેટવા ધસી. પરંતુ તેના પતિએ હાથ આડો કરીને તેને રોકી ને કહ્યું : '' તું ત્યાં જ ઊભી રહે અને શાંતિથી સાંભળ !'' રામી ત્યાં જ ઊભી રહી. તેનો ધણી જે બોલે તે સાંભળી રહી. તેના ધણીએ સ્પષ્ટ કહ્યું કે તારો પ્રેમ સાચો છે. તું મને ખરેખર પ્રેમથી હજી પણ ચાહતી હોય તો આ સદ્ગુરુના શરણે રહે અને તેઓના વચનમાં શ્રધ્ધા રાખી તેઓ કહે તેમ પ્રભુભકિત કર ! તે દ્વારા મને શાંતિ થશે. આવું બોલી તેનો ધણી અદૃશ્ય થયો. રામી જોગણે ખૂબ સ્વસ્થતાપૂર્વક નિર્વાણ મહારાજનાં ચરણો પકડી લીધાં અને ''પ્રભુ ! મને માર્ગ બતાવો. મને અને મારા ધણીને શાંતિ પ્રાપ્ત થાય તે માટે તમે કહેશો તેમ કરવા તૈયાર છું, પ્રભુ !''

નિર્વાણ મહારાજે તેને આશ્વાસન આપ્યું અને કહ્યું કે ''જેમ તેં તારી પ્રીત પતિદેવમાં જોડી હતી તેમ હવે તે પ્રીત તું ભગવાનમાં જોડી દે એટલે શાંતિ પ્રાપ્ત થશે ! એ માટે બીજે કયાંય જવાનું નથી. અહીં જ આ તાપી માતાની ગોદમાં જ. અશ્વનીકુમારના ગુપ્તેશ્વર ઘાટ પાસે જગ્યા બનાવી બેસી જા અને તારા મનને પ્રભુમાં બરાબર જોડી દે !'' કહેવાય છે કે રામી જોગણે પછી ત્યાં જ જગ્યા બનાવી પ્રભુભકિતમાં એકતાન બની ગઈ હતી. પ્રભુનાં દર્શન પામી જીવનને ધન્ય પણ બનાવી દીધું હતું. અંતિમકાળે સદ્ગુરુનાં દર્શન કરવાની તીવ્ર ઈચ્છા થઈ આવી હતી. પરંતુ ત્યારે શરીર સાવ

નિર્બળ બની ગયું હતું. તેથી પ્રભુકૃપાથી સદ્‌ગુરુદેવ સમય પારખીને સ્થૂળ દેહે હાજર થઈ ગયા હતા. અને રામી જોગણની અંતિમ ઈચ્છા પણ પૂર્ણ થઈ ગઈ હતી. સદ્‌ગુરુનાં દર્શન કરતાં જ તેણે દેહ છોડી દીધો હતો અને નિર્વાણ મહારાજે તેની અંતિમ ક્રિયાઓ કરી હતી.

આ રીતે નિર્વાણ મહારાજનું ધામ સૌને માટે તીર્થ સમાન હતું. ત્યાં કોઈને ભેદભાવનો અનુભવ થતો નહિ. સંતની સમાન દૃષ્ટિ સૌને સંતોષ આપતી અને સૌના સમુધ્ધાર માટે યથા શકિત સંત કરી છૂટતા હતા તેવા અનેક પ્રસંગો ભકત કવિ દુલારામે ''નિર્વાણ ચરિત્ર પ્રકાશ'' માં નોંધ્યા છે.

## ૩૭. વારાંગના વિષમતિનો ઉધ્ધાર

મનુષ્યની ઉત્પત્તિની સાથે જ વિષયો પ્રત્યેનું તેનું આકર્ષણ સાહજિક ગણાયું છે. સુખ માત્ર તેમાં જ રહેલું છે એવું માનવમનનું તારણ તેને ખરેખર સુખી નથી બનાવતું, બલકે દુઃખના દરિયામાં ધકેલી મૂકે છે. વિષયોમાં રગદોળાતું મન હમેશા વિનાશ જ નોતરે છે. વારાંગનાનો વ્યવસાય તેનું એક પરિણામ જ ગણાય છે. સંતના દરબારમાં તેવી અધમ ગણાતી વ્યકિતને પણ સ્થાન મળતું અને તેનો ઉધ્ધાર થતો. તે વિષે કવિ દુલારામે વારાંગના વિષમતિની કથા વિસ્તૃત રીતે કરી છે.

**બિસમતી બારામુખી, સંત ચરણમેં આય,**
**દુલા કૈસે બખાન હી, અગલે ભવકી સગાઈ.**

અર્થાત્ વિષમતી નામની વેશ્યા સંતના ચરણમાં આશ્રય પામી પોતાનો ઉધ્ધાર કરી ગઈ હતી એ હકીકત પૂર્વજન્મની કમાણીને કારણે થઈ, એનું વર્ણન કેવી રીતે થઈ શકે ? આખું જીવન અનેક દુષ્ટ કર્મોના પાપોથી છલોછલ ભરેલું હોય છતાં તેને સંતનો આશ્રય પ્રાપ્ત થાય છે તે ઘટના સૌને વિચાર કરતા કરી મૂકે એવી છે. સંતના મિલનથી તેના જીવનમાં ભારે પરિવર્તન આવે છે. તેનોઆસકિતનો પ્રબળ પ્રવાહ પ્રભુ પ્રત્યે વાળી દઈ સંત તેને ઉર્ધ્વગામી બનાવે છે. ત્યારે ગીતામાં ભગવાન કૃષ્ણે ઉચ્ચારેલી વાણી યાદ આવે છે.

**ખૂબ અધર્મી યે મને ભજે કરીને પ્રેમ,**
**તો તે સંત થઈ જશે પામી મારી રહેમ !**
**શાંતિ પૂર્ણ તે પામશે, ધર્માત્મા બનશે,**
**મારો ભકત કદી નહીં અર્જુન નષ્ટ થશે !**
**પાપી સ્ત્રી ને શૂદ્રયે ગુણ મારા ગાશે,**
**લેશે મારું શરણ તો ઉત્તમગતિ થાશે !(સરળ ગીતા અ.૨)**

સંતનાં દર્શન પુણ્યકર્મોને પરિણામે થતાં હોય છે અને અણધાર્યો ઘણો બધો આધ્યાત્મિક લાભ તેવા જીવને પ્રાપ્ત થતો હોય છે એવું અનુભવી પુરુષોનું કથન વારાંગના વિષમતિનું જીવન સત્ય ઠેરવે છે.

સંત નિર્વાણ મહારાજના આતિથ્ય ધામમાં તીર્થવાસી સંતો અવાર નવાર આવ્યા કરતા હતા. તેઓનો સત્કાર હમેશા પ્રેમથી થતો. એકવાર તીર્થોની યાત્રા કરવા નીકળેલ સાધુ ત્યાં આવી ચઢયો હતો. તેની સાથે એક કૂતરી પણ હતી. તેનો પ્રેમથી સત્કાર કરી સંતે આશ્રય આપ્યો હતો. પેલી કૂતરીના ગળામાં કાળો દોરો બાંધેલો હતો તે સંતની નજરમાં ચઢયું. તેથી સંતે ડચકારો બોલાવી કૂતરીને બોલાવી. પરંતુ પેલો તીર્થવાસી સાધુ કૂતરી નિર્વાણ મહારાજ પાસે જાય એમ ઈચ્છતો ન હતો. તેથી તેને ખેંચીને તે લઈ જવા પ્રયત્ન કરે તે પહેલા પેલી કૂતરી સંત તરફ પૂછડી પટપટાવી દોડી આવી. નિર્વાણ મહારાજે તેને પંપાળવા માંડી. પેલો દોરો શેનો બાંધેલો છે તે બરાબર જોવા લાગ્યા. તે દોરાને સંતે છોડયો એટલે આશ્ચર્યકારક એક ઘટના બની. પેલી કૂતરીએ નવયૌવનનું રૂપ ધારણ કર્યુ ! અને વિનયથી સંતના ચરણોમાં માથું નમાવી દીધું હતું !

વીસમી સદીની આરે ઉભેલા આપણે આ વાતને કેવી રીતે માની શકીએ ? વિજ્ઞાનની કેટલીક શોધોએ પહેલાં આપણને અશ્રધ્ધાળુ બનાવી દીધા હતા અને એકદમ અધતન શોધોએ આપણને ફરીથી શ્રધ્ધાન્વિત કરવા માંડયા છે. શકિત (Energy) પદાર્થમાં રૂપાંતર પામી શકે છે અને પદાર્થ પણ શકિતમાં ફેરવી શકાય છે. ભાવ અને શ્રધ્ધાથી મનુષ્ય ચૈતન્યના કોઈ પણ સ્તરે પહોંચી શકે છે. એક આકારને બીજા કોઈ પણ આકારમાં ફેરવી શકાય છે. ભારતનું મંત્રવિજ્ઞાન આવું જ કંઈક કહેતું હતું. મંત્ર

વિદ્યામાં જે ચમત્કારો તરીકે ગણાય તેનો હવે વિજ્ઞાનમાં હકીકતો તરીકે સ્વીકાર થવા લાગશે એવી આધુનિક વિજ્ઞાન આશા જન્માવે છે. કૂતરીમાંથી નવયૌવના અને નવયૌવનામાંથી કૂતરીનો ફેરફાર એ રીતે સમજીએ તો શકય ગણાય છે. છ સદી પહેલાં આ ઘટના બની હતી છતાં તે ખોટી હતી એમ કહેવાનું એટલા માટે આજે મન થતું નથી. નિર્વાણ મહારાજે નવયૌવનાને તરત જ પૂછયું કે "બેટી તું કોણ છે ? આ સાધુના ફંદામાં તું શી રીતે ફસાઈ ગઈ ?"

પેલી નવયૌવનાએ પોતાની વીતક કથા કહેવા માંડી હતી. મહારાજ હું મુલતાનમાં જન્મેલી. જાતની હિન્દુ છું. મારા સુંદર દેખાવે એક દિવસ હું દુષ્ટોને હાથે બળાત્કારનો ભોગ બની હતી. મારા સગાંઓએ ને આપ્તજનોએ મારો સ્વીકાર ન કર્યો તેથી હું વારંગના બની હતી. મારી સુંદરતાને કારણે મોટા મોટા ધનિકો મારે શરણે આવી જતા હતા. તેથી ટૂંક સમયમાં જ હું અઢળક ધન કમાઈ શકી હતી. પરંતુ એક દિવસ મંત્રના જાણકાર આ સાધુના પાશમાં ફસાઈ ગઈ ! મારો ઉધ્ધાર થશે એ બહાને એના વચનોમાં વિશ્વાસ મૂકી એની સાથે ગઈ તો આ દશા થઈ ! પેલો સાધુ નવયૌવનાની વાણી સાંભળી હાંફળો ફાંફળો થઈ ગયો હતો. નિર્વાણ મહારાજે તેને ઠપકાર્યો અને ત્યાંથી તરત જ ભગાડયો. તેને શાપ આપ્યો કે "જો, તું આ ધામમાં કૂતરો બનીને આવશે !" સાધુ તો માર પડશે એવા ડરે ત્યાંથી તરત જ ભાગ્યો હતો. નવયૌવના વિષમતિને સંતે આશ્વાસન આપતાં કહ્યું હતું કે " બેટી ! તું જરા પણ ડર રાખ્યા વિના આ ધામમાં રહી શકે છે. દુષ્ટ સાધુ હવે તેને કંઈ જ કરી શકશે નહિ. થોડા દિવસ તે અહી આસપાસ તારી શોધ કરશે કદાચ તો પણ તેની વિદ્યા હવે તને બંધનમાં બાંધી શકશે નહિ. તું મુકત છે, બેટી !"

વિષમતિએ ખૂભ જ વિનયથી સંતને પોતાના હૈયાની વાત કહેવા માંડી : "મહારાજ, તમારી કૃપાથી હું છૂટી તો ખરી પણ જે ધંધામાં છું તે ધંધામાંથી હજી છૂટકારો નથી થયો. મારાં એ બધાં કર્મો મને અહી રહેવા દે એમ લાગતું નથી. તેથી મને અહીથી રૂપબજારમાં જવાની રજા આપો !" સંતે વિષમતિની ઈચ્છા પર જરા પણ કાપ મૂકયા વિના તરત જ કહ્યું : " તારી, ઈચ્છા બેટા !

પણ જાય ત્યારે સંતના ધામનો પ્રસાદ લઈને જજે ! તને તે પણ ઉપયોગી જ થશે !''

કહેવાય છે કે વિષમતિએ બે ત્રણ દિવસમાં જ સંતનું ધામ છોડી દીધું હતું અને સુરતના રૂપબજારમાં પહોંચી ગઈ હતી. સુરતનું રૂપબજાર તેના આવવાથી તેજ બની ગયું હતું. પરંતુ રૂપબજારમાં રહેનારી વિષમતિ નવરાશના સમયે તો આ ધંધાથી ઉપરામ પામતી જતી હતી. સંતનો પ્રસાદ ખાધો એટલે આ કાદવ તેને દુર્ગંધ મારવા લાગ્યો હતો. નેમચંદ શેઠના ભેટાથી વિષમતિ નવા જીવનનો વિચાર કરવા લાગી હતી. નેમચંદ શેઠ સુરતના ધનાઢ્ય વ્યકિતમાંના એક ગણાતા હતા. સ્વરૂપે પણ દેખાવડા જ હતા. વિષમતિની સુંદરતામાં આસકત શેઠ વિષમતિની દરખાસ્તનો એક દિવસ ખરેખર અમલ કરે છે અને બ્રાહ્મણને બોલાવી વિષમતિ સાથે લગ્ન કરી લે છે. પોતાના મકાનમાં હવે સદ્‌ગૃહસ્થ બની વિષમતિ રહેવા લાગે છે. હવે વારંગના મટી સન્નારી બની જીવવા પ્રયત્ન કરે છે.

સુખના દિવસો વીતતા વાર લાગતી નથી. અમસ્થો જ દસકો વીતી ગયો. નેમચંદ શેઠનું શરીર રોગગ્રસ્ત બન્યું. ઘણી દવાઓ કરાવી પણ શેઠની તંદુરસ્તી પાછી મળી જ નહિ. આખરે વિષમતિ સન્નારીના વેશે ધામમાં પહોંચી ગઈ અને આજીજીપૂર્વક પ્રાર્થના કરવા લાગી હતી. : ''મહારાજ, તમે જ મારા પ્રભુ છો ! હવે હું વેશ્યા રહી નથી, એક સોહાગણ બનીને આવી છું. મારો સોહાગ બચાવો !'' સંત તો થોડા સમય કંઈ બોલ્યા જ નહી. પછી પ્રેમથી વાચા ખોલી : ''બેટા ! આ સંસાર કર્માનુસાર ચાલ્યા કરે છે. સંસારમાં એકમેકનો મેળાપ થાય છે તેની પાછળ પણ કર્મની જ જાળ પથરાયેલી હોય છે. એ તો તારે ભોગવ્યે જ છૂટકો !'' સાંભળીને વિષમતિ રડવા લાગી. ધ્રુસકે ધ્રુસકે રડતી જાય અને સેહાગ બચાવવા માટે વારંવાર માંગણી કર્યા કરે. સંતે તેના ઋણાનુબંધ સમજાવતા વિશેષ પ્રકાશ પાથર્યો : ''બેટા ! તારો ધણી એ પૂર્વભવનો તારો દીકરો જ છે. યૌવનના થનગનાટમાં તું માર્ગ ભૂલેલી અને તને બાળક જન્મેલો તે આ તારો પતિ. તેને તેં રસ્તામાં છોડી દીધેલો એટલે તે ઋણ ચૂકવવા હવે તારો પતિ તને અધવચ્ચે મૂકીને જતો રહેશે. તારી યુવાનીનું પાપ તને વેશ્યા બનાવીને રહ્યું. બોલ હવે

તું શું કરવા ચાહે છે ? તારે આ બધું ભોગવવું જ પડે ! સંતની વાણી વિષમતિ ને મનાવી શકી નહી. તેણે રૂદન સાથે આજીજી કર્યા જ કીધી એટલે આખરે સંતને દયા ઊપજી અને કહ્યું : ''જો બેટા તારો ધણી સારો થઈ જશે પણ કેટલો વખત જીવશે ? બે વર્ષ પછી તો જવું જ પડશે ને ? જા, સુખેથી જીવ !''

નેમચંદ શેઠ બે વર્ષ પછી ચાલ્યા ગયા અને વિષમતિ વિધવા બની હતી. ધન તો પુષ્કળ હતું. સંતનો સથવારો હતો. એટલે વિષમતિએ પોતાના ધામને આશ્રમમાં ફેરવી નાખ્યું હતું. તે જમાનામાં સંતો ટોળામાં જ ઘુમતા રહેતા. તેથી ટોળાબંધ સંતો આવતા ને જતા. તેનો ઉતારો ને જમવાની વ્યવસ્થા બધું વિષમતિ કર્યા કરતી. જયાં જયાં આર્થિક સહાય કરવાની આવશ્યકતા જણાય ત્યાં વિષમતિ આર્થિક સહાય છૂટે હાથે કર્યા કરતી. તેની છાપ એ રીતે સુધરી હતી. જન સમાજમાં તેના વ્યવહાર ને વર્તણૂક માટે માન હતું.

એક દિવસ રામેશ્વરની યાત્રા કરીને સાધુનો સંઘ આશ્રય શોધતો હતો ત્યારે શહેરમાં વિષમતિનું ઘર બતાવવામાં આવ્યું હતું તેમાં એક સિધ્ધ પુરુષ પણ હતા. તેમની સાથે એક કૂતરો હતો. તેઓ સૌનો સત્કાર સારી રીતે વિષમતિએ કર્યો હતો. તેઓનો સંઘ બે દિવસ રહ્યા પછી ચાલ્યો ગયો હતો. પેલો કૂતરો સિધ્ધ પુરુષ વિષમતિને સોંપતા ગયા હતા. પાળેલો કૂતરો ઘણું કામ કરતો હોય છે. વિષમતિ જયાં જાય ત્યાં તે જતો. વિષમતિની સારી સેવા કરતો. એક દિવસ વિષમતિ સંત ધામમાં પહોંચી તો તેની સાથે કૂતરો પણ ગયો હતો. સંતે કૂતરાને પારખી લીધો હતો. તેમણે ડચકારા બોલીને કૂતરાને પાસે બોલાવ્યો હતો અને વિષમતિને કહ્યું હતું કે ''બેટા! યાદ છે તને આ કૂતરો !'' વિષમતિ તો ભૂલી ગઈ હતી. પરંતુ સંતે તેને ભૂતકાળ બધો યાદ કરાવ્યો અને આ તે સાધુ છે કે જેણે તને ફંદામાં ફસાવી હતી. આખરે કૂતરો બનીને હવે તારી સેવા કરી રહ્યો છે !''

''પ્રભુ ! એના પર પણ હવે દયા કરો.'' વિષમતિએ આજીજી કરી. ગળાનો પટો છોડયો એટલે તરત જ તે સાધુ રૂપમાં આવી ગયો હતો. સંતે તરત જ તેને કહ્યું હતું ''બોલ તારી શી

ઈચ્છા છે ?'' તેણે કહ્યું હતું : ''હું અપરાધી છું, પ્રભુ મારા પર અનુગ્રહ કરો ! હું મૂળ પંજાબનો. ગૂંસાઈ કુળમાં જન્મેલો. યુવાનીના મદમાં મેં અનેક અનર્થો કર્યા હતા. બન્નાસીગ નામના મંત્ર જાણકાર પાસે મંત્રો શીખ્યો હતો અને પાપ કર્મો કર્યે રાખતો હતો. સરયૂ નદીને કિનારે યદુનંદનદાસ નામના સિધ્ધ પુરુષ રહેતા હતા. પાપકર્મમાં હું પકડાઈ ગયેલો ને તેમણે મને કૂતરો બનાવી બાંધી દીધેલો, પ્રભુ ! આજે તમારી કૃપાથી છૂટયો. મારા પર હવે અનુગ્રહ કરો !''

પછી તે સાધુને પણ સન્માર્ગે આગળ વધે તેવી કૃપા સંતે કરી હતી એમ કહેવાય છે.

## ૩૮. સંત કવિ જંભારામ

**બાવરે કરલે હરિસે પ્રીત,**
**બિરથ આયુ બિગોવત કાહે જાત હૈ અવસર બીત !**
**બાવરે કરલે હરિસે પ્રીત !**
**બેર બેર તોહે સંત પુકારે સાધુ બડો પરહિત .....૧**
**આયા હૈ કુછ સૌદા કર લે માનો પિયારે મિત .....૨**
**અંત બહુત પછતૈ હો દિવાના, ગઈ ઉમરિયા બીત .....૩**
**પ્રેમે પ્રભુકો સુમરણ કિય લે જંભારામ કી રીત .....૪**

આ ભજન ભકત કવિ જંભારામનું છે. આવાં ઘણાં પદો ભકત કવિએ લખ્યાં છે. સંત પ્યારેદાસ દ્વારા સંગ્રહિત સંતવાણી સંગ્રહમાંથી જંભારામનાં પદો આપણને પ્રાપ્ત થાય છે. આ જંભારામ સામાન્યમાંથી અસામાન્ય પદ પર આરૂઢ થઈ શકયા હતા સંત નિર્વાણ મહારાજની કૃપાથી. પોતે તો માછીમાર હતા. ઢીમરકુળમાં જન્મેલા એટલે ખાસ કંઈ ભણેલા પણ ન હોતા. મૂળ ખંભાતના. વહાણમાં માલની હેરફેર કરી આપવાના બાપદાદાના ધંધે નાનપણથી જ લાગી ગયેલા. યુવાન વયે સૂરત આવવાની તક મળેલી. સૂરત વિષે ઘણું સાંભળેલું એટલે જેવો મોકો મળ્યો તેવા તરત જ તૈયાર થઈ નીકળી ચૂકેલા. ખંભાતથી આખું વહાણ ભરેલું ને તેને સૂરતમાં ખાલી કરવાનું હતું. પાછું સૂરતથી આખું વહાણ ભરીને ખંભાત જવાનું હતું. લગભગ ત્રણ દિવસ સૂરતમાં રોકાણ થયું હતું.

તે જમાનામાં સૂરત બંદરની જાહોજલાલી ખૂબ હતી. સૂરતનો ડકકો ઓવારો ચોર્યાસી બંદરોનો વાવટો કહેવાતું. એટલે જયારે તેઓ સૂરત ઉતર્યા હતા ત્યારે તેમણે એક જાણીતા નાવિકની સંગાથે શહેરમાં ફરવા જવાનો નિર્ણય કર્યો હતો. ફરતા ફરતા તેઓ તે વખતના નવાબના મહેલ પાસે આવી ચઢયા હતા. મહેલની સામે મેદાન હતું અને ત્યાં એક મંદિર હતું. તે મંદિરમાં મેળાવડો હોય તેમ ઘણા બધા લોકો અવર જવર કરતા હતા. એટલે જંભારામે પણ સંગાથી સાથે મંદિર તરફ જવા માડયું હતું. જંભારામે કદી ભગવાનનો, ભકિતનો કે મંદિરનો વિચાર સુધ્ધાં ન હોતો કર્યો. આ તો ઘણા લોકોને અવર જવર કરતા દીઠા એટલે સ્વાભાવિક રીતે તેઓને પણ જવાનું મન થયું હતું. કેમ ત્યાં આટલાં બધાં લોકો આવજા કરે છે તે જાણવાનું એક માત્ર કૌતૂક હતું.

જંભારામે પણ તે સ્થળે જઈ સંગાથી સાથે મંદિરમાં પ્રવેશ કર્યો હતો. મંદિરના સભાગૃહમાં એક મોટો ચોક હતો ત્યાં સદ્‌ગુરુ નિર્વાણ મહારાજ બેઠા હતા. ત્યાં લગભગ દરેક જણ જતું અને પગે લાગતું. જંભારામ પણ સંગાથી સાથે ગયા હતા અને પગે લાગ્યા હતા. તે વખતે સદ્‌ગુરુના મુખમાંથી સહેજે શબ્દો નીકળી પડયા હતા.

**જંભા વો દિન ભૂલ ગયે, જા દિન લિખો કરાર**
**વો સાહિબકો ભૂલકે ડુબ ગયે વિષ ધાર !**

અર્થાત્ હે જંભા ! તેં કરેલો પ્રભુસ્મરણનો કરાર તું શું ભૂલી ગયો ને વિષમય માયાના પ્રવાહમાં ડૂબી ગયો ? જંભારામ તો નિર્વાણ મહારાજની વાણી સાંભળી ચકિત થઈ ગયા ! જંભારામ વિચાર કરવા લાગ્યો હતો કે હું કદી સૂરત આવ્યો નથી. આજે પહેલી જ વાર જીવનમાં આવું છું અને મેં કદી કોઈ સંતની મુલાકાત કરી નથી અને કોઈ કરાર પણ નથી કર્યો છતાં આ બાવો શું બકે છે? તેથી આશ્ચર્ય વ્યકત કરતા જંભારામે જવાબ આપ્યો હતો :''બાબા! મેં કદી કોઈ સાથે કોઈ પણ કરાર કર્યો જ નથી. તમને હું પહેલવહેલો તો મળ્યો છું. તમારી કંઈ ભૂલ થતી હશે બાબા !'' નિર્વાણ મહારાજે સ્મિત કરતા કરતા કહ્યું કે ''મારી કંઈ ભૂલ નથી જંભા તારા પૂર્વ જન્મનો મને ખ્યાલ છે. તેં પ્રભુ ભજનનો કરાર

કર્યો હતો. સંસારમાં જન્મ લઈને તું પ્રભુને પણ ભૂલી ગયો અને કરારની પણ તને વિસ્મૃતિ થઈ ગઈ લાગે છે.'' જંભારામે ઈન્કાર કરતા કહ્યું કે ''માફ કરો, બાબા ! મારાથી ન તો ભજન થઈ શકે, ન તો મારાથી સંસાર છૂટી શકે'' જંભારામ ત્યાં જરા પણ ઊભા રહ્યા ન હતા. મંદિરની બહાર તરત જ નીકળી બજાર જોવા નીકળી ગયા હતા. ખરેખર જોવામાં દિલ લાગતું ન હતું. સંતની વાણી જ યાદ આવ્યા કરતી હતી.

છઠ્ઠે દિવસે ઘરે પહોંચ્યા ત્યારે જ જંભારામને નચિંત થઈ હતી. ખરેખર તેના હ્યદયમાં સંતવાણી સાંભળીને ઘમસાણ જાણે મચી ગયું હતું. સૂરત આવવાનો પણ જાણે પસ્તાવો થતો હતો. આવા સાધુઓ ભોળવી નાખતા હોય છે. ફરીવાર સૂરત જવું નહિ એવા નિર્ધાર સાથે જંભારામે લંબાવ્યું હતું. જંભારામ બીજાને પણ ચેતવતા કે સૂરત જવાનું થાય તો ચેતીને જજો. ત્યાં ઢોંગી સાધુઓ રહે છે ને ચિત્ત ભમાવી દેતા હોય છે ! કોઈ કારણ પૂછતું તો પોતાને થયેલો અનુભવ કહી સંભળાવતા હતા.

જંભારામના ચૈતન્યને સંતવાણી હલાવી તો ગઈ હતી. એનો પ્રભાવ દિવસો સુધી રહ્યો હતો. જેમ જેમ સમય વ્યતીત થતો ગયો તેમ તેમ જંભારામના ચિત્તને શાંતિ વળતી ગઈ હતી. પ્રભાવ ઓસરતો ગયો તેમ જંભારામ શાંતિથી જીવન ગુજારતા હતા. સયમને વીતતા વાર લાગતી નથી. તેમાં પણ સુખના દિવસો તો અમથા જ વીતી જતા હોય છે. પાંચ વર્ષ તો જાણે પલકારામાં વીતી ગયા! જંભારામના એક દિવસ અચાનક પત્ની બિમાર પડી. ટુંકી બીમારીમાં પત્ની મરણને શરણ થઈ ! જંભારામ શોક સાગરમાં ડૂબી ગયો ! જંભારામને પત્ની માટે અનુરાગ ઘણો હતો. સુંદર સ્વરૂપવાન પત્ની મળ્યાનો તેમને ગર્વ હતો. યુવાનોમાં તેની ગણના થતી હતી. તેવી પત્નીની વિદાયથી જંભારામ શોકાતુર થઈ ગયો હતો ! તેનું શરીર પણ નિર્બળ થવા માંડયું હતું. તેનાં સગા સંબંધીઓ જંભારામને શોક ન કરવા ઘણું મનાવતા હતા. કેટલાંક તો બીજી પત્ની કરવા સમજાવતા હતા. પણ જંભારામને તો ચિત્તમાં પેલી સંતવાણી જ પડઘાતી હતી. તેઓ ખાસ માણસોને કહેતા કે ''મારી દવા તો એક સૂરતમાં વૈધ છે તે જ કરી શકશે. તે મારું દર્દ બરાબર જાણે છે

માટે મને સૂરત લઈ જાવો !'' આખરે વહાણમાં જંભારામને તેમના મિત્રોએ સૂરત પહોંચાડયા હતા.

સૂરત ઊતરીને તેઓ સંત નિર્વાણ મહારાજના ધામમાં જ પહોંચી ગયા હતા. જંભારામને જોઈને સંત ઉમંગથી બોલી ઉઠયા હતા : ''જંભારામ, તારા આગમનની જ હું રાહ જોતો હતો. આવ બેટા, આવ !'' કહેતા સંત તો જંભારામને ભેટી પડયા હતા. ''તું તો પરભવનો સંસ્કારી આત્મા છે. હું તને કેમ ભૂલી શકું ? તું મારો છે !'' નિર્વાણ મહારાજે જંભારામને પોતાના ધામમાંજ રોકી રાખ્યા હતા. જંભારામને પોતાનું નીચું કુળ, પોતાને પાપી વ્યવસાય અને પોતાની અણઆવડત મૂંઝવણમાં ડૂબાડતા હતા. સંત નિર્વાણ મહારાજે સાથે રાખીને તેના મનને નવડાવી શુધ્ધ કરવા પ્રયત્ન કર્યો હતો. એક દિવસ જંભારામે સંતને સીધો જ પ્રશ્ન કર્યો હતો : ''બાબા! મારા જેવો અધમ પાપી પ્રભુનું ભજન કરી શકે ખરો ? પ્રભુ ભજનથી જીવનો ઉધ્ધાર થઈ શકે ?'' નિર્વાણ મહારાજે સમજાવતા કહ્યું હતું કે ભકિત કરીને જ સંતોએ પોતાના જીવનનો ઉધ્ધાર કર્યો છે. નાતજાત એમાં વચ્ચે નડતી નથી. તું પણ તારી જાતનો ઉધ્ધાર કરી શકશે, ચિંતા ન કર !''

સંતના સમાગમથી જંભારામના હૃદયાકાશમાં અજવાળું થતું ગયું. અનેરી સમજ પ્રગટતી ગઈ પરિણામે શોકનો સાગર તે તરી શકયો હતો. હવે તેના મનમાં ભૂતકાળ, સુંદર સ્ત્રી, માલમિલકત આદિ સર્વ વિચારો દૈવી કરણ પામી ચૂકયા હતા. હવે તેનું હૃદય ભકિતની ગંગામાં સ્નાન કરતું થયું હતું. પ્રભુ પરાયણતા તેના જીવનમાં પ્રાદુર્ભાવ પામતી જતી હતી.

**બાવરે યહ સુપના સંસાર !**

**મેરા મેરા મત કર પ્યારે, તેરા નહિ ઘરબાર !**

**બાવરે યહ સુપના સંસાર !**

**માત તાત સુત બાંધવ નાહિ, તેરી નહિ ઘરાનાર !**

**બાવરે યહ સુપના સંસાર !**

**દો દિનકી યહ દુનિયાદારી, મિજ માના દિન ચાર !**

**બાવરે યહ સુપના સંસાર !**

**કાલ ઝપટસે ઊડ ગયે હૈ આખિર પાંવ પસાર !**
**બાવરે યહ સુપના સંસાર !**
**જંભારામ અબ ગફલત છાંડી સાહિબ નામ સંભાર !**
**બાવરે યહ સુપના સંસાર !**

હવે વિવેક ને વૈરાગ્ય પરિપક્વ થતાં જતા હતા. તે મંગલ ક્ષણને પારખી લઈ સંતની કૃપા તેના પર સતત વરસતી રહેતી હતી. તેનામાં પ્રભુ ભક્તિની અપૂર્વ મસ્તી પ્રગટે તે માટે સંત રાતદિવસ તેની સંભાળ રાખ્યા કરતા હતા. એક માતા બાળકને સંભાળે તેમ સંત તેને હૂંફ અને પ્રેમ આપતા હતા. રાત્રે સંતધામમાં ભજનોની રમઝટ મચતી ત્યારે જંભારામના હૃદયમાં પણ પૂર ઉમટતું હતું. મોડી રાત સુધી નવા નવા પદો જંભારામના મુખેથી નીકળતાં અને મસ્તીથી ગવાતાં હતાં. હવે તેને નથી સંસારની યાદ સતાવતી કે નથી તેને પોતાની વ્હાલી પત્ની યાદ આવતી. તેનું વિરાગી મન હવે તો પૂરબહારમાં પ્રભુની યાદમાં જ નિમગ્ન રહે એવું તૈયાર થઈ ગયું હતું તેને પારખી સંતે તેને ઉર્ધ્વગામી બનાવવા માર્ગદર્શન આપ્યું હતું.

જંભારામને પ્રેમથી સાથે રાખી તેના હૃદયમાં વિશ્વાસ જગાડયો હતો. તે વિશ્વાસની માત્રા દૃઢ થઈ ત્યારે સમયને પારખીને સંતે જંભારામને પ્રભુભક્તિનો આદેશ આપ્યો હતો અને માથા પર હાથમૂકી આશીર્વાદ આપ્યા હતા. ગિરનાર તરફ જઈ એકાન્તમાં પ્રભુની ભક્તિમાં નિમગ્ન બની જવાનું સ્પષ્ટ માર્ગદર્શન મળતાં જંભારામે સૂરતથી જળ માર્ગે ઘોઘા જઈ ત્યાંથી ગિરનાર પહોંચી જવા પ્રયત્ન કર્યો હતો. સંતના હાથે સંસ્કાર પામેલું તેમનું મન ગિરનારની ભવ્યતામાં ડૂબી ગયું હતું. વર્ષો સુધી પ્રભુભક્તિમાં જંભારામ નિમગ્ન રહ્યા હતા. આહાર, નિદ્રા, તરસ આદિ પર સંપૂર્ણ વિજય પ્રાપ્ત કરી લીધો હતો. આખરે સાધના તેમની ફળી હતી અને એક ધન્ય ક્ષણે પ્રભુએ સાક્ષાત્ પ્રગટીને જંભારામને દર્શન આપી કૃતાર્થ કર્યા હતા. પ્રાણાન્તે દર્શન આપવાનું વરદાન આપી પ્રભુએ તેમને વિભૂષિત કર્યા હતા.

ત્યાર પછી પ્રભુમય જીવન જીવતા જીવતા તેમણે સમસ્ત ભારતની યાત્રા કરી હતી. દ્વારિકા, સોમનાથ, કાશી, હરિદ્વાર,

બદ્રીકેદાર, અયોધ્યા, પંઢરપુરે, રામેશ્વર આદિ તીર્થોમાં ભ્રમણ કર્યું હતું. રસ્તામાં લોક સંગ્રહનાં કાર્યો પણ કરતા જતા હતા. આ રીતે નિર્વાણ મહારાજથી છૂટા પડયાને કુલ ચોવીસ વર્ષ વીતી ગયા હતા. સદ્‌ગુરુ નિર્વાણ મહારાજનાં દર્શનની ઈચ્છા બળવાન બની હતી. ફરતા ફરતા સૂરત તરફ પ્રયાણ કર્યું હતું. પરંતુ નિર્વાણ મહારાજે તો દેહ છોડી દીધો હતો. વિ. સં. ૧૫૭૦ની પોષ સુદ એકાદશીને દિવસે સંત અંતર્ધાન થયા હતા. તેમના સ્થાને તેમના શિષ્ય સદાનંદજી કાર્ય કરતા હતા. એક દિવસ સદાનંદજી મધરાતે ધ્યાનસ્થ થયા હતા તે દિવસે ગુરુ નિર્વાણ મહારાજે સદાનંદને આદેશ આપ્યો હતો કે ''મારો લાડીલો પુત્ર જંભારામ સૂરત આવી રહ્યો છે. તેણે બાર વર્ષ ગિરનારમાં ઉગ્ર તપશ્ચર્યા કરી છે અને બાર વર્ષ તીર્થ યાત્રામાં ભ્રમણ કરી મારા દર્શને આવી રહ્યો છે. તેનું પ્રેમથી સ્વાગત કરજે ! અનન્ય પ્રેમથી સન્માન કરજે !''

સદાનંદ જંભારામને તો ઓળખતા ન હોતા. ગુરુએ જે આદેશ આપ્યો તે આદેશ આપતી વખતે ગુરુદેવ ખૂબ જ પ્રેમઘેલા જણાતા હતા. તેથી સદાનંદને વિચાર આવતો હતો કે એ મહાપુરુષ કોણ હશે ? કેવા હશે ? ગુરુ આજ્ઞા અનુસાર સદાનંદે પૂર્વ તૈયારી કરવા માંડી હતી. તોરણ પતાકા આદિના શરગારો પણ કરવા માડયાં હતાં. મંદિર અને આશ્રમને બરાબર સજાવી દીધા હતા. શા માટે આ બધી તૈયારી થઈ રહી છે ત્યારે સદાનંદ ગરુના આદેશની વાત પોતાની રીતે કરતા હતા. તેથી સૌને આશ્ચર્ય થતું હતું. એક દિવસ જંભારામ આવી ચઢયા હતા અને સદાનંદને ગરુસ્થાને બિરાજેલા જોઈને આશ્ચર્ય પામ્યા હતા. ગુરુની આજ્ઞા અનુસાર સદાનંદે જંભારામનું સરસ ને ભવ્ય સ્વાગત કર્યું હતું અને સન્માન મળે તેવી વ્યવસ્થા પણ કરી હતી. જંભારામે ગુરુ કયાં છે એવો પ્રશ્ન કર્યો ત્યારે સદાનંદને ગુરુની સમાધિ પાસે લઈ જઈ સમાધિનું દર્શન કરાવ્યું હતું. જંભારામ તો બેશુધ્ધ થઈ સમાધિ પર પટકાય પડયા હતા ! થોડા સમય પછી સદ્‌ગુરુ નિર્વાણ મહારાજે જાતે પ્રગટ થઈ તેમને દર્શન આપ્યા હતા. આખરી જ્ઞાન આપ્યું હતું કે સદ્‌ગુરુને પરમાત્મામાં કશો ફરક નથી. નિર્વાણ મહારાજનાં સ્વરૂપમાં ફરીથી જંભારામને પરમાત્માનું દર્શન થયું હતું. દર્શન આપી સદ્‌ગુરુ ફરી અંતર્ધાન થઈ ગયા હતા. આ રીતે સદ્‌ગુરુ નિર્વાણ મહારાજે જંભારામની ઈચ્છા પૂર્ણ કરી હતી.!

## ૩૯. ધ્યાની સંત અભારામ

અભારામ સાવ અભણ હતા. એક તો સાવ ગરીબ અને તેમાં જાતે હરિજન. એટલે ભક્તિ તો કરી જ ન શકાય એવી એક માન્યતા. શૂદ્ર જાતિમાં જન્મેલા કોઈ પણ જીવ વેદ વાંચી પણ ન શકે અને સાંભળી પણ ન શકે એવો રિવાજ પ્રચલિત હતો. તેથી તેવા જીવે ભગવાનથી જાણે કે દૂર જ રહેવું પડે ! મંદિરના દરવાજા એવા લોકો માટે બંધ હતા. છતાં અભારામના હૃદયમાં ભક્તિનું બીજ અંકુરિત થયું હતું. તેને નિર્વાણ મહારાજ તરફ ભારે આકર્ષણ હતું. તેથી તે ઘણા સમયથી સંતધામની બહાર રહી ત્યાં થતી રહેતી પ્રવૃત્તિઓની માહિતી મેળવ્યા કરતો. એક દિવસ નિર્વાણ મહારાજની ચકોર નજરમાં તે ચઢી ગયો. સંત હૃદય દરિયા જેવું વિશાળ હતું. બહાર આંટા ફેરા માર્યા કરતા અભારામને એક દિવસ અચાનક સંતે પૂછ્યું : ''શું નામ છે તારું ? શા માટે આમ એકલો જ બેસી રહે છે ?'' અભારામે વિનયપૂર્વક જવાબ આપ્યો હતો : ''બાપજી, મારું નામ અભો. દર્શનની ઈચ્છાથી આવું છું.'' ''તો અંદર કેમ નથી આવતો ?'' ''બાપજી, અત્યંજ છું એટલે અમારાથી કેમ કરીને આવી શકાય ?'' સંતે સાવ નજીક જઈ અભારામનો હાથ પકડી લીધો. ''અભા, ઈશ્વરના દરબારમાં બધાં એક જ ગણાય. સંતધામમાં એવા નાતજાતના ભેદો નથી હોતા. તું તારે અંદર ચાલ અને અંદર બેસ.'' સંતે અભારામને આગ્રહપૂર્વક પ્રેમથી સંતધામની અંદર પ્રવેશ કરાવ્યો હતો તે ધન્ય ક્ષણ કાળ ભગવાનની રોજનીશમાં સદાને માટે નોંધાઈ ગઈ હશે !

અભારામ રોજ આવતો અને મહારાજને પગે લાગી આખો દિવસ સંતધામનો લહાવો માણતો. નિર્વાણ મહારાજની ઉદારતાથી તે અંજાઈ ગયો હતો. દર્શન શ્રવણ અને પ્રસાદ પામી અભારામના હ્યદયમાં પવિત્રતાનો પાવન પ્રકાશ દિન પ્રતિદિન પથરાતો જતો હતો. ''બાપજી, અમારાથી ભક્તિ થઈ શકે ?'' એવો પ્રશ્ન અભાએ સંતને સહજ રીતે પૂછી નાખ્યો હતો ત્યારે સંતે ખૂબ પ્રેમથી તેની પીઠ થાબડતા વાચા ખોલી હતી. : ''અભા, ભક્તિ થઈ શકે એટલું

જ નહીં પણ જીવનનો તું ઉધ્ધાર તે દ્વારા કરી પણ શકે છે. નીચ કુળમાં જન્મીને ઘણા ભકતોએ ભગવાનનાં દર્શન કરી જીવન કૃતાર્થ કર્યા છે. અભા ! તું પણ તે જ રસ્તે જનાર છે અને ભગવાનનો પરમ ભકત થનાર છે. તું તો આગલા ભવનો સંસ્કારી આત્મા છે, અભા !''

સંતે અભારામના સંસ્કારો બરાબર પારખ્યા હતા. ધ્યાન વિષે તેને ઘણો રસ હતો. તેની બેસવાની રીત પણ ધ્યાની સંત જેવી જણાતી હતી. તેથી નિર્વાણ મહારાજ ધ્યાન યોગની રસિક વાતો પણ કર્યા કરતા હતા. ઘરે જઈ અભો થાય તેટલા પ્રયોગો કર્યા કરતો હતો એટલે અભાના લોહીમાં સંસ્કારો ઝડપભેર જાગૃત થતા જતા હતા. એક દિવસે યોગ્ય સમયે નિર્વાણ મહારાજે કૃપા કરી અને અભારામને મંત્રદીક્ષા આપી હતી. માથા પર હાથ રાખી આશીર્વાદ આપતાં કહ્યું હતું કે : ''અભા, આ રીતે રોજ ધ્યાનમાં બેસજે અને મંત્ર પણ જપજે !'' બસ, ત્યારથી અભાનાં અંતરમાં અપાર આનંદ વ્યાપી ગયો હતો. હરિજન વાસમાં જઈને તે દરરોજ આનંદથી ભકિતભાવપૂર્વક ધ્યાન ભજન કર્યા કરતો હતો. તેના આઠ દસ સાગરીતોને પણ નિર્વાણ મહારાજની અપૂર્વતાની વાતો કર્યા કરતો અને હૃદયામાં રહેલા ભકિત તત્ત્વને ખીલવ્યા કરતો હતો. જે દિવસથી ગુરુએ દીક્ષા આપી તે દિવસથી અભો સંતધામામાં આવતો બંધ થઈ ગયો હતો. ઘરની ઝૂંપડીને જ તેણે ગુફા બનાવી ગુરુ આજ્ઞાનું સફળતાપૂર્વક પાલન કર્યું હતું.

છેલ્લા એક મહિનાથી અભારામ સંતધામમાં દેખાયો નથી તેની નોંધ નિર્વાણ મહારાજે અચૂક કરી હતી. તેમણે અવાર નવાર અભો કેમ નથી જણાતો તે વિષે પૂછયું પણ હતું. પરંતુ સાચી હકીકત કોઈને જ ખબર ન હોતી. એવામાં હરિજનવાસમાંથી કટલાક લોકો મહારાજ પાસે આવી લાગ્યા હતા. તેઓ અભા વિષે ફરિયાદ કરવા જ આવ્યા હતા. અભો છેલ્લા એક માસથી ખાધાપીધા વગર ધ્યાનમાં જ બેસી રહે છે તેથી તેના સાગરીતોને તે દેહ છોડી દેશે એવી ચિંતા થતી હતી. તેનું શરીર ઉપવાસોથી સાવ પાતળું બની ગયું હતું. મહારાજને તેઓએ આ બધી વાતો કરી એટલે નિર્વાણ મહારાજ ખુદ હરિજનવાસમાં તેઓ સાથે ગયા હતા. સાથે આવેલા

હરિજનોને સંગાથે આવ્યા હતા તેથી તેઓના હૃદયમાં ખૂબ જ ઉમંગ પણ જણાતો હતો.

હરિજનવાસની નાની વસાહતમાં અભાની નાની સરખી ઝૂંપડીમાં નિર્વાણ મહારાજે જ્યારે પ્રવેશ કર્યો ત્યારે અભો ધ્યાનસ્થ હતો. તેનું શરીર પાતળું થઈ ગયું હતું છતાં તેના ચહેરા પર અનન્ય પ્રકારના તેજની ઝલક હતી. મહારાજે તેની યોગ્યતા પરખી લીધી હતી. મહારાજનાં હૃદયમાં પણ અનેરો આનંદ ઉપજ્યો હતો. અભાએ જ્યારે આંખો ખોલી ત્યારે તે સદ્ગુરુ નિર્વાણ મહારાજને જોઈ ગાંડો ઘેલો થઈ ગયો. તેણે તો ઊભા થઈ મહારાજનાં પગ પકડી લીધાં અને આનંદના આંસુઓથી પગ ધોતો હોય તેમ ભીના સ્વરે બોલવા લાગ્યો હતો : "બાબા ! મને ધન્ય કરી દીધો. મારા જેવા કંગાલ ગરીબની ઝૂંપડીમાં તમારા પાવન પગલાંથી બાબા સાક્ષાત્ સ્વર્ગ ઊતર્યું! બાબા મને ભકિત શીખવાડી ઉજમાળો બનાવ્યો. આ બધું ઋણ કયારે ચૂકવાશે, બાબા !" અભાના માથે હાથ મૂકી નિર્વાણ મહારાજે આનંદ વ્યકત કરતા જણાવ્યું હતું : "અભા તું પ્રભુનાં દર્શન કરશે એટલે ઋણ ચૂકતે થઈ જશે ! પ્રભુની જ આજ્ઞાથી મેં તને ભકિત તરફ વાળ્યો ને તેની જ કૃપાથી અહી આવવાનું પણ થયું છે. અભા, તું એક મહિનો ન આવ્યો ને પ્રભુની મસ્તીમાં ડૂબી ગયો તેથી અમો અહી આવ્યા છીએ. તારી ભકિતથી અમને ખૂબ આનંદ છે, પણ તું ખાધાપીધા વિના આ સ્થળે રહે તેની અમને ચિંતા થઈ!" અભાને ખભો પકડી નિર્વાણ મહારાજ ઊભો કરવા લાગ્યા એટલે અભાએ ઊભા થઈને હાથ જોડી મહારાજને વિનંતી કરી : "બાબા, જુઓને હું કેવો દુર્ભાગી છું કે તમારો સત્કાર પણ કરી શકતો નથી." નિર્વાણ મહારાજે પોતાના બાહુપાશમાં લઈ આલિંગન આપતાં કહ્યું : "ભલા માણસ તારા હૃદયમાં અમારું કાયમનું આસન છે જ ! હવે બીજા આસનની શી જરૂર ? જો અભા, આજે એક વિશેષ વાત કહું. તારે માટે હવે આ જગ્યા યોગ્ય નથી. તું પ્રભુની મસ્તીમાં વધુ સારી રીતે નિમગ્ન થઈ શકે એટલા માટે તારે હવે સ્થાન બદલવું જોઈએ. પશ્ચિમ દિશા તરફ ચાલવા માંડ અને પેલો ગિરનાર તારી રાહ જુએ છે. ત્યાં પ્રભુનાં દર્શન કરી કૃતાર્થ થા." અભો મહારાજની વાણી આનંદથી

સાંભળી રહ્યો. તેના સાગરિતો મહારાજની વાણી સાભળીને આશ્ચર્ય ચકિત થયા હતા. તેઓ તો એવી અપેક્ષા રાખતા હતા કે મહારાજ અભાને જમાડશે અને ભૂખ્યા ન રહેવાની સલાહ આપશે. તેને બદલે મહારાજે તે વિષે તો કાંઈ કહ્યું જ નહી. બલકે આ સ્થાન છોડી જવાની આજ્ઞા કરી. પરંતુ અભાના હૃદયમાં અજવાળું અજવાળું થઈ ગયું. મહારાજની વાણીમાં જે સત્ય રહ્યું હતું તે અભા સિવાય બીજું કોણ સમજી શકે ? મહારાજની વાણીનો થોડો અમલ કરવાથી અભાએ જે મહાસુખનો સ્વાદ માણ્યો તેનો ખ્યાલ તે પેલા સાગરીતોને કેવી રીતે આવે ? અભાએ સદ્દગુરુને હાથ જોડી સંમતિ સૂચક શબ્દોમાં કહ્યું : ''બાબા, આજે જ જવા તૈયાર છું. બધું જ છોડી શકાશે પણ પ્રભુનું નામ હવે મારાથી છૂટી શકશે નહિ. આપની કૃપાથી જ એ બન્યું છે તો હવે આ જગ્યાનો પણ મને મોહ નથી.''

બીજે દિવસે અભારામે સૂરત છોડયું અને પશ્ચિમ દિશા તરફ પ્રયાણ કર્યું હતું. દસ દિવસમાં અભારામે ગિરનારનાં દૂરથી દર્શન કરી સદ્દગુરુ નિર્વાણ મહારાજને યાદ કર્યા હતા અને માનોમન નમસ્કાર કરી સૌરાષ્ટ્રની ધરતીની ધૂળ માથે ચઢાવી હતી. કહેવાય છે કે અભારામે બરાબર બાર વર્ષ સુધી ગિરનારમાં તપશ્ચર્યા કરી હતી. ભૂખ, તરસ ને નિદ્રા પર સંપૂર્ણ વિજય પ્રાપ્ત કર્યો હતો. એક દિવસ ઉઘાડી આંખે જ પ્રભુ એ દર્શન આપી તેને કૃતાર્થ કર્યો હતો. પ્રભુએ તેને પરમ ભકિતનું વરદાન પણ આપ્યું હતું. ત્યાર પછી અભાએ ઉત્તરાખંડ તરફ તીર્થયાત્રા કરતા કરતા ત્રણ વરસે સૂરત તરફ જવા પ્રયાણ કર્યુ હતું અને સદ્દગુરુનાં દર્શન કરી જીવનને ધન્ય બનાવ્યું હતું. ત્યાર પછી ગુરુ આજ્ઞાથી અભો દક્ષિણની યાત્રાએ ઉપડયો હતો.

નીચી જાતમાં જન્મેલા લોકોને ભકિતની ગંગામાં સ્નાન કરાવી લોક કલ્યાણના કાર્યને વેગવંતુ બાનાવ્યું હતુ. ધનિક વર્ગને સંતોનો સમાગમ સરળતાથી મળી રહેતો હોય છે. પણ ગરીબ ને નીચી જાતિના લોકોને સંતોનો સમાગમ એટલો સહેલો નથી હોતો. તે સમયની રૂઢિચુસ્તતા અને માન્યતાઓ પણ તેમાં ભાગ ભજવતી હતી. છતાં તે સૌને અવગણીને સંત નિર્વાણ મહારાજે ભકિતની ગંગા એવી

રીતે વહેતી કરી હતી કે સૌ કોઈ વિના વિલંબે તેમાં સ્નાન કરી શકે. તે કારણે જ અભારામ જેવા સંતો પાકયા હતા તેનો દાખલો લઈ બીજા અનેક નાના મોટા સંતોએ ગરીબોની સેવા કરી હતી તે હિન્દુ સમાજ કદી ભૂલી શકશે નહિ.

## ૪૦. દયાની સંત નથ્થુ સાહેબ

આજે પણ મહુવા ગામ પૂર્ણા નદીને કિનારે જ વિકસેલું છે. છ સદી પહેલાં પણ તે ત્યાં જ હતું. ત્યારે વસતી ઓછી હશે. તે ગામમાં નાથુ નામે એક ભીલ રહેતો હતો. તે નદીની સામે કિનારે જંગલમાં જતો ને લાકડા કાપીને લઈ આવતો. લાકડા વેચવાનો તેનો ધંધો હતો. નદીની રેલમાં પણ જે લાકડા તણાય ને આવતા તે ચોમાસામાં સારો તરવૈયો હોવાથી લાકડા બહાર કાઢ્યા કરતો. આ રીતે લાકડા ઘણા એકત્ર થઈ જતા તો તે ગાડામાં ભરી સૂરત સુધી વેચવા પણ જતો. સૂરતમાં ભાવ પણ સારો મળતો એટલે તેવી સફર તેને ગમતી. તેણે સાંભળ્યું હતું કે સૂરતમાં માગસર મહિનામાં સંતોના ટોળા આવવાનાં છે. મેળા જેવું ભરાશે એટલે તે સમયે લાકડા સારા ભાવે વેચાશે એવી આશાથી તે માગસર સુદ પૂનમને દિવસે ગાડું ભરીને લાકડા વેચવા સૂરત આવ્યો હતો.

લાકડા તો તરત જ વેચાઈ ગયેલા, ભાવ પણ મોં માગ્યો મળેલો. બજાર કરવા તે ગયો ત્યારે તેણે સંતોનો મેળાવડો જોયો હતો. મેદાનમાં સંતોના ઘણા બધા તંબૂઓ દેખાતા હતા. તે તંબૂએ તંબૂએ ફરતો હતો. એક તંબૂમાં તે આશ્ચર્ય ચકિત થયો હતો. તેને જાણે પહેલેથી જ ઓળખતા હોય તેમ સંતોએ આવકાર આપ્યો હતો. તેનું નામ દઈ તેઓ બોલાવતા હતા તેથી તેને આશ્ચર્ય થતું હતું. તે વિચાર કરતો હતો કે કદી આ સંતને હું મળ્યો નથી છતાં તે મને નામથી બોલાવીને કહે છે કે ''તું અમને ભૂલી ગયો ?'' ખરેખર મને તો કંઈ યાદ આવતું નથી. છતાં તે તંબૂમાં તેને બેસી રહેવાનું જાણે મન થયા કરતું હતું. તે વાત નકકી. તેના હૃદયમાં પણ કંઈ આકર્ષણ તે જરૂર અનુભવતો હતો. જે સંતને બધા પગે

લાગતા હતા તે સંત નાથુની પાસે આવીને ઊભા રહ્યા ને પૂછયું: ''શું નથ્થુ ! તને ભૂતકાળ કંઈ યાદ આવતો જ નથી ?'' નાથુ ડોકું ધુણાવી ના ભણતો હતો. સંતે આખરે કહેલું કે જો તારે ભૂતકાળ જોવો હોય તો આવજે મધરાતે અહી ! નાથુ ને ખરેખર એમાં રસ પડયો હતો. તેથી તેણે બળદગાડું લાવીને તે તંબૂ પાસે છોડી રાત ત્યાં જ ગુજારવા વિચાર કર્યો હતો. મધરાતે જરૂર કંઈ ચમત્કાર જોવાનો મળશે એવું તે માનતો હતો.

મધરાતે નિર્વાણ મહારાજે તેના પર કૃપા કરી તેને આગલા ભવની સ્મૃતિ કરાવી હતી. તેના ગુરુ કેશોદાસ હતા. તેમણે તેને શાપ આપ્યો હતો. ભૂલનો એકરાર કરવાથી તેનો ઉધ્ધર નિર્વાણ મહારાજને હાથે થશે એવી ગુરુ કેશોદાસે છૂટ મૂકી હતી. બાજુમાં બેસેલા અચલદાસ પણ તે પ્રસંગના સાક્ષી હતા. આ બધું તેના માનસપર સ્પષ્ટ દેખાયું હતું. તે વખતે તેને દેહનું ભાન રહ્યું ન હતું. છતાં જયારે જાગૃત થયો ત્યારે તે આનંદના અનુભવથી અભિભૂત થઈ ગયો હતો. એક ભૂલને કારણે તે ગરીબ કિરાત-ભીલના ઘરે જન્મ્યો હતો ને તેને ગુરુની શકિત જ લાકડા વેચવા માટે સૂરત લઈ આવી હતી એ બધા વિચારો તેની પ્રસન્નતામાં વધારો કરતા હતા. તેના હૃદયમાં સદ્‌ગુરુ નિર્વાણ મહારાજ માટે અહોભાવની ભરતી ચઢી હતી તેથી તેણે ઊભા થઈ નિર્વાણ મહારાજના ચરણો પકડી લીધા હતા અને વિનંતી કરવા લાગ્યો હતો: ''ગુરુદેવ ! મારો ઉધ્ધર કરો. હું ગરીબ અજ્ઞાની છું. તમારે શરણે આવ્યો છું. તમે કૃપા કરી પરભવનાં દર્શન કરાવ્યા તો હવે ફરીથી મારાથી કંઈ ભૂલ ન થાય તેવી સદ્‌બુધ્ધિ આપો ! ગુરુ આજ્ઞાનું બરાબર પાલન કરી શકું તેવુ સામર્થ્ય આપો ! હવે તમે જ મારા તારણહાર છો, ગુરુદેવ !''

નિર્વાણ મહારાજે નાથુનાં હૃદયમાં અનન્ય ભકિતનો પ્રાદુર્ભાવ થયો છે તે જોયું. તેનામાં પૂર્વ જન્મના પ્રબળ સંસ્કારો જાગૃત થઈ ગયા છે તે સ્પષ્ટ થઈ જતું હતું. તે હવે સર્વસ્વનો ત્યાગ કર્યા વિના જંપવાનો નથી એવી એંધાણી મળતા સદ્‌ગુરુ નિર્વાણ મહારાજે તેના શિર પર હાથ મૂકી આશીર્વાદ આપ્યા હતા : ''બેટા નથ્થુ! જા, તું તારી મનોકામના પૂર્ણ કરશે ! હવે હિમાલયની ગિરિકંદરાઓ

તને સાદ કરીને બોલાવે છે, ત્યાં જઈ ગુરુ આજ્ઞાનું પાલન કરજે! પણ ત્રણ દિવસ આ મેળાવડામાં રોકાઈ જા ! આવ્યો છે તો આનંદ માણ !'' નાથુએ ઈન્કાર કરતાં કહ્યું કે ''ગુરુદેવ હવે મારું ભાગ્ય ઉઘડી ગયું છે. હું સાવ પતિત, અપવિત્ર ને ગરીબ-આ પાવન મેળામાં ત્રણ દિવસ મારાથી કેવી રીતે રહેવાય ? હું હવે તો પવિત્ર થઈને જ તમારા ચરણોમાં ફરીથી આવીશ ને ત્રણ દિવસ આ સ્થળે રહીશ. હવે તો રજા આપો મને ગુરુદેવ''

નિર્માણ મહારાજે નાથુને સંમતિ સૂચક વરદ હસ્ત ઊંચો કર્યો ને રજા આપી હોય તેમ નાથુ ઉમંગમાં જવા લાગ્યો હતો. નાથુએ બળદગાડું જોડી મહુવા પહોંચી ગયો હતો. તેને છોડવાનું શું હતું? ભાંગીતૂટી એક ઝૂંપડી ! પરણ્યો તો હતો જ નહિ ! બળદગાડુ ભાડાનું હતું તે સોંપ્યુ ને જન્મભૂમિને રામ રામ કરતો તે તો નીકળી પડયો હિમાલય જવા ઉત્તર તરફ ! તેના હૃદયમાં ગુરુવાણીનું બળ હતું. તેના હાથ પગમાં ગુરુના આશીર્વાદથી અનેરું સામર્થ્ય પ્રાપ્ત થયું હતું ! પરભવનાં દર્શનથી તે ગૌરવાન્વિત બન્યો હતો. તેને કોઈ રોકી શકે એમ હતું નહિ ! તેનો જોમ જુસ્સો તેની ચાલમાં સ્પષ્ટ વર્તાતા હતા. હિમાલયની ગોદમાં સૂતા વિના તેને કયાંય ચેન પડે એમ હતું જ નહિ.

હિમાલયની ગિરિકંદરાઓમાં ધવલગિરિ પર આરોહણ કરી તેણે એક ગુફામાં પોતાની બેઠક જમાવી હતી. દિવસો નહી, મહિનાઓ નહી પણ સો વર્ષ વીતી ગયા છતાં ગુરુ આજ્ઞાનું પાલન કરતો નથ્થુ વાર્ધકયને આરે પહોંચી ગયો તો પણ નથ્થુ ધ્યાનભજનમાં મસ્ત રહેતો હતો. તેના શરીરની અવસ્થા બદલાઈ ચૂકી હતી. કાળાના ધોળા વાળ થઈ ગયા હતા. તેના મનમાં અતીતની સ્મૃતિ એક દિવસ જાગી અને સદ્‌ગુરુ નિર્વાણ મહારાજની યાદ અને સૂરતના સંત મેળાનું દિવ્ય દર્શન તાજું થયું હતું. તેણે ગુજરાત જઈ ગુરુના ધામમાં ત્રણ દિવસ રહેવાનું વચન આપેલું તે પૂર્ણ કરવાનો નિર્ધાર કર્યો હતો. હિમાલયની પાવન ગોદ છોડી તેણે ગૂજરાત તરફ જવા પ્રયાણ કર્યુ હતું.

પૂરા ત્રણ મહિને નાથુમાંથી થયેલા નથ્થુ સાહેબ સૂરત પધાર્યા હતા. આગલી રાતે સંત ધામના આચાર્ય હીરાદાસને ધ્યાનમાં સદ્‌ગુરુ

નિર્વાણ મહારાજે આદેશ આપ્યો હતો કે મારો નાથુ આવે છે ! તેનો પ્રેમથી સત્કાર કરજે ! તે હવે ખૂબ સમર્થ પુરુષ છે. તેના સમાગમનો લાભ પણ લેજે !'' પૂરા એકસો પાંચ વર્ષ પછી નથ્થુ સાહેબ સૂરત પધાર્યા હતા. નિર્વાણ મહારાજ વિદેહ થયાને પૂરા સો વર્ષ થઈ ગયા હતા. ત્યાર પછી સદાનંદ મહારાજ આ સંતધામના આચાર્ય હતા. તેઓ પણ વિદેહ થઈ ગયા હતા. તેમને સ્થાને સંત હિરાદાસ વહીવટ સંભાળતા હતા. હિરાદાસે સંત ધામને બરાબર શણગાર્યું હતું. નથ્થુ સાહેબને ધ્યાનમાં જોયેલા એટલે દૂરથી પારખી લીધા હતા અને તેમના ચરણોમાં માથુ ઢાળી દીધું હતું. ખૂબ પ્રેમથી નથ્થુ સાહેબનો સત્કાર કરવામાં આવ્યો હતો. આગલી રાતે થયેલો અનુભવ કહી સાંભળીને નથ્થુ સાહેબને પણ આશ્ચર્ય ચકિત કર્યા હતા. સદ્દગુરુ નિર્વાણ મહારાજની સમાધિ પર લઈ જઈ નથ્થુ સાહેબને સદ્દગુરુનાં દર્શન કરાવ્યા હતા. ગુરુનો ધ્યાનસ્થ દશામાં નથ્થુ સાહેબને સાક્ષાત્કાર થયો હતો અને વાતચીત પણ થઈ હતી. ગુરુએ ધવલગિરિ જઈને પ્રભુમાં વિલીન થવાનો ફરીથી આદેશ આપ્યો હતો. ત્રણ દિવસ રહીને નથ્થુ સાહેબે ખરેખર ફરીથી હિમાલય તરફ પ્રયાણ કર્યું હતું.

## ૪૧. ઢીમર સંત જોધાજી

જોધાજી ઢીમર એટલે એક જાણીતું નામ. આખો ઢીમર સમાજ એનું માને. કોઈ પણ સમસ્યા ઊભી થઈ હોય અને ત્યાં જોધાજી હાજર ન હોય એવું બનતું નહિ. જોધાજી વિના કોઈ ઉકેલ આવતો જ નહિ. જોધાજી કોઈનું બગાડતા નહિ. સુધરે તો સુધારવા જ પ્રયત્ન કરતા. તેમના હૃદયમાં રહેલી સજ્જનતાની મહેક સમાજના દરેક પ્રસંગે વર્તાતી હતી. તે જોધાજી વિષે આજકાલ ચિંતાજનક વાતો થવા લાગી હતી. ''જોધાજી નીરસ બની ગયા છે. કોઈ કામમાં રસ લેતા નથી. એકલવાયા થઈ ગયા છે. સમાજની હવે તેને પડી લાગતી નથી. સમાજને તેનાથી જે લાભ થવો જોઈએ તે હવે થતો નથી.'' વગેરે ચર્ચાઓ ઢીમર સમાજમાં ઠેર ઠેર થયા કરતી હતી. મિત્રમંડળ પાસે જાઈ સમાજના વડીલો ફરિયાદ કરતા

હતા. પરંતુ મિત્રો પણ પોતાની અસહાયતાનું પ્રદર્શન કરતા હતા. જોધાજીનું મૌન, જોધાજીની ઉદાસીનતા, જોધાજીની ગેરહાજરી સૌ કોઈને સાલે એટલે એક દિવસ સમાજના આગેવાનો ખાનગીમાં ભેગા થયા હતા અને ''જોધાજીને ખરેખર શું થઈ ગયું છે?'' એની તપાસ કરતા હતા. જોધાજીનો ખાસ મિત્ર ગણાતો એક માણસ પ્રકાશ પાથરતા બોલ્યો હતો : '' જુઓ, ભાઈ ! એક દિવસ અમે બધા ઈચ્છતા હતા કે નિર્વાણ મહારાજ આપણા ફળિયામાં આવે તે માટે સત્સંગનું કોઈ આયોજન કરવું જોઈએ. તે માટે જોધાજીને અમે પસંદ કર્યા હતા. અમે તેની પાસે જઈ વાત રજૂ કરી હતી. પરંતુ તેણે ત્યારે પણ અમારી વાતને ઊડાડી દેવા પ્રયત્ન કર્યો હતો. તેને ન તો કોઈ સંતમાં કે ન તો કોઈ મંદિરમાં રસ હતો. છતાં અમે આગ્રહ કરેલો ને ટોણો મારેલો કે ''જો ભાઈ, તું આગળ પડતો ગણાય. સંત પાસે જવાની અમારી તો શી હિમ્મત ? અમે નાના પડીએ. અમને બોલતા પણ ન આવડે. ભગવાને તને શકિત આપી છે. તારી ઈજ્જત છે. એટલે તને અમે આગળ કરીએ છીએ. પરંતુ તું તો અમોને દૂર ધકેલે છે. અમો આવા જ નમાલા રહીએ તવું જ તું તો ઈચ્છે છે.'' અમારી આ વાત સાંભળીને તે સફાયો તૈયાર થયો હતો. તેણે સંત નિર્વાણ મહારાજ પાસે જવાની હા ભણી હતી. તે ગયો હતો. પરંતુ ત્યાંથી આવ્યા પછી તેને શું થઈ ગયું છે તે સમજાતું નથી. ખરેખર, સંત પાસેથી આવ્યા પછી જ તેનામાં કંઈ ફેરફાર થયો લાગે છે.

ખાસ અંગત ગણાતા માણસે આ વાત રજૂ કરી એટલે બધાં જ આશ્ચર્ય પામ્યા. બીજા સાગરીતોએ પણ પોતાને થયેલા અનુભવો કહ્યા હતા. એક દિવસ સવારના પહોરમાં અમે નદી કિનારે જાળ નાંખવા જતા હતા. ત્યારે નદી કિનારે ઝાડ નીચે એક માણસને પલાઠી વાળીને ટટાર બેઠોલો અમે જોયો હતો. પાસે જઈને અમે જોયું તો જોધાજી જાતે જ હતા. તેઓની આંખ મીચાયેલી હતી. અમે જોધાજીને હાક મારી હતી ત્યારે તેમણે આંખ ખોલી હતી. અમે પૂછયું હતું : '' આ શું કરો છો ? આમ એકાંતમાં છાના છાના શું કરી રહ્યા છો ? ધંધો મેલી શું કરવા માગો છો? અમને પણ કંઈ લાભ અપાવોને !'' ત્યારે તેમણે ગંભીરતાથી કહ્યું હતું કે

''તમારું કામ નહિ. તમે ભલે તમારો ધંધો કરતા. મને જે ઠીક લાગે તે કોઈને પણ નુકસાન કર્યા વિના હું કરું છું તે મને કરવા દો. ખલેલ ના કરો !''

બીજા એક ભાઈએ સુંદર છણાવટ કરી હતી. તેણે કહ્યું કે મેં જોધાજી સાથે કેટલીક ચોખવટ આ અંગે કરેલી. તેમણે મને કહેલું કે મારા હૃદયમાં ભગવાન માટેનો પ્રેમ જાગી ગયો છે. મારે પ્રભુનાં દર્શન કરવા છે. તેથી સંતને મેં પૂછયું તો તેમણે સ્પષ્ટ કહેલું કે ''પ્રભુને મળવું હોય તો પ્રભુ જેવા થવું પડે. પ્રભુ કોઈની હિંસા કરતા નથી. દરેકના કર્મ પ્રમાણે દરેકને ફળ મળે છે. પ્રભુ તે તટસ્થ રીતે જુએ છે. તું જો દરરોજ હિંસાનું કામ કરતો હોય તો પહેલા તે તું છોડી દે ! દરેક જીવ સાથે પ્રેમ કરવા મંડી પડ. તે પ્રભુને ગમશે. તો પ્રભુ તને એક દિવસ મળશે.'' એટલે તેમણે ધંધો છોડી દીધો છે. માછલા મારવાથી હિંસાનો ધંધો થાય છે. હિંસા પ્રભુને ગમતી નથી તેથી પહેલા તેમણે ધંધાને તિલાંજલી આપી છે. એકાંતમાં જઈને પ્રભુનું ધ્યાન ભજન કર્યા કરે છે. ખરેખર આપણે ખલેલ ન કરવી જોઈએ. છતાં જોધાજીને જાણે અજાણે વિઘ્નો નડયા જ કરતા હતાં. સૌ કોઈ પ્રેમથી તેમને વિનવતા હતા કે આપણાથી આપણો ધંધો છોડી ન શકાય. નહિ તો ઘરના માણસો ભૂખે મરે વગેરે દલીલોથી તેઓ વાજ આવી ગયા હતા. તેથી એક દિવસ જોધાજીનું સંત નિર્વાણ મહારાજનાં ધામમાં પહોંચી ગયા હતા ને ફરિયાદ કરી હતી : ''બાબા, તમે મને સાચો માનવ બનાવ્યો પણ અમારો સમાજ તે સમજી શકયો નથી. આખો સમાજ મને પજવે છે. તમે મને નરમાંથી નરોત્તમ થવાની ભૂખ જગાડી છે ત્યારે સગાં સંબંધીઓ વિઘ્નો જ ઊભા કર્યા કરે છે. માટે મને એવો રસ્તો બતાવો કે અડચણ દૂર થઈ જાય. જયાં કોઈ સગું આવી જ ન શકે અને આડખીલી કરી જ ન શકે. બાબા, હું તો હવે ખૂબ જ અકળાય ગયો છું.'' નિર્વાણ મહારાજે તેને શાબાશી આપી હતી અને સુંદર માર્ગદર્શન આપતાં કહ્યું હતું ''જા, તારા પર પ્રભુની મહેરબાની છે. તું સર્વસ્વને છોડીને પ્રભુની ગોદમાં બેસી જા. ઉત્તરાખંડની ગિરિગુફામાં પહોંચી જા, જયાં ન કોઈ સગું આવશે ન કોઈ અડચણ નડશે. ધ્યાન ભજન કરવાનું એવું એકાન્ત પ્રાપ્ત થશે

કે પ્રભુને તારી પાસે આવવું જ પડશે. જા મારો આશીર્વાદ છે. તું તારા કાર્યમાં સફળતા પ્રાપ્ત કરશે. છતાં ભૂખ ન સંતોષાય તો ફરીથી મારી પાસે આવજે !''

તે દિવસથી જોધાજી ઉત્તરાખંડની ગિરિકંદરાઓમાં વાસ કરી ભગવાનની ભક્તિ કરી રહ્યા હતા. સદ્‌ગુરુની કૃપાથી બધી જ અનુકૂળતા પ્રાપ્ત થઈ ગઈ હોય તેમ જોધાજી એકધ્યાન થઈ ગયા હતા. જોમ, જુસ્સો ને પાકો વૈરાગ્ય એટલે જોધાજી ખાવાનું, પીવાનું, ઊંઘવાનું બધું જ વિસરી જતા હતા. પ્રભુમયતામાં તલ્લીન થઈ જઈ પરમ સુખનું અમૃત સદા પિયા કરતા હતા. મસ્તી ખૂબ ચઢતી હતી અને પરમાનંદમાં નિમગ્ન બની જવામાં વાર પણ લાગતી ન હોતી. છતાં ભગવાને સાકાર સ્વરૂપે દર્શન દીધાં નહિ. એટલે દર્શનની તાલાવેલી તેમને પજવવા લાગી હતી. તે સમયે સદ્‌ગુરુ નિર્વાણ મહારાજનાં વચનો યાદ આવ્યા કે જો ભૂખ ન શમે તો મારી પાસે આવજે એટલે જોધાજીએ ફરીથી સૂરત તરફ જવા પગરણ માંડયા હતા.

એક દિવસ બરાબર બપોરના સમયે જોધાજી સંતધામમાં આવી ચઢયા હતા. વચ્ચેના ચોકમાં મહારાજ બેઠા હતા. જોધાજીને તેમણે ઓળખ્યા ન હતા. જોધાજીનો દેખાવ સાવ બદલાય ગયો હતો. શરીર તો શ્યામ હતું જ. પરંતુ તેજનો તેમાં ચળકાટ જણાતો હતો. આંખો તેજસ્વી જણાતી હતી. લાંબી દાઢી થઈ ગઈ હતી. વાળ ઘણા લાંબા થઈ ગયા હતા. ભરાવદાર શરીર તેમનું શોભતું હતું. પરંતુ ગુરુદેવે તેમને ઓળખ્યા નહિ એટલે તેમને પૂછયું : ''યોગીરાજ, આપ કયાંથી પધારો છો?''

''બાબા, શું આપ મને બિલકુલ ભૂલી ગયા ? હું જોધાજી'' સદ્‌ગુરુ હવે ઉમંગથી ઊભા થઈ અરે વાહ જોધાજી પધારો, પધારો! કહેતા જોધાજીને ભેટી પડયા હતા ! જોધાજીને સદ્‌ગુરુના શરીરમાં તે ક્ષણે પરમત્માનાં સાક્ષાત્ દર્શન થયા હતા. જોધાજીની ભૂખ ગુરુદેવે એ રીતે સંતોષી હતી. ત્યાર પછી જોધાજીને પરમાનંદની પ્રાપ્તિ થઈ હતી અને જીવનમાં કૃતાર્થતાનો અનુભવ થયો હતો.

## ૪૨. ભક્ત કવિ જાફરખાન

સૂરત શહેરમાં નિર્વાણ મહારાજનો પ્રભાવ સર્વત્ર પથરાયેલો જણાતો હતો. ગરીબ-તવંગર કે નાતજાતના કોઈ ભેદો નિર્વાણ મહારાજને નડતા ન હોતા. હિન્દુ હોય કે મુસ્લિમ, સૌ કોઈ સંતધામમાં વિના વિલંબે જઈ શકતું અને મદદ માંગી શકતું હતું. મદદ પણ મળી રહેતી હતી અને તેથી એક દૈવી મહાપુરુષ તરીકે નિર્વાણ મહારાજની ગણના થતી હતી. તેમના શુભ હસ્તે અનેક જીવોનું કલ્યાણ થયું હતું. ગરીબ લોકોના હૈયામાં ભકિતનાં બીજ અંકુરિત કરી તેમણે ભગવાન તો એક જ છે અને તે સૌનો તારણહાર છે એવું વિશ્વાસનું વાતાવરણ ઊભું કર્યુ હતું. ભક્ત કવિ જાફરખાન તે માટે દૃષ્ટાંતરૂપ બની ગયા હતા.

યુવાનવયે જાફરખાન એક કસાઈ તરીકે જાણીતા હતા. તેઓ પણ યુવાનીના મદમાં ઘાતકી સ્વભાવના હતા. તેમનાથી સૌ કોઈ ડરતું હતું. ગુસ્સામાં જાફર કસાઈએ અનેકને રહેંસી નાખેલા એટલે એક ભયાનક વ્યકિત તરીકે જ તેની ગણના થતી હતી. એમ પણ જોવા જઈએ તો દરરોજ જેણે હિંસા જ કરવી પડે છે તેનો સ્વભાવ સહેજે દયાહીન થતો જાય છે. હિંસક કૃત્યો જ કરવા ટેવાયેલા હાથોને પછી હિંસા કર્યા વિના જંપ ન વળે તે સ્વાભાવિક ગણાય. જાફર કસાઈનું નામ સાંભળતાં જ ઘણા માણસો ઘરમાં સંતાઈ જતા તે વાત ખોટી ન હોતી. તે જાફર કસાઈને ભગવાને એક દીકરો જ સંતાનમાં આપ્યો હતો. તે દીકરો તેને અતિશય વહાલો હતો. તેને ખાતર તે બધુ કરવા તૈયાર થઈ જતો. એક વાર એકનો એક દીકરો બીમાર પડયો. જાફર કસાઈએ ઘણી સારવાર કરી. વૈદ્યો ને હકીમો થાકયા. બીમારી સારી થતી જ ન હોતી. શહેરના જાણીતા હકીમોએ અને વૈદ્યોએ જયારે હાથ ધોઈ નાખ્યા ત્યારે તે સાવ નિરાશ થયો હતો. સાવ ઢીલોઢસ થઈ તે અસહાય સ્થિતિમાં મૂંઝવણમાં બેસી રહેતો. અચાનક તેને નિર્વાણ મહારાજની યાદ આવી. નિર્વાણ મહારાજના ચમત્કારોની ઘણી વાત સાંભળેલી એટલે તેણે નિર્વાણ મહારાજના ધામમાં જવાનો નિર્ણય કર્યો.

બરાબર બપોરના સમયે તે નિર્વાણ મહારાજ પાસે પહોંચી ગયો હતો. તેણે મહારાજના ચરણો પકડીને ''મારા લાલને બચાવો મહારાજ, બચાવો ! મારો એકનો એક દીકરો છે ! મહારાજ, તમે કહેશો તે કરીશ, પણ મારા દીકરાનું જીવન બચાવો, મહારાજ !'' ઘણી આજીજીપૂર્વક કાલાવાલા કર્યા. મહારાજ સૌને પહેલાં તો સાન્ત્વન આપે તેમ તેને પણ શાન્તવન આપ્યું. તેને શાંત કર્યો. પછી બીમારી વિષે પૂછપરછ કરી. અને ધીમેથી કહ્યું કે ''જો, જાફર, કર્માનુબંધ પ્રમાણે ચાલ્યા કરે છે. તારા નસીબમાં માત્ર એક જ દીકરો અને તે પણ હવે તેની સાથેનું તારું ઋણ પૂરું થવા આવ્યું હશે એટલે માણસ શું કરી શકે ? ન તારું ચાલે ન મારું ચાલે!''

મહારાજની વાણી સાંભળી જાફરખાન ચોધાર આંસુએ રડવા લાગ્યો હતો. રડતા રડતા તેણે ફરીથી મહારાજને ઘણા કાલાવાલા કર્યા હતા. ''તમે દેવ પુરુષ છો, મહારાજ ! ખુદાના દરબારમાં તમારી હાક વાગે છે ! તમારું વચન ખુદા સાંભળે છે, મહારાજ! બસ એક વાર, આટલીવાર, મારો દીકરો બચાવો ! હું તમે કહેશો તે કરવા તૈયાર છું !'' નિર્વાણ મહારાજ તો કરુણાના સિંધુ. દુ:ખિયારાની વાણી તેમના હૃદયને સ્પર્શી ગઈ ! એટલે મહારાજે કહ્યું: ''જાફર, તારા દીકરાને બચાવવા પ્રયત્ન કરું, પણ તારે સાથ આપવો પડશે. તારે તારો કસાઈનો ધંધો છોડી દેવો પડશે. આજ દિન લગી તેં તારા હાથે ઘણા નિર્દોષ જીવોનો સંહાર કર્યો છે. તે નિર્દોષની હાય તને પજવી રહી છે. એટલે તું ધંધો છોડ મારું કહ્યું કરવાનો હોય તો પ્રયત્ન કરું. બોલ, તૈયાર છે ?'' પુત્રને માટે જાફર કંઈ પણ કરવા તૈયાર હતો જ એટલે તેણે સત્વર હા ભણી ને મહારાજના ચરણોમાં માથુ ઢાળી દીધું. માથા પર હાથ મૂકી મહારાજે કહ્યું : ''જા, હું ખુદાને તારી વાત કરું છું. તું ઘરે જઈ તેને બકરીનું દૂધ પા !'' જાફરે મહારાજની આજ્ઞા શિરોમાન્ય કરી ચાલવા માડયું.

જાફર તો ઘરે જઈ આશ્ચર્ય ચકિત થઈ ગયો ! તેનો બીમાર દીકરો રમતો થઈ ગયો હતો. તેને બોલાવી, ચૂમીઓ ભરી, તેણે મહારાજે કહેલું એટલે બકરીનું દૂધ પીવડાવ્યું હતું. આ ઘટનાથી તેના ઘરમાં મહારાજ માટે સૌને વિશ્વાસ પેદા થયો હતો. જાફરના હૃદયમાં

કલાક બંદગીમાં ગુજારતો થઈ ગયો હતો. પરંતુ આવે ટાણે તેની ફરતેના માણસો તેને નડવા લાગ્યા હતા. ધંધો શા માટે તું છોડી દે છે ? ઘરનાં માણસોને કોણ ખવરાવશે ? વગેરે પ્રશ્નો તેની સામે રજૂ કરી સગા સંબંધીઓ અને સાગરીતોએ તેને ખૂબ અકળાવ્યો. સાંભળેલી વાત સાક્ષાત્ અનુભવી એટલે લોખંડી શ્રધ્ધા પેદા થઈ હતી. મહરાજે તેને દરરોજ ખુદાની બંદગી કરવાની શિખામણ આપી હતી. કસાઈનો ધંધો તેણે છોડી દીધો હતો. અને દરરોજ દસ દસ હતો. હકીકતે ઘરમાં કાંઈ જ રહ્યું પણ ન હતું. બધું જ પૂર્ણ થયું હતું એટલે ગભરાયને જાફરે મહારાજ પાસે જઈને પોતાની હકીકત કહી સંભળાવી હતી. મહારાજે કહેલું કે જાફર, ખુદા ભૂખ્યા ઉઠાડે ખરો પણ ભૂખ્યા સુવડાવે નહી ! શ્રધ્ધા રાખી ખુદાની બંદગીમાં ડૂબી જા ! તેના ભરોસે બધું છોડી દે ! તે બધું ઠીક કરશે ! આજ દિન લગી ન તો તારા કોઈ સગાએ તને ખવરાવ્યું છે કે ન તો કોઈ સાગરીતે ! ખુદાની મહેર પર જ તું જીવ્યો છે ! તું અભિમાનમાં માનતો હતો કે મારી મહેનતથી આ બધું મળે છે ને મારી શકિતથી જ હું જીવું છું. ! એ તારી ભૂલ હતી. હવે સંપૂર્ણ તેના ભરોસે તારી જીવનનાવને સોંપી દે ! જા, મારો આશીર્વાદ છે !

જાફરે હવે નિર્વાણ મહારાજના વચનો અનુસાર ચાલવા માડયું હતું. કોઈ પૂછે તો કહેતો કે ‘‘ખુદા કીડી ને કણ ને હાથી ને મણ જેટલું આપે છે તેમ મને પણ મારી યોગ્યતા અનુસાર આપશે. મારી ચિંતા છોડી હવે તમે તમારી કરો !’’ જાફરને હિમ્મત આવી ગઈ હતી. તેનામાં નમ્રતા ભારોભાર આવી ગઈ હતી. સૌને આશ્ચર્ય થતું હતું. જાફર સાવ બદલાય ગયો છે એવો અનુભવ સૌને થવા લાગ્યો હતો. નિર્વાણ મહારાજને ત્યાંથી આવી જાફરે એકાંતમાં જઈ મસ્જિદમાં બંદગી માટે પલાંઠી વાળી દીધી હતી. તેને ખબર હતી કે ઘરમાં તો કાંઈ જ નથી. છતાં સદ્‌ગુરુના વચનોમાં શ્રધ્ધા મૂકી જાફરે સતત ત્રણ દિવસ સુધી મસ્જિદમાં બંદગી કીધી હતી. ચોથે દિવસે ઘરે જઈ જોયું તો છોકરો તો આનંદથી નાચતો કૂદતો હતો ને પત્ની ખૂબ મસ્તીમાં હતી. જાફરે પૂછયું તો પત્નીએ કહ્યું : ‘‘ખાવિંદ, દેનેવાલેકા હાથ હજાર હૈ. જિસ રોજ આપ બંદગીમેં બૈઠ

ગયે ઈસ રોજ હમ ભૂખે સો રહે. લેકિન સુબહ હોતે હિ એક બડે અમીર સાહબ આયે ઔર મેરે હાથમેં એક થેલી રખકે કહને લગે-સુનો, યે જાફરકી બંદગી કા સબાબ હૈ. અબ તુમ આરામ સે જીતે રહો! ઔર વો મતવાલેકો અપની મોજ મેં જીને દો ! બસ ઈતના કહ કર વો ચલે ગયે.'' સાંભળીને જાફરની આંખમાં આનંદના આંસુઓ ઉભરાયા. સદ્‌ગુરુ માટે અનહદ અહોભાવ છલકાયો. પોતે સાચે માર્ગે છે તેની પ્રતીતિ થઈ. બસ માલિકની બંદગી કરવી અને માલિકનાં દર્શન કરવા એ જ જીવનનું ધ્યેય છે એવો દૃઢ નિર્ણય કર્યો. સદ્‌ગુરુનાં ચરણે માથું મૂકી આશીર્વાદ લઈ સદ્‌ગુરુ કહે તે જગ્યાએ ચાલ્યા જવાનો નિર્ધાર કર્યો.

''જાફર, જયાં ખુદા તને લઈ જાય ત્યાં જા ! તને જયાં બેસાડે ત્યાં બેસ ! તેની મરજી અનુસાર જીવ એટલે તારું કલ્યાણ થશે. તને માલિકનાં દર્શન પણ થશે અને જીવન ધન્ય બની જશે. જા, મારા આશીર્વાદ છે !'' ગુરુ આજ્ઞા પ્રમાણે જાફરે પોતાની કલ્યાણયાત્રા ચાલુ કરી દીધી હતી. સર્વસ્વનો ત્યાગ કરી ઉત્તરાખંડ તરફ ચાલતી પકડી હતી. જયાં પ્રેરણા મળે ત્યાં રહેતો. સંપૂર્ણ ખુદા ભરોસે પોતાનું જીવન સોંપી દઈ જાફર કસાઈ હવે સંત જાફરખાન તરીકે ઓળખાવા લાગ્યો હતો. લોકો હવે તેને નમતા થઈ ગયા હતા. તેના વચનમાં શ્રધ્ધા રાખી લોકો તેને પૂજય માનવા લાગ્યા હતા. અઢાર વર્ષ કયાં વીતી ગયા તેની ખબર ના રહી. જાફરખાનને હવે સદ્‌ગુરુની યાદ તાજી થઈ. એટલે સદ્‌ગુરુનાં દર્શન કરવા સૂરત તરફ પ્રયાણ ચાલુ રાખ્યું હતું. એક દિવસે સવારના પહોરમાં જ નિર્વાણ મહારાજ ધ્યાનમાં બેઠા હતા ત્યાં જાફરખાન આવી ચઢયો હતો અને ચરણે પડયો હતો. આંખ ખોલી મહારાજે ''આવો યોગીરાજ કહી સત્કાર કર્યો હતો. ત્યારે જાફરખાને કહ્યું હતું: '' ગુરુદેવ, આપની કૃપાનું જ આ પરિણામ છે. હું તો આપનો ગુલામ છું. આપે રહેમ કરી કસાઈને પરવર દિગારનાં પગથિયાં ચઢાવ્યાં અને ખુદાના દર્શન પણ કરાવ્યાં એ ઉપકાર આ ગુલામથી કહી ભૂલી શકાશે નહી ! આપ તો ખરેખર રહમેં સમુંદર છો, ગુરુદેવ !''

કહેવાય છે કે જાફરખાન ત્રણ વર્ષ સુધી સદ્‌ગુરુની આજ્ઞાને

માન્ય રાખીને સંતધામમાં રહ્યા હતા. દરરોજ રાતે ભજનમંડળી બેસતી ને ભજનોની રમઝટ મચતી. જાફરખાન પણ પોતાના હૃદયને વ્યકત કરતા ગાતા હતા :

**હમ તો પરવર નામ કે પ્યાસી !**
**ખૂલ ગયે નયના દુનિયા દેખી, તબસે ભયે ઉદાસી !**
**હમ તો પરવર નામ કે પ્યાસી !**
**પાક ખુદા એક નામ બખાને કોઈ રામ સુખરાશી**
**એક જહાં દો સાહિબ કહાંસે મોહે સુનત આવે હાંસી !-૧**
**કોઈ કાબા હજ પઢને ગયે, કોઈ ખોજત મથુરા કાશી**
**સાંઈ નિર્વાન જાફરકો ભેટયા, પિછાનાયે અવિનાશી-૨**

સંત જાફરખાને સંતધામમાં જ દેહ છોડયો હતો અને સદ્ગુરુના શુભ હસતે તેની તમામ ક્રિયાઓ થઈ હતી તે તેના સદ્ભાગ્યની નિશાની ગણાય ! આ રીતે નિર્વાણ મહારાજે એક સાવ સામાન્ય કસાઈને સંતની પદવી પર આરૂઢ કરી અશકય લાગતી વાતને એકદમ શકય કરી દઈ મુસલમાનોમાં અનેરો વિશ્વાસ જગાડયો હતો.

## ૪૩. દેવી અન્નપૂર્ણા

આજે આપણા દેશમાં સતી પ્રથા ચાલુ નથી પરંતુ નિર્વાણ મહારાજના સમયે તો તે પુરબહારમાં ચાલુ હતી. સતી થવાનો ઘણો મહિમા હતો. અન્નપૂર્ણા તેવી સતી માતાની એકમાત્ર પુત્રી હતી. પાંચ જ વર્ષની ઉંમરે અન્નપૂર્ણાના પિતાશ્રી દેવલોક પામ્યા હતા. જન્મેલી તો બ્રાહ્મણ કુળમાં પણ દુર્ભાગ્યે બચપણમાં જ માતાપિતા તેણે ગુમાવેલા. માતા પિતા પાછળ સતી થઈ હતી. સમાજના માણસોએ તો ઘણા કાલાવાલા કરીને માતાને સતી ન થવા માટે સમજાવેલી. પરંતુ સતી થવા માટે તેનો આવેશ એટલો બધો પ્રબળ હતો કે તે રોકી શકી ન હોતી. એક જ પુત્રી છે અને તે પણ પાંચ વર્ષની છે, તેનો તો વિચાર કર એવી જયારે લોકોએ રજૂઆત કરેલી ત્યારે તેણે સ્પષ્ટ કહેલું કે ''તેનો પાલનહાર ને તારણહાર તો સંત નિર્વાણ મહારાજ છે, તેથી મારા વતી તેમને અન્નપૂર્ણા સોંપી દેજો !'' આ રીતે અન્નપૂર્ણાને પોતાના માતાપિતાનો ખાસ

કાંઈ ખ્યાલ રહ્યો ન હોતો.

અચાનક એક દિવસ લોકોનું ટોળું અન્નપૂર્ણાની સોંપણી કરવા સંતધામ પધારેલું ત્યારે સંત નિર્વાણ મહારાજને અન્નપૂર્ણાનો ખ્યાલ પણ ન હતો. ટોળામાંથી એક વૃધ્ધે સોંપણી કરતા કહેલું કે ''આ બાળકી બ્રાહ્મણ કુળની છે. એનું નામ અન્નપૂર્ણા છે. એની માતા ગઈકાલે જ અન્નપૂર્ણાના પિતા પાછળ સતી થઈ છે. જતાં જતાં તેણે તમારી વાત કરેલી. નિર્વાણ મહારાજ આ બાળકીનાં પાલનકર્તા ને તારણહાર છે તેથી તેમને મારા વતી સોંપી આવજો. તેથી બાબા અહીં અમે સૌ આવ્યા છીએ. આ બાળકીનો સ્વીકાર કરી અમને વિદાય કરો !'' સંત નિર્વાણ મહારાજે ધ્યાનસ્થ થઈ બાળકીની ક્ષણવારમાં ભાળ મેળવી લીધી હતી. સંતે ખૂબ આનંદથી બે હાથ લાંબા કરી બાળકીને સ્વીકારી લીધી હતી. ત્યારથી અન્નપૂર્ણા નિર્વાણ મહારજની છોકરી તરીકે ઓળખાતી થઈ હતી. માતાપિતા સાવ અબુધ અવસ્થામાં ગુમાવવાનું દુર્ભાગ્ય એકાએક નિર્વાણ મહારાજને સોંપી દેવાથી સદ્‌ભાગ્યમાં પલટાઈ ગયું હતું એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ થતી નથી.

નિર્વાણ મહારાજ કંઈ ગૃહસ્થી ન હતા. છતાં જેમ કણ્વ ઋષિ શકુંતલાના પિતા થઈ શકયા હતા તેમ નિર્વાણ મહારાજ પણ અન્નપૂર્ણાના શ્રેષ્ઠ પ્રકારના પિતા થઈ ગયા હતા. તેમની આગવી શકિત અને સૂઝ તેના લાલન પાલનમાં જણાતી હતી. અન્નપૂર્ણાના વ્યકિતત્વને સ્વતંત્રતાની આબોહવામાં તેમણે ખીલવ્યું હતું. પાંચથી અગ્યિાર વર્ષની થઈ ત્યાં સુધીમાં બાળકીમાં ગુપ્ત પણે રહેલી દિવ્યતા પણ કયારેક કયારેક દેખા દેતી હતી તે નિર્વાણ મહારાજની ચકોર દૃષ્ટિમાં નોંધાઈ ગયું હતું. તેનામાં રમતિયાળપણું નહિવત્ હતું. તે નામ સ્મરણ અને જપમાં લગભગ આખો દિવસ વ્યતીત કરતી હતી. નિર્વાણ મહારાજ ભોજન લે ત્યારે જ તે ભોજન પણ લેતી હતી. સંતધામના ઉત્તમ પ્રકારના સંસ્કારો તેનામાં સહેજે જણાય આવતા હતા. રાત્રે ભજન મંડળી મોડી રાત સુધી ભજનો ગાતી ત્યારે તેમાં તે જોડાઈ જતી હતી. તે પણ સરસ ભજનો ગાય શકતી હતી. કેટલાક સ્વરચિત પદો પણ તે ગાતી હતી. અગિયાર વર્ષની નાની વયે તેનામાં શબ્દ શકિતનો ગુંજારવ સૌને આશ્ચર્યમાં નાંખી દેતો

હતો. નિર્વાણ મહારાજે તે અંગે ખુલાસો કરતાં કહેલું કે ''પૂર્વજન્મમાં પણ તે દિવ્યતાથી સંપન્ન હતી. ત્યારે પણ બ્રાહ્મણ કુળમાં જન્મ ધારણ કર્યો હતો. તેના પર ખોટું આળ ચઢાવવામાં આવ્યું હતું. તેથી સ્વબચાવમાં તેણે ધરતીમાં સમાય જવાનો સંકલ્પ કર્યો હતો. તે સમયે તેના દિવ્ય આત્માએ કહેલું કે બાબા, મારે બચવું નથી. મને સમાય જવા દો. આવતા જન્મમાં હું તમારા શરણમાં આવીશ ! અને તે ખરેખર ધરતીમાં સમાય ગયેલી.''

ઉત્તર ભારતથી રામેશ્વરની યાત્રા કરવા નીકળેલી એક સંત મંડળી સંતધામમાં પધારી હતી. તેનો સત્કાર સારી રીતે કરવામાં આવ્યો હતો. સંતમંડળીના આગેવાન હતા સંત કુબેરદાસ. તે સમયે પૂજનનો થાળ લઈને અન્નપૂર્ણા પણ સંત મંડળીની વચ્ચે આવી હતી. તેણે સૌ પ્રથમ આગેવાન મહંત કુબેરદાસનું પૂજન કર્યું હતું. તે પૂજન કરતી હતી ત્યારે કુબેરદાસને તેની કાયામાં મા જગદમ્બાનાં સ્પષ્ટ દર્શન થયાં હતાં. તેથી કુબેરદાસે ઊભા થઈ તેનાં ચરણો પકડી લીધાં હતાં અને ''મા મને મઝધારથી પાર કરો !'' બોલતાં બોલતાં કુબેરદાસની આંખો ભીની થઈ ગઈ હતી. સૌ કોઈ આશ્ચર્યમાં ડૂબી ગયું હતું. જયારે અન્નપૂર્ણાએ પોતાનો વરદ હસ્ત કુબેરદાસના માથા પર મૂકીને બોલી ''બાબા, તમારા મોંઘા મનોરથો જરૂજ પૂર્ણ થશે'' ત્યારે તો એકદમ શાંતિ પથરાઈ ગઈ હતી ! આ રીતે તે મંડળીમાં તેણે અનેક સંતોનું પૂજન કરી પોતાની વિનમ્રતા વ્યકત કરી હતી.

આ રીતે સંતધામમાં અનેક સંતોનાં દર્શનનો લહાવો તેને મળ્યા કરતો હતો. નાની મોટી મંડળીઓ સંતધામમાં નિવાસ કરી શકતી એટલે નવા નવા માણસોનો પરિચય પણ તેને થયા કરતો. આ પ્રમાણે સુખથી દિવસો પસાર થતા જતા હતા. તે અગિયારની મટીને હવે અઢારની થઈ ગઈ હતી. એ ઉમરે તેનું સુંદર સ્વરૂપ પણ આંખોમાં વસી જાય તેવું હતું. શહેરમાં તો તેની સુંદરતા માટે વખાણ થતા હતા. ધનિકોના પુત્રો તેને જોઈને ગાંડા બની જતા. એક વાર સંતધામમાં રામેશ્વરથી યાત્રા કરીને ઉત્તરાખંડ જતી એક સંતમંડળી પધારી હતી. તેમાં એક સાધુ અન્નપૂર્ણાનું સ્વરૂપ જોઈને મોહાંધ બની જાય છે. તેની પાસે જઈ તેના સુંદર શરીરને સ્પર્શ

કરવાની તક તે શોધી રહ્યો હતો. તેને દુર્બુધ્ધિ સૂઝી. લોખંડની અણિયાળી એક ખીલી તેણે માર્ગમાં એવી રીતે મૂકી કે જો તેના પર પગ પડે તો પગમાં ઘુસી જ જાય. બન્યું પણ એવું જ કે અન્નપૂર્ણા દૂધનો કટોરો લઈ નિર્વાણ મહારાજને પાવા જતી હતી ત્યારે પેલી ખીલી તેના પગમાં આરપાર ઘુસી ગઈ હતી ! તેનાથી સહેજે ચીસ પડાઈ ગઈ હતી ! એટલે પેલો યુવાન સાધુ તરત જ દોડી ગયો હતો. પણ તેનું મન અચાનક એકદમ બદલાઈ ગયું હતું. તેણે પેલી ખીલી ખેંચી કાઢી હતી. અને અન્નપૂર્ણાની વારંવાર માફી માગી હતી. તેણે પોતાની દુર્બુધ્ધિનો ચિતાર સ્પષ્ટ કહી દીધો હતો. તે સાધુનાં જીવનમાં ભારે પરિવર્તન આવી ગયું હતું. અન્નપૂણાની મહાનતા તેને સ્પર્શી ગઈ હતી !

સંતધામની બહાર કૂવો હતો. તે કૂવાનો ઉપયોગ પાણી માટે આસપાસ રહેતા તમામ લોકો કરતા હતા. સંતધામનું પાણી ભરવાની જવાબદારી પણ આ અન્નપૂર્ણા પૂરી કરતી. એક કમરૂદ્દીન નામનો મુસલમાન યુવક અન્નપૂર્ણાને દરરોજ થોડું થોડું પજવતો હતો. તેની દાનત સારી ન હતી. એક દિવસ તેણે તેને એકલી પાણી ભરતા નિહાળી હતી. તે દિવસે પેલા યુવકે માથે મૂકેલાં બેડાં પર જોરથી પથ્થર માર્યો હતો. બેડાં ફૂટી ગયાં હતાં અને અન્નપૂર્ણા સાવ પલળી ગઈ હતી. થોડી હસાહસ થતાં નિર્વાણ મહારાજની નજરે પેલો યુવક ચઢી ગયો હતો એટલે મરાહાજ શાપિત વચનો બોલ્યા હતા : ''શેતાન ! આટલાં બધાં પાપ કર્મો કર્યા છતાં તું જંપીને બેસતો નથી- આ તો તારો મોતને ભેટવાનો નાચ લાગે છે. જા, આવતી કાલે જ તારા પાપનો અંત આવી જાશે'' અન્નપૂર્ણાના હૃદયમાં તો પાપી માટે પણ ક્ષમા જ હતી. તેથી તરત જ તે બોલી : ''પિતાજી આપે આ શું કર્યુ ?'' તેમણે ચાલતા ચાલતા કહ્યું કે ''બેટી, ભાવિ કોઈનું મિથ્યા થતું નથી !''

કહેવાય છે કે બીજે દિવસે શહેરના સૂબેદારે તેને ખૂનના ખટલામાં ગિરફતાર કર્યો હતો અને ફાંસીની સજા ફરમાવી હતી. નિર્વાણ મહારાજનું વચન કદી મિથ્યા જતું નથી એવી ખાત્રી સહુ લોકોને આવી રીતે થયા કરતી હતી. નિર્વાણ મહારાજની ગેરહાજરીમાં કોઈક દુ:ખિયારું આવી ચઢતું તો હવે આ અન્નપૂર્ણા તે કામ

સંભાળી લેતી હતી. નિર્વાણ મહારાજ આરામ કરતા હોય ને કોઈ આવી ચઢે તો મહારાજને ખલેલ ન પહોંચે તેમ કોઈ પણ કામ તે કરી લેતી હતી. કોઈ પણ વ્યક્તિ સંતધામમાં ખાલી હાથે ન જાય તેની કાળજી તે રાખતી.

એક દિવસ શહેરના જાણીતા તેલી કુટુંબની છોકરી બપોરને ટાણે સંતધામમાં આવી ચઢી હતી. તેને સંતાન થતાં ન હતાં. તેથી સાસરિયામાં મહેણાં ટોણાં તેણે સાંભળવા પડતા હતાં. તે હવે અસહ્ય થવાથી મહારાજના આશીર્વાદ લેવા આવી હતી. જો સંતાન ન થાય તો તેણે આપઘાત કરવાનો પણ તેણે નિર્ધાર કર્યો હતો. અન્નપૂર્ણાએ તેને પૂછીને આ બધુ જાણી લીધું હતું. અને પોતે જ સંતની માફક દૃઢતાથી અને પ્રેમથી આશિષ વચનો બોલી હતી : ''બહેન, તું રડ નહિ. જા તને ખોળાનો ખૂંદનાર થશે. તારું વાંઝિયાપણું ટળી જશે.'' દુ:ખિયારીના માથે વરદ હસ્ત રાખીને સાન્ત્વન આપવાનું સામર્થ્ય તેનામાં હતું. અને ખરેખર, પેલી દુ:ખિયારીનું વાંઝિયાપણું ટળી ગયું હતું તે વાત છ જ મહિનામાં શહેરમાં પ્રસરી ગઈ હતી! સવજી નામનો એક નાવિક અપંગ બની ગયો હતો. એને અન્નપૂર્ણાએ આશીર્વાદ આપીને તરત જ ચાલતો કર્યો હતો. કસ્તુરી નામની એક અંધ ચમારણને નેત્રદાન કર્યું હતું. અનેક દુ:ખી લોકોનાં કામો આ રીતે થયા કરતા હતા અને શહેરમાં અન્નપૂર્ણાની યશની વાતો થયા કરતી.

તેની ઉંમર લક્ષમાં લેતાં નિર્વાણ મહારાજને તેને પરણાવી દેવી જોઈએ એવો વિચાર આવ્યો હતો તેથી એક દિવસ મહારાજે તેને સ્પષ્ટ કહ્યું હતું કે ''બેટા, તારા વિવાહની મંગલ ઘડી હવે નજીક જણાય છે. તું શું વિચારે છે ?'' ત્યારે ખૂબ જ દૃઢતાથી તેણે કહ્યું હતું કે ''પિતાજી, મારા વિવાહ તો થઈ ગયા છે. હું તો હવે આવતી કાલે જ સાસરે જનાર છું.'' સાંભળીને મહારાજ ખૂબ હસ્યા હતા. મહારાજે માનેલું કે બાળપણની મશ્કરી જ કરે છે. પરંતુ ખરેખર તેના મનમાં વિચારો હતા તે જ તે બોલતી હતી. બીજે દિવસે તે બનીઠની તૈયાર હતી અને પિતાજી પાસે આશીર્વાદ લેવા આવી હતી : ''પિતાજી, હું સાસરે જાઉં છું. મને વિદાય આપો!'' મહારાજે ખૂબ પ્રેમથી આલિંગન આપી કહ્યું હતું : ''બેટા, તારું સર્વ

પ્રકારે કલ્યાણ થાવ !'' સાંભળીને પદ્માસન વાળીને તે બેસી ગઈ હતી. ક્ષણવારમાં જ ધ્યાનસ્થ થઈ ગઈ હતી. ઘડી પછી બ્રહ્મરંધ્ર ફાટી ગયું હતું અને દિવ્ય જ્યોતિ નીકળી અવકાશમાં વિલીન થઈ ગઈ હતી! અણધારી ઘટના બની હતી. મહારાજે ન ધારેલું બન્યું હતું. મહારાજ ખરેખર રોયા હતા !

## ૪૪. સંત સ્વભાવ

નિર્વાણ મહારાજનું જીવન ગંગા નદી જેવું પવિત્ર અને પાવનકારી હતું. જેમ ગંગા નદીમાં સૌ કોઈ સ્નાન કરી શકે છે, પછી ભલે તે મહાન પાપી હોય, પુણ્યશાળી હોય, ખૂની ચોર કે લૂંટારૂ હોય, અરે ગમે તે હોય- ગંગા કોઈને રોકતી નથી. સૌને આનંદથી અને પ્રેમથી આવકારે છે. તેમ નિર્વાણ મહારાજ પાસે સૌ કોઈ જઈ શકતું હતું. પોતાનું દુઃખ નિવેદિત કરી પરમ શાન્ત્વના પ્રાપ્ત કરી શકતું હતું. ગમે તે પ્રકારની સહાય પણ તેમની પાસેથી વિના વિલંબે મળી શકતી હતી. નાના મોટાનો કે ગરીબ નવંગરનો તેમ જ નાતજાત કે ધર્મીવિધર્મીનો કોઈ ભેદ નિર્વાણ તીર્થમાં નડતો ન હોતો. સૂરત શહેર તે તીર્થધામથી શોભતું હતું. તીર્થધામ તેને જ કહી શકાય કે જેની સહાયથી જીવનો બેડો પાર થાય ! નિર્વાણ મહારાજના શરણે આવનારનું સદૈવ કલ્યાણ જ થતું હતું !

દુકાળનું એક વર્ષ જેમ તેમ તો પૂરું થયું, પણ બીજે વર્ષેય દુઃકાળનો રાક્ષસ મોં ફાડીને ઓખાંગતો જણાતો હતો. શ્રાવણનો મહિનો પૂરો થવા આવ્યો તોય વરસાદનો છાંટો પડયો ન હોતો! આખા શહેરના લોકો ચિંતાગ્રસ્ત હતા. કેટલાક વિચારશીલ લોકો ભેગા થઈને શું કરવું તે અંગે વિચારણા કરતા હતા. એક વૃધ્ધ વડીલે નિર્વાણ સાહેબ પાસે જઈને માર્ગદર્શન માંગવાની દરખાસ્ત કરી હતી. સૌએ તે સ્વાકારી હતી. સૌ નિર્વાણ મહારાજના આશ્રયે પહોંચી ગયા હતા. તેમણે સૌને પ્રેમથી અને ધીરજથી સાંભળ્યા હતા. શ્રાવણ મહિનામાં પણ મેઘરાજાની પધરામણી થઈ નથી એટલે આ વર્ષે પણ અકાળનો અસુર ડરાવી રહ્યો છે, મહારાજ ! અમારે કેમ જીવવું તે મોટી સમસ્યા છે. મહારાજે સૌને શાંતિપૂર્વક આશ્વાસન

આપતા કહેલું કે ઈશ્વર કદી અહિત થવા દેશે નહી. કસોટી તો જરૂર થવાની જ ! પરંતુ ઈશ્વરને આપણે ભૂલવો નહી ! તેની મહેરબાનીની ભીખ તો માંગતા જ રહેવું જોઈએ. માટે સૌ ચિંતા છોડી તેને શરણે રહો ! તેને પ્રાર્થો ! તેનું જ ભજન કરો ! મને તો ખાત્રી છે કે આજે સવાર થતાં સુધીમાં મેઘરાજાની પધરામણી થશે જ ! સંતના શબ્દો સાંભળી સૌ વિખેરાયા હતા. અને ખરેખર તે રાત્રે સારો વરસાદ થયો હતો અને લોકો આનંદમાં આવી ખૂબ નાચ્યા હતા !

નવાબની દુહિતા મહેરબાનુ એક બ્રાહ્મણ યુવકના પ્રેમમાં હતી. પરંતુ બ્રાહ્મણ યુવકને સમાજનો ડર હોવાથી તે તેને સાથ આપી શકતો ન હોતો. બંને વચ્ચે ખાનગી મંત્રણાઓ થયા કરતી હતી. તેણે મહેરબાનુને ઘણી સમજાવી હતી કે આપણાં લગ્ન શકય નથી માટે મને ભૂલી જા ! હું હિન્દુ બ્રાહ્મણ છુ ને તું મુસલમાન છે. જો હું તેને પરણું તો આ સમાજ આપણને જીવતા સળગાવી મૂકશે! પરંતુ મહેરબાનુ અચળ હતી. તે કોઈ ડરથી ડરતી નહોતી. તેણે તો એકરાર કરેલો કે તમારા સિવાય અન્યને હું ચાહતી નથી. તમે જ મારા ખાવિંદ છો. પરણું તો તમને જ ! બ્રાહ્મણ યુવક સખારામથી ઓળખાતો હતો. તે સમાજભીરુ હોવાથી સમસ્યાનો કોઈ ઉકેલ આવતો ન હતો. ધીમે ધીમે તેઓનો પ્રેમ લોકચર્ચાનો વિષય બની ગયો હતો. આખરે મહેરબાનુએ હિમ્મત કરીને શહેરના સુબેદાર ગોપીનાથની સહાય લેવાનો નિર્ણય કર્યો હતો.

ગોપીનાથે સહાનુભૂતિ દર્શાવી હતી પણ ખુલ્લો ટેકો આપતાં પહેલાં સદ્‌ગુરુ નિર્વાણ મહારાજને પૂછી જોવાનો નિર્ણય કર્યો હતો. તેથી તેઓ સંતધામમાં પહોંચ્યા હતા. ગોપીનાથે મહેરબાનુની ઓળખ દઈ સમસ્યા શી છે તે વિગતે દર્શાવી હતી. સંતે મહેરબાનુને બરાબર ચકાસી લીધી હતી. થોડીવાર મૌન રહી સંતે કહ્યું હતું કે ''ગોપીનાથ, મહેરબાનુનો પ્રેમ સાચો છે. એ પ્રેમ પૂર્વ જન્મના કારણે બંધાયો છે. પ્રેમનો વિજય થશે જ ! બ્રાહ્મણ યુવક સમાજથી ભલે ડરતો હોય, પણ તેનો અંતરઆત્મા મહેરબાનુને જ ઝાંખે છે! તેથી મારી સલાહ છે કે બંને લગ્ન કરી લે અને ગંગા કિનારે જઈ વાસ કરે. ત્યાં હરિસ્મરણમાં સમય ગુજારે અને વાતાવરણ હળવું

થતાં આ તરફ ભલે આવે ! બંને સુખી થાય એવા મારા આશીર્વાદ છે !'' ગોપીનાથને સલાહ મળી એટલે તે બંનેના લગ્ન કરાવી તેણે તેઓને ગંગા કિનારે રવાના કરી દીધા હતા. લોકોમાં વાતાવરણ તો તંગ થયું હતું પણ સમય જતાં શાંત પણ થયું હતું. સંતો ત્યાગીને જ સહાય કરતા એવું નહોતું. આ પ્રકારની સામાજિક સમસ્યાનો પણ સુખદ ઉકેલ આણી શકતા હતા. એટલું જ નહિ પણ તેઓનું કલ્યાણ થાય તેવું જ તે ઈચ્છતા હતા. કોઈની બીક તેમને ન હોતી. !

હવશખોર તરીકે પ્રસિધ્ધ થયેલો નવાબનો દીકરો કાદીરબક્ષ જયારે સંતને શરણે આવ્યો હતો ત્યારે સંતે તેને પ્રેમથી માર્ગદર્શન આપ્યું હતું ને સ્પષ્ટ કહ્યું હતું કે ''જો તું હવશનો ત્યાગ નહી કરે તો તારું મૃત્યુ નજીક જ છે એમ સમજજે ! તારી પરિસૂરત નાજનીન તારો કાળ બની જશે !'' અને બન્યું પણ તેવું જ. તેની એકની એક પુત્રી સુબ્હાના બાળપણમાં જ નિરાધાર બની ગઈ હતી! ત્યારે સુબ્હાના સંતના આશ્રયે જ મોટી થઈ હતી. સંતે તેને ભકિતનો બરાબર રંગ લગાડયો હતો. વીસ વર્ષની છોકરી અને તે પણ મુસલમાનની છોકરી સાધુના ટોળામાં રહે તો કોને ગમે? તે વાત કયો સગો સહન કરી શકે ? છતાં હકીકતે સંતની સહાયથી તે અણિ શુધ્ધ જીવન જીવતી હતી તે એક હકીકત હતી. સગા સંબંધીઓ તો રોજ રોજ ઘણા આવતા ને સુબ્હાનાને ખાનગીમાં ન કહેવાનું કહી પણ જતા હતા. સુબ્હાના તો દૃઢ વિચારવાળી હતી. સંતના સંગમાં તે ઘણી સધ્ધર સ્થિતિમાં હતી. તેથી તો તે કોઈનું માનતી નહિ. તે તો ભકિતમાં ગળાડૂબ જ રહેતી હતી. પછી તો નિર્વાણ મહારાજે તેને પણ તપસ્વિની બનાવીને ગિરિકંદારામાં પહોંચાડી દીધી હતી. કહેવાય છે કે પૂરા બાર વર્ષ સુધી તેણે એકાન્તમાં પ્રભુનું ભજન કર્યુ હતું ને પરવરદિગારનાં દર્શન માટે આતુરતાપૂર્વક તપશ્ચર્યા પણ કરી હતી. નિર્વાણ મહારાજને તે સદ્‌ગુરુ માનતી હતી. તેના હૃદયમાં સદ્‌ગુરુ માટે ખૂબ પ્રેમ હતો. તેથી જ તો તે આજ દિન લગી એકદમ પવિત્રપણે જીવન જીવી રહી હતી. તે સંતધામમાં પાછી ફરી હતી ત્યારે સદ્‌ગુરુને સ્થાને તેણે સદાનંદજીને જ જોયા હતા. તેથી આશ્ચર્ય પામી હતી અને ગુરુની શોધ કરવા લાગી હતી. તેને જયારે ખબર પડી કે સદ્‌ગુરુ સદેહે

નથી ને તેમની આ સમાધિ છે ત્યારે તે બેશુધ્ધ બની ગઈ હતી. સુબ્હાનાએ સદ્‌ગુરુને યાદ કરતાં કરતાં પ્રાણ ત્યાગ કર્યો હતો ! સદ્‌ગુરુ નિર્વાણ મહારાજની યાદમાં દેહ છોડી દેનાર તે સદ્‌ભાગી જીવ ખરેખર કૃતાર્થ થયો ગણાય. તેમાં નાત જાતના કે ધર્મવિધર્મના ભેદો ક્યાં રહ્યા?

ઊંચનીચના ભેદો પણ માનવે સર્જેલા છે. તે ભેદો પણ સંતધામમાં જણાતા ન હોતા. સંતે પ્રેમના રસાયણમાં તેને ઓગાળી દીધા હતા અને સંતધામના દરવાજા સદાને માટે ખુલ્લા મૂકી દીધા હતા. તસ્કર ઝફર હુસેન તો શહેરનો એક જાણીતો ચોર હતો. છતાં તે પણ સંતધામનો આશ્રય પ્રાપ્ત કરી શકતો હતો ને સન્માર્ગે વધી પોતાના જીવનનો ઉધ્ધર કરી શકતો હતો તે એક હકીકત હતી. એકવાર તે ભયાનક ડાકુ સંતધામમાં ચોરી કરવા માટે પહેલ વહેલા પ્રવેશ પામ્યો હતો. સંતે તો તેને દીઠો હતો, પણ સંત કાંઈ બોલ્યા ન હોતા. તેને ચોરી કરવા દીધી હતી. બીજા બધા સાધુઓએ બીજે દિવસે જાણ્યું ત્યારે સૌ કહેવા લાગ્યા હતા : ''મહારાજ, અમને કેમ જગાડયા નહિ ? એ તો જાણીતો ડાકુ કહેવાય. એને પકડાવી દેવામાં વાંધો શો ?'' ત્યારે સંતે કહ્યું કે ''બે વાર માફ કરવાની મેં ટેક લીધી છે. ત્રીજી વાર તે આપોઆપ આંધળો થઈ જશે અને ભગવાન તેને ઘેરે ઘેર ભીખ માંગતો કરી દેશે !'' એકદમ પકડાવી દેવાથી કોઈ સુધરતું નથી. તેને પણ સુધરવાની તક પણ આપવી જોઈએ. આવી નીતિ સંતની હોવાથી ચોર પણ નિર્ભય રહી શકતો હતો. છતાં તે ન ગણકારે તો કુદરત તેને સજા ફટકારતી જ હતી. ત્રીજીવાર તેણે ન માન્યું તો ખરેખર ઝફર હુસેન આંધળો થઈ ગયેલો ને જેમ તેમ ભીખ માંગીને ભટકતો થઈ ગયેલો તે વાતની નોંધ લોકકવિ દુલારામે પોતાની કૃતિમાં કરી જ છે.

લોકકવિ દુલારામે તેની કથા જણાવતાં લખ્યું છે કે તેને જયારે આ વાતની ખબર પડી ત્યારે તેને ખૂબ પસ્તાવો થયો હતો. તે રડતો કૂટાતો સદ્‌ગુરુના શરણમાં આવ્યો હતો. ત્યારે સંત તેની જરા પણ અવગણના કરી ન હોતી. તેણે તો પ્રેમથી તેને સત્કાર્યો હતો. તેણે આજીજીપૂર્વક માફી માગી હતી ત્યારે સંતે તેને ફરીથી નેત્ર દાન કર્યું હતું. પ્રભુ ભકિતમાં તેને જોડી દીધો હતો. તાપી નદીને કિનારે

જ તે પડયો પાથર્યો રહેતો ને સદ્‌ગુરુના આદેશ અનુસાર પ્રભુ ભકિતમાં નિમગ્ન રહેતો હતો. કહેવાય છે કે પ્રભુનું ભજન ગાતાં ગાતાં તેણે દેહ છોડયો હતો અને જીવનને ઉન્નત બનાવવા માટે તેણે અથાક પુરુષાર્થ કર્યો હતો. સંત સમાગમનું આ મહત્ પુણ્ય ગણાય !

આ રીતે સંતધામમાં અનેક ગરીબ દુખિયારા જીવો આશ્રય મેળવી શકતા હતા અને સંતના શરણમાં રહી પોતાના જીવનનો ઉધ્ધાર થાય તે માટે તપશ્ચર્યા પણ કરતા હતા તે અંગેની વિગતવાર નોંધ લોકકવિ દુલારામે કરી છે. તે નોંધ દ્વારા આજે આપણે જાણી શકીએ છીએ કે નિર્વાણ મહારાજનું કેવું મહાન વ્યકિતત્વ હતું ને સૂરતની જનતા પર તેમણે કેવું ઋણ ચડાવ્યું છે ! તેઓ સાચા સંત હતા અને લોક કલ્યાણનાં જ કામો તેઓ કરતા હતા તેમાં કોઈ શંકાને સ્થાન નથી. લોકકવિ દુલારામની આ બધી નોંધ ઘણી પ્રેરણાદાયી ગણાય. કોઈ પણ સમયે, કોઈ પણ સ્થળે ને કોઈ પણ સંકોચ વિના પ્રત્યેક પ્રસંગોમાં સંતધામમાં કોઈ પણ વ્યકિત આશ્રય મેળવી શકતી હતી તે ઈતિહાસ લોકકવિની કૃતિમાંથી સારી રીતે જાણી શકાય છે.

## ૪૫. બાબા સજ્જુદ્દીન

ફુલાવતી નામે એક કન્યા સંજાણથી સૂરત તેના સગાને ત્યાં આવી હતી. તે ખૂબ દેખાવડી હતી. યુવાન વય અને સુંદર સ્વરૂપ કોઈનું પણ ધ્યાન ખેંચ્યા વિના રહે નહિ. બજારમાં તે ફરવા નીકળતી તો ઘણા યુવકો તેને જોયા જ કરતા હતા. સજ્જુ નામે એક મુસ્લિમ યુવક તેને જોઈને ખરેખર મોહાંધ બની ગયો હતો. પરંતુ એકલતા મળે તો લાભ લઈ શકાય એવા ઈરાદે તે તેની ભાળ મેળવ્યા કરતો હતો. એક દિવસ તે એકલી જ હતી. સંતધામ તરફ ફરવા નીકળી હતી. પેલો યુવક તેનો પીછો પકડી તેની પાછળ પડે છે. ફુલાવતી તેની બદદાનત જાણી જાય છે. તરત જ તે દોડતી દોડતી સંતધામમાં ભરાય જાય છે. ચોકમાં સંત નિર્વાણ મહારાજ બેઠા જ હતા. તરત જ હાંફળી હાંફળી ''મહારાજ, મને બચાવો!''

કરતી સંતના ચરણમાં માથુ ઢાળી દે છે. ''બેટા શું થયું છે?'' મહારાજ તેને પ્રેમથી પૂછી રહ્યા છે ત્યારે પેલો મુસ્લિમ યુવક આવી ચઢે છે. સંત બેઠા હોવા છતાં ફુલાવતીનો તે હાથ પકડવા પ્રયત્ન કરે છે ત્યારે સંતે દરમ્યાનગીરી કરતા કહ્યું : ''કેમ, બેશરમ! અમારા જેવા બેઠા છે તેની પણ શરમ નથી ? તું કોણ છે ? કયાં રહે છે ?'' છતાં પણ કામાતુરને ભય ને લજ્જા નથી હોતી તેથી તે યુવક ફુલાવતીને પકડીને ખેંચવા લાગ્યો હતો. સંત તાડૂકી ઊઠયા હતા ને શાપ આપતા બોલ્યા હતા : ''હે મોહાંધ જીવ, તું ખરેખર આંધળો જ બની જા !''

ખરેખર બીજી જ ક્ષણે સક્કુ નામનો તે યુવાન બંને આંખોએ આંધળો બની ગયો હતો. સંતધામમાં તેની બદદાનતનો બદલો મળી ગયો હતો તેથી તે ડઘાઈ ગયો હતો. તેને ભયની લાગણી પણ ફરી વળી હતી. તે રડવા લાગ્યો હતો. સંતને તે સામાન્ય સાધુ માનતો હતો તેનો તેને પસ્તાવો થવા લાગ્યો હતો. તેથી માફી માંગતો કરગરવા લાગ્યો હતો : ''બાબા, મને દરગુજર કરો ! હું નાચીજ સમજી શકયો નહિ અને આ ભૂલ કરી બેઠો. બાબા, મારી રક્ષા કરો ! તમે કહેશો તે કરીશ, પણ મને મારી નજર પાછી આપો ! બાબા, દયા કરો ! રહેમ કરો !'' સંતના ચરણો પકડીને કાલાવાલા કરતો હતો. સંત આખર સંત છે. દયાના સાગર જેવડું તેનું હૃદય અમસ્થું જ પીગળી જતું હોય છે ! તેની વેધક વાણી સાંભળી સંતે દયા બતાવતા કહ્યું : ''જો ભાઈ, મેં તો તને કંઈ જ કર્યુ નથી. તારા કર્મનો બદલો જ તને મળ્યો છે ! પાછલા જન્મમાં તેં આ નિર્દોષ છોકરીને જ આંધળી બનાવી હતી તેથી આ જન્મમાં તને તેણે આંધળો કર્યો છે ! હું તો માત્ર નિમિત્ત બન્યો છું ! ખુદા, જાતે આવીને સજા કરતો નથી પણ કોઈને નિમિત્ત બનાવીને સજા કરતો હોય છે ! તેથી તું ખુદાની જ બંદગી કર!'' પેલો યુવક હવે હાથ જોડીને આજીજીપૂર્વક બોલવા લાગ્યો : ''બાબા, તમે કહેશો તો આખી જિંદગી બંદગી કરીશ, પણ મને મારી આંખો તો આપો ! હું તમારો ગુલામ બનીને રહીશ !'' સંતે કહ્યું કે ''ભાઈ, આ સજા મેં તને કરી જ નથી ! આ સજા ખુદાએ તને કરી છે. તારા કર્મનું પરિણામ જ છે. એ તો તારે ભોગવવું જ

પડશે ! હું તને નજર આપીશ પણ બાર વર્ષ પછી! ત્યાં સુધી તું ખુદાની બંદગી કર ! જા, હું તને આશીર્વાદ આપું છું !'' કહીને સંતે તેના માથા પર હાથ મૂકયો હતો. તેના રોમેરોમમાં ઝણઝણાટી ફરી વળી હતી. તેના રામાંચ ખડા થઈ ગયા હતા.

પછી તે યુવકને સંત નિર્વાણ મહારાજે વિગતે સમજ આપી હતી. કર્મનો સિધ્ધાંત બરાબર સમજાવ્યો હતો. વિના આંખે કયાં જવું અને કયાં જઈને ખુદાની બંદગી કરવી વગેરે સમજ તેને આપી હતી. સક્કુને બરાબર સમજ પડી ગઈ હતી. તેના હૃદયમાં સાચો પસ્તાવો થઈ રહ્યો હતો. ખુદાની બંદગી માટે તેને ભૂખ જાગી હોય તેવું જણાતું હતું. સંત નિર્વાણ મહારાજે તે જવા તૈયાર થયો ત્યારે હાથમાં લાકડી આપતાં કહ્યું હતું : ''સક્કુ, લે આ લાકડી ! લાકડી તને માર્ગ બતાવશે. તને આગળ ને આગળ લઈ જશે. વિંધ્યાચલની પહાડીમાં જા અને જયાં લાકડી ભાંગી જાય ત્યાં મુકામ કરી દેજે. ખુદા તારી સંભાળ રાખશે. ખુદાની બંદગીમાં એકતાન થઈ જજે. ખુદાના દીદાર પ્રાપ્ત કરી તું ધન્ય થશે ! પછી તું મારી પાસે આવજે એટલે તને તારી નજરો પાછી આપીશ !'' સક્કુએ ખુદાનું નામ લઈને ચાલવા માડયું હતું.

સૂરતની બહાર સક્કુ જેમ તેમ બહાર નીકળ્યો હતો. કયાંક અથડાતો તો કયાંક કૂટાતો હતો. લોકો પૂછતા કે કયાં જવું છે તો કહેતો કે મને પણ ખબર નથી. નથી રસ્તાની ગમ કે નથી મંઝિલની જાણ ! આ તો સદ્‌ગુરુએ આ લાકડી આપી છે ને એ લાકડી જયાં લઈ જશે ત્યાં જવું છે ! એકાંત સ્થળ આવ્યું ત્યારે સક્કુને એક ગોવાળિયો મળ્યો હતો. તેણે સક્કુને પૂછયું હતું કે બાબા કયાં જવું છે ? ત્યારે તેની સક્કૂએ બનેલી ઘટના કહી સંભળાવી હતી. નિર્વાણ મહારાજની કૃપાથી અહી સુધી આવ્યો છું ને મને હજી તેમની જ કૃપા આગળ પણ લઈ જશે. તેઓ ઘણા સમર્થ પુરુષ છે. ગોવાળિયાએ કહ્યું હતું કે બાબા, હું તમને લઈ જઈશ. મારે પણ એ તરફ જ જવું છે. મારો જાણીતો માર્ગ છે. ગોવાળિયાએ સક્કુનો હાથ પકડી ચાલવા માડયું હતું. વિંધ્યાચળની પહાડી ચાલુ થઈ એટલે ગોવાળિયાએ સક્કુનો સંગાથ છોડી દેતા કહ્યું હતું કે ''બાબા, હવે તમારી જગ્યા આવી ગઈ. મારે તો હજી

આગળ જવાનું છે. માટે તમો અહીંથી જયાં જવું હોય ત્યાં જજો!'' ગોવાળિયાએ સક્કુને એકલા મૂકી ચાલવા માડયું હતું !

સક્કુ હાથમાં લાકડીને સહારે થોડું ચાલ્યો હશે ત્યાં તો એક પથ્થરની ટકકર લાગવાથી તે પડી ગયો હતો અને લાકડી પણ ત્યાં જ ભાંગીને કટકા કટકા થઈ ગઈ હતી. નિર્વાણ મહારાજને હવે તે ગુરુ તરીકે માનતો હોવાથી સદ્ગુરુના વચનો અનુસાર જયાં લાકડી ભાંગે ત્યાં મુકામ કરવાનો નિર્ધાર કર્યો હતો. ત્યાં પડયો પડયો ખુદાની બંદગી કરતા તે બેસી રહ્યો હતો. વાગ્યું હતું માથામાં ને થોડું લોહી પણ નીકળ્યું હતું. પણ થાય શું ? એકાન્ત જંગલઝાડીમાં સહાય પણ કોની મળે? ખુદાની બંદગીમાં તે ડૂબી જવા પ્રયત્ન કરતો હતો ત્યારે એક ભીલકુમાર પાસે આવીને સક્કુને પૂછવા લાગ્યો : ''બાબા, કયાં જવું છે ?'' સક્કુએ જવાબ આપતા કહેલું કે ''બસ, અહી જ ! આ તો પડી જવાયું એટલે બેઠો છું.'' ''બાબા, હું તો અહીનો જ રહેવાસી છું. મારું નામ બિન્દુ છે. હું તમને રોજ મદદ કરીશ. તમે અહી જ રહો તો સારું. તમને રહેવા માટે નાની ઝૂંપડી બનાવી દઈશ.'' બિન્દુની અચાનક સહાય મળી જવાથી સક્કુ આનંદમાં આવી ગયો હતો.

સક્કુને ભીલકુમારે એક નાની સરખી ઝૂંપડી તૈયાર કરી આપી હતી. રોજ ભીલકુમાર સુરદાસની સેવા કરવા આવતો હતો. નદીમાં સ્નાન કરાવતો અને જમવાની વ્યવસ્થા કરતો. ભીલકુમાર બિન્દુ સક્કુનો કાયમી સંગાથી બની ગયો હતો. સક્કુને તેના વિના ગમતું પણ નહીં ! તેથી તેની રાહ પણ તે જોતો. ધીમે ધીમે સક્કુની સાથે ભીલકુમાર બિન્દુ પણ એકરૂપ થતો જતો હતો. સક્કુની બંદગી રાતદિવસ ચાલ્યા જ કરતી હતી. સમય વિતતાં સક્કુને દેહનું પણ ભાન રહેતું નહિ. બંદગીમાં એકતાનતા થઈ જતી હતી. સક્કુને સમયનો ખ્યાલ રહેતો ન હોતો. વર્ષ પછી વર્ષો વીતતા ગયા તેમ સક્કુ ખુદાનો સાચો બંદો બનતો ગયો. તેની ભાવના અનુસાર ખુદાએ તેને દર્શન આપીને એક દિવસ ધન્ય પણ કરી દીધો હતો!

બાર વર્ષ કયાં વીતી ગયા તેનો ખ્યાલ સક્કુને રહ્યો નહિ. એક દિવસે સદ્ગુરુની યાદે તીવ્રતા ધારણ કરી ત્યારે સક્કુ બસીને રોઈ રહ્યો હતો. કાંઈ ખાધું પીધું ન હોતું. ભીલકુમાર બિન્દુ સવારે

કાંઈ ખાવાનું લાવ્યો હતો તે પણ એમ જ પડયું હતું. સાંજે બિન્દુ આવીને પરિસ્થિતિ સમજી જાય છે. ''બાબા, કોની યાદ સતાવે છે આજે ? ખાવાનું પણ ખાધું નથી તમે ?'' સક્ષ્ટુએ સદ્‌ગુરુ નિર્વાણ મહારાજની વાતો કરવા માંડી હતી. સદ્‌ગુરુનાં ગુણ ગાતાં ગાતાં સક્ષ્ટુનું દિલ હળવું થતું ગયું હતું. ભીલકુમાર બિંદુએ તમામ હકીકત સંભળીને પ્રસન્નતાથી કહ્યું હતું ! ''બાબા, હું તમારી સાથે આવું, મને પણ સદ્‌ગુરુનાં દર્શનનો લાભ મળે. સૂરત શહેરની ઘણી વાતો સાંભળી છે તે સૂરત શહેર પણ જોવાની તક મળે. બાબા, મને સાથે લઈ જાવ !'' સક્ષ્ટુને ખૂબ આનંદ થયો. જીગરજાન જેવો દોસ્ત બિન્દુ સાથે આવે અને સદ્‌ગુરુનાં દર્શન કરે તે કોને ના ગમે? બિન્દુ સાથે સક્ષ્ટુએ સાંજનું ભોજન આનંદથી લીધું હતું ને બીજે દિવસે સવારે સૂરત તરફ પ્રયાણ કરવાનો નિર્ધાર કર્યો હતો.

નિયત સમયે બંને જણાએ વિંધ્યાચળની આ પહાડીને પગ લાગીને સૂરત તરફ કૂચ ચાલુ કરી હતી. ત્રણ રાત રસ્તે મુકામ કરતા કરતા તેઓ સૂરત શહેરની સીમામાં પ્રવેશી ચૂકયા હતા. ભીલકુમાર તમે ચાલ્યા કરો, હું જરા પાણી પીને આવું છું કહેતો છેતરીને ગાયબ થઈ ગયો હતો. સક્ષ્ટુ બિન્દુ બિન્દુ પુકાર કરતો થોડું થોડું ચાલતો અને રાહ જોતો. છેવટે સંતધામના દરવાજે તે બાર વર્ષ પછી આવી ચઢયો હતો. સદ્‌ગુરુ મહારાજકી જય બોલતો બોલતો સક્ષ્ટુ ગાંડો ઘેલો થઈને સંતધામને ગજવવા લાગ્યો હતો. સંત નિર્વાણ મહારાજે દૂરથી તેને પરખી લીધો હતો એટલે તેઓ પણ પ્રેમથી સક્ષ્ટુને ભેટવા દોડયા હતા. ગુરુશિષ્યનાં બંને હૈયામાં અપાર આનંદ છલકાતો હતો.

રાત્રે જમી કરીને ગુરુએ બાર વર્ષ કેવી રીતે ગયા તેની પૃચ્છા કરી હતી. સક્ષ્ટુએ રસ્તે ગોવાળિયો મળેલો ને તેની મદદથી વિંધ્યાચલની પહાડીમાં પહોંચી ગયો હતો તેની વિગતે વાત કરી હતી. તે ગોવાળિયો અચાનક મૂકીને મને પોતાને રસ્તે આગળ ચાલ્યો હતો એવું બોલતાં બોલતાં સક્ષ્ટુની આંખો ભીની થઈ ગઈ હતી. અને બાર વર્ષ સુધી મારી સેવા કરનાર બિન્દુ ઠેઠ સૂરત સુધી મારી સાથે આવ્યો હતો અને હમણાં પાણી પીને આવ્યો કહેતો તે પણ કયાંક ખોવાઈ ગયો હતો. બિન્દુ સાથેના પ્રેમમય સંબંધોની વાતો

કરતાં કરતાં તો સક્કુ પોક મૂકીને રડી પડયો હતો ! ખુદાએ મહેર કરીને મને સરસ દર્શન આપ્યા હતા ને મને ધન્ય કર્યો હતો ! બાબા, હવે મને મારી આંખો આપો તો યે શું ને ન આપો તો યે શું ?

છતાં સંત નિર્વાણ મહારાજે પોતાના વરદ હસ્ત તેની આંખ ઉપર ફેરવ્યો હતો અને સુખમય સ્પર્શ કરી બોલ્યા હતા : ''બેટા, સક્કુ, જો ! હવે આ ફાની દુનિયાનો રંગ પણ જો ! આ દુનિયા ખુદાની જ બનાવેલી છે તેનો અનુભવ કર ! બાકી તારી સેવા સાક્ષાત્ ખુદાએ જ કરી કહેવાય ! સૂરદાસને જેમ કૃષ્ણે દર્શન આપેલાં તેમ તને ગોવાળિયાના રૂપે તારી સાથે ફરીને મદદ કરી હતી. અને ભીલકુમાર તારો બિન્દુ તે પણ બીજું કોઈ નહી, તે જ કૃષ્ણ કનૈયો! તું ખરેખર કૃતાર્થ થયો, સક્કુ ! હવે તને આંખો મળી છે તો તેની લીલાને નિહાળ અને આનંદ માણ !

કહેવાય છે કે સક્કુ ગરુ આજ્ઞાને શિરોધાર્ય માની ગંગા કિનારે પહોંચી ગયો હતો અને ત્યાં ધ્યાનભજન કરીને શેષ જીવન નિર્ગમન કર્યું હતું. એક હવશખોર વ્યકિતને નિર્વાણ મહારાજે કેટલી ઊંચી પદવી પર આરૂઢ કરી દીધો કહેવાય ! એ રીતે અનેક જીવોનો તેમણે ઉધ્ધાર કર્યો હતો.

## ૪૬. વિજોગણ દર્ભાવતી

દર્ભાવતી કામરુ દેશની વારાંગના હતી. કામરુ દેશ એટલે આજનું કામરેજ. દર્ભાવતીની પ્રસિધ્ધિ ઘણી હતી. તે રૂપ રૂપ અંબાર ગણાતી હતી. તેના જેવું સુંદર સ્વરૂપ જગતમાં ભાગ્યે જ જોવા મળી શકે એવું મનાતું હતું. સૌદર્યની માયાજાળમાં ભલભલા ફસાઈ જતા અને દર્ભાવતીના નિવાસે લક્ષ્મી છલકાતી રહેતી. તે સર્વ પ્રકારે સુખના સાગરમાં નિમગ્ન રહેતી હતી. પરંતુ તેની મદમસ્ત યુવાની તેને જંપવા દે નહી. પોતે અતિશય સુંદર છે એવું અભિમાન અને યુવાનીનો મદ તેના મનમાં અવનવીન કોડ જગાડતા રહેતા. સૂરત શહેરમાં પોતે ડંકો વગાડવા ઈચ્છતી હતી. નિર્વાણ મહારાજની તો તેણે ઘણી વાતો સાંભળી હતી. તે સમર્થ સંતનો સથવારો મળી જાય તો તો પૂછવું જ શું ? તે ધારતી હતી કે સંત ભલે ને સમર્થ

ગણાતા હોય ! આખરે તે પણ એક માણસ જ છે ને ! મારા હાથનો સુંવાળો સ્પર્શ જ તેના હૃદયમાં કામના જગાડી દેશે પછી તો મારા હાથમાં જ બાજી ! આવા વિચારો તે સેવ્યા કરતી હતી. તેથી એક દિવસ સૂરત તરફ તેણે પ્રયાણ કર્યું હતું !

સંતધામના દરવાજા કદી બંધ રહેતા જ નહી. સર્વને માટે સદાય ઉઘાડા જ રહેતા. તેથી દર્ભાવતીને સંતધામમાં પ્રવેશવા જરા પણ તકલીફ પડી નહી. જયારે તે અંદર ગઈ ત્યારે સંત નિર્વાણ મહારાજ ચોકમાં ધૂણી પાસે પોતાના આસન પર ધ્યાનસ્થ હતા. તે પાસે જઈ ને બેસી તો ગઈ, પણ સંત આંખો ખોલે તો તે પોતાનું નાટક કરી શકે ને ! તે ટીકી ટીકીને સંતના સ્વરૂપને નિહાળવા લાગી હતી. સંતનું સ્વરૂપ તેના હૃદયમાં જુદા જ ભાવ જગાડતું હતું. તેણે દુનિયા પણ ઘણી જોઈ હતી અને સ્વરૂપવાન પુરુષો પણ અનેક નિહાળ્યા હતા પણ આ સંતના જેવી સાંવરી સૂરત તો આજે જ નિહાળી હતી ! તેના રૂપનો ગર્વ તે કારણે ઓગળતો જતો હતો. સંતને માટે તેના હૃદયમાં અનુરાગ જાગી ચૂકયો હતો. સંત આંખો ખોલે તો દીનતાથી કાંઈ માંગી લેવાનું કહે ત્યારે પ્રેમ માંગી લઈશ એવા વિચારે તે બેઠી હતી.

સંતે જાગીને દર્ભાવતીને નિહાળી. દર્ભાવતીનું ભીતર સંતે જોઈ લીધું હતું. સંતની ચકોર નજરમાં દર્ભાવતી ઉઘાડી પડી ગઈ હતી. છતાં દર્ભાવતીને તેની ખબર નથી એટલે તેણે આજીજીપૂર્વક વિનંતિ કરતા કહ્યું : "સ્વામી ! મારા પિયુ મારાથી રૂઠી ગયા છે. મારી સામે પણ જોતા નથી. આપ કૃપા કરો અને મેળાપ કરાવી દો !" દર્ભાવતીની વાણી સાંભળતી વખતે સંતની મુખાકૃતિ પર આછું સ્મિત ફરકતું હતું. તેમણે ઊંચા આસનેથી પોતાના પગ નીચે કરતા કહ્યું: "બેટા ! એક સાધુને જોઈને તું ઘેલી બની છે અને તેને મેળવવા કોડ સેવી રહી છે એના કરતાં તું એટલો જ પ્રેમ પ્રભુ પરમાત્મા સાથે કરશે તો તારો બેડો પાર થશે !" દર્ભાવતી તો સાવ નિસ્તેજ બની ગઈ. તેનું નાટક સાવ ઉઘાડું પડી જશે એવી ધારણા તેની ન હોતી. આ સંત આગળ કાંઈ છૂપાવી ન શકાય એવી તેને ખાતરી થઈ ગઈ. તેથી તેણે પોતાની સાચી હકીકત કહેવા માંડી : "સ્વામી!

હું તો એક પતિત વેશ્યા છું. આપ તો સાચે જ દયાળુ છો. મારો ઉધ્ધાર કરો ! હું તો પ્રભુ પાપના ડુંગરો પર બેઠી છું. મારા પર અનુગ્રહ કરો, સ્વામી !''

સંતે પોતાની અમૃત વાણી વહેતી કરી : ''બેટા, જેણે રામનામના અમીરસનું આકંઠ પાન કર્યુ હોય, તે કદી વિષયના વિષપાનની આશા કરે જ નહિ એટલું યાદ રાખજે ! રામનું નામ રટ ! તારો ઉધ્ધાર થશે !'' નિર્વાણ મહારાજની વાણી સાંભળીને દર્ભાવતીના હૃદયમાં પ્રકાશ પથરાયો. વિષય વાસના બળી ને ખાખ થઈ હોય તેવી તે અનુભવવા લાગી હતી. તે સાચે જ ઉધ્ધાર કરવા માટે કાલાવાલા કરવા લાગી હતી : ''સ્વામી ! મારા પર કૃપા વરસાવો. હું તો પાપી છું. હવે માત્ર ઉધ્ધારની આશા છે. આપની વાણીથી મારા હૃદયનું વિષ બળી ગયું છે ! હવે મારે શું કરવું? કયાં જવું ? મને માર્ગ બતાવો પ્રભુ !'' સંતે દર્ભાવતીની દશાને પરખી લીધી. તેને યોગ્ય માર્ગદર્શન આપતાં તેમણે કહ્યું : ''બેટા, તારે હવે આ કોલાહલમાં રહેવું નહિ. તું એકાન્ત પવિત્ર સ્થળે ચાલી જા ! મારો તને આશીર્વાદ છે. ગંગા કિનારો તારે માટે ઠીક થઈ પડશે. ગંગાસ્નાન કરતાં કરતાં તું પ્રભુનાં દર્શન પામી શકીશ. તારા પિયુજી રામ જ છે. તેનો જપ કરતાં કરતાં તેના દર્શન માટે તલપાપડ બન ! રાતદિવસ રુદન કર ! તેનાથી તારો ઉધ્ધાર થશે.''

દર્ભાવતી આવી હતી સંતને જીતવા એને બદલે તે પોતે જ જીતાય ગઈ હતી ! તે સર્વસ્વનો ત્યાગ કરી ગંગાકિનારે જવા તૈયાર થઈ ગઈ હતી ! સંતની વાણીમાં તેનું મન ઘેલું બની ગયું હતું. વિષયવાસનાના કીડાઓ રામરસાયણથી મરી પરવાર્યા હતા અને હવે માત્ર અમૃત ઝંખતી દર્ભાવતી ગંગાકિનારે પહોંચી ગઈ હતી. રામનામનાં સ્મરણમાં તે રાતદિવસ નિમગ્ન રહેવા લાગી હતી. ગંગાકિનારા પર બીજા સાધુઓ તેને જોઈને ભોગની ઈચ્છા સેવવા લાગ્યા હતા. નિર્વાણ મહારાજને શરણે રહેનારી એક વેશ્યા ગંગા કિનારાના એકાન્ત સ્થળને સુગંધિત કરી હતી ત્યારે અધકચરા સાધુઓ વિષયના વમળોમાં ઘુમરાતા હતા અને એકાન્તનો ગેરલાભ લેવા કોડ સેવતા હતા. ઝગારા મારતું તેનું યૌવન અને અતિશય સુંદર સ્વરૂપ દર્ભાવતીને શાપરૂપ લાગવા માંડયા હતા. ઘણા સાધુઓ

તેને પજવવા લાગ્યા હતા. તેથી તેણે એક સ્થળેથી બીજે સ્થળે સ્થાનાંતર કર્યા કરવું પડતું હતું. હવે તેણે હરદ્વાર છોડી ઋષિકેશ તરફ પ્રયાણ કર્યું હતું.

શ્રવણનાથના મંદિરના મહંતે તેની દુર્દશા જોઈને આશરો આપ્યો હતો. દર્ભાવતીએ પોતાની સાચી હકીકત કહી સંભળાવી હતીઃ "બાબા, હું તો એક પતિત વેશ્યા છું. સંત સદ્‌ગુરુ નિર્વાણ મહારાજની કૃપાથી આ પંથે વળી છું. મને અધમ પાપીને બાબા તમે ક્યાં રાખશો ?" મહંત ઉદાર અને સમજુ હતા. અનુભવી પણ હતા. તેથી તેમણે સચોટ વાત કરી : "બેટી, આ તો ભગવાન સદા શિવનું ધામ ગણાય. તે બધાં માટે ખુલ્લું ગણાય. હું પણ બેટી તારા જેવો જ પાપી હતો. માનવપિશાચ લૂંટારો હતો. આપણે બધાં જ પાપી છીએ. માત્ર એક પ્રભુ જ પવિત્ર છે. તેના ધામમાં રહીને આપણે પવિત્ર થવાનું છે. બેટા ! તું ખુશીથી અહીં રહે." દર્ભાવતીને વિશ્વાસ બેઠો એટલે ત્યાં રહેવા લાગી હતી. પરંતુ પેલા વિષયી સાધુઓએ તેને ત્યાંથી પણ ભગાડી હતી. જો કે મંદિરના મહંતે તેનો બચાવ કરવા પ્રયત્ન કર્યો હતો. પરંતુ દર્ભાવતી જ પોતે ત્યાંથી દૂર ભાગી ગઈ હતી.

હવે તે ચંડીદેવીના મંદિરે પહોંચી ગઈ હતી. યુવાનીના કરેલાં પાપ કર્મોનો બદલો તે આપદા સહન કરીને જાણે કે વાળી રહી હતી ! દરરોજ ગંગાસ્નાનથી તે નવું જીવન પ્રાપ્ત કરતી અને નવી આશામાં ને આશામાં તે દુઃખો સહન કરી શકતી હતી. સદ્‌ગરની કૃપાને તે હંમેશા યાદ કરતી હતી. ચંડી દેવીના મંદિરે આવીને તેણે પ્રાર્થના કરી હતી : "મા, સદ્‌ગુરુની કૃપાથી હું ટકકર લઈ રહી છું. મા, મને મદદ કર ! મારો ઉધ્ધાર કર ! મને પ્રભુનાં દર્શન કરવાની શકિત આપ !" ચંડીદેવીનાં સ્થાનમાં મહિનો એક રહી હશે. ત્યાંથી પણ તેને પેલા સાધુઓએ ભગાડી હતી.

પછી તો તે મંદિરે મંદિરે ભટકતી ફરતી હતી. તેનું સ્વરૂપ હવે વિજોગણનું થઈ ગયું હતું ! સ્વામી ! સ્વામી ! કરતી કરતી પાગલની માફક તે ફર્યા કરતી હતી. આખરે ભગવાન રામે તેને એક દિવસ દર્શન આપ્યાં હતાં - અને તેની મનોકામના પૂર્ણ કરી હતી. ત્યાર પછી તેને બધે જ સદ્‌ગુરુનાં દર્શન થતાં અને તે

સ્વરૂપમાં ભગવાન રામ જ દેખાવા લાગ્યા હતા. આ રીતે તેની અંતિમ અવસ્થા પ્રભુ કૃપાથી સર્વોત્તમ બની ગઈ હતી અને ગંગા કિનારે જ તેણે દેહ પણ છોડયો હતો.

## ૪૭. સંતધામમાં સિધ્ધોનું આગમન

સદ્‌ગુરુ નિર્વાણ મહારાજના સંતધામમાં દરરોજ ભજનોની રમઝટ મચતી. તે સમયે આસપાસ સુંદર સાત્ત્વિક વાતાવરણનું સર્જન થતું હતું. દેવોને પણ આવવાનું મન થાય તેવી સ્થિતિ નિર્માણ થતી હતી. એટલે તેવા યોગ્ય સમયે ઘણા બધા સિધ્ધ યોગી પુરુષો નિર્વાણ મહારાજની મુલાકાતે આવતા હતા. તેઓ કયારેક સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરીને પધારતા તો કયારેક સ્થૂળ માનવ સ્વરૂપ ધારણ કરીને પ્રત્યક્ષ દર્શન દેતા હતા. પરંતુ ત્યાં હાજર રહેનાર બધા જ ભજનિકો કંઈ પરખી શકતા ન હોતા. ભાગ્યે જ કોઈ મઘા તેલી જેવા નિર્વાણ મહારાજના કૃપાપાત્ર શિષ્ય તેઓનું દર્શન કરી ધન્યતા અનુભવતા હતા. તેઓને પારખવાની દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત કર્યા વિના તેઓનું આગમન થયા કરતું તો પણ તેઓ ગુપ્ત જ રહેતા હતા.

આ તો મઘાતેલીને એક દિવસ સદ્‌ગુરુનું સાચું સ્વરૂપ શું તે જાણવાની ઈચ્છા થઈ હતી. તે ઈચ્છા દિનપ્રતિદિન તીવ્ર બનતી ગઈ હતી. એવી તાલાવેલી લાગી ગઈ હતી કે તે જાણ્યા વિના ચેન પડે જ નહીં. તે દિવસે મઘાતેલીને ઊંઘ પણ નહોતી આવી. એટલે મધરાતે સંતધામમાં પહોંચી ગયો હતો. સદ્‌ગુરુને પોતાની મનઃસ્થિતિનો ખ્યાલ આપ્યો હતો. અગમ નિગમને જાણી શકાય એવી દૃષ્ટિ ગુરુદેવ અમને કયારે આપશો ? એવી તેણે હૃદયપૂર્વક પ્રાર્થના કરી હતી. વારંવારની તેની આજીજી સાંભળીને સદ્‌ગુરુએ તેને એક દિવસ કૃપા વરસાવી હતી. મઘાતેલીને દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી. ત્યારથી નિયમિત મઘાતેલી આખી રાત સંતધામમાં જ રહેતો હતો. રાત્રે ભજનોની રમઝટમાં તે નિયમિત ભાગીદાર થતો હતો. એક દિવસ મધરાતે એક સંત પધાર્યા હતા. તે સંત પ્રભાત સુધી રહ્યા હતા. પ્રભાતે જતાં પહેલાં તેમણે પોતાની ઝોળીમાંથી સૌને સાકરનો પ્રસાદ આપ્યો હતો. પછી દસેક ડગલાં ચાલીને અદૃશ્ય થઈ ગયા હતા. તેથી સૌ હાજર રહેલા ભજનિકોને ભારે આશ્ચર્ય થયું હતું. તેથી

સદ્ગુરુ નિર્વાણ મહારાજને જાણવા માટે પૂછયું હતું ત્યારે સંતે મઘા તેલીને પૂછો એવું કહ્યું હતું. મઘાતેલીએ સ્પષ્ટીકરણ કરતાં કહ્યું હતું કે તે તો અજેવાળ સિધ્ધ યોગી પુરુષ હતા. તેમણે મને આપણા સદ્ગુરુદેવના સાચા સ્વરૂપનો ખ્યાલ આપ્યો છે. આપણા સદ્ગુરુદેવ નિર્વાણ મહારાજ પહેલાંના સાહેબનાથ યોગી પુરુષ છે. આ રીતે મેઘાતેલીની દિવ્ય દૃષ્ટિનો બધાને પરિચય થયો હતો. વળી સદ્ગુરુ નિર્વાણ મહારાજ પહેલાં સાહેબનાથ નામે સિધ્ધ યોગીપુરુષ હતા તે જ આપણી વચ્ચે સૌની સેવા કરી રહ્યા છે તે જાણીને ખૂબ આનંદ થયો હતો. સદ્ગુરુના સાચા સ્વરૂપને જાણીને સૌનાં હૃદયમાં અનન્ય ભકિત જાગી હતી.

આ રીતે સંતધામમાં ગેબીનાથ, ગોરખનાથ, અશ્વત્થામા, ભગવાન વેદવ્યાસ, અંબા મા, હનુમાન, રામદેવપીર, ભર્તુહરિ, ગોપીચંદ, યોગી ત્રિલોકનાથ, યોગી અડળંગનાથ, યોગી જાન્હવીદાસ, યોગી રસિકનાથ વગેરે અનેક સિધ્ધોનું આગમન થયા કરતું હતું. નિર્વાણ મહારાજની સેવાથી સૂરતની પ્રજા તો પ્રસન્ન હતી જ પણ અમર સિધ્ધ યોગી પુરુષો પણ અતિપ્રસન્ન થઈને સદ્ગુરુની મુલાકાતે આવતા તે હકીકતની નોંધ ભકત કવિ દુલારોમ સરસ રીતે કરી છે. તેની સત્યતા પરખવાની શકિત વીસમી સદીના આરે ઊભેલા આપણામાંથી કેટલાની પાસે છે તે એક સમસ્યા છે. ઘણે ભાગે તો આપણામાં તે વિષે શ્રધ્ધા જ નહિવત્ છે. વિજ્ઞાનના વિકાસની સાથે આપણા હૃદયની આસ્થાનો વિનાશ થતો ગયો છે તે કબૂલ કર્યા વિના ચાલે એમ નથી. આજે પણ એવા સિધ્ધ યોગી પુરુષો ભારતમાં વિચરણ કરતા રહે છે ને અવાર નવાર યોગ્ય વ્યકિતને પ્રતીતિ પણ કરાવતા રહે છે તે એક હકીકત છે. તે અંગે અનેક પુસ્તકો પણ હવે પ્રકાશિત થતાં રહે છે. એટલે પુરાવાઓ રજૂ કરવાની અત્રે આવશ્યકતા નથી.

ચતુર્માસમાં દરરોજ સંતધામમાં રામાયણનું વાચન થતું હતું. સદ્ગુરુ નિર્વાણ મહારાજ પોતે જ વાંચતા અને રામાયણની કથાનું રહસ્ય સમજાવતા. સમૂહમાં આવીને એક વૃધ્ધ પુરુષ દરરોજ બેસી જતા હતા. તે વૃધ્ધ પુરુષ તરફ સૌને કોણ હશે તે જાણવાની જિજ્ઞાસા થતી હતી. વાચન પૂરું થાય કે તરત જ તે સૌથી પહેલાં

જતા રહેતા હતા. તેથી સૌએ નિર્વાણ મહારાજને પૂછયું હતું ત્યારે નિર્વાણ મહારાજે ''એ તો હનુમાન દરરોજ પધારે છે'' એમ કહ્યું હતું. નિર્વાણ મહારાજ હનુમાનના પરમ ભક્ત ગણાતા હતા. એકવાર સંતમેળામાં સંતમંડળીનું ભોજન થઈ રહ્યું હતું ત્યારે હનુમાન એક સેવકના રૂપમાં પધાર્યા હતા. સૌની એંઠી પતરાળી ઉપાડી તેઓ ચાલ્યા ગયા હતા. નિર્વાણ મહારાજ તેમને પરખી ગયેલા એટલે તે કાર્ય કરતા અટકાવવા માટે સંતે તે સેવક હનુમાનનો હાથ પકડી લીધો હતો : ''આ તો અમે જ કરીશું, બાબા !'' ત્યારે સેવક હનુમાને વિનયપૂર્વક કહ્યું કે ''હું તો સંતોનો સેવક છું. સંતોનો અનુરાગી છું. મને અહીં સેવા કરવાની ઈચ્છા થઈ એટલે આવ્યો છું. મઘાતેલી જેવા ભકતો હનુમાનનાં દર્શન કરી ધન્યતા અનુભવતા હતા. તે વિષે ભક્ત કવિ દુલારામ નોંધે છે.

બડી સાધકી મંડલી, કો નહિ બૂઝે બેન

જુગલદાસ અરૂ મઘા દોનોં ઝૂકે સુખદેન !

એક દિવસ સંતધામના આંગણામાં રક્ત કોઢી આવીને ઊભો રહ્યો હતો. તેને માંખો બણબણતી હતી. શરીર દુર્ગંધ મારતું હતું. તેને જોઈને લોકો મોં સંતાડતા હતા. જોઈને ચીતરી ચઢતી તેથી દૂર ભાગી જતા હતા. તે રક્તકોઢી જોરથી પુકારતો હતો : ''મારે બાબા નિર્વાણ મહારાજનાં દર્શન કરવા છે !'' નિર્વાણ મહારાજ બૂમ સાંભળીને તરત જ બહાર દોડી આવ્યા હતા. ખૂબ પ્રેમપૂર્વક સંતે રક્તકોઢીનો હાથ પકડી અંદર લાવી સેવા કરી હતી. પોતે તેના ચરણ પાસે બેસી ગયા હતા. સદ્ગુરુની એવી ચેષ્ટાથી સૌ કમકમી ઊઠયા હતા. દુર્ગંધ કોઈથી પણ સહન થતી ન હતી. છતાં નિર્વાણ મહારાજ આનંદથી તેમની પાસે કેવી રીતે બેસી ગયા હશે ? સંતે બે થાળીઓ મંગાવીને આંગતુક અતિથિને પ્રેમથી જમાડયા હતા. સંત નિર્વાણ મહારાજ પણ સાથે બેસી ને જમ્યા હતા. જમીને અગમ નિગમની વાતો પણ કરી હતી. સંતધામમાં હાજર રહેનાર અન્ય ભક્તજનો પાસે આવવાની હિમ્મત કરતા ન હોતા. પછી વાતો કરતા કરતા અચાનક અતિથિ ઊભા થઈ ગયા હતા એટલે નિર્વાણ મહારાજ તેને પગે પડયા હતા. અતિથિએ મહારાજને માથે શુભાશિષ વર્ષાવી હતી. તરત જ તેમણે સંતધામની બહાર જવા પ્રયાણ કર્યુ

હતું. દરવાજા સુધી સૌની નજર એક હતી. સૌએ દરવાજા પછી તેમને અલોપ થતા જોયા હતા. તેથી તે કોણ હતું તે જાણવા સદ્‌ગુરુની ફરતે વીટળાય વળ્યા હતા.

નિર્વાણ મહારાજે સૌને આનંદથી પ્રેમપૂર્વક કહ્યું હતું કે ''એ તો દ્વાપરયુગના મહારથી અશ્વત્થામા હતા. એ અજરાઅમર વિભૂતિનાં દર્શનથી આપણે સૌ ધન્ય બની ગયા છીએ.'' સૌ લોકો સદ્‌ગુરુની વાણી સાંભળીને આશ્ચર્ય પામી ગયા હતા. બધાએ મહારોગીનો મનથી તિરસ્કાર જ કર્યો હતો એટલે સૌને અંતઃકરણમાં ખૂબ દુઃખ થયું હતું. પોતાના એ અપરાધ માટે સૌ પસ્તાવો કરી રહ્યા હતા. પરંતુ તેનો કોઈ બીજો વિકલ્પ હતો જ નહિ ! જેને દર્શન દેવા ચહે તેને જ તેનું સ્વરૂપ દેખાય બીજાને તે ન દેખાય એવી સિધ્ધ પુરુષોની અનોખી શૈલી હોય છે તેથી સૌ કોઈ દર્શનનો લાભ લઈ શકતું નથી. એ માટે મેઘાતેલી જેવા શિષ્ય થવું પડે, ભૂખ્યા તરસ્યા રહી તડપવું પડે અને સદ્‌ગુરુની કૃપા પ્રાપ્ત થાય તો દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થઈ શકે !

એક દિવસ ''અલખ નિરંજન !'' કહેતા એક યોગી પુરુષ સંતધામને આંગણે અચાનક પધાર્યા હતા. તે દિવસે યાત્રાળુઓ સંતમંડળીનો મુકામ સંતધામમાં જ હતો. અહાલેક સાંભળીને નિર્વાણ મહારાજ દોડતા પહોંચી ગયા હતા અને પગે પડી તેમને અંદર લઈ આવ્યા હતા તથા બરાબર સેવા કરી હતી. તે દિવસે આખી રાત ભજનો થયા હતા અને યોગી પુરુષ સંતધામમાં આખી રાત રોકાયા હતા. પાતઃકાળે તેઓ વિદાય થયા હતા ત્યાં સુધી એક પણ સાધુ કે ભકત તે યોગીપુરુષને એળખી શકયો ન હતો. જયારે સદ્‌ગુરુએ રહસ્ય પ્રગટ કરતાં કહ્યું હતું કે એ તો ''યોગી ગોરખનાથ'' હતા ત્યારે સૌ અવાક્ બની પસ્તાવો કરવા લાગ્યા હતા.

જયારે ભર્તુહરિ ને ગોપીચંદ સંતધામમાં પધાર્યા હતા ત્યારે સંતધામમાં ચાર સંતમંડળીનો મુકામ હતો. સંતધામ ઉભરાતું હતું. માત્ર ત્યાં હાજર રહેનાર મેઘાતેલીને તેની જાણ થઈ ગઈ હતી. પરંતુ સદ્‌ગુરુએ મઘાને મૌન રહૈવાની આજ્ઞા કરી હતી. અધિક માસ હતો. શુકલપક્ષની ભાગવત એકાદશી હતી. પ્રભાતકાળ હતો. તાપી સ્નાનનો પ્રસ્તાવ આગંતુક યોગીઓએ મૂકયો હતો. સૌ રાજી રાજી

થઈ ગયા હતા. અશ્વનીકુમાર તીર્થમાં નિર્વાણ મહારાજ સૌને લઈ ગયા હતા. મોટી સંખ્યામાં સાધુઓ અને ભકતોએ એમાં હાજરી આપી હતી. સ્નાન સૌએ કર્યું હતું અને આગંતુક યોગી પુરુષોએ દાન દેવાનો પ્રારંભ કર્યો હતો. ખાલી દેખાતી ઝોળીમાં તેઓ હાથ નાંખતા ને યાચકોને સોનામહોર મળતી હતી. આ રીતે ત્યાં હાજર રહેનાર સૌ યાચકોને સોનામહોર મૂઠી ભરી ભરીને આપવામાં આવી હતી. છતાં તે ઝોળી તેવી ને તેવી જ દેખાતી હતી.

પછી નૌકામાં બેસીને પાર જઈ વિદાય થવાની વાત કરીને તે યોગી પુરુષો હોડીમાં બેઠા હતા. હોડી અરધે ગઈ હશે અને બધું જ અદૃશ્ય થઈ ગયું હતું ! ત્યાર પછી સૌએ કિનારા પર ઊભા રહીને આશ્ચર્ય વ્યકત કરતાં મહારાજને પૂછયું હતું ત્યારે તેમણે મઘાને પૂછો એમ કહ્યું હતું. મઘા તેલીએ પ્રકાશ પાથરતા કહ્યું હતું કે એ તો મહાન યોગી ભર્તુહરિ ને ગોપીચંદ હતા ! સૌના મુખમાંથી ''વાહ વાહ'' નીકળી પડી હતી ! સ્થૂળ સોનામહોરની માત્ર યાદ રહી ગઈ અને દાતાર તો અદૃશ્ય થઈ ગયા હતા ! આવું હતું સંતધામનું તીર્થ ! અલૌકિક ઘટનાઓ તે ધામમાં બન્યા જ કરતી હતી !

## ૪૮. કબીરસાહેબનું સૂરતમાં આગમન

નિર્વાણ મહારાજના આમંત્રણથી સદ્દગુરુ કબીરસાહેબ સૂરત પધાર્યા હતા એવી માહિતી લોકકવિ દુલારામના પુસ્તકમાંથી પ્રાપ્ત થાય છે. ગુજરાતમાં તો કબીરસાહેબ અનેકવાર આવ્યા હતા એવું વિદ્વાનો માને છે. એટલે સૂરત જેવા શહેરમાં તેમની જરૂર પધરામણી થઈ હશે એમાં શંકાને કોઈ સ્થાન નથી. તે જમાનામાં સૂરત શહેરની જાહોજલાલી પ્રખ્યાત હતી. સૂરત તે સમયે એશિયા ખંડનું મોટામાં મોટું બંદર ગણાતું હતું. એટલે મોટા મોટા સંત મહંતોની અવર જવર થયા કરતી હોવી જોઈએ એવું માનવામાં કોઈ બાધ જણાતો નથી.

તત્ત્વા-જીવાની ટેકથી સંતસમાજમાં ખળભળાટ મચી ગયો હતો. શુકલતીર્થમાં તે સમયે મોટો મેળો ભરાતો હતો. તે મેળો પૂરા ત્રણ

મહિના સુધી રહેતો. તે મેળામાં દૂર અફઘાનિસ્તાનથી પણ વેપારીઓ વેપાર અર્થે આવતા. એટલે મેળામાં થતી અવર જવરને કારણે આખા દેશમાં તત્ત્વા-જીવાની ટેકનો પ્રચાર થવા પામ્યો હતો. પ્રચારથી સંત સમાજને નુકસાન થાય તેવી સંભાવના પૂરેપૂરી હતી. શુકલતીર્થમાં સંતો ચતુર્માસ કરવા રહેતા ને તેઓને સગવડ મળી રહે તેવી સુવિધા પણ હતી. પરંતુ સંતોના ટોળામાં બધા કંઈ સમર્થ હોય ન શકે. એકાદ બે થોડા સમર્થ હોય તો બાકીના બીજા બધા તેની પાછળ પાછળ પોતાનું પેટ ભરવા ચાલનારા હોય! ચરણોદકથી મરેલી વડની ડાળી ફરીથી સજીવન થઈ જાય એવું સામર્થ્ય તો કરોડોમાં એકાદ પાસે જ હોય ! એટલે સંત સમાજે પોતાની પ્રતિષ્ઠા સાચવા કબીરસાહેબને નિમંત્રણ પાઠવ્યું હતું એમ માનવામાં કોઈ હરકત નથી. નિમંત્રણને કારણે કબીરસાહેબ નર્મદા કિનારે પધાર્યા હતા અને મરેલી ડાળી જે તત્ત્વા-જીવાએ રોકી હતી તે કબીરસાહેબના ચરણોદકથી સત્વર સજીવન થઈ હતી એ ઘટના ઘણા માણસોની અને વિદ્વાન સંત મહંતોની હાજરીમાં બની હતી એ હકીકતનો સ્વીકાર કરવામાં પણ કોઈ હરકત જણાતી નથી.

નિર્વાણ મહારાજ સં. ૧૫૩૭માં સૂરત પધાર્યા હતા. કબીરસાહેબ વડની ઘટના શિલાલેખ અનુસાર સં. ૧૪૬૫માં બનેલી. એટલે બોત્તેર વર્ષ પછી નિર્વાણ મહારાજે કબીરવડનાં દર્શન કરેલા. બીજીવાર જયારે કબીરસાહેબ ગુજરાતમાં આવ્યા હતા ત્યારે ફરીથી તેઓ નર્મદાકિનારે આવેલા હોવા જોઈએ અને નિર્વાણ મહારાજની મુલાકાત થઈ હોવી જોઈએ. લોક કવિ દુલારામ નોંધે છે :

**સાહિબ બડે દયાનિધિ, રખો સંતનકો ટેક**
**પ્રેમે એક દિન આઈયો, લિખો નિર્બાન બિબેક.**

અર્થાત્, આપ તો મોટા દયાળુ છો સાહેબ ! મારા જેવા સંતની ટેક નિભાવવા એક દિવસ અમારા સંતધામમાં પધારવાની કૃપા કરજો! તેથી જ કબીરસાહેબ સૂરત આવ્યા હતા.

**અટલ નાતા સંતકા, બચન હિત ગુરુ પીર**
**પ્રેમે આયે નિર્બાન ઘર, સાહેબ સંત કબીર.**

અર્થાત્ સંત વચન અટલ હોવાથી સદ્‌ગુરુ કબીરસાહેબ નિર્વાણ મહારાજનાં ધામમાં આવ્યા હતા તે વાત નિઃશંક ગણાય. પરંતુ તેઓ

ક્યારે આવ્યા હતા તે નક્કી કરવું કઠિન ગણાય. સં-૧૫૩૭ પછી જ નિર્વાણ મહારાજ નર્મદા કિનારે સદ્ગુરુનાં દર્શને પધાર્યા હોવા જોઈએ એટલી વાત તો નક્કી જ છે. જો પોણી સદી પછી ફરીથી કબીરસાહેબ નર્મદા કિનારે પધાર્યા હોય તો તે વર્ષ સં-૧૫૪૦ ગણી શકાય. બે ત્રણ વર્ષ ગુજરાતમાં તેઓ ફર્યા હોય તો તે પણ બની શકે. હા, તે સમયે કબીરસાહેબની વય સદી વટાવી ચૂકેલી હોવા સંભવ છે. તેટલી વયે પણ તેઓ તંદુરસ્ત હતા અને તો જ દેશભરમાં તેઓ વિચરણ કરતા રહ્યા હતા ! એટલે સં-૧૫૪૧ કે ૧૫૪૨માં તેઓ સૂરત નિર્વાણ ધામમાં આવ્યા હોવા જોઈએ એવું અનુમાન કરી શકાય.

નિર્વાણ મહારાજના નિમંત્રણને કારણે જ કબીરસાહેબ સૂરત પધાર્યા હતા એવું વિદ્વાનો માને છે તેટલું સ્વીકાર્યા પછી પણ બંને ની વિચાર સરણી ઉત્તર-દક્ષિણ જેટલી વિરોધાભાસ જણાતી હતી. તેથી તેઓ બંને વચ્ચે કેમ કેમ મેળ થયો હશે તેવો પ્રશ્ન જાગવા સંભવ છે. નિર્વાણ મહારાજ તો રામાનંદી હતા. પોતે સગુણ બ્રહ્મના ઉપાસક હતા. જ્યારે કબીરસાહેબ તો રામાનંદી ન હોતા. તેઓ તો નિર્ગુણવાદી તરીકે પ્રસિધ્ધ છે. નિર્વાણ મહારાજનાં ધામમાં કબીરસાહેબ પધાર્યા હતા ત્યારે ત્યાં હાજર રહેલા રામાનંદી બીજા ઘણા સાધુઓને પણ આ પ્રશ્ન મૂંઝવતો હતો. સાધુઓના મનનું સમાધાન કરવા નિર્વાણ મહારાજે પ્રયત્ન કર્યો લાગે છે. કારણ કે તેમનું એક પદ આ પ્રમાણેનું મળી આવ્યું છે.

**કબીરાસે કૈસે દિલ લુભાયો ?**
**સાધુ તેરે દિલમેં અચરજ આયો !**
**કબીરાસે ગુરુ કૈસા નાતા, નિર્ગુણ કે ગીત ગાયો ?**
**હમ તો સિરગુણ રામકે પ્યારે, યહી ભેદ દુ:ખ દાયો !-૧ કબીરા જુગન**
**જુગનકા જોગી, અવધૂકો પિછનાયો**
**રામાનંદ ગુરુ શિરપે ધારકે, કાશી ડેરા લગાયો !-૨**
**ભેદાભેદ ચતુરાઈ છાંડે, સંતસે મેરી સગાયો**
**ચરણ કમળ ચાહુ સંતનકા, પ્રેમસે રહુ લિપટાયો !-૩**
**કબીર જૌહરી ઠાટે હાટમેં, અવધૂ અભેદ પિછનાયો**
**સંતકો સંત જબે હી ભેટયા પ્રેમ બદરિયા છાયો !-૪**

**દુર્લભ સંત સમાગમ કીનો, જીવનકો સુખ દાયો**
**સંતન સે મેરી પ્રેમ સગાઈ, નિર્બાન કો યશ ગાયો ! -૫**

સંતોના હૃદયમાં પ્રેમ હોય છે. જેના હૃદયમાં ભેદ હોય છે ત્યાં પ્રેમનો અભાવ હોય છે. પ્રેમીના હૃદયામાં ભેદો ઓગળી જતાં હોય છે. પ્રેમ એવું એક રાસાયણ છે કે તેમાં ભેદ દૃષ્ટિ રહેતી જ નથી. નિર્વાણ મહારાજનાં હૃદયમાં પણ કબીરસાહેબનાં સંતત્વ માટે અપાર પ્રેમ હતો. નિર્ગુણ તત્ત્વના ગુણગાન ગાનારા ગુરુ કબીરસાહેબ સાથે સુગુણ રામના ભજન કરનારા નિર્વાણના મિલનથી ભલે અન્યને દુઃખ થયું હોય, પણ ખુદ નિર્વાણ મહારાજના હૃદયમાં સુગુણ નિર્ગુણના કોઈ ભેદ રહ્યા ન હોવાથી નિર્વાણ મહારાજ તો કબીર સાથે એકરૂપતા અનુભવતા હતા. કબીરસાહેબમાં પ્રફુલ્લિતપણે નિખરી ઊઠેલું ભગવત્સ્વરૂપ નિર્વાણ ને મન વંદનીય ને પૂજનીય બન્યું હતું ! સંતમાં રહેલું સંતત્વ જ નિર્વાણ મહારાજે માણ્યું હતું. તેથી જ બંને સંતો છૂટા પડયા ત્યારે તેઓના હૃદયમાં ઉમટેલી આનંદની ભરતીનું વર્ણન કરતા લોકકવિ દુલારામ યર્થાથ જ કહે છેઃ

**સાહિબ મોરે દિલમેં બસો આદિ અદલી કબીર**
**ન્યારે મત નિર્બાનસે પ્રગટ રહો ગુરુ પીર !**

અર્થાત્, મારા હૃદયમાં સાહેબ તમે નિત્ય વસજો. મારાથી છૂટા પડશો જ નહીં. આપ તો સૌના આદિ અવિનાશી સ્વરૂપ છો ! ને પ્રગટ સદ્‌ગુરુ છો ! આવા ભાવથી નિર્વાણ મહારાજે કબીરસાહેબનાં ચરણો પકડી લીધાં હતાં. કબીરસાહેબે તેમને પ્રેમપૂર્વક આલિંગન કર્યુ હતું અને નિર્વાણસાહેબ કહી ને સંબોધન કર્યું હતું. કહેવાય છે કે તે દિનથી સૌ સાધુ સંતો નિર્વાણ મહારાજને નિર્વાણસાહેબ તરીકે જ બોલાવવા લાગ્યા હતા ! નિર્વાણ મહારાજમાં રહેલું ભગવત્સ્વરૂપને પરખી સદ્‌ગુરુ કબીર સાહેબે આપેલું બિરુદ ખૂબ જ યોગ્ય હતું.

## ૪૯. જ્ઞાનીજીનો મેળો

સૂરતમાં જ્ઞાનીજીના નામે મેળો શા માટે ભરાતો હતો તે જાણવાનો પ્રયાસ કર્યો ત્યારે માહિતી મળી કે પોષ સુદ એકાદશીને દિને નિર્વાણ સાહેબે સૂરત મુકામે નિર્વાણ ધામમાં દેહ છોડી

દીધોહતો. તે પહેલા જ્ઞાનીજી સૂરત પધારેલા અને નિર્વાણ સાહેબ સાથે પરિચય થતાં પ્રેમ સંબંધ થયેલો. છૂટા પડતી વખતે ફરી કયારે મળીશું એવો પ્રશ્ન જ્ઞાનીજીએ પૂછેલો ત્યારે નિર્વાણ મહારાજે વચન આપેલું કે જે દિવસે મેળો ભરાશે અને સત્સંગ ભજનની હેલી મચશે તે દિવસે આપણી મુલાકાત થશે. જયારે જ્ઞાનીજી બીજીવાર આવ્યા ત્યારે નિર્વાણ મહારાજ સદેહે હાજર ન હોતા. તેમના શિષ્ય સદાનંદે જયારે જ્ઞાનીજીને સંતની સમાધિ બતાવી ત્યારે જ્ઞાનીજીએ સંતની સમાધિ પર માથુ ઢાળી દીધું હતું. તે અવસ્થામાં મન ધ્યાનલીન બની ગયું હતું અને સંતવાણી ફરીથી સાંભળી હતી. મેળો ભરાશે અને સત્સંગ ભજનની હેલી મચશે તે દિન આપણી મુલાકાત થશે એ વાણી જ્ઞાનીજીના હૃદયમાં ગૂંજયા કરવા લાગી. પરિણામ સ્વરૂપે જ્ઞાનીજીએ મેળાનું આયોજન કર્યું હતું અને દેશભરમાં ખબર પ્રસરે તેવી જાહેરાતની વ્યવસ્થા ગોઠવી હતી. બીજે જ વર્ષથી સૂરતમાં મેળાનો પ્રારંભ થયો હતો. આ મેળાની તે સમયે ખૂબ જ જાહોજલાલી હતી. મોટા મોટા સંતો પણ આ મેળામાં હાજરી આપતા અને સત્સંગનો મહિમા વધારતા.

એમ તો જ્ઞાનીજીનો મેળો મોટા સાંજા ગામમાં પણ ભરાતો હતો. મોટા સાંજા ઝઘડિયાની પાસે આવેલું ભરૂચ જિલ્લાનું એક ગામ છે. તે ગામમાં જ્ઞાનીજીનો આશ્રમ હતો. જ્ઞાનીજીએ પોતાની ગાદી તે સ્થળે સ્થાપી હતી. રામકબીર સંપ્રદાયનો પ્રારંભ તે ગાદીની સ્થાપનાથી થયેલો. પોષ સુદ અગિયારસને દિને સંત જ્ઞાનીજી મહારાજે જીવંત સમાધિ લીધેલી. તેથી તે દિવસથી જ તે સ્થળે મેળો ભરાતો અને પૂરો એક મહિના સુધી તે રહેતો. કહેવાય છે કે ઈ.સ.૧૯૨૦ થી સદંતર બંધ થઈ ગયો હતો કારણ કે આશ્રમના મહંતોનો ત્રાસ વધી જવા પામ્યો હતો. પહેલા મેળામાં દુકાનદારો પાસેથી ભાડુ લેવામાં ન હોતુ આવતું પરંતુ પાછળથી ભાડુ લેવાનો મહંતોએ પ્રારંભ કર્યો હતો. તે અંગે વડોદરામાં કેસ પણ ચાલ્યો હતો. રાજય સરકારના આજ્ઞાપત્ર નં-૯૯૧/૫ નં-૧૪૭ તા. ૨૮-૧-૧૮૮૭ દ્વારા મહંતને હકદાર ઠેરવ્યા હોવાથી મહંતની કનગડત ધીરે ધીરે વધી જવા પામી હતી. એટલે છેવટે ઈ.સ.૧૯૨૦થી મેળો સદંતર બંધ થઈ ગયો હતો.

પરંતુ સૂરતમાં ભરાતા મેળા સાથે જ્ઞાનીજીનું નામ શા માટે જોડયું હતું તે એક સંશોધનનો વિષય ગણાય. જે હકીકત પ્રાપ્ત થાય છે તે હિસાબે જ્ઞાનીજીના સમયનો બરાબર મેળ બેસતો જણાતો નથી. રામકબીર સંપ્રદાયના આદ્યસ્થાપક જ્ઞાનીજીનો સમય જે નકકી કરવામાં આવ્યો છે તે સં. ૧૪૫૧ થી ૧૫૫૮ સુધીનો જ છે. તેમણે અનેક સંત મહંતોની હાજરીમાં જીવંત સમાધિ લીધી હતી એટલે તે ઘટનાની નોંધ ખોટી તો હોય જ નહી. સં-૧૫૫૮માં તેમણે જીવંત સમાધિ લીધી હોય તો નિર્વાણ મહારાજના નિર્વાણદિન સાથે તેનો મેળ બેસતો જ નથી. નિર્વાણ મહારાજે તો સં-૧૫૭૦માં સમાધિ લીધી હતી. તે પહેલા જ્ઞાનીજી તો વિદેહ થઈ ગયા હતા. હા, સંત નિર્વાણ મહારાજની સૂરતમાં પધરામણી સં-૧૫૩૭માં થઈ હતી. સં-૧૫૫૮માં જ્ઞાનીજી મહારાજે સમાધિ લીધી હતી એટલે ૧૧ વર્ષનો ગાળો એવો છે કે જેમાં બંને સંતોની મુલાકાત થઈ હોય. લગભગ નેવું થી સો વર્ષની ઉમરે જ્ઞાનીજી મહારાજ સૂરત પધાર્યા હોય ને નિર્વાણ મહારાજ સાથે મુલાકાત થઈ હોય તે અશકય તો ન જ ગણાય. લોક કવિ દુલારામે બંને સંતોની મુલાકાત સવિસ્તાર નોંધી છે એટલે તેમાં તથ્ય તો હશે જ !

**જ્ઞાનીજી જ્ઞાન તાકો કહે, જાકો દિલ અભેદ**

**સંતનસે સંતન મિલે તા દિન રહે ન ભેદ !**

અર્થાત્, હે જ્ઞાનીજી મહારાજ ! હૃદયમાં ભેદ ન રહેવા પામે તેને જ જ્ઞાન કહેવાય છે. જે દિવસે અભેદ અવસ્થામાં આરૂઢ એવા સંતની સાથે સંતનું મિલન થાય તો તે દિવસે ભેદ જેવું કાંઈ રહેતું જ નથી. નિર્વાણ મહારાજનું વચન સાંભળી જ્ઞાનીજી ખુલાસો કરતા કહે છે : ''સાહેબ, અમે તો કબીરના શિષ્ય છીએ. આપના શબ્દો અમને મૂંઝવણમાં મૂકે છે !'' તે સાંભળી નિર્વાણ મહારાજના હૃદયમાંથી વાણી અજ્ઞાનના પડળોને ભેદતી નીકળી પડી હતી :

**નિર્બાન ઔર કબીરમેં જાકો દિખે જુદાઇ**

**સો નર કૈસે ઉબરે બહુરિ ભવ ભટકાય !**

અર્થાત્, નિર્વાણ અને કબીરમાં જે ભેદ નિહાળે છે તેનો કદી ઉધ્ધાર થઈ શકે નહી ! કહેવાય છે કે આ વાણી જયારે સંત નિર્વાણ મહારાજનાં મુખમાંથી સરી પડી હતી ત્યારે જ્ઞાનીજીને નિર્વાણમાં

કબીરસાહેબનાં સ્પષ્ટ દર્શન થયા હતા. તેથી તેઓ ચરણમાં ઝૂકી ગયા હતા. ત્યાર પછી અહોભાવમાં નિમગ્ન થઈ આખી રાત ભજનની રમઝટ મચી હતી. આ પ્રસંગથી બંને સંતો વચ્ચે ગાઢ સંબંધ સ્થપાયો હોવો જોઈએ એમ લોક કવિ દુલારામની નોંધ પૂરવાર કરે છે. એટલે મેળાનું આયોજન તેઓ દ્વારા થયું હોય તે શકય છે.

અથવા તો જ્ઞાનીજી મહારાજ વિદેહ થયા પછી રામકબીર સંપ્રદાયના પ્રચાર અર્થે જ્ઞાનદેવ નામે સંત સૂરત પધાર્યા હતા તે હકીકત પણ અત્રે લક્ષ આપવા જેવી છે. જ્ઞાનીજી મહારાજને બે પુત્રો હતા : જ્ઞાનદેવ અને શ્યામદેવ. જ્ઞાનદેવે સૂરતમાં આવી ગાદી સ્થાપી હતી અને તેમની વંશાવલી આ પ્રમાણે છે.

જ્ઞાનદેવ-સામદેવ-રામદેવ-વાસુદેવ-દ્વારકાદાસ-હરિરામ-ભગતરામ-વીરદાસ-નાનાબાવા-ગોકળદાસ-સામદાસ-ભગતરામ-ગોપાલદાસ-નારણદાસ-માધવદાસ-કરસનદાસ-નરસિંહદાસ-ગોર્ધનદાસ-દયારામદાસ હવે કોઈ નથી.

આ જ્ઞાનદેવ સંતની મુલાકાત સંત નિર્વાણ મહારાજ સાથે થઈ હશે ત્યારે સંભવ છે કે જ્ઞાનદેવને ઉદ્દેશીને જ્ઞાનીજીએ કહ્યું હોય

**જ્ઞાનીજી જ્ઞાન તાકો કહે જાકો દિલ અભેદ**

**સંતન સે સંતન મિલે તા દિન રહે ન ભેદ !**

પહેલીવાર આ જ્ઞાનદેવ સં-૧૫૫૯માં આવ્યા હોય ને ઉપરોકત વાર્તાલાપ નિર્વાણ મહારાજ સાથે થયો હોય તે પણ શકય ગણાય. બીજીવાર બાર વર્ષ પછી લોક કવિ દુલારામની નોંધ અનુસાર આ જ્ઞાનદેવ આવ્યા હોય ને મેળાના આયોજનની વિચારણા થઈ હોય તો તે વિચારવા યોગ્ય હકીકત છે. જ્ઞાનજી કોણ ? રામકબીર સંપ્રદાયના આદ્યસ્થાપક જ્ઞાનીજી મહારાજ ? કે આ જ્ઞાનદેવ ? એ ગમે તે હોય, પણ સૂરતમાં જ્ઞાનીજીના નામે મેળો પહેલેથી જ ભરાતો આવ્યો છે તે હકીકત જગજાહેર છે. આજે પણ નેવું વર્ષે પહોંચલા વૃધ્ધો પાસેથી એક ઉકિત વારંવાર સાંભળવાની મળે છે :

**યહ તો હૈ ભાઈ સૂરતમેં જ્ઞાનીજીકા મેલા**

**સબ કોઈ ખાવે સકકર, ગુરુજી ખાવે કેલા.**

આવી કહેણી કેમ પડી ગઈ હશે ? જરૂર કોઈ અલૌકિક ઘટના બની હશે. તે છતાં મેળો સૂરતમાં જ ભરાતો હતો તે વાત આ

કહેણી પૂરવાર કરે છે. કહેવાય છે કે સાતમા નિર્વાણ તરીકે પ્રસિધ્ધ થયેલા સંત જગન્નાથદાસ વિદેહ થયા પછી પોતાના શિષ્ય સંત શ્રીરંગદાસને વચન આપ્યા પ્રમાણે જ્ઞાનનો પાઠ ભણાવવા આ મેળાને દિને સહેદે પ્રગટ થયા હતા. વિદાય થતી જનતા ને તે સંતે સવારે પોતાને હાથે સાકરનો પ્રસાદ વહેંચ્યો હતો અને પોતે કેળા ખાવા લાગ્યા હતા. તેમના શિષ્ય આવું જોઈને તેમની પાસે દોડી ગયા હતા અને કેળા ઝૂંટવી લેવા પ્રયત્ન કર્યો હતો. તે જોઈને જાહેર જનતામાં ઉપરોક્ત કહેણી ચાલુ થઈ હતી.

જયારથી આ મેળો ચાલુ થયો ત્યારથી સૂરતનો નવાબ પ્રથમ દિવસે સૌથી પહેલા પોતાની ચાદર નિર્વાણ મહારાજની સમાધિ પર ઓઢાડવા પધારતો. ત્યાર પછી જ જાહેર જનતા સમાધિ પર ફૂલ કે ફૂલનો હાર ચઢાવતી. નવાબ નિર્વાણ મહારાજનો શિષ્ય બની ગયો હતો તેથી આવો શિરસ્તો પડી ગયેલો. ત્યાર પછીના બધા જ નવાબો પણ તેને અનુસરતા હતા. કારણ કે તે નવાબો નિર્વાણ મહારાજને પોતાના પીર માનતા. નવાબના પૂજય ભાવને કારણે મેળાનું મહત્ત્વ ખૂબ જ વધી ગયેલું. આ મેળો નિર્વાણ અખાડા થી છેક દાણાપીઠ સુધી ભરાતો. શહેરની જનતા અતિશય ઉમંગથી મેળાનો આનંદ લૂંટતી. સં-૧૯૩૨ પછી એટલે કે સંત બલરામદાસ પછી આ મેળાનું મહત્ત્વ ઘટતું ગયું હતું. આજે આ મેળો ભરાતો નથી.

## ૪૯. કમાલ સાહેબનું આગમન

કબીરસાહેબના શિષ્યોમાં કમાલનું નામ અગ્રસ્થાને ગણાય છે. સિકંદર લોદીએ કબીરસાહેબની કસોટી કરવા ઘણીવાર પ્રયત્નો કર્યા હતા. એકવાર બાદશાહે ગંગા કિનારે કબીરસાહેબની ભારે કસોટી કરી હતી. ગંગામાં તણાટા એક મૃતદેહને નિહાળી બાદશાહે તેને સજીવન કરવાનો પડકાર ફેંકયો હતો. કબીરસાહેબે તે પડકારને સહર્ષ ઝીલી લીધો હતો. મૃતબાળકને પ્રવાહમાંથી બહાર કાઢયા પછી કબીરસાહેબે માત્ર રામમંત્રના ઉચ્ચારણથી બાળકને સજીવન કર્યો હતો તે પ્રસંગે બાદશાહથી 'કમાલ' શબ્દ સરી પડયો હતો. તેથી આ

બાળકનું નામ કમાલ પાડવામાં આવ્યું હતું. તે પ્રસંગથી બાદશાહ કબીરસાહેબને પજવતો બંધ થયો હતો. બલકે રાજદરબારમાં કબીરસાહેબનું માન વધી ગયું હતું.

કમાલનું બાળપણ કબીરસાહેબના નેજા હેઠળ વીત્યું હતું. કબીરસાહેબના હાથે તે સંસ્કાર પણ પામ્યો હતો. કબીરસાહેબે તેને દીક્ષા પણ આપી હતી. જગતની પાઠશાળામાં બહોળા અનુભવ માટે વિહાર કરવાની સદ્‌ગુરુએ આજ્ઞા પણ કરી હતી. તેથી તે ફરતો ફરતો અમદાવાદ આવી ચઢયો હતો એવો ઉલ્લેખ "કબીર સાગર" ગ્રંથમાં પ્રાપ્ત થાય છે. :

**જાહુ કમાલ કોઉ મુલ્ક ચેતાવો**
**ચોર્યાસીસે જીવ મુકતાવો**
**ચલે કમાલ તબ શિષ નમાઈ**
**અહમદાબાદ પહુંચે આઈ.**

આ રીતે એક નવજાત શિશુ ફરીથી જીવન પામી સમર્થ સદ્‌ગુરુના શરણમાં રહી સંસ્કાર પામતો પામતો જગતની પાઠશાળામાં કસોટીએ ચઢયો હતો અને સદ્‌ગુરુના કૃપાપાત્ર બની રિધ્ધિ સિધ્ધિથી પણ સંપન્ન બન્યો હતો. સદ્‌ગુરુએ કાશીમાં નિર્વાણ મહારાજની ઘણી વાતો કરી હતી એટલે ગુજરાતમાં આવવાનું મુખ્ય કારણ તો નિર્વાણ મહારાજનું દર્શન જ ગણાય. અમદાવાદમાં જયારે સુલતાનનો પરિચય થયો ત્યારે સુલતાને "સૂરતમાં હિંદવા ફકીરના દીદાર પ્રાપ્ત કરવા જેવા છે" એવું પ્રત્યક્ષ કહ્યું ત્યારે કબીર સાહેબે કહેલો નિર્વાણ મહારાજનો મહિમા તેને યાદ આવ્યો હતો. તેથી કમાલ સાહેબનું હૃદય સૂરત તરફ પ્રયાણ કરવા વધારે લાલાચિત થયું હતું.

કમાલસાહેબ આખરે સૂરત આવી પહોંચ્યા હતા. નિર્વાણ ધામ શોધતા વાર લાગી ન હતી. સૂરતવાસી માટે નિર્વાણ ધામ તો એક મહાન તીર્થ સમાન હતું. નાનું બાળક પણ કોઈ પણ અજાણ્યાને નિર્વાણધામમાં પહોંચાડી શકતું હતું. એટલે કમાલ સાહેબ ઘણી સરળતાથી નિર્વાણધામમાં આવી પહોંચ્યા હતા. નિર્વાણ મહારાજ ચોકમાં એકલા જ પોતાના આસન પર બિરાજમાન હતા ત્યારે કમાલ સાહેબે પાસે આવી ને તેમને સાષ્ટાંગ નમસ્કાર કર્યા હતા. સંત નિર્વાણ મહારાજે સ્વાભાવિક રીતે પ્રશ્ન કર્યો હતો કે કાશી નગરી

છોડી ને તમે શું શોધવા નીકળી પડયા છો ? કમાલ સાહેબને નિર્વાણની વાણી સાંભળીને તેમના સામર્થ્યનો પરિચય થઈ ગયો હતો. પોતે કાશીથી આવ્યા છે તે વાત તેઓ કેવી રીતે જાણી શકયા હશે? જવાબમાં, ''ગુરુ કબીરસાહેબની આજ્ઞાથી લોકકલ્યાણના હેતુને લક્ષમાં લઈ અહી સુધી આવી પહોંચ્યો છું.'' એવું બોલી કમાલે પોતાનું આસન ગ્રહણ કર્યું હતું. અમદાવાદમાં સુલતાન પાસેથી પણ આપ વિષે ઘણું સાંભળ્યું એટલે આપનાં દર્શને આવ્યો છું એવું બેઠા પછી ઉમેર્યું.

નિર્વાણ ધામની રહેણી કહેણી પણ મૌનભાવે કમાલે નિહાળ્યા કરી હતી. ત્યાં સગુણ સાકારની પૂજા થતી હતી તે પણ સ્પષ્ટપણે દેખાતું હતું. કબીરસાહેબની મુલાકાત પછી પણ આ સંતે સગુણ સાકારની પૂજા કેમ ચાલુ રાખી હશે ? એવો પ્રશ્ન તેના હ્રદયમાં થયા કરતો હતો. શું કબીરસાહેબે કંઈ જ કહ્યું ન હશે ? પોતાને તો કબીરસાહેબે નિર્ગુણ-નિરાકારના જ પાઠ ભણાવ્યા હતા તે વિચારે કમાલ મગ્ન બની ગયો હતો. આખરે હિમ્મતથી કમાલસાહેબે પૂછી નાંખ્યું હતું : ''બાબા, મને ભારે આશ્ચર્ય થાય છે. મારા સદ્ગુરુ કબીરસાહેબ તો પૂરા નિરગુણિયા ને તમે તો સગુણવાદી છો ! બંને કેવી રીતે મળી શકયા ? નિર્ગુણ-સગુણની ચોટ મારા દિલમાં લાગી ગઈ છે, તેનું તમે શમન કરો !'' સસ્મિત વદને નિર્વાણ સાહેબે ઉત્તર આપતા કહેલું :

**સત્સંગા સુખદાયના, નિરગુણ સિરગુણ કહાં ભેદ ?**
**બૂઝો ગતિ નિર્બાન કી, અવધૂ સદા અભેદ !**

અર્થાત્, સાચા સંતોનો સમાગમ સદૈવ સુખદાયી જ હોય છે કારણ કે તેઓનાં હ્રદયમાં નિર્ગુણ સગુણના ભેદો ઓગળી ગયા હોય છે. જે પ્રભુનો પ્યારો અવધૂત છે તેના હ્રદયમાં અભેદ જ હોય ! નિર્વાણની સ્થિતિ તેવી જ હતી તે સમજી લે ! નિર્વાણ મહારાજે પ્રેમના રસાયણની અદ્ભુત વાતો કરીને કમાલ સાહેબની શંકા નિર્મૂળ કરી હતી. સંતની વાણીમાં એક પ્રકારનું ઓજસ હતું. આત્મબળથી રસાયેલી તે વાણી હતી. તેથી કમાલના હ્રદયને ભેદી ગઈ હતી. સાંભળીને કમાલ ચરણ પકડી લેતાં કહે છે :

**સંત હમારો આતમા, મેં સંતન કો દાસ**

**સાહિબ અપને કમાલકો રખો ચરણ કે પાસ !**

આ રીતે કમાલ સાહેબને નિર્વાણ મહારાજનાં દર્શન ફળ્યા હતા અને સદ્‌ગુરુ કબીર સાહેબના મહાન વ્યક્તિત્વનો સવિશેષ ખ્યાલ આવ્યો હતો.

## ૫૧. રાજદરબારે યશ

સૂરતમાં એક કરામતી સાધુ આવ્યો છે અને તે ઘણા ચમત્કારો કર્યા કરે છે તે વાત જયારે સુલતાન મહમદ બેગડાએ સાંભળી ત્યારે તેને ખૂબ કુતૂહલ પેદા થયું. ઘણા વિચારને અંતે સાચા ખોટાની તો પરીક્ષા કરવી જ જોઈએ એવો તેણે નિર્ણય કર્યો. તેને એક યુક્તિ સૂઝી. એક સરખા ત્રણ દેગડાઓ ઘડાવ્યા. માટીના ઘડામાં શરાબ ભર્યો, લોખંડના ઘડામાં લોહી ભર્યું અને સુવર્ણના દેગડામાં દૂધ ભર્યું. તેણે પોતાની હાજરીમાં ત્રણે દેગડાઓને સિલબંધ કરાવ્યા ત્રણ આજ્ઞાકિંત અનુચરોને બોલાવી કરામતી સાધુની કસોટી કરવાનું કાર્ય સોંપ્યું.

ત્રણે આજ્ઞાકિંત અનુચરોએ ઘડાઓ લઈ સૂરત તરફ પ્રયાણ કર્યું. ઘોડેસવાર તે જમાનામાં ત્રીજે દિવસે સૂરત પહોંચી જતો. આ ઘોડેસવાર પણ ત્રણ દિવસમાં પહોંચી ગયા હતા. તે સમયે સૂરતનો વહીવટ ગોપીનાથ સૂબાના હાથમાં હતો. તેને શાહી ફરમાન આપ્યું. શાહી ફરમાનમાં કરામતી સાધુની કસોટીની વિગત વાંચી ગોપીનાથે ત્રણે અનુચરો સાથે નિર્વાણધામની દિશા પકડી. સંતના ચરણોમાં ત્રણે દેગડાઓ અનુચરોએ મૂકયા અને આદરપૂર્વક વિનંતિ કરી : "બાબા, આ સિલબંધ ઘડાઓ અમદાવાદથી સુલતાન મહમદ બેગડાએ મોકલાવ્યા છે. એમાં શું શું ભરેલું છે તે તમારે સિલબંધ તોડયા વિના કહી બતાવવાનું છે. કહ્યા પછી સિલબંધ સુબાસાહેબ જાતે તોડશે એવું શાહી ફરમાન છે. સુલતાનને પરચો જોવાની ઈચ્છા હોવાથી અમોને અહીં આવવું પડયું છે"

શાહી ફરમાનની વિગત સાંભળીને સંત સસ્મિત વદને બોલ્યાઃ "અલ્યા ભાઈ, અમે તો સામાન્ય સંત. અમે કંઈ નથી વલી કે

નથી કંઈ પીર ! છતાં સુલતાનને પરચો જ જોવો છે તો રામનું નામ લઈ પ્રયત્ન કરું'' સંતે માટીના ઘડાને સ્પર્શ કર્યા અને કહ્યું કે આમાં તો બીજું કાંઈ નથી પણ કેવળ ગંગાજળ છે ! ગોપીનાથ તરફ જોઈ સિલબંધ તોડવાની આજ્ઞા કરી. ગોપીનાથે સિલબંધ તોડયું તો અંદરથી ખરેખર ગંગાજળ જ નીકળ્યું. સંતે ગંગાજળનો પ્રસાદ હાજર રહેલાને ચખાડયો હતો. અનુચરે ગંગાજળનો સ્વાદ ચાખી આશ્ચર્ય વ્યકત કર્યુ હતું. કારણ કે તેઓ તો જાણતા જ હતા કે માટીના ઘડામાં તો શુધ્ધ શરાબ જ ભર્યો હતો.

અનુચરોએ માટીના ઘડાને ફરીથી સિલબંધ કરાવી દીધો હતો. સિલબંધ કરતી વખતે સંતે સૂચના આપી હતી કે ભલે તમે આ ગંગાજળ તમારા સુલતાન માટે લઈ જાવ ! પરંતુ આ ઘડો રસ્તામાં જ ફાટી જશે અને ગંગાજળ આ ધરતીમાં સમાઈ જશે. સુલતાનનાં ભાગ્યમાં ગંગાજળ નથી ! અનુચરો સંતનું કથન સાંભળી રહ્યા. તેઓ બોલે પણ શું ? તેમણે સંતનું સામર્થ્ય પ્રત્યક્ષ નિહાળ્યું. શરાબથી ભરેલો ઘડો હતો તે ગંગાજળથી ભરેલો થઈ ગયો હતો. તેઓના હૃદયમાં પ્રભાવની અસર હતી.

જયારે સંતે લોખંડના ઘડા તરફ નજર કરી ને તેના પર પોતાનો હાથ ફેરવ્યો ત્યારે સંતના મુખેથી વાણી સરી પડી કે આમાં તો અનુપમ અત્તર ભરેલું છે ! ગોપીનાથે તે ઘડાનું સિલબંધ તોડયું તો સાચે જ આખા ઓરડામાં અત્તરની સુવાસ ફેલાઈ રહી ! અનુચરો તો દિંગમૂઢ થઈ ગયા હતા કારણ કે તેઓ તો જાણતા જ હતા કે લોખંડના ઘડામાં તો લોહી ભરેલું હતું ! આ તો દુર્ગંધ ફેલાવાને બદલે સુગંધ જ સુગંધ થઈ ગઈ હતી ! ફરીથી તે ઘડાને અનુચરોએ સિલબંધ કરી દીધો હતો. અનુચરોના હૃદયમાં પ્રભાવની પ્રગાઢ અસર થઈ એટલું જ નહિ પણ સંતને માટે અહોભાવ પેદા થયો હતો.

હવે રહ્યો હતો સુવર્ણનો ઘડો. સૌની નજર તે તરફ જતી હતી. સંતે સોનાના ઘડા ફરતે હાથનો સ્પર્શ કરી જોયો અને કહ્યું : આમાં તો શ્રી કૃષ્ણ ભગવાનને ભાવતું નવનીત છે. ખોલી જુવો, ગોપીનાથ ! ગોપીનાથે સિલબંધ જેવું તોડયું અને અંદર હાથ નાંખ્યાં તો ખરેખર માખણ જ નીકળ્યું. સૌના હૃદયમાં અપાર આનંદ થયો.

સંતે માખણનો પ્રસાદ સૌને ચખાડયો હતો. અનુચરોએ માખણ ચાખીને ધન્યતાનો અનુભવ કર્યો હતો. તેઓના હૃદયમાં પ્રભાવ ઉપરાંત પ્રેમ ભકિતનો ઉદય થયો હોય તેઓએ સંતને મનોમન વંદન કર્યા હતા. તે સુવર્ણના ઘડાને અનુચરોએ તરત જ ફરીથી સિલબંધ કરી દીધો હતો. તે વખતે સંતે સૂચવ્યું હતું કે કનૈયાનું માખણ સુલતાનના ભાગ્યમાં નથી છતાં તમે ઘડો સુલતાનની પાસે લઈ જાઓ. તેના હાથમાં માખણ નહીં રહે ! સંતની વાણી સાંભળી સૌને આશ્ચર્ય થયું હતું. સંતે કહેલું કે આ અત્તર તેને કામનું છે. અત્તરનો તે ઉપયોગ જરૂર કરી શકશે. સંતવાણીનો મર્મ હાજર રહેલાને કદાચ ન સમજાયો હોય તે સ્વાભાવિક છે. પરંતુ આ અનુચરોને ખ્યાલ આવી ગયો હતો. સંતના સામર્થ્યનો પરિચય પ્રત્યક્ષપણે હવે થઈ ગયો હોવાથી તેઓને ખાત્રી થઈ ગઈ હતી કે આ સંતને ભાવિના ભેદની પૂરેપૂરી ખબર હોવી જોઈએ. સુવર્ણના ઘડામાં સુલતાને દૂધ ભરાવ્યું હતું ને નીકળ્યુ અહીં તો માખણ ! આ કંઈ લેભાગુ સંત થોડા છે કે તેની વાણી ફોગટ નીવડે. એવા વિચારો અનુચરોના મનમાં ઘોળાવા લાગ્યા હતા.

સિપાહી અનુચરો ઉતાવળે અમદાવાદ પહોંચ્યા ને સુલતાનને સંતની ભેટ સુપરત કરી હતી. સંતે કહેલું કે ગંગાજળ ભરેલો ઘડો રસ્તામાં આપોઆપ ફાટશે ને ગંગાજળ ધરતીમાં સમાઈ જશે તેમ જ બન્યું હતું. સુલતાનને આખી ઘટનાથી માહિતગાર કરી બાકી રહેલા બે દેગડાઓ સુલતાનને સોંપ્યા હતા. સુલતાને જાતે જ સિલબંધ તોડીને પોતે મોકલેલી વસ્તુ છે કે કેમ તે તપાસી લીધું હતું. લોખંડના ઘડામાંથી અનુપમ અત્તરની સુગંધી અનુભવી સુલતાન તો વિચાર કરતો જ રહી ગયો ! પોતે લોહી ભરેલું તેના બદલે અત્તર ભરેલો ઘડો થઈ ગયો ! અનુચરોને તેણે પૂછી જોયું હતું કે સિલબંધ કોણે તોડયા હતા ને ફરીથી કોણે બંધ કર્યા હતા ? અનુચરોએ જે વિગત હતી તે જણાવી દીધી હતી. સુર્વણના ઘડામાં હાથ નાખ્યો તો ખરેખર માખણનો લોંદો જ નીકળ્યો. તરત જ તેની શાહજાદી ગીદોલી કે જે ત્યાં જ રમતી હતી તે એકદમ સુલતાન પાસે દોડી અને માખણ ખૂંચવી લીધું હતું ! શાહજાદી ગીદોલી માખણ આરોગી ગઈ હતી. સંતની પ્રસાદીથી શાહજાદીના જીવનમાં

ભારે પરિવર્તન આવેલું એમ ઈતિહાસ સાક્ષી પૂરે છે. માખણ સુલતાનના ભાગ્યમાં ન હોતું એટલે તે ખાય શકયો નહી. ભાવિની અગમ્ય વાતો સંત જાણતા હતા તેની ખાત્રી પેલા અનુચરોને બરાબર થઈ ગઈ હતી.

સુલતાનનાં હૃદયમાં પણ સંતને માટે અહોભાવ જાગ્યો હતો. સુલતાન મહમદ બેગડો ખુદાના બંદાની મહેરબાનીથી જ રાજા બની શકયો હતો તે વાત તેને બરાબર યાદ આવી હતી. આ પણ કોઈ સામાન્ય સાધુ નથી. સાક્ષાત્ ખુદાના બંદા જ લાગે છે. તેના વચનોમાં તાકાત છે તેથી જ તેમણે જેમ કહેલું તેમ બન્યું હતું. ગંગાજળ ને માખણ મારા નસીબમાં નહિ તેથી મને મળે જ કેવી રીતે ? ગંગાજળનો ઘડો આપોઆપ ફાટયો ને ગંગાજળ જમીનમાં જ સમાઈ ગયું એ ઘટના પણ ગજબની ગણાય. સુલતાન ત્યારથી નિર્વાણ સાહેબની ખૂબ જ પ્રશંસા કર્યા કરતો.

એકવાર સંત અમદાવાદ તરફ યાત્રાએ નીકળ્યા હતા. સુલતાનના અનુચરો તો સંતના પૂરા ભકતો બની ગયા હતા. એટલે તેઓ થકી સંતનો ઘણો પ્રચાર અમદાવાદમાં થઈ ગયો હતો. સંતનાં દર્શને મોટી મેદની ઉમટી હતી. સુલતાનને ખબર થઈ એટલે સુલતાન પણ પ્રેમપૂર્વક સંતની આગતા સ્વાગતા કરવા દોડતો હાજર થઈ ગયો હતો. જાહેર જનતાને દર્શન આપી સંતે સૌ પર કૃપા વરસાવી હતી. પછી સુલતાન સંતને રાજમહેલમાં લઈ ગયો હતો.

મહેલમાં ગયા પછી સુલતાને સંતનો પરચો ફરીથી અનુભવ્યો હતો. ઘણા સમયથી સુલતાન પોતાના ભાવિ અંગે ચિંતાતુર હતો. ઘણી દ્વિધા અનુભવતો હતો. તેના મનની સ્થિતિ સંતે કહી સંભળાવી હતી. સુલતાને પૂછયું ન હોતું તો પણ સુલતાનના મનને સંતે કેવી રીતે જાણી લીધું હશે ? સંતે કહેલું ''સુલતાન, તમારું હૃદય તો ખરેખર ફકીરી રંગમાં રંગાયેલું ગણાય ! છતાં તમે ચિંતા શા માટે કરો છો ? તમે કુલ ચોપન વર્ષ શાહી તખ્ત પર વિદ્યમાન રહી શકશો. પછી ખુદાના દરબારમાં પહોંચવું જ પડશે !'' આ સાંભળી સુલતાન ખૂબ આનંદિત થયો હતો. ફરીથી સંતના પ્રભાવમાં સુલતાન ગળાડૂબ થઈ ગયો હતો. તેના હૃદયમાં આનંદ સમાતો ન હોતો. તેથી તે અવસ્થામાં સુલતાન તરીકે સંતને કાંઈ માંગી લેવા વિનંતિ

કરી : ''બાબા, દિલ ચાહે તે માંગી લો ! હું બધું જ આપવા તૈયાર છું.''

સાંભળીને સંત કાંઈક ગુસ્સામાં હોય તેવું જણાયું હતું. તેઓ કોઈ ખુશામતખોર ન હોતા કે ભિખારી પણ ન હોતા. સુલતાન પાસે કોઈ અપેક્ષાથી આવ્યા ન હોતા કે જેથી તેમણે સુલતાનને ખુશ કરવા જાણે ભાવિનો ભેદ કહી સંભળાવ્યો હોય ! તેથી સંતે દૃઢતાપૂર્વક કહ્યું : ''તારી પાસે માંગવા જેવું શું છે ? તારી બાદશાહી પણ તને એક વલીની મહેરબાનીથી મળી છે. મારે કાંઈ જોઈતું નથી.'' આવું કહીને સંતે તરત જ શાહી મહેલ છોડીને ચાલતી પકડી હતી. અમદાવાદથી સીધા જ તેઓ ફરીથી સૂરત આવી ગયા હતા. નિર્વાણ મહારાજ તો જાણે રાજાના પણ રાજા હોય તે રીતે વર્તતા હતા. ખરેખર, સમર્થ સંત પુરૂષો આકાશ જેવા અગાધ અને સાગર જેવા અમાપ છે. દુન્યવી માનસ સ્થૂળ ભૂમિકા પર રહીને સંતને પરખતો હોવાથી સંતના સમાગમનો અપૂર્વ લહાવો માણી શકતો નથી તે હકીકત આજે પણ સાચી છે.

ગુજરાતના સુલતાને સૂરતના સંતની કરેલી તે વાત શાહી અધિકારીઓ દ્વારા દિલ્હી સુધી પહોંચી ગયેલી. તે વખતે દિલ્હીની ગાદી પર લોદીવંશનું રાજય ચાલતું હતું. સિકંદર લોદી દિલ્હીના તખ્ત પર હતો. સૂરતના સંતનો પ્રભાવ તેણે પણ સાંભળ્યો હતો. સાંભળીને તેને પણ આશ્ચર્ય થતું હતું. ખુદાના બંદા સિવાય ભાવિની અગમ્ય વાત કોણ જાણી શકે ? સામાન્ય સાધુ ફકીરનું તે કામ નથી. આ પ્રકારના વિચારો સિકંદર લોદીના મનમાં રમ્યા કરતા હતા

એ વાત સાચી છે કે ઘડી પછી શું થવાનું છે તે કોઈ જાણી શકતું નથી. સૌનું ભાવિ અગમ્ય હોય છે. તે અગમ્ય ને ગૂઢ હોવાથી જ તેને જાણવાની સૌને ઈચ્છા થતી હોય છે. સમર્થ સંતો જ ભાવિના અગમ્ય ભેદોને ઉકેલી શકે છે તેવો વિશ્વાસ સર્વસામાન્ય પણે પ્રવર્તે છે. ભલે રાજા હોય કે રંક, ગરીબ હોય કે તવંગર, ભાવિ જાણવાને માટે તે ઉત્સુક રહેવાનો જ ! સિકંદર લોદીને પણ થયું કે ચાલોને આપણે પણ ભાવિ જાણી લઈએ ! તેથી તેણે પણ શાહી ખત લઈ ઘોડેસ્વાર સૂરત મોકલાવ્યો હતો. લોક કવિ દુલારામે તેની નોંધ કરતા લખ્યું છે.

ઉનતીસ સાલ તખ્તપે રહો સિકંદર શાહ
દિલ્હીકે સુલતાન હો જીક નેકી રખો ચાહ.

અર્થાત્, ખુદાની મહેરબાનીથી ઓગણત્રીસ વર્ષ દિલ્હીની ગાદી પર હે સિકંદર શાહ, તમે સુલતાન તરીકે રહી શકશો. માટે નેકી અને બંદગીમાં દિલ લગાવો !

આ રીતે સંતના પ્રભાવ સુલતાનો, નવાબો અને સુબાઓ પણ આવ્યા હતા. પાલનપુરના નવાબ બુઢણખાન, મલેક મુઝા, સૌરાષ્ટ્રના સુબા તરીકે સેવા આપતા મલિક અયાઝ, ગુજરાતના સુલતાનનો શાહજાદો સિકંદરશાહ વગેરે રાજકીય ગણાતી મહત્ત્વની વ્યકિતઓ સંત પાસે માર્ગદર્શન માંગતી રહેતી. આ અંગે નિર્વાણ સાહેબની એક સાખી વિશેષ વાત કહી જાય છે.

રાજમદ અતિ બિકટ હૈ કોઉક હુવે સજાગ
નિર્બાન ગુરુકે ચરણમેં ઉરમેં જગે અનુરાગ

અર્થાત્, રાજા હોવાનું અભિમાન કોઈક જાગૃત જીવ ભારે મુશ્કેલીથી પાર કરી શકે છે અને ગુરુના ચરણમાં પ્રેમપૂર્વક શરણાગતિ સ્વીકારે છે. ઘણે ભાગે રાજમદ ઊતરતો નથી. તેનાથી માણસ વધારે છકી જતો હોય છે. તેથી લોકસેવાને બદલે રંજાડપ્રવૃત્તિ વિશેષ પ્રમાણમાં થતી હોય છે. તેથી જ દિલ્હીના સુલતાનને પણ 'જીક નેકી રખો ચાહ' એવો ઉપદેશ આપ્યો હતો.

જેમ સુલતાનોએ સંતનો લાભ લેવા પ્રયત્ન કર્યો હતો તેમ ઘણા રાજા મહારાજાઓએ પણ સંતના પ્રભાવને પરખી માર્ગદર્શન મેળવવા મહેનત કરી હતી. લોક કવિ દુલારામે ઘણા રાજવીઓની નોંધ કરી છે. ચાંપાનેરના રાજા પતાઈ, ઈડરગઢના રાજા રાવભાણ, ગોહિલવાડના રાણા રામદાસ, રામનગરના મહારાજા નારણશા તથા મેવાડના રાણા રાયમલ્લજી વગેરે રાજવીઓએ અવારનવાર સંત નિર્વાણ સાહેબનો લાભ લીધો હતો. મારવાડ મેવાડના રાજાઓ જે રીતે સંતના શબ્દોમાં અટલ વિશ્વાસ દાખવતા હતા તે રીતે રિવા અને બુંદેલખંડના રાજવીઓ પણ નિર્વાણ મહારાજના અનુરાગી બન્યા હતા. તે સિવાય પણ ચોતરફ નિર્વાણ મહારાજની કીર્તિ પ્રસરી જવા પામી હતી. સંત નીતિ અને પ્રામાણિકતાને જ મહત્ત્વ આપતા અને રાજવીઓને તે રીતે જીવન જીવવાના ઉપદેશ આપતા. નિર્વાણ

મહારાજના જેવા સંતોના પ્રાગટયથી જ આ ભારતભૂમિમાં ધર્મ ને સંસ્કૃતિ અંધકાર યુગમાં પણ જીવંત રહી શકયા છે તે હકીકત ભારતવાસીઓને માટે ગૌરવપ્રદ ગણાય.

## ૫૨. સંતોનો સમાગમ અને તીર્થયાત્રા

સંત નિર્વાણ મહારાજનું ધામ સૌને માટે તીર્થ સમાન પવિત્ર હતું. એ રીતે ગણીએ તો તે જમાનામાં નિર્વાણધામને કારણે સૂરત પણ એક યાત્રાનું ધામ ગણાતું હતું. ઘણા સંતમહંતો તે જમાનામાં ટોળામાં જ ફરતા એટલે તેવા સંઘને સ્હેજે નિર્વાણ ધામમાં સ્થાન મળી રહેતું. નિર્વાણ મહારાજની વિચારસરણી જ એવી હતી કે સૌ કોઈને ત્યાં જવાનું અજબ આકર્ષણ રહેતું. તેઓ સંતને ખૂબ મહત્વ આપતા હતા અને સંતને જ જીવતું તીર્થ ગણતા હતા. તેમની એક સાખી પણ આ બાબતમાં સાખ પૂરે છે.

તીર્થ ખોજકે કયા કરે ? સંતો તીર્થ મહાન
સોહી તીર્થમેં જાયકે, પ્રેમે ઝૂકે નિર્બાન.

અર્થાત્, તીર્થમાં ભ્રમણ કરવાથી શું મળે ? એવું તીર્થ તો જડ ગણાય. ખરેખર તો જીવંત તીર્થ મહાન સંતો જ છે. એવા જીવંત તીર્થમાં જઈને નિર્વાણે પ્રેમથી શરણાગતિ સ્વીકારી છે. આ પ્રકારની ઉત્તમ વિચારસરણીને કારણે સંતોના સંઘો સદૈવ નિર્વાણધામનો આશરો પસંદ કરતા હતા. બીજી બાજુ સંત નિર્વાણ મહારાજને પણ સમર્થ સંતોનાં દર્શન કર્યા વિના ચેન પડતું નહિ. તેવા સ્વભાવને કારણે તેઓ દૂર દૂર સુધી પણ ચાલીને પહોંચી જતા.

ગુરુ નાનકે એકવાર લંકાની યાત્રા કરી હતી. પાછા ફરતા ગુરુ નાનકે ભરૂચમાં નર્મદા કિનારે મુકામ કર્યો હતો. નિર્વાણ મહારાજને આ અંગે માહિતી મળતા તેઓ સત્વરે ભરૂચ પહોંચી ગયા હતા અને ગુરુ નાનકનાં દર્શન કર્યા હતા. બંને સમર્થ સંતો હતા. હજારો જીવોનું કલ્યાણ તેઓ દ્વારા થતું હતું. સમર્થ સંતો વિનય ને વિવેકથી સંપૂર્ણ હોય છે તેની પ્રતીતિ તેઓ વચ્ચે થયેલી વાતચીત કરાવે છે : ''બાબા, આપ તો દયાનિધિ ને સમર્થ છો ! અમારો ઉધ્ધાર કરો ! આ નિર્વાણ કેટલો સદ્દભાગી છે કે આપનું

દર્શન કરી શકયો'' નિર્વાણ મહારાજની એવી વાણી સાંભળતા જ નાનકે કહ્યું હતું

**નિર્બાન જૈસે સંતકો કહાં ઉબારનકી ચાર**

**અવધૂ પતિત પાવના આયે ઉબારનહાર !**

અર્થાત્, નિર્વાણ જેવા પતિતપાવન સંતનું અન્યનો ઉધ્ધાર કરવા માટે આગમન થયું છે. એ પોતે ઉધ્ધાર કરવાની યાચના કરે એ તો મોટું આશ્ચર્ય ગણાય ! બંને સંતો અદ્વિતીય આનંદમાં ડૂબી ગયા હતા. દર્શન કરીને પોતાના ધામમાં આવ્યા પછી પણ નિર્વાણ મહારાજના હૃદયમાં આનંદની કોઈ સીમા જણાતી ન હોતી. દિવ્ય આનંદની મસ્તીમાં આખો દિવસ રહેતા. તેવી સ્થિતિમાં તેમણે ગુરુ નાનક અંગે એક પદની રચના પણ કરી હતી

**ભજન રંગ ડાર દિયોરી**

**સદ્ગુરુ સમર્થ ગુરુ નાનકા - ટેક**

**જોગી જોગ જુગતસે ન્યારે ભકિત સાહિબ લાલકા-૧**

**રામનામ અમીરસ પીવે, કહાં નિશાન કાલકા ?-૨**

**અવધૂ જગત ઉધારન આયે, છાંડો ધંધ જંજાલકા-૩**

**સંત સાહિબકે રૂપકો પેખે, સોહી સદ્ગુરુ બાલકા-૪**

**વિદેહી ગુરુ નાનક દેવકો, જુહારા સાંઈ નિર્બાનકા-૫**

આ પદમાં સંતસમાગમને કારણે હૃદયમાં દિવ્ય આનંદ થયો છે તેની અભિવ્યકિત સાદા ને સરળ શબ્દોમાં થઈ છે. સમર્થ સંતને તેઓ કેવી રીતે નિહાળે છે તે મહત્ત્વનું છે. તેમની દૃષ્ટિમાં પંચ મહાભૂતનો સ્થૂળ દેહ નથી. પરંતુ પંચ મહાભૂતના દેહમાં જે વિદેહ સ્વરૂપ પરમાત્માનું જે તત્ત્વ છૂપાયેલું છે તેનું દર્શન કરી તેઓ દિવ્ય આનંદમાં નિમગ્ન બની જાય છે. તે દિવ્ય સ્વરૂપને તેઓ અભિનંદે છે અને તેને પ્રણામ પણ કરે છે. આવી તેમની વેધક દૃષ્ટિનો પરિચય આ પદમાં થયા વિના રહેતો નથી. ''સંત સાહિબકે રૂપકા પેખે'' શબ્દોમાં સાચા સંત હોય તે તો સાહિબ એટલે કે પરમાત્માનું જે સ્વરૂપ છે તેને જ નિહાળે છે તે ભાવ સ્પષ્ટ થયો છે. સદ્ગુરુનું પણ તે જ સાચું સ્વરૂપ છે.

મીરાંબાઈમાં પણ એ જ રીતે નિર્વાણ મહારાજે સાંઈ પરમાત્માનાં દર્શન કર્યા હતા. પુલિંગ-સ્ત્રીલિંગના ભેદો સ્થૂળ જગતને

નડે. સંતની નજરમાં તેવા ભેદો રહેતા જ નથી. શરીરમાં રહેલા આત્માને પરમાત્માનું જ સ્વરૂપ માનવામાં આવ્યું છે તે આત્માની પણ જાતિ ક્યાં છે ? પુરુષના દેહમાં જે આત્મતત્ત્વ છે તે જ આત્મતત્ત્વ સ્ત્રીના દેહમાં છે. પરંતુ ભેદદૃષ્ટિ હોય તો સૌ પ્રથમ દેહનાં જ દર્શન થવાના. સામાન્ય જન સમાજ તેવા જ ભેદોમાં રમતો હોય છે. સંતો અભેદમાં રમતા હોય છે. સંતની નજર સ્થૂળતાને ભેદીને જે જોવા જેવું છે તેને જ જોઈ લે છે અને સદૈવ પરમાનંદમાં રમમાણ રહે છે. નિર્વાણ મહારાજ તેવા જ સંત હતા. તેઓ યાત્રા કરતા કરતા એકવાર મેવાડ પહોંચી ગયેલા ને મીરાંબાઈને મળેલા. તે વખતે મીરાં પ્રભુની ભકિતમાં નિમગ્ન હતી. તેથી સંતનું હૈયું ઉમંગમાં લલકારી ઊઠે છે:

**મીરાં લગન લગે હરિ સંગ**
**ધન્ય ધન્ય તેરી ભકિતકો રંગ - ટેક**
**માયાસે મુખ મોડકે બૈઠી છીનમેં હુઈ અસંગ**
**જગ વહેવાર હૈ જૂઠે સુપના સાચ સંતનકો સંગ-૧**
**બહુત કઠિન હૈ લગન હરિસે યોગી હુવે મનભંગ**
**જ્ઞાની ધ્યાની સબહી સુધ ભૂલે બિકટ પ્રેમ પ્રસંગ-૨**
**ચંચલ ચિત્ત કભી હાથ ન આવૈ લગે સુમિરણ સંગ**
**મીરાં બૈઠી હરિકે ભજનમેં યોગિની અડબંગ-૩**
**મીરાં તોહે ભવાની દિખે લગે શંભુકે સંગ**
**બૈરાગીન બ્રિજસે ચલી આયી બ્રિજગોપી કો ઢંગ-૪**
**મીરાં તેરે દીદારકો પાયા ભકિત નિર્મળ ગંગ**
**સાંઈ નિર્બાનકો તા દિન દેખે પ્રેમભકિત પ્રસંગ-૫**

છેલ્લી કડીમાં ''સાંઈ નિર્બાનકો તા દિન દેખે'' શબ્દો આપણું ધ્યાન ખેંચે છે. ભકિતની નિર્મળ ગંગામાં ગળાડૂબ મીરાંને જોઈને સંતની નજર સાંઈ એટલે સ્વામી પરમાત્માનું દર્શન કરી લે છે. મીરાંબાઈનું સાચું સ્વરૂપ તે દ્વારા પદમાં અભિવ્યકત થયું છે. નિર્વાણ મહારાજ તરફ મીરાંનું જયારે ધ્યાન જાય છે ત્યારે મીરાં પણ ગાંડી ઘેલી બની છે :

**અંગના આયે સાહિબા નિરબાન**
**ઐસે સંતનકા દર્શન પૈહે, 'મિટે' આવાગમન.**

મીરાંબાઈની નજર પણ સંત નિર્વાણ મહારાજના સામર્થ્ય પરખી લે

છે ! બીજાં એક પદની છેલ્લી કડીમાં મીરાંબાઈ વિનયપૂર્વક વિનંતિ કરે છે :

ખેવૈયા નિર્બાન પધારે સાહિબ મોહે ઉબારો
મીરાં સંત ચરણોમેં ઠાઢી કબહી હોવે નિસ્તારો.

'ખેવૈયા' શબ્દ જ સંતનો સાચો પરિચય કરાવી દે છે. અનેક જીવોનો ઉધ્ધાર કરનારા સંત મારે આંગણે પધારેલા હોવાથી પોતે પણ ઉધ્ધાર થાય તેવી યાચના કરે છે. મીરાંબાઈ પણ સમર્થ ને સંત નિર્વાણ મહારાજ પણ સમર્થ. બંનેનું સામર્થ્ય બંનેની વાણીમાં વ્યકત થયું છે.

સંતોની સાચી સગાઈ સંતોની સાથે જ હોય તે સ્વાભાવિક લેખાય. તેથી જ સાહિત્ય જગતમાં આપણને અરસ પરસ મેળાપ થવાને કારણે ગુણકીર્તન કરતાં પદો મળી આવે છે. સમર્થ સંતોનો સમાગમ તે બધાં પદોમાં સારી રીતે વ્યકત થતો રહ્યો છે. તેઓ સૌ પ્રથમ વાર જ મળતા હોય છે છતાં એકમેકને જાણે પહેલેથી જ પરિચિત હોય તેવો તેમનો વ્યવહાર આપણને આશ્ચર્યમાં મૂકી દે છે. તેઓની દિવ્ય દૃષ્ટિ અગમ્યને છતું કરતી આધ્યાત્મિકતાની ઊંચાઈ ને આંબી જાય છે.

નિર્વાણ મહારાજ જેમ મીરાંબાઈનાં દર્શન કરવા મેવાડ પહોંચેલા તેમ પીપા ભગતને મળવા ગાગરનગઢ પણ ગયેલા. પીપા ભગત પોતે ગાગરનગઢના મહારાજા હતા. વૈરાગ્યની તીવ્રતા થતાં તેમણે રાજવીપદનો ત્યાગ કર્યો હતો અને પ્રભુપંથે પ્રયાણ કર્યું હતું તેમનાં દર્શન કરીને પણ નિર્વાણ મહારાજે પદ લખ્યું છે.

**પીપાજી તેરો બિરદ બડો ભારી**
**રાજ ભોગ સબ સાહેબી છાંડે નિકસે ભેષ ધારી.**

સેનાનાઈ તો નીચી કોમના ગણાતા. પરંતુ સંતોની નજરમાં તેવા ભેદો હોતા નથી તે હકીકત છે. રીવા નગરીમાં જન્મેલા તે સેનાનાઈ એક મહાન સંત થઈ ગયા. તેમને મળવા પણ ગયેલા. સેનાનાઈ માટે પણ નિર્વાણ મહારાજે એક સુંદર પદ રચ્યું હતું : ''સેના તેરી ભકિત પે જાવું બલિહારી (ટેક)'' આ સેનાનાઈનાં પદો શિખોના ગુરુ ગ્રંથસાહેબમાં પણ પ્રાપ્ત થાય છે. નિર્વાણ મહારાજનો સંત પ્રેમી સ્વભાવ તેવા બધાં પદોમાં સારી રીતે વ્યકત થયો છે. સંત રૈદાસના

મિલન વખતે રચેલું આ પદ પણ તેમના સ્વભાવને જ વ્યક્ત કરે છે.

''ભક્તિ રૈદાસ કો ભાવે,
જાત બરન કછુ કુલ ન દેખે હરિ ભજ હરિ કો પાવે ''

સંત નિર્વાણ મહારાજ રામેશ્વરની યાત્રા કરવા પણ ગયેલા. પાછા વળતી વખતે તેઓ મહારાષ્ટ્રનાં સંત નામદેવના જન્મસ્થાને અવંડામાં પણ ગયેલા. તેમના વિષે પણ એક પદ નિર્વાણ મહારાજે લખેલું. તેમની એક સાખી ધના ભગતને ત્યાં ગયેલાની પણ સાખ પૂરે છેઃ

**તીર્થ ખોજત આઈયા ધના ભગત કે દ્વાર**
**બડો તીર્થ નિર્બાનકો ભકતન કે દિદાર.**

અર્થાત્, સંત નિર્વાણ મહારાજે સંતને જીવંત તીર્થ માનીને યાત્રા કરેલી અને ધના ભગતની પાસે પહોંચેલા.

## ૫૩. સમાધિ

મહાપુરુષો પોતાનો મહાપ્રયાણનો દિવસ જાણતા હોય છે. વીસમી સદીમાં પણ પૂ. મોટા જેવા સંતોએ પોતાનો મહાપ્રયાણનો સમય અગાઉથી કહી દીધો હતો. ઉત્તરક્રિયા કોણે કરવી અને કેવી રીતે કરવી તે પણ લખીને ખત સુપરત કરવામાં આવ્યો હતો. એવી જ ઘટના પાંચસો વર્ષ પહેલાં નિર્વાણધામમાં બની હતી. નિર્વાણ સાહેબને પોતાનો મહાપ્રયાણનો દિવસ ખબર હોવાથી તેમણે અગાઉથી જાહેર કરી દીધો હતો.

**પોષ શુકલ એકાદશી હોયંગે મહાપ્રયાણ**
**મિલના ચહે સો મિલિયો યહાંસે ચલેંગે નિર્વાણ.**

પોષ સુદ અગિયારસને દિવસે સંત નિર્વાણ સાહેબ મહાપ્રયાણ કરી જવાના છે તે વાત વાયુવેગે સમસ્ત શહેરમાં પ્રસરી ગઈ હતી. જનતાનાં હૃદયમાં સંતનું સ્થાન પૂજનીય હતું. તેથી ભાવિક લોકોમાં તો થોડી નિરાશા પણ વ્યાપી ગઈ હતી. સંતની હાજરી સૌને નિર્ભય બનાવતી હતી. છેલ્લા તેત્રીસ વર્ષમાં આપખુદ નવાબી સામે સત્ય, ન્યાય અને માનવતાનો જંગ ખેલીને સદ્દગુરુ નિર્વાણ સાહેબે જન સમાજમાં વિશ્વાસ જગાવ્યો હતો. સંત છે એટલે સર્વ આપદાનો અંત

છે એવી લોક હૃદયની માન્યતા હતી. તેથી સમાચાર સાંભળીને સંતધામમાં અનેક દુઃખિયા લોકો આવવા લાગ્યા હતા. દયાનિધિ સંતે તો પોતાની શકિતનો અખૂટ ખજાનો ભરપટ્ટે લૂંટાવવા માટે જાણે કે ખુલ્લો મૂકી દીધો હતો. લોક કવિ દુલારામે તો આંકડા સહિત નોંધ કરી છે.

**અંત સમયમેં સંતને કૃપા બરસાઈ અપાર**
**'દુલા' કથની કૈસે લિખે, પંચશત ઔર અઠાર.**

પાંચસો અઢાર માણસોની સંતે અંતસમયે મનોવાંછિત ઈચ્છાઓ તૃપ્ત કરી હતી અને આશીર્વાદ આપીને લોકોને ધન્ય બનાવ્યા હતા. ટૂંકા સમયમાં લોકોની ભીડ સંતધામમાં થઈ હતી તેથી સંતે મોડી રાત સુધી દરરોજ સમય ફાળવ્યો હતો. સમર્થ સંતનો અંતિમ દર્શનનો લાભ પણ કોણ જતો કરે ? એટલે દર્શાનાર્થીઓની પણ લાંબી કતાર રહેતી હતી. હવે તો દસેક જ દિવસ બાકી રહ્યા હતા ને સંતને તરભોણ ડુંગરીનું સ્થાન એકાએક યાદ આવ્યું. તે સ્થાન તેમને માટે યાદગાર હતું જ. તેઓ જયારે મારવાડથી પધાર્યા હતા ત્યારે તે સ્થાનમાં મુકામ કર્યો હતો અને દિવસો સુધી ત્યાં રહ્યા હતા. ત્યાર પછી જ તેમણે સૂરતમાં પહેલી વાર પ્રવેશ કર્યો હતો. તેથી તેમણે તે સ્થાને જવા માટે અચાનક પ્રયાણ કર્યું હતું. રાત્રિના સમયે તરભોણ તરફ ગતિ કરી હોવાથી લોકોને પણ ખબર પડી ન હતી. પરંતુ અધિકારી વર્ગ દ્વારા વાત નવાબ પાસે પહોંચી ગઈ હતી. પદભ્રષ્ટ નવાબ ખૂબ ભકિતભાવથી પોતાનું પ્રારબ્ધ ભોગવી રહ્યો હતો. તેના હૃદયમાં નિર્વાણ મહારાજને માટે અપાર પ્રેમ ને શ્રધ્ધા હતા. તેથી સમાચાર સાંભળતા જ તે તો આકુળ વ્યાકુળ થઈ ગયો હતો. સંતને મળવા તેણે બધું યે જોર અજમાવ્યું. દોડતા દોડતા સંતને પકડી પાડયા હતા અને ચરણોમાં પડી આક્રંદ કર્યું હતું. સંતે સમજાવી નવાબને પાછા વાળ્યા હતા. સંતે કહેલું સાત દિવસે આશ્રમે પાછો આવીશ એટલે નવાબે આંસુભીની આંખે મહાલયમાં આવી વિરહમાં રડયા કર્યું હતું.

સાત દિવસ થયા સંત આવ્યા નહિ. નવાબનો વિરહ તેથી ખૂબ જ પ્રજવલિત થઈ ગયો હતો. જરૂર, ગુરુ નિર્વાણ સાહેબ દગો તો નહિ કરી ગયા હોય એવી આશંકા નવાબને થવા લાગી હતી.

ગુરુ વિના પોતે જીવીને કરે પણ શું ? આવા વિચારોના તોફાનમાં નવાબે દેહ છોડી દીધો હતો. તે જ રાતે સંત તરભોણથી પાછા આવ્યા હતા. નવાબના અવસાનના સમાચાર સાંભળી સંતને ભૂતકાળ યાદ આવ્યો હતો. ભૂતકાળમાં સંતે નવાબને વચન આપ્યું હતું કે ખુદાના દરબારમાં આપણે સાથે જઈશું. કરેલો કોલ કરાર વૃથા નીવડયો હતો. એક દિવસ માટે નવાબે ઉતાવળ કરી. પણ તેમાં નવાબનો શો વાંક ? સદ્ગુરુનો વિરહ નવાબને ખાય ગયો કહેવાય. સંત આ પ્રકારના વિચારોમાં નિમગ્ન બની ગયા હતા.

**શુકલ દશમકી રેનકો બૈઠે લગાકે ધ્યાન**
**સુરતા લગી સાહેબસે આવન ચહે નિરબાન.**

સવાર થતાં સંત સજાગ બન્યા હતા અને સેવકોને પાસે બોલાવી સમાધિ ખોદીને તૈયાર કરવાની આજ્ઞા કરી હતી. પુત્રદા એકાદશીનો તે પવિત્ર દિવસ હતો. આ દિવસ અગાઉથી જ તેમણે જાહેર કર્યો હતો. એટલે આગલી રાતે ધ્યાનમાં ડૂબી જઈ તેમણે સંપૂર્ણપણે પોતાની માનસિક તૈયારી કરી લીધી હતી. બીજી બાજુ લોકો આવવા લાગ્યા હતા. સમયની જાહેરાત અનુસાર મેદની જામવા માંડી હતી. નિર્વાણ સાહેબે પોતાના વારસ તરીકે સદાનંદને પસંદ કર્યો હતો. તેથી સદાનંદને બોલાવી તેને પાસે બેસાડયો હતો. પરંતુ અંદરથી સદાનંદ ખૂબ વ્યથિત હતો. ગુરુની વિદાય તેને પસંદ ન હોતી. તેને પણ વિરહ પજવતો હતો. પાસે બેસીને તે તો આંસુ સારતો હતો. તેને આશ્વાસન આપતા સંતે કહ્યું હતું : ''બેટા, નાદાન ન બન! આ તો ઈશ્વરી આદેશ છે. અમે પણ તેનું પાલન જ કરીએ છીએ. ઈશ્વરના અંશમાંથી સંતો પ્રગટ થાય છે અને સમય થતાં પાછા તેમાં જ સમાય જાય છે. એ તો મંગળ જ ગણાય !'' સાંભળીને સદાનંદે ચરણો પકડી લીધાં હતા. તેને વિશેષ હિમ્મત આપવા સંતે પ્રયાસ કર્યો હતો : ''ચકમકમાં જેમ આગ છે તેમ સદ્ગુરુ તારી સાથે જ છે. તું જયારે દર્શન કરવા માંગશે ત્યારે જરૂર તને દર્શન થશે. અમે તારાથી દૂર નથી જવાના ! માટે હરિ મિલનના આ શુભ પ્રસંગે સંતાપ ન કર, બેટા !'' આ પ્રકારે વાણી ઉચ્ચારતા ઉચ્ચારતા સંતે પોતાનો વરદ હસ્ત શિષ્ય સદાનંદના માથા પર મૂકયો અને ઉપસ્થિત માનવ મેદનીને સંબોધીને બોલ્યા : ''સજ્જનો, હવેથી આ

સદાનંદ ખુદ નિર્વાણ છે એમ માનજો ! એને મેં સર્વ રીતે વિભૂષિત કર્યો જ છે. તમારા સહુનાં દુઃખો તે સરળતાથી દૂર કરી શકશે. તમારા યોગ્ય મનોરથો પણ સિધ્ધ કરી શકશે એટલું એનામાં સામર્થ્ય જરૂર છે ! માટે સૌ નિશ્ચિંત બની સેવા પૂજા કરતા રહેજો! પ્રભુનું સ્મરણ સદાયે રહે તે માટે સંતધામમાં આવતા રહેજો. સૌને મારા અંતરના આશીર્વાદ છે !'' સાંભળીને લોકોની મેદનીએ સંતનો જય જયકાર બોલાવ્યો હતો. સાથે સાથે સદાનંદની પણ જય બોલાવી તેનો ગુરુપદે સૌએ સ્વીકાર કર્યો હતો. પોતાની જગ્યા પરથી ઊભા થઈ સંતે બંને હાથો ઊંચા કરી આશીર્વાદ વરસાવ્યા હતા. ફરીથી ત્યાં જય જયકારનો ધ્વનિ ગૂંજી ઊઠયો હતો !

ત્યાર પછી સંતે સમાધિની તૈયારી કરવામાં આવેલી જગ્યા તરફ ધીમે ધીમે પ્રયાણ કર્યું હતું. તે વખતે રામધૂનથી સમસ્ત વાતાવરણ પવિત્ર બની ગયું હતું. સમાધિ પાસે આવીને સૌને ટૂંકું ઉદ્દબોધન કર્યું હતું : ''પ્રિય આપ્તજનો, આપનો ત્યાગ કરતા મને દુઃખ થાય છે ! પરંતુ પ્રભુની ઈચ્છાને આધિન થયા વિના છૂટકો નથી. સંતો તો ઈશ્વરની ઈચ્છાને જ માન આપે છે. પોતાની ઈચ્છાને એ રીતે ઈશ્વરની ઈચ્છામાં ભેળવી દે છે. જેમ નાનુ સરખું ઝરણું મોટી નદીમાં ભળી જાય છે તેમ તે એકરૂપ થઈ જાય છે. છતાં સંતો પોતાનું વ્યકિતત્વ અલગ રીતે વિકસાવે પણ છે. તેમાં પણ પ્રભુનો જ આદેશ હોય છે ! તે રીતે આવતી દશ પેઢી સુધી નિર્વાણનો પ્રભાવ અહીં જોઈ શકાશે એવું હું આજે તમને સૌને વચન આપું છું. માટે શ્રધ્ધા ને વિશ્વાસથી ભકિત કરજો તો તમારું કલ્યાણ થશે !'' ફરીથી જય ઘોષણા વડે વાતાવરણ રણકી ઊઠયું હતું

તે અંતિમ વેળાએ નિર્વાણ સાહેબે કેટલીક ભવિષ્યવાણી પણ ઉચ્ચારી હતી : ''આ નિર્વાણ ગાદી પર આઠ મહંતો સુધી જહોજલાલી રહેશે. પછી તે ઓસરવા માંડશે. ત્યાર પછીના સંતો માયાના લોભી થતા જશે. એટલે દરિદ્રતાનું દર્શન અહીં થશે. મહંતો ખુવાર થશે. નવાબના ઊંચા મહાલયો પણ ભૂતના ઘર બનશે. આ સંતધામમાં વરબારી લોકો વસવા માંડશે. ત્યાં કોઈ સાધુનો પણ નિવાસ રહેશે નહિ. દુનિયા સમુળગી બદલાઈ જશે. આ વિશાળ

સ્થાન વેચાઈ જશે. જયાં શાંતિનો અનુભવ આજે બધાંને થાય છે ત્યાં અશાંતિ ને દુઃખોનો જ અનુભવ થવા લાગશે. ખખડાટ ને ભભડાટનો પાર રહેશે નહિ. પરંતુ દશ પેઠી સુધી તો જેમ છે તેમ ચાલ્યા કરશે !''

સંતના દૃઢ આશ્વાસનથી જનતાને ખૂબ આનંદ થયો. અનેક વાર જય બોલાયા કીધી. સંતે સમાધિમાં પ્રવેશ કરવા માટે તૈયારી કરી ત્યારે ઢોલ, નગારાં ને શરણાઈના મંગલ નાદથી વાતાવરણ ગૂંજી ઊઠયું હતું. સંતે સમાધિના ખોદેલા ખાડામાં ઊતરીને જોરથી ઘોષણા કરી હતી.

**અમર લોક સે આઈચા અવધૂ અવિગત અંશ**
**કાળ બલિ મુશ્કરાહત હો લગે ન તેરો ડંસ.**

અર્થાત્, કાળ ભલે હસતો રહે પણ મને તેનો ડંસ લાગે જ નહિ કારણ કે અવિગત પ્રભુના અંશમાંથી મારું આગમન થયું હતું ! જયાંથી સ્વરૂપ આવ્યું હતું ત્યાં જ તે જઈને સમાય જતું હોવાથી કાળની અસરથી તે મુકત જ રહે છે ! આવી વાણી ઉચ્ચારીને સંતે પદ્માસન વાળીને ઓમકાર બોલી પ્રભુનો જય જયકાર બોલાવ્યો હતો! કહેવાય છે કે તરત જ શરીર અદૃશ્ય થઈ ગયું હતું. ! ત્યાં તો માત્ર ફૂલનો ઢગલો રહી જવા પામ્યો હતો. જેમ સદ્ગુરુ કબીરસાહેબના શરીરને બદલે ફૂલનો ઢગલો હાથમાં આવ્યો હતો તેમ નિર્વાણ સાહેબની બાબતમાં પણ બન્યું હતું. ત્યાર પછી સેવકોએ ને સાધુઓએ સમાધિ બંધ કરી દીધી હતી. તે સમાધિ આજે પણ છે! પરંતુ ત્યાં નિર્વાણનો પ્રભાવ જરા પણ અનુભવાતો નથી. તેમણે ભાખેલી ભવિષ્યવાણી પ્રમાણે જ ત્યાં પણ ખખડાટ ને ભભડાટ જ સંભળાય છે. ત્યાં શાંતિ શોધેલી મળતી નથી. વાતાવરણ જ અશાંત, દુર્ગંધી મારતું અને ડરામણું લાગે છે ! ત્યાં સાધુનો નિવાસ નથી. ત્યાં ભોગી લોકોની જ બોલબાલા છે ! જેમ તેમ ભીડમાંથી અંદર જઈએ તો એક મકાનમાં નિર્વાણ સાહેબની સમાધિનાં દર્શન જરૂર થાય છે. કેવી અજબ ઘટના !

આ રીતે સંત નિર્વાણ સાહેબે વિ.સં. ૧૫૭૦ની પોષ સુદી એકાદશીને પવિત્ર દિને મહાસમાધિ લીધી હતી. નિર્વાણનું આગમન સૂરતની સમૃધ્ધિ હતી અને સૂરતનું સદ્ભાગ્ય પણ હતું તે યાદ કરી

આજે હું તો ધન્યતાનો અનુભવ કરું છું. !

## ૫૪. નવ નિર્વાણનો ઈતિહાસ

સંત નિર્વાણ સાહેબની વિદાય પછી પણ સંતધામ જાહેર જનતા માટે શ્રધ્ધાનું એક કેન્દ્ર બની ગયું હતું. લોક કલ્યાણના કાર્યો એક પછી એક મહંત પદે નિયુકત થયેલા નિર્વાણો દ્વારા થયા કરતા હતા. દલિતો, પીડિતો, રોગીઓ, દુખિયા જીવો અને સમાજથી ત્યજાયેલા લોકો સંતધામનો આશ્રય પામી શકતા હતા. સંતધામમાં આવવાથી જીવની નિરાશા દૂર થતી હતી. સત્તાધીશ અધિકારીઓ દ્વારા અન્યાય પામેલા જીવોને પણ સંતધામનો આશ્રય પ્રાપ્ત થતાં ન્યાય મળશે જ તેવો સધ્યારો પ્રાપ્ત થતો હતો. આ રીતે સંત નિર્વાણ મહારાજનાં વચન અનુસાર સંતધામમાં નિર્વાણનો પ્રભાવ સૌ કોઈ અનુભવતું હતું. તેથી તે લોક હૃદયમાં તીર્થ સમાન પવિત્ર લેખાતું હતું.

સદાનંદ બીજા નિર્વાણ તરીકે ખુદ નિર્વાણ સાહેબના હસ્તે જ નિયુકિત પામ્યા હતા. તેમનો પૂર્વ ઈતિહાસ ઘણો રસિક છે. તેઓ પૂર્વ જન્મમાં અચલદાસજી નામે મારવાડના જાયલ ગુરુદ્વારામાં ખ્યાતનામ હતા. તેઓ નિર્વાણ મહારાજનાં ગુરુ બંધુ હતા. તેઓ સૂરત નિર્વાણધામમાં આવ્યા હતા અને ત્યાં નિવાસ કર્યા પછી એક ઘટના બની હતી તે અચલદાસના અવસાનનું કારણ બની હતી.

વાત એમ હતી કે સંતધામમાં દરરોજ લોકો દર્શને આવતા ત્યારે તેઓ સૌ પ્રથમ નિર્વાણ સાહેબને પગે લાગતા અને ત્યાર પછી તરત જ અચલદાસજીને પગે લાગતા. લોકો પોતપોતાની શ્રધ્ધા અનુસાર પૂજન આદિ પણ કરતા. એકવાર એક બ્રાહ્મણ સ્ત્રી આવી હતી. તેને સેવા પૂજા કર્યા પછી અચલદાસજીએ 'પુત્રવતી ભવ' એવો આશીર્વાદ આપ્યો હતો. સંતો ભાવિના ભેદ જાણતા હોય છે. નિર્વાણ મહારાજ આશીર્વાદ સાંભળીને ચોંકી ઊઠયા હતા. કારણ કે તેઓ જાણતા હતા કે તેને સાત ભવ સુધી એકે સંતાન થાય એમ નથી. તે સ્ત્રી ગયા પછી નિર્વાણ મહારાજે અચલદાસજીનું ધ્યાન દોર્યું

હતું. આશીર્વાદ ખોટી રીતે આપ્યો હતો તેનો ખ્યાલ આવી ગયો. સંત વચનમાં લોકોને તો અપૂર્વ શ્રધ્ધા હોય છે. વચન ન ફળે તો તે શ્રધ્ધા ટકે કેવી રીતે ? તેથી સંત વચન નિષ્ફળ તો ન જ જવું જોઈએ. લોકોના હૃદયમાં જે શ્રધ્ધા છે તે અટલ રહેવી જોઈએ. આવા વિચારોમાં બંને સંત અરસ પરસ વાતો કરી રહ્યા હતા. રસ્તો સૂઝતો ન હોતો. અચલદાસજી મૂંઝવણ અનુભવતા હતા. એકાએક નિર્વાણ મહારાજથી કહેવાય ગયું કે તમે જ વાંઝણી બ્રાહ્મણીના કૂખે બાળક તરીકે અવતરો તો જ પ્રશ્ન હલ થઈ શકે. અચલદાસજી એ માટે તૈયાર થઈ ગયા. પોતે દેહ છોડી દેવા તૈયાર થયા ત્યારે તેમણે નિર્વાણ મહારાજ પાસે વચન માગ્યું હતું કે તે સ્ત્રીને કૂખે મારો જન્મ થાય ત્યારે તમારે મને સાથે જ રાખવાનો અને મારો ઉધ્ધાર પણ કરવાનો. ગુરુબંધુ અચલદાસજીની સમસ્યાનો સુખદ ઉકેલ આણવા નિર્વાણ મહારાજે વચન આપવામાં ખંચકાટ અનુભવ્યો ન હોતો. અચલદાસજીએ તરત જ દેહ છોડી દીધો હતો અને થોડા જ સમયમાં તે વાંઝણી બ્રાહ્મણીની કૂંખે છોકરાનો જન્મ થયો હતો તેનું નામકરણ તે સ્ત્રીએ નિર્વાણ મહારાજ પાસે જ કરાવ્યું હતું. ને હસમુખો હતો તેથી સંતે સદાનંદ નામ આપ્યું હતું. આ સદાનંદને સાથે રાખવા બીજા નિર્વાણ તરીકે સંતે નિયુક્તિ કર્યા હતા.

વિ.સં. ૧૫૭૦માં સદાનંદની મહંતપદે નિયુક્તિ થઈ હતી. તેમણે ગુરુ આજ્ઞા અનુસાર સારી રીતે વહીવટ ચલાવ્યો હતો અને સંતધામની પ્રતિષ્ઠા જાળવી રાખી હતી. વાનપ્રસ્થી પોતે બન્યા એટલે તેમણે દેહ છોડી દેવાનો નિર્ણય કર્યો હતો. વિ.સં ૧૫૯૫માં હીરાદાસજીની ત્રીજા નિર્વાણ તરીકે નિયુક્તિ કરીને તેમણે જીવંત સમાધિ લીધી હતી. આ હીરાદાસના વ્યક્તિત્વમાં પણ નિર્વાણ મહારાજની આભા દીપ્યા કરતી હતી. નાતજાતના કે ગરીબ તવંગરના ભેદો સંતધામમાં પહેલેથી જ દેખાતા ન હોતા તે પ્રથાનો ભંગ હજી થયો ન હોતો. હીરાદાસજીના હાથે ગરીબોના ઘણાં કામો થતા રહેતા. ગણિકા ખિન્ની અને વેશ્યા દામિનીનો ઉધ્ધાર તેમના હાથે થયેલો તની વિગત 'સૂરત સોનાની મૂરત' નામના ગ્રંથમાં પ્રાપ્ત થાય છે. ત વખતે સૂરતના નવાબ તરીકે મીરઝા અલીહુસેન હતા. તેનો સ્વભાવ ઘણો આપખુદ હતો. તે સંતોને ઘણુ સતાવતો તેથી

એકવાર હીરાદાસજીએ નવાબને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધેલું કે તમારી હસ્તી હવે થોડા સમયની છે. સંતોને સતાવવાનો માર્ગ છોડશો નહી તો એક દિવસ ચોરની જેમ સૂરત છોડીને નાસી જવું પડશે ! કહેવાય છે કે નવાબની ગતિ એવી જ થઈ હતી. તેને સૂરતથી ભાગી જવું પડયું હતું. માર્ગમાં હીરાદાસજીનાં દર્શન થયેલાં ત્યારે નમસ્કાર કરી ભૂલ પણ કબૂલેલી. આ રીતે વિચાર કરીએ તો સંત નિર્વાણ મહારાજ જેવું જ તેમનું પણ ચરિત્ર હતું. તેમણે વિ.સં. ૧૬૮૭માં ચોથા નિર્વાણની નિયુકિત કરીને જીવંત સમાધિ લીધી હતી.

ચોથા નિર્વાણ તરીકે મહંત દયાળદાસજી પ્રસિધ્ધિ પામ્યા હતા. તેઓ મારવાડના ઝાલોરગઢના રાઠોડ રજપૂત હતા. મૂળ નામ દયામલ્લ હતું. જાયલ ગુરુદ્વારામાં જોડાયા પછી તેમનું નામ દયાળદાસ તરીકે ખ્યાતિ પામ્યું હતું. રામેશ્વરની યાત્રા કરીને પાછા વળતી વખતે નિર્વાણધામમાં ગુરુ બંધોઓએ તેમને રોકી રાખ્યા હતા. તેઓ પણ સમર્થ શકિતશાળી સંત હતા. સુબેદારે તેમના પર એક સ્ત્રીને ભગાડી જવાનો આરોપ મૂકયો હતો. પરંતુ એક મતવાલા ફકીરે સુબેદારની આંખ ઉઘાડી દીધી હતી. ફકીરે ચેતવણી આપેલી કે 'આ જાલિમ સુબેદાર ! દરવેશ ફકીરો ને સાધુસંતો તો માલિકના બંદા છે. એ ખુદાના પ્યારા લોકોને સતાવનારા કદી સલામત રહી શકતા નથી. તેણે દોઝખમાં અંત સુધી રિબાવું પડે છે. માટે ગાફિલ ! જરા અકકલથી હે સુબેદાર, ખુદાની દીદાર પિછાણી લે !' કહેવાય છે કે ત્યારથી સુબેદારના જીવનમાં પરિવર્તન આવ્યું હતું.

વિ.સં. ૧૬૮૭માં ગુજરાતમાં ભયાનક દુકાળ પડયો હતો. ઈતિહાસમાં તેના જેવો બીજો કોઈ દુકાળ પડયો નથી. તે સમયે દયાળદાસજીએ માનવતાના અનેક કાર્યો કર્યા હતા. તેમણે સંતધામમાં અન્નક્ષેત્ર પણ ખુલ્લું મૂકયું હતું. અનેક સ્થળોએ મદદ પહોંચાડી હતી. તેઓ પણ લોકોમાં અતિ પ્રિય થઈ પડયા હતા. તેમણે વિ.સં.૧૬૯૮માં જીવંત સમાધિ લીધી હતી. તે વખતે લોકોએ ઘણો વિલાપ કર્યો હતો. પાંચમા નિર્વાણ તરીકે જીવણદાસની નિયુકિત થઈ હતી.

મહંત જીવણદાસના સમયમાં શિવાજી મહારાજે સૂરતની પહેલી

લૂંટ કરેલી. તે વખતે શિવાજીનો સરદાર મોરો પંત મંદિર પાસે આવ્યો હતો. જીવણદાસે તેને મંદિરમાં તેડી લાવી સત્કાર કર્યો હતો અને અઢળક સંપત્તિના દર્શન કરાવેલા. સરદારે શિવાજીને વાત કરેલી એટલે શિવાજી પણ મંદિરનાં દર્શન કરવા આવ્યા હતા. મોરો પંતને જે જગ્યાએ અઢળક સંપત્તિ દેખાયેલી તે જ સ્થળે શિવાજીને શ્રીરામ અને સીતાનાં દર્શન થયેલાં. તેથી બંને જણા જીવણદાસનાં ચરણોમાં ઝૂકી ગયા હતા. આ જીવણદાસે પણ નિર્વાણ પ્રણાલિકા અનુસાર જીવંત સમાધિ લીધી હતી પણ તેની તવારીખ પ્રાપ્ત થતી નથી. અનુમાનથી કહી શકાય કે વિ.સં. ૧૭૨૧માં તેઓ સમાધિસ્થ થયા હોવા જોઈએ.

છઠ્ઠા નિર્વાણ તરીકે નરહરિદાસ પ્રખ્યાત બન્યા હતા. તેમના સમયમાં છત્રપતિ શિવાજીએ બીજીવાર સૂરત પર ચઢાઈ કરી હતી અને લૂંટ ચલાવી હતી. મંદિરના દ્વારપાળે ત્યારે વાલજી નામના માણસે સારી સેવા બજાવી હતી. પરંતુ લશ્કારના માણસે તેને ઠાર કર્યો હતો. શિવાજી મહારાજને આથી ખૂબ દુઃખ થયું હતું. લશ્કરના તે જવાનને શિવાજીએ ભારે ઠપકો આપ્યો હતો. ખૂબ દીનતાપૂર્વક વાલજીને અંજલિ આપતી વખતે શિવાજીએ જાહેરમાં માફી માંગી હતી. મહંત નરહરિદાસે બીજું પણ એક સુંદર કામ કર્યું હતું. ગુમાનદેવમાં સાકત સંપ્રદાયે કોઠી નાંખી હતી. ત્યાં દર વર્ષે ભૈરવી પૂજા ચાલતી હતી ને પશુઓની હિંસાનો કોઈ પાર જ ન હોતો. તે અટકાવવા તેમણે ગુમાનદેવ પર હલ્લો કર્યો હતો અને સાકત સંપ્રદાયને નામશેષ પણ કર્યો હતો. આવું વીરતાપૂર્વકનું કામ કરી નરહરિદાસે નિર્વાણધામની પ્રતિષ્ઠામાં વધારો કર્યો હતો. તેમણે પણ જીવંત સમાધિ લીધી હતી પણ કયી સાલમાં તે વિશે કોઈ માહિતી મળતી નથી. માત્ર અનુમાનથી કહેવામાં આવે છે કે વિ.સં. ૧૭૫૬માં તેઓ સમાધિસ્થ થયા હતા.

સાતમા નિર્વાણ તરીકે જગન્નાથ મહંતપદે આરૂઢ થયા હતા. તેમણે નિર્વાણ ગાદી પર વિ.સં. ૧૭૫૬ થી વિ.સં. ૧૭૮૯ સુધી સુંદર વહીવટ કર્યો હતો. નીચી ગણાતી જાતિના ઘણા લોકોમાં તેમણે ભક્તિ જગાવી હતી. તેથી લોક કવિ દુલારામે તેમને માટે નીચે પ્રમાણે નોંધ કરી છે.

**કોલી તૂંબાજી કૂર થે જાગે સદ્ગુરુ ઉપદેશ**
**પ્રેમભક્તિ બનાયકે કાટે થે ભવ કલેશ.**

તૂંબાજી કોળી જ્ઞાતિમાં જન્મેલા હતા. તેઓ ખૂબ ઘાતકી ગણાતા હતા. લોકોમાં તૂંબાજીનો ઘણો ભય હતો. તેના નામથી બાળકો પણ ચૂપ થઈ જતા હતા. તે તૂંબાજીના જીવનમાં જગન્નાથદાસજીએ પ્રવેશ કરીને ભારે પરિવર્તન આણી દીધું હતું. તૂંબાજીએ તેમને ગુરુ પદે સ્થાપી પ્રેમભક્તિમાં ગળાડૂબ રહી પ્રભુનાં દર્શન કરેલાં અને પોતાના જીવનનો ઉધ્ધાર કરેલો તે હકીકત લોક કવિ દુલારામે લક્ષમાં લીધી હતી. આ મહંતે વિ.સં. ૧૭૮૯માં જીવંત સમાધિ લીધી હતી. આઠમા નિર્વાણ તરીકે તેમણે રંગદાસજીને નિયુક્ત કર્યા હતા. આ રંગદાસજી રંગીલા સ્વભાવના હતા. તેઓ સ્વરૂપવાન પણ ખૂબ હતા. રત્ની નામની એક નવયૌવના તેમના સ્વરૂપથી મોહાંધ બની હતી. તે સર્વ હકીકત 'સૂરત સોનાની મૂરત' ગ્રંથના પૃ-૧૫૪ પર વ્યવસ્થિત રીતે નોંધાયેલી છે. છતાં તેઓ અણનમ શુધ્ધ રહેતા હતા. તેમના જીવનમાં કોઈ કલંક લાગ્યો જ ન હોતો. તેથી જ તેઓની ખ્યાતિ પણ સારી પ્રસરી હતી. અફઝલ શાહ નામના એક સાંઈ ફકીરને મહંત રંગદાસની કૃપાથી ખુદાનાં દર્શન થયાં હતા અને તે ફકીર રંગદાસનો શિષ્ય થઈ ગયો હતો તેની વિગત પણ 'સૂરત સોનાની મૂરત' ગ્રંથમાંથી જ પ્રાપ્ત થાય છે. વિ.સં. ૧૮૪૮માં તેમણે પણ જીવંત સમાધિ લીધી હતી અને નિર્વાણ પ્રણાલિકાને અનુસર્યા હતા.

નવમા નિર્વાણ તરીકે સંત રાઘોદાસજી ગાદી નશીન થયા હતા. રાઘોદાસજીના સમયથી નિર્વાણનો પ્રભાવ ઓસરતો જતો હોય તેવું અનુમાન થાય છે. પહેલા વહેલા રાઘોદાસજીએ આર્થિક ભીસનો અનુભવ કર્યો હતો. અત્યાર સુધી નાણાની તંગી કોઈ નિર્વાણે અનુભવી ન હોતી. પહેલેથી સંતમંડળીઓ અને યાત્રાળુઓ સંતધામમાં આશરો મેળવતા અને સંતોષ પ્રાપ્ત કરતા. સાધુના ટોળાં તો ત્યાં પડયા પાથર્યા રહેતા. ત્યાં સદાવ્રત જેવું ચાલ્યા કરતું હતું. રાઘોદાસજીના સમયથી તેમાં ઓટ જાણવા લાગી હતી. એક મોટી સંતમંડળીએ મુકામ કર્યો હતો. તે લાંબા સમય સુધી રહેવાની હતી. બીજી બાજુ આર્થિક રીતે સંતધામ નબળું પડતું જતું હતું. ખવરાવવા

પીવરાવવાનો ખર્ચ પણ રોજનો સારો જેવો થતો હતો. તેને રાધોદાસજી પહોંચી વળતા ન હોતા. તેમની કસોટી થઈ રહી હતી. તેઓ પ્રાર્થનાનો સહારો લેતા રહેતા. એકવાર તેમણે આકાશવાણી સાંભળી હતી : "બેટા, બહાર એક અંધ ફકીર ઊભા છે તેનું પ્રેમથી સન્માન કર !" રાધોદાસજીએ તે દૈવી વાણી અનુસાર અંધ ફકીરને અંદર લાવી પ્રેમથી આવકાર આપ્યો હતો. આ કાર્ય સાથીદાર સંતોએ સ્વીકાર્યું નહી. તે મુસલમાન ફકીર હતો તેથી સાથીદારો નારાજ થયા હતા. ખરેખર તો સંતધામમાં કદી નાતજાતનો ભેદભાવ હતો જ નહી. છતાં મુસલમાન ફકીરને શા માટે અંદર લાવ્યા તે માટે સૌ સાથીદારોએ રાધોદાસજીનો વિરોધ કર્યો હતો. છતાં રાધોદાસજી ડર્યા ન હોતા. એકલે હાથે થાય તેવી સેવા કર્યા કરતા હતા. પરંતુ આર્થિક ભીંસ દૂર થતી ન હોતી. તે માટે તેઓ હિમ્મત હારતા જતા હતા. એકવાર તેમણે ગુરુ નિર્વાણ મહારાજને ખૂબ આજીજીપૂર્વકની પ્રાર્થનાઓ કર્યા કરી હતી. તેના પરિણામ સ્વરૂપે એક અજાણ્યા સદ્‌ગૃહસ્થ સોનામહોરની થેલી લઈને અચાનક આવી ચઢયા હતા. તે થેલી તેમણે રાધોદાસજીને સમર્પિત કરી દીધી હતી ને ચાલ્યા ગયા હતા. આ પ્રસંગથી તેમનામાં હિમ્મત આવી ગઈ હતી અને નિર્વાણ ગાદીની પ્રણાલિકા સાચવવા સદા તૈયાર રહેતા હતા. પરંતુ સાથીદાર સાધુઓનો સહકાર મળતો ન હોતો એ હકીકત હતી. નિર્વાણ ગાદીની પડતીનો તે પ્રારંભ હતો એમ કહીએ તો ખોટું ન ગણાય. બીજી પણ એક દુ:ખદ ઘટના તે સમયે બની ગઈ હતી. સહજાનંદ સ્વામી પોતાના સંઘ સાથે નિર્વાણધામમાં પધાર્યા હતા ત્યારે સ્વામીજીનું ભારે અપમાન કરવામાં આવ્યું હતું. સહજાનંદ સ્વામીની અવગણના થયેલી તેની નોંધ શિક્ષાપત્રીમાં પણ થયેલી છે. તે અવગણના સમયે શાપ આપવામાં આવ્યો હતો તેથી દરિદ્રતા દેખાવા લાગી હતી એવું માનવામાં આવે છે. એ તો જે કારણ હોય તે, પણ એટલું તો સ્વીકારવું જ પડે એમ છે કે નિર્વાણના પ્રભાવની ઓટ ચાલુ થઈ ગઈ હતી. રાધોદાસજીએ વિ.સં. ૧૮૬૩માં મહાસમાધિ લીધી હતી.

દસમા નિર્વાણ તરીકે કંવલદાસજી નિયુકિત પામ્યા હતા. તેઓ ખરેખર પ્રભાવી સંત હતા. પરંતુ નસીબ તેમને સાથ આપે એવું ન

હોતું. નિર્વાણના પ્રભાવની ચાલુ થઈ ગયેલી ઓટ તેમને પણ બદનામ કર્યા વિના રહેતી નથી. તેઓ સાચા હોવા છતાં સંત તરીકે હતેઓ ભારે બદનામ થયા હતા. બનેલું એવું કે મંદિરમાં રામસીતાની સોનાની મૂર્તિઓ હતી. એક રાતે તેઓ એકલા હતા ત્યારે તે મૂર્તિઓ જાણે કે જીવંત બની ગઈ હોય તેમ અટ્ટહાસ કરવા લાગી હતી. તે બોલી રહી હતી : ''કંવલ, અમને લઈને જલદીથી તું અહીંથી પ્રયાણ કરી જા !'' ઘણા સમય સુધી આ પ્રકારની વાણી સાંભળ્યા કીધી હતી એટલે કંવલદાસે હિમ્મત કરીને તે મૂર્તિઓ ઉઠાવી અને કપડાંમાં વીંટી તેને લઈને ખરેખર ભાગી ગયા હતા. મૂર્તિઓ સોનાની એટલે જરૂર કંવલદાસે જ તે ચોરી હોવી જોઈએ. કંવલદાસની દાનત બગડવાથી તે ચોરી કરીને ભાગી ગયા એવી લોકો વાત કરવા લાગ્યા હતા.

ઘણા દૂર ઉત્તર તરફ ભાગીને કંવલદાસ થોડો આરામ કરી રહ્યા હતા. અહીંથી કયી તરફ જવું તેની સમજ પડતી ન હોતી. પેલી સંતાડેલી મૂર્તિ ફરીથી બોલવા લાગી હતી કે ''સાધુ વ્રજની વાટે ચાલ્યો જા ! એ મૂર્તિની નીચે એક ઢાકણ જેવું છે. તેને ખોલી નાંખ. તેમાં જે વસ્તુ છે તેને વેચી નાંખ અને વ્રજના મંદિરનો પુનરોધ્ધાર કર ! કંવલદાસજીએ ગેબી વાણી અનુસાર પ્રયાણ કર્યું હતું અને જે કીમતી વસ્તુઓ હતી તેને વેચીને વ્રજમાં એક તૂટી ગયેલ રામસીતાના મંદિરનો તેમણે પુનરુધ્ધાર કર્યો હતો. ત્યાં તે સોનાની મૂર્તિઓને તેમણે પ્રસ્થાપિત કરી દીધી હતી. પછી તે મૂર્તિઓ ફરીથી સૂરત સંતધામમાં પહોંચી જવાની આજ્ઞા કરી હતી. તેમણે ગેબી અવાજને અનુસરીને કાર્ય તો કર્યા કીધું પરંતુ સામાન્ય જનસમાજ એને સમજી શકયો નહી પરિણામે તેઓ પાછા સૂરત પધાર્યા ત્યારે તેમને સંત તરીકે કોઈએ સ્વીકાર્યા જ ન હોતા. તેમનો અનાદર સંતધામની પડતીનું કારણ બની ગયું હતું. તેમણે વિ.સં. ૧૮૮૮માં મહાસમાધિ લીધી હતી.

## ૫૫. નવ નિર્વાણ પછીનો ઈતિહાસ

દસમા નિર્વાણ સંત કંવલદાસજી પછી નિર્વાણ ધામ ધીમે ધીમે ઝાંખુ પડતું ગયું હોય તેમ સ્પષ્ટ જણાય છે. નિર્વાણ ધામ લોક કલ્યાણની પ્રવૃત્તિનું કેન્દ્ર બની ગયું હતું તેમાં ઓટની અસર જણાયા વિના રહેતી નથી. મહંતો સમર્થ ન હોવાને કારણે અથવા તો મહંતો સ્વાર્થમાં લાલચુ બની ગયા હોવાને કારણે તેવું બનવા પામ્યું હોય એવું અનુમાન કરવામાં પણ જોખમ રહેલું છે. એમ પણ સંત નિર્વાણ સાહેબે નવમા નિર્વાણ સુધી એકધારી પ્રતિષ્ઠા જળવાશે એવો જ જાહેરમાં આશીર્વાદ આપ્યો હતો. સમર્થ સંતપુરુષનું વચન તે રીતે જળવાયુ ગણાય. દસમા નિર્વાણ પછી પ્રતિષ્ઠાને હાનિ પહોંચી છે એ હકીકત સ્વીકાર્યા વિના ચાલે એમ નથી.

દસમા નિર્વાણ પછી બે મહંતોએ ગાદી સંભાળી હતી. સંત રામકિશનદાસ અને સંત રઘુનંદનદાસ. કહેવાય છે કે સંત રામકિશનદાસ સ્વભાવે પ્રેમાળ, દયાળુ ને ક્રાન્તિકારી હતા. ઈ.સ.૧૮૫૭માં બ્રિટિશ સરકારે તેમને જેલમાં પણ પૂર્યા હતા. 'સૂરત સોનાની મૂરત' ગ્રંથમાં એવો પણ ઉલ્લેખ છે કે સંત નિર્મળદાસજીએ તેમને નિર્દોષ છોડાવ્યા હતા. તેથી તેઓ નિર્વાણ ધામની ગાદી પર સં-૧૮૮૮ થી સં. ૧૯૨૩ સુધી રહ્યા હોવા જોઈએ એવું અનુમાન કરી શકાય. સં. ૧૯૨૩માં તેમણે દેહત્યાગ કર્યો ત્યારે તેમણે શિષ્ય તરીકે સંત રઘુનંદનદાસની નિમણૂંક કરી હતી. આ સંતની કોઈ તવારીખ પ્રાપ્ત થતી નથી. રઘુનંદન દાસ સાવ સામાન્ય સાધુ હતા. તેઓમાં કોઈ વિશેષતા હતી નહી. તેમણે કોઈ શિષ્યની નિમણૂંક પણ કરી ન હોતી. તેમણે ક્યારે દેહત્યાગ કર્યો હતો તેની નોંધ પણ પ્રાપ્ત થતી નથી. કહેવાય છે કે નિર્વાણ ધામની ગાદી ખાલી પડી ત્યારે હરિદ્વારમાં કુંભમેળો ચાલતો હતો. કુંભમેળામાં ગાદી વારસની શોધ થયા કરતી હતી. સાધુ મંડળીએ સંત બલરામદાસના નામનો પ્રસ્તાવ મૂકયો હતો. પરંતુ સંત બલરામ તો સાવ વિરકત સ્વભાવના હતા. તેથી મહંતપદનો તેમણે અસ્વીકાર કર્યો હતો. પરંતુ સાધુ મંડળી એકત્ર થઈ હતી અને આગ્રહને વશ થઈ સંત બનરામદાસે કહેવાય

છે કે સંમતિ આપી હતી અને સં-૧૯૪૫માં સૂરત આવી ગાદીનો વહીવટ સંભાળી લીધો હતો. એટલે સંત રઘુનંદનદાસનો સમય સં.૧૯૨૩ થી સં.૧૯૪૫ સુધીનો ગણી શકાય.

સંત બલરામ સામન્ય સાધુ ન હોતા, પરંતુ એક સિધ્ધપુરુષ તરીકે ખ્યાત થયા હતા. તેઓ એક સારા વૈદ્ય પણ ગણાતા હતા. ઔષધીય જ્ઞાનને કારણે તેમણે લોકોના કલ્યાણની પ્રવૃત્તિને વેગવાન બનાવી હતી. તે કારણે લોકચાહના પણ તેમણે પ્રાપ્ત કરી હતી. તેમની દવા ઘણી અસરકારક થતી. હઠીલા દર્દો મટાડવામાં તેઓ પ્રવીણ હતા. એટલે સૂરત શહેરમાં તેમની પ્રતિષ્ઠા સારા પ્રમાણમાં જામી હતી. વળી આધ્યાત્મિક ક્ષેત્રે પણ તેઓ સમર્થ ગણાતા હતા. તેમનો આશીર્વાદ પ્રાપ્ત કરનારને ઘણો લાભ પ્રાપ્ત થતો એટલે નિર્વાણધામનાં દર્શને આવનારની સંખ્યા પણ વધારે થતી. તેમણે પોતે દેહ છોડવાના છે તે દિવસનો સમય અગાઉથી જાહેર કરેલો. જાહેર કર્યા મુજબ જ દેહત્યાગ કરેલો તેથી તેમને માટે લોકોમાં સારો આદર હતો. સં. ૧૮૮૯ એટલે કે ઈ.સ. ૧૯૩૨ના વિજયાદશમી દિને તેમણે સમાધિ લીધી હતી.

સંત બલરામદાસે સંત જાનકીદાસની મહંતપદે નિયુકિત કરી હતી. સંત જાનકીદાસ સ્વભાવે ક્રોધી હતા. તે કારણે તેઓ લોકાના હૃદયમાં સારું સ્થાન જમાવી શકયા ન હોતા. જો કે તઓના હાથમાં પણ વૈદકનું જ્ઞાન હતું. પરંતુ સ્વાભવને કારણે લોક કલ્યાણની પ્રવૃત્તિ કરવામાં બાધા ઊભી થયા કરતી હતી. તેમના સમયમાં નિર્વાણ ધામમાં ઓટ વર્તાતી હતી. એકવાર બારડોલી તાલુકાના બારાસડી ગામે આમંત્રણ મળ્યું હતું એટલે ગાડામાં ગયા હતા. પાછા વળતી વખતે ગાડાને અકસ્માત નડયો હતો. તેમનો જમણો પગ તે કારણે તૂટી ગયો હતો. ઘણા હાડવૈદ્યની સારવાર કરાવી છતાં તેમને સારું થયું ન હોતું. ક્રોધી સ્વભાવને કારણે હાડવૈધ પણ દૂર રહેવા પ્રયત્ન કરતા હતા. પરિણામે તેઓ ખૂબ દુઃખી થયા હતા. તેમણે વ્યારામાં પોતાને પાર્થિવ દેહ ઈ.સ. ૧૯૫૭માં છોડયો હતો. તેમણે ગાદી વારસ તરીકે સંત પરસરામદાસની નિમણૂંક કરી હતી.

સંત પરસરામદાસનો સ્વાભાવ ઘણો સારો હતો. તેઓ માયાળુ સ્વભાવના હતા. સાદાઈ ને સાદગી તેમના ગુણો હતા. તેમનું સાદું

જીવન સૌને આકર્ષી જતું હતું. તેમણે નાની વયે જ ગૃહત્યાગ કર્યો હતો. તેમણે સંતમંડળીમાં ભળી જઈ દેશાટન ને તીર્થાટન કર્યું હતું. પ્રભુ ચિંતનમાં પોતાની યુવાન વય વીતાવી હતી. તેઓ પર્યટન કરતા કરતા ગુજરાતમાં આવ્યા હતા. કહેવાય છે કે તેઓ આયુર્વેદના સારા જ્ઞાતા ગણાતા હતા. તેઓ આયુર્વેદ પર એક પુસ્તક પણ લખતા હતા. અંબાજીમાં તેમણે તે માટે એકાંતવાસ પસંદ કર્યો હતો. પરંતુ ત્યાં તેમને જંગલી ભીલોએ માર મારી લુંટી લીધા હતા. પુસ્તકના લખેલા પાના પણ લૂંટારૂઓ લઈ ગયા હતા. જો કે પાછળથી પોલીસની મદદથી લૂંટાઈ ગયેલું બધું જ પાછું પ્રાપ્ત કર્યું હતું.

સંત જાનકીદાસ, બલરામદાસ, વિવેકરામ તથા રામ સનેહી મહારાજ વગેરે સંતોએ તેમને સૂરત આવવા માટે આમંત્રણ આપ્યું હતું. એટલે તેઓ જયારે સૂરત આવ્યા હતા ત્યારે તેમને દિલ્હીગેટ પાસેના ગલેમંડી રોડ આગળ આવેલા ચાર સંપ્રદાય મંદિરના મહંત તરીકે શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. ત્યારબાદ જાનકીદાસ સાથે ગાઢ સંબંધ થતાં તેમણે નિર્વાણ ગાદીનો વહીવટ પણ સંભાળી લીધો હતો. તે સમયે ચાર સંપ્રદાયના મંદિરની અને બાલાજી મંદિરની હાલત તેમજ નિર્વાણ ધામની દશા સાવ જર્જરિત થઈ જવા પામી હતી. સંત પરસરામદાસજીએ પોતાની કુશાગ્ર બુધ્ધિનો ઉપયોગ કરીને તે સૌ સ્થળોની સારી મરામત કરાવી હતી. તેઓ સારા વૈદ્ય હોવાથી લોક કલ્યાણની પ્રવૃત્તિ પણ વેગવાન બની શકી હતી. તેઓના સુવહીવટને કારણે આર્થિક પાસુ પણ તે તે સંસ્થાનું સુધરતું જતું હતું. બહારથી પ્રસિધ્ધ સંતો પણ આવતા ને મંદિરમાં દિવસો સુધી રહેતા. તે કારણે સત્સંગ સભાઓ તેમજ કથા કીર્તનના પ્રસંગો પણ નિયમિત રીતે થઈ શકતા હતા. કહેવાય છે કે સંત પરસરામદાસજીએ ૧૦૫ વર્ષની ઉંમરે નિર્વાણ ધામમાં ઈ.સ. ૧૯૬૩માં દેહ છોડયો હતો.

## ૫૬. વર્તમાનકાળના મહંત

વર્તમાન મહંત પૂ. શ્રી રામવચનદાસજી સંસ્કૃતના વિદ્વાન છે. તેઓ અયોધ્યા તરફના ગણાય. સરયૂ નદીને કિનારે મહાદેવપુર નામે

એક ગામ છે ત્યાં તેમનો જન્મ ઈ.સ. ૧૯૩૯માં થયો હતો. તેઓ પરણિત પણ છે. પહેલ વહેલા નિર્વાણ ગાદી પર સંસારી સંતની નિમણૂંક થઈ કહેવાય. વર્તમાન કાળમાં સંસારમાં જ રહીને સમાજ સેવા કરવાની પરિપાટી આ રીતે સ્વીકારવામાં આવી છે તે એક આનંદપ્રદ ઘટના ગણાય.

પૂ. રામવચનદાસજીને તુલસીકૃત રામયણ કંઠસ્થ છે. તેઓ સ્વાભાવે પ્રેમાળ, દયાળુ ને ઉદાર છે. તેઓ મૂળ તો સૂરત કોટન મીલમાં નોકરી કરતા હતા. ગુરુ પરસરામદાસજી સાથે સંપર્ક થતાં તેમને બાલાજી મંદિરના પૂજારી તરીકે સેવા પ્રાપ્ત થઈ હતી. તે કારણે રહેવા માટે એક ઓરડી પણ મળી હતી. તેમના સંસ્કૃતના જ્ઞાનને કારણે અને ભકિતભાવ પૂર્વકની તેમની સેવાને કારણે ગુરુ પરસરામદાસના તેઓ કૃપાપાત્ર શિષ્ય બની ગયા હતા. ગુરુએ દેહ છોડતા પહેલાં તેમને ગાદીવારસ તરીકે નિયુકત કર્યા હતા. એટલે ઈ.સ. ૧૯૯૩ થી તેઓ આ બંને મંદિરોનો વહીવટ સારી રીતે કરી રહ્યા છે.

પૂ. રામવચનદાસજી જયોતિષના પણ જ્ઞાતા છે. જયોતિષનું જ્ઞાન લોક સંપર્કમાં ઉપયોગી થઈ રહ્યું છે. તેમની મીઠી વાણી તેમાં સહયોગી બને છે. તેમણે કથા કીર્તન દ્વારા અને વારંવાર યોજાતી સત્સંગ સભાઓ દ્વારા નિર્વાણધામની લોકકલ્યાણની પ્રણાલિકાને જીવંત રાખી છે. હાલ તેઓ એક પુસ્તક પણ લખી રહ્યા છે. તેમને હાથે નિર્વાણધામનો પુનરુધ્ધાર થયો છે તે એક મોટું કાર્ય કહેવાય. જો કે આ પહેલાં પણ ઈ.સ. ૧૯૫૦ માં ચેવલી પરિવાર તરફથી આંશિક રીતે મરામત કાર્ય થયું હતું. પરંતુ હાલમાં જે રીતે પુનરુધ્ધાર થયો છે તે ધ્યાનાર્હ છે. તેમને લોક ફાળા તરીકે રૂપિયા પાંચ લાખની રકમ પણ પ્રાપ્ત થઈ હતી પોતા પાસે ત્રણ લાખની રકમ એકત્ર થઈ હતી તે તેણે આ કાર્યમાં હોમી દીધી હતી. આજે નિર્વાણધામમાં પ્રવેશ કરીએ ત્યારે બે ઘડી બેસવાનું મન થાય છે. બાકી પહેલાં જર્જરિત દશાને કારણે અને આસપાસની જગ્યામાં ગંદકી તેમજ ખળભળાટને કારણે ત્યાં જવાનું પણ મન થતું ન હોતું.

તેમનો સંબંધ ગરીબ કે તવંગર બંને સાથે એક સરખો છે. પૈસાદારો પણ તેમને માને છે અને ગરીબો પણ તેમને સન્માને છે.

નારગોલ, ઉમરગામ, હંસા, ખરોલી, ખતરવાડ, ઝાંઈ, ભદેલી વગેરે વિભાગના માછીમાર લોકો નિર્વાણ ધામ સાથેનો સંબંધ હજી પણ જાળવી શકયા છે, તેનું કારણ મહંત પૂ. શ્રી રામવચનદાસજીનો માયાળુ સ્વભાવ. આજે પણ તેઓ અવારનવાર નિર્વાણ ધામનાં દર્શને પધારે છે અને મહંત શ્રી પાસે માર્ગદર્શન મેળવી પોતપોતાનું કલ્યાણ કરી રહ્યા છે. તે લોકોએ તેવા શુભ આશયથી જ નિર્વાણ ધામમાં એક હોલ પણ બંધાવ્યો છે. તેઓ અવારનવાર આવી ત્યાં રહે પણ છે અને ભજન કીર્તન કરી નિર્વાણ ધામની પરંપરાને આગળ વધારે છે.

નિર્વાણ ધામની ગાદીની પાસે જ બાલાજીનું મંદિર આવેલું છે ત્યાં પૂ. રામવચનદાસજી કાયમ રહે છે. આ મંદિરનો જીર્ણોધ્ધાર કરવાનો સંકલ્પ તેમને કારણે ગુરુ પરસરામદાસજીને આવ્યો હતો તે એક હકીકત છે. પૂ.રામવચનદાસની વગને કારણે નાણાકીય મદદ સારી મળે એમ હતું. તેથી બાલાજીની મૂર્તિને હટાવીને સમસ્ત મંદિર ફરી બાંધવાને નિર્ણય કરવામાં આવ્યો હતો. બાલાજીની હાલમાં જે મૂર્તિ છે તેને ગુરુ શિષ્ય બંને સાથે મળીને ઉચકવા પ્રયત્ન કર્યો હતો ત્યારે નીચે ફણીધર નાગ ફૂંફાડા મારતો ઊભો થઈ ગયો હતો. બંને જણા ભાગી ગયા હતા. ત્યાર પછી ગુરુ શિષ્ય બંનેએ ભેગા મળીને વારંવાર પ્રાર્થના કર્યા કીધી હતી ને સંકલ્પ જાહેર કર્યો હતો કે ''અમે ફરીથી વિધિસર આપની મૂર્તિને સ્થાપીશું અને અહીં જ આપનું સ્થાન પણ રાખીશું. આ મંદિરને તૈયાર કરવાનો અમારો બીજો કોઈ ઈરાદો નથી.'' આવી પ્રાર્થના કર્યા પછી બીજે દિવસે તેઓ મૂર્તિને વિના વિલંબે ખસેડી શકયા હતા ને જીર્ણોધ્ધાર કરી શકયા હતા. સંકલ્પ પ્રમાણે વિધિસર મૂર્તિની સ્થાપના તેમણે કરી હતી. આ પ્રસંગનું વર્ણન કરતાં કરતાં પૂ. રામવચનદાસજીની આંખ ભીની થઈ ગઈ હતી, તેના સાક્ષી બનવાનું સદ્‌ભાગ્ય મને પ્રભુએ આપ્યું ગણાય.

એ જ રીતે ઈ.સ. ૧૯૮૮માં પોષ સુદ ૧૧ને દિને હમેશની પરંપરા અનુસાર નિર્વાણ સાહેબની ગોદડીને જાહેર દર્શન માટે મૂકવામાં આવી હતી. ત્યારે ગોદડી ને ટોપી કોઈ ચોરીને લઈ ગયું હતું. આ ગોદડી ને ટોપીનું લોકો દર્શન કરવા પડાપડી કરે છે

કારણ કે શ્રધ્ધાળુ લોકોને તે દ્વારા ઘણો લાભ પ્રાપ્ત થતો રહે છે. અવારનવાર લોકોમાં કોણ કયારે ચોરી ગયું તેની જાણ કોઈને રહી ન હોતી. પરંતુ ચોરીના આ કાર્યથી આસપાસ તો ગભરાટ વ્યાપી ગયો હતો. પરંતુ ગુરુ શિષ્ય બંને સાવ શાંત રહ્યા હતા. ગુરુ પરસરામદાસે સ્પષ્ટ કહ્યું હતું કે પોલીસ ફરિયાદ કરવાની કશી જરૂર નથી. ગોદડી ને ટોપી લઈ જનાર સુખે ઊંઘી શકશે નહીં. એટલે તેને અહી મૂકી ગયા વિના છૂટકો જ નથી. ગુરુના વચનો અનુસાર તે ગોદડી ને ટોપી બરાબર છ મહિના પછી કોઈ પાછું મૂકી ગયું હતું. ગોદડી ને ટોપી એક ટુવાલમાં વીટાળી અંદર એક કેરીનું ફળ તથા રોકડો રૂપિયો મૂકી નિર્વાણ સાહેબની આજે જે સમાધિ છે તેના પર કોઈ મૂકી ગયું હતું. સંત વચનો આ રીતે સત્ય ઠર્યા હતાં. આ ગોદડીને ટોપીનાં દર્શનનું આજે પણ એટલું જ મહત્ત્વ છે.

એ વાત સાચી છે કે નિર્વાણ ધામની પવિત્રતા આજે પહેલાના જેવી જળવાઈ રહી નથી. નિર્વાણ ધામની જગ્યા તો બહુ મોટી હતી. આજે મંદિરના મકાન સિવાય ખાલી કોઈ જગ્યા મહંતના કબજામાં નથી જણાતી. આસપાસ ખીચોખીચ બાંધકામ થઈ ગયું છે. કારખાનાઓની ભીડથી ગંદકીનું પ્રમાણ વધ્યું છે. છતાં પણ સમયાનુકુળ મહંત શ્રી રામવચનદાસજી મર્યાદિત રીતે નિર્વાણ ધામને સાચવી રહ્યા છે ને તેના ઐતિહાસિક મહત્ત્વને જમાવવા પ્રયત્ન કરી રહ્યા છે. તે એક હકીકત છે.

